કૌટિલ્યવિરચિત

# ચાણક્યનીતિસૂત્ર

( મૂળ સૂત્ર, અર્થ અને વિવરણ સાથે )



○ સંપાદક ○

શાસ્ત્રી પુરુષોત્તમવલ્લભદાસજી

( પ્રભુસ્વામી )

પ્રા. પ્રતાપસિંહ ત. પરમાર



○ પ્રકાશક ○

પ્રભુશાસ્ત્રી

શ્રી સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.

VISIT…

LANZAROTE
Caliente.COM

કૌટિલ્યવિરચિત

# ચાણક્યનીતિસૂત્ર

(મૂળ સૂત્ર, અર્થ અને વિવરણ સાથે)


■ સંપાદક ■

**શાસ્ત્રી પુરુષોત્તમવલ્લભદાસજી**

(પ્રભુસ્વામી)

પ્રા. પ્રતાપસિંહ ત. પરમાર





■ પ્રકાશક ■

**પ્રભુશાસ્ત્રી**

શ્રી સ્વામિનારાયણ મંદિર .

જૂનાગઢ

■ Chanakya Nitisutra

■ Editted by :
**Shastri Purushottamvallabhdasji**
Prof. P. T. Parmar

■ સંપાદક :
**શાસ્ત્રી પુરુષોત્તમવલ્લભદાસજી**
પ્રા. પ્રતાપસિંહ ત. પરમાર

■ આવૃત્તિ પ્રથમ :
**રામ નવમી, ૨૦૫૬**
તા. ૧૨-૪-2000, બુધવાર

■ ટાઈપ સેટિંગ :
**એકસેલ કોમ્પ્યુગ્રાફી**
રાજકોટ - ૩૬૦ ૦૦૧.

■ મુદ્રક :
**સત્સંગ પ્રિન્ટીંગ પ્રેસ**
રાજકોટ - ૩૬૦ ૦૦૧.

# સમર્પણ

આજીવન સતત સત્પ્રવૃત્તિપરાયણ
વહીવટી ક્ષેત્રે જૂનાગઢ દેશની વિશિષ્ટરૂપે સેવા કરનાર
સંસ્કૃત સાહિત્ય અને વેદાન્તશાસ્ત્રના સુજ્ઞ વેત્તા,
અને
જેમની પ્રેરણાથી
આ પુસ્તકનું કાર્ય હાથ ધરવા સંકલ્પ્યો એવા,
સંપ્રદાયના અગ્રણિ સંતવર્ય,

**પૂ. શાસ્ત્રી સ્વામી શ્રી ભગવત્સ્વરૂપદાસજી ને**

સાદર સમર્પિત

**- પ્રભુશાસ્ત્રી**

# પ્રાસ્તાવિક

આશરે ૨૫૦૦ વર્ષ પહેલાં સંસ્કૃત ભાષામાં સૂત્રસ્વરૂપે મહર્ષિ ચાણકય દ્વારા વિરચિત ''ચાણકયનીતિસૂત્ર'' રાજા, રાજ્યતંત્ર અને પ્રજાજીવનનાં પ્રેયસ્ તથા શ્રેયસ્‌નાં ઉપાયો, સાધનો અને વ્યાવહારિક પ્રયોગોની સફળ પદ્ધતિનું સ્પષ્ટ દિગ્દર્શન કરાવનાર વાસ્તવમાં આદર્શ દર્શનશાસ્ત્ર છે. સ્વયં ગ્રંથકારે ''ઈતિશ્રી ચાણકયસૂત્રે નીતિદર્શનાત્મકે'' એ પદથી દર્શાવ્યું છે. 'દર્શન' શબ્દનો અર્થ બહુ સ્પષ્ટ છે. 'દ્રશ્યતે પ્રત્યક્ષીક્રિયતે પ્રાપ્યતે ચ પુરુષાર્થમનેન ઈતિ દર્શનમ્ ।' અર્થાત્ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચતુર્વિધ પુરુષાર્થપ્રાપ્તિનાં ઉપાયોનું જ્ઞાન જેનાથી થાય તેનું નામ દર્શનશાસ્ત્ર. જે રીતે સાંખ્ય, યોગ, ન્યાય, વેદાંત, મીમાંસા વગેરે અધ્યાત્મવિષયક દર્શનશાસ્ત્રો છે, એ જ રીતે રાજકીય, સામાજિક અને વ્યક્તિગત જીવનવ્યવહારને સ્પષ્ટ રીતે દર્શાવતાં આ નીતિસૂત્રોને પણ માનવજીવનમાં અતિ ઉપયોગી એવું ઉત્તમ દર્શનશાસ્ત્ર ગણી શકાય.

મુખ્યત્વે તો, રાજકોટ મંદિરના **પૂ. શાસ્ત્રી સ્વામીશ્રી ભગવત્સ્વરૂપદાસજીએ** ચાણકયમુનિનો સમાજલક્ષી અને સર્વજનોપયોગી સમો આ ગ્રંથ સવિસ્તર વિવરણ સાથે પ્રસિદ્ધ કરવા આગ્રહ અને પ્રેરણા કર્યા. લેખન માટે એ ગ્રંથનો સૂક્ષ્મ અભ્યાસ કરતાં પૂ. શાસ્ત્રી સ્વામીનો આગ્રહ યથાર્થ જણાયો અને સર્વજનઉપકારક તથા દૈનિક વ્યવહારમાં માર્ગદર્શનરૂપ આ કૃતિ કલ્યાણકારક જણાતાં એનું પ્રકાશન કરવાનો નિર્ણય દ્રઢ થયો અને પરિણામસ્વરૂપે આ ગ્રંથ તૈયાર થયો છે.

કેટલાંક વર્ષો પહેલાં ઈશ્વરશર્મા શાસ્ત્રી નામના વિદ્વાન પંડિતે 'ચાણકયનીતિસૂત્ર'ની 'સારાર્થબોધિની'નામની સંસ્કૃત વ્યાખ્યા લખી છે, તેમણે સ્વીકારેલા આ પુસ્તકના છ અધ્યાય અને ૫૯૯ નીતિસૂત્રોને અનુસરીને અમોએ અમારા લખાણને (૧) સંસ્કૃત સૂત્ર (૨) સૂત્રનો અર્થ (૩) સૂત્રાર્થનું વિવરણ એમ વિભાગત્રયમાં વિભાજિત કર્યું છે. વળી, સૂત્રાર્થને સ્પષ્ટ રીતે સમજવા અને સમજાવવા સંસ્કૃત વ્યાકરણ ગ્રંથો, સંસ્કૃત શબ્દકોષ તથા 'સારાર્થબોધિની' વ્યાખ્યા વગેરેનો સહારો લીધો છે. એ બદલ એ સર્વ પૂર્વ વિદ્વાનોના આભારી છીએ.

નીતિવિષયક, તેમાંયે ખાસ કરીને રાજનીતિવિષયક સાહિત્યક્ષેત્રમાં અમારો આ પ્રથમ પ્રયાસ છે. તેથી અમારા આ અનુવાદ તથા વિવરણમાં આ ક્ષેત્રના અભ્યાસી વિદ્વાન વાચકોને કોઈપણ પ્રકારની ક્ષતિ દેખાય તો ક્ષમ્ય ગણવા વિનંતી છે.

અમારા આ લખાણમાં વાકયરચના, શબ્દશુદ્ધિ વગેરે અગત્યની કાર્યવાહી ભાઈશ્રી ખુશાલ પાટડિયાએ ખૂબ જ સાવધાની અને ખંતથી કરી છે તથા સત્સંગ પ્રિન્ટીંગ પ્રેસવાળા ભાઈશ્રી પ્રવીણસિંહજીભાઈ જેઠવાએ પણ ખૂબજ કાળજીથી પ્રૂફરીડીંગ કરેલ છે. તદુપરાંત, અમારાં બધાં જ પુસ્તકોમાં સલાહસૂચન અને સાથસહકાર આપનાર વિદ્વાન પ્રોફેસર ભાઈ શ્રી પી.ટી. પરમારે અમારા આ પુસ્તકનું વિહંગાવલોકન કરીને અમોને અમૂલ્ય માર્ગદર્શન આપેલ છે. તેની અત્રે નોંધ લેતાં અમો હર્ષ અનુભવીએ છીએ.

શ્રી સ્વામિનારાયણ મંદિર
જૂનાગઢ
તા. ૨-૧-૨૦૦૦

લિ.
**પ્રભુશાસ્ત્રી**
ના જય સ્વામિનારાયણ

# કિંચિત્

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગસાહિત્યનાં કેટલાંક અમૂલ્ય પ્રકાશનો બાદ આ એક નવી જ શ્રેણીનું પુસ્તક પૂ. પ્રભુસ્વામી દ્વારા પ્રકાશિત થઈ રહ્યું છે, ત્યારે સ્વાભાવિક રીતે જ આ પુસ્તકના પ્રકાશનના હેતુ પરત્વે અંગુલી નિર્દેશ કરવાનું મન થાય.

સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે સર્વજીવહિતાવહ સિદ્ધાંત દ્વારા પ્રાણીમાત્રના કલ્યાણનો માર્ગ પ્રવર્તાવ્યો હતો. એટલું જ નહિ, તેઓએ માનવ ઉત્થાન અને માનવકલ્યાણનાં કાર્યો માટે જ ઉપદેશ અને પ્રવૃત્તિને જીવનમંત્રરૂપ બનાવ્યાં હતાં. આધ્યાત્મિક કલ્યાણ માટે કેટલાંક અધ્યાત્મવિષયક ધાર્મિક પુસ્તકોનું પ્રકાશન પૂ. [illegible]સ્વામીએ કર્યું જ છે, આ 'ચાણકયનીતિસૂત્ર' પુસ્તક આ લોકના જીવનવ્યવહારમાં ઉપયોગી બને તેવા સિદ્ધાંતોના સંગ્રહસમું હોઈ પૂજયપ[illegible] [illegible]સ્[illegible]સ્વામીશ્રી ભગવત્સ્વરૂપદાસજીએ 'ગુજરાતી વિવરણ સાથે તેનું પ્રકાશન થાય તો સૌ કો[illegible] ભાવિકોને ઉપયોગી બનશે' - એવું સૂચન કરતાં પૂ. પ્રભુસ્વામીએ આ પુસ્તકનું સંપાદનકાર્ય શરૂ કર્યું. આ કાર્યમાં તેઓશ્રીએ આગ્રહપૂર્વક મને પણ સમન્વિત કર્યો એ મારું પણ સદ્ભાગ્ય ગણું છું.

આ પુસ્તક રાજકીય અને સામાજિક જીવનમાં માર્ગદર્શનરૂપ આશરે ૬૦૦ જેટલાં સૂત્રોને સમાવે છે, છતાં એ સૂત્રો વ્યક્તિગત વ્યવહાર માટે પણ એટલાં જ મહત્ત્વનાં છે એમાં કોઈ સંશય નથી. જીવનના પદેપદે માર્ગદર્શક, પ્રેરક કે ભયસૂચક છતાંયે આદર્શયુક્ત, વાસ્તવિક, ઉદાત્ત અને સરળસ્પષ્ટ આ સૂત્રોનો ભગવાન કૌટિલ્યે આ નાના ગ્રંથમાં સંગ્રહ કરેલો છે. બુદ્ધિમાન મહા અમાત્ય તરીકે ભારતીય ઈતિહાસમાં આચાર્ય ચાણકયનું જીવન ચિરકાલ પર્યન્ત ઉદાહરણરૂપ બની રહેશે. તેમણે પોતાના જીવનના અનુભવના નિચોડરૂપ સિદ્ધાંતોનો સંગ્રહ આ પુસ્તકમાં કર્યો છે, જે ખરેખર પદેપદે માનવ માટે વિકાસ, સંરક્ષણ કે ઉત્થાન માટે અત્યન્ત ઉપયોગી અને આવશ્યક જ નહિ, અનિવાર્ય બની રહે તેવાં છે. તેમનાં આ વિધાનો કબીરના દોહાની જેમ 'દેખનમેં છોટે લગે,' પણ 'ઘાવ કરે ગંભીર' જેવાં છે. વાસ્તવમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના સિદ્ધાંત પ્રમાણે સર્વજીવને માટે હિતાવહ ગણી શકાય તેવાં છે. કોઈએ યોગ્ય રીતે આ સૂત્રોનું મૂલ્યાંકન કર્યું છે કે,

**चाणक्य – माणिक्य महार्घ्यभूतं न्यायाकाराल्लब्धमिदं हितार्थम् ।**
**आलोकतत्त्वं मतिजाड्यहारकं बुधैः सुहृद्भिर्हृदयेषु धार्यम् ॥**

અને તેથી જ આ સર્વોપયોગી પુસ્તકનું પ્રકાશન કરવાનો પૂ. પ્રભુસ્વામીએ નિર્ણય કર્યો છે.

વિચક્ષણબુદ્ધિ કૂટનીતિજ્ઞ આચાર્ય ચાણકયનાં આ સૂત્રોની પ્રશસ્તિ અનેક વિદ્વાનોએ કરેલી છે. એક ભાષ્યકારે તો લખ્યું છે કે,

**यस्य विज्ञानमात्रेण मूर्खो भवति पंडितः ।**

મૂર્ખ વ્યક્તિ પણ આ પ્રકારનાં સૂત્રોને સમજી વ્યવહારલક્ષી બને તો સુજ્ઞજન પંડિતાઈને પામી શકે એ નિર્વિવાદ છે.

ટૂંકમાં, આ પુસ્તકનાં સૂત્રો ઈષ્ટ છે, મિષ્ટ છે, સરલ છે, તેમ કટુ અને કઠોર પણ છે. ધર્મનીતિ સાથે સાંકળીને ચાણકયે રાજનીતિવિષયક કે સામાન્ય વ્યવહારબોધક આ સૂત્રોને એવું સુંદર સ્વરૂપ આપ્યું છે કે તેને સમજપૂર્વક જીવનનું કેન્દ્ર બનાવવામાં આવે તો તે અવશ્ય કલ્યાણકારક બની રહે તેવાં છે. બસ આ એકમાત્ર દ્રષ્ટિથી પૂ. શાસ્ત્રી સ્વામીશ્રી ભગવત્સ્વરૂપદાસજીએ સૂચવેલા આ પુસ્તકનું પ્રકાશન પૂ. પ્રભુસ્વામીએ ત્વરિત હાથ ધર્યું હતું, જે આજે આપના હાથ સુધી પહોંચ્યું છે.

વિવરણમાં બહુ વિસ્તાર કરી પુસ્તકનું કદ નહિ વધારતાં, આવશ્યક બાબતોનો જ નિર્દેશ કરી આ પુસ્તકને સરળ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. આશા છે તે સૌ સજ્જનોને ઉપયોગી નીવડશે. કોઈના જીવનમાં કયારેક કોઈક સૂત્ર પણ ઉપયોગી નીવડશે તો અમારો આ પ્રયાસ સાર્થક ગણીશું. એજ...

લિ.
**પ્રતાપસિંહ ત. પરમારના**
જયશ્રી સ્વામિનારાયણ

'સહજાનંદ', મયૂરનગર,
એસ્ટ્રોન સોસાયટી પાસે,
રાજકોટ-૧.
તા. ૧-૧-૨૦૦૦

# મહર્ષિ ચાણક્ય

ચાણક્ય, ચંદ્રગુપ્ત મૌર્ય, ગ્રીકસમ્રાટ એલેક્ઝાંડર - સિકંદર અને મગધ રાજ્યનો રાજા નંદ, આ બધા જ ઐતિહાસિક અને સમકાલીન પાત્રો છે. તે બધાનો સમય લગભગ ૨૫૦૦ વર્ષ પૂર્વનો છે. આમાંના એક મહર્ષિ ચાણક્ય રાજનીતિવિષયક ''ચાણક્યનીતિસૂત્રમ્'' નામના આ ગ્રંથના રચયિતા છે. સાનુવાદ - વિવરણ સ્વરૂપે પ્રકાશિત પામતા આ ગ્રંથના અનુસંધાનમાં ગ્રંથના રચયિતા મહર્ષિ ચાણક્યના જીવનનું વિહંગાવલોકન અત્રે પ્રસ્તુત ગણાશે.

મહર્ષિ ચાણક્ય વિવિધ શાસ્ત્રોના જ્ઞાતા, અધ્યાપક અને રચયિતા હતા. સમય અને સમાજની અનુકૂળતા તથા પ્રતિકૂળતાનો વિચાર કરીને જે તે સમયને અનુરૂપ અને અનુકૂળ સફળ સુખદ નિર્ણયો લેવામાં તે આર્ષદ્રષ્ટા હતા.

સત્તા અને સંપત્તિના લોભ અને મોહથી આપસઆપસમાં લડી રહેલા રાજવીઓને એકત્રિત કરીને, તે દ્વારા વિધર્મી સિકંદરનો પરાજય કરાવનાર મહર્ષિ ચાણક્યનું 'ભારતમાતાની અખંડિતતાના ભાગ્યવિધાતા' તરીકે મૂલ્યાંકન કરીએ તો અતિશયોક્તિ નહિ ગણાય. એ જ રીતે, ભારતીય પ્રજાને રાષ્ટ્રભક્તિનો પાઠ શિખવનાર મહર્ષિ ચાણક્ય વિશ્વવંદનીય મહાપુરુષ હતા.

ગુજરાતી સાહિત્યના મહાન વિદ્વાન અને સુપ્રસિદ્ધ લેખક શ્રી કનૈયાલાલ મુન્શીએ પોતાની નવલકથામાં મહર્ષિ ચાણક્યને ''ભગવાન કૌટિલ્ય'' નામથી બિરદાવેલા છે અને શ્રી ધૂમકેતુએ તેમને 'મહાઅમાત્ય ચાણક્ય' નામથી બિરદાવેલા છે. આચાર્ય વિષ્ણુગુપ્ત, કૌટિલ્ય આદિ નામથી પણ આ મહાન વિભૂતિ ભારતીય ઈતિહાસમાં અવિચલિતરૂપે પ્રસિદ્ધ છે.

મહર્ષિ ચાણક્યના જન્મસ્થાન અને જન્મસમય વિષયક કોઈ ચોક્કસ માહિતી પ્રાપ્ય નથી પરંતુ પ્રાચીન અને આધુનિક વિદ્વાન લેખકોની માન્યતા મુજબ ૨૫૦૦ વર્ષ પૂર્વે ભારતના પંજાબ રાજ્યના કોઈક એક ગામમાં તેનો જન્મ થયેલો. ચણક નામના બ્રાહ્મણના પુત્ર હોવાથી અથવા ચણકગોત્રીય બ્રાહ્મણવંશમાં જન્મેલા હોવાથી 'ચાણક્ય' નામથી તેઓ સુજ્ઞસમાજમાં પ્રસિદ્ધિ પામેલા.

મહર્ષિ ચાણક્યનું બાલ્યજીવન તક્ષશિલા મહાવિદ્યાલયમાં જ વ્યતીત થયેલું અને વિદ્યાભ્યાસ પણ ત્યાં જ કરેલો.

એ સમયમાં ભારતમાં બીજાં બધાં રાજ્યો કરતાં મગધ પ્રદેશનું રાજ્ય સર્વથી મોટું રાજ્ય ગણાતું અને તે મગધરાજ્યનો રાજા નંદ પ્રજાપીડક, દુરાચારી અને ખૂબ જ લોભી હતો.

શ્રીમદ્‌ભાગવત અને વિષ્ણુપુરાણ વગેરે પ્રાચીન ગ્રંથોમાં પ્રાપ્ય ઉલ્લેખો મુજબ ''શિશુનાગવંશીય'' મહાનંદી નામનો રાજા તે સમયે ભારતનો સમ્રાટ હતો. તે રાજાએ શૂદ્ર જ્ઞાતિની કન્યા સાથે લગ્ન કર્યાં. તે રાણીથી તેને એક પુત્ર થયો, તે પુત્રનું નામ મહાપદ્મપતિ હતું. તે બુદ્ધિશાળી હતો. સમય જતાં તે યુવાન થયો અને રાજનીતિમાં કુશળ બન્યો તેથી તેના પિતાએ તેને યુવરાજપદે નિયુક્ત કર્યો. રાજકાર્યો કરવામાં કુશળ આ મહાપદ્મપતિ રાજપુત્ર હોવા છતાં, તે શૂદ્રરાણીનો પુત્ર હોવાથી તેના પિતાનું રાજ્ય તેને મળે તેવી કોઈ શકયતા હતી જ નહિ. તેથી તેણે રાજ્યના લોભે પોતાના વૃદ્ધ પિતા રાજા મહાનંદીની હત્યા કરી અને રાજસત્તા પોતે હસ્તગત કરી.

મહાપદ્મપતિના આ દુઃસાહસનો તેના જ સંબંધી રાજવીઓએ સખ્ત વિરોધ કર્યો, ઉપરાંત રાજપુરોહિતો તથા રાજ્યના વિદ્વાન પંડિતોએ પણ તેના આ દુષ્કૃત્યને વખોડી કાઢ્યું. એટલું જ નહિ, આ સૌએ જનસમાજમાં પ્રચાર કર્યો કે, 'આ મહાપદ્મપતિ શૂદ્રજ્ઞાતિની રાણીની કૂખે જન્મેલ છે. માટે તે વર્ણસંકર છે અને તેણે પોતાના પિતાની હત્યા પણ કરી છે માટે તે પિતૃહત્યારો પણ છે. વર્ણસંકર અને પિતૃહત્યારો આ મહાપદ્મપતિ રાજગાદીને લાયક ગણી શકાય નહિ.' રાજવીઓ અને બ્રાહ્મણોના વિરોધના કારણે મહાપદ્મપતિની પ્રતિષ્ઠા કલંકિત થઈ. લોકો કહેવા લાગ્યા કે, 'આ મહાપદ્મપતિએ તો પવિત્ર શિશુનાગવંશને કલંકિત કર્યું છે.' સારા સારા રાજવીઓએ તો તેની સાથેના વ્યાવહારિક સંબંધો પણ બંધ કર્યા.

પોતા પ્રત્યેના આ વિરોધને ટાળવા માટે તેણે પોતાની વંશપરંપરાની અવટંક (અટક)નો ત્યાગ કર્યો અને પોતાના મોસાળ પક્ષની અવટંકનો ઉપયોગ શરૂ કર્યો ત્યારપછીથી એ મહાપદ્મપતિ ''નંદ'' અવટંકથી પ્રસિદ્ધિ પામ્યો. મગધપતિ નંદરાજાએ રાજ્યસત્તા, શાસન અને સૈન્યના બળથી પોતાના વિરોધી ક્ષત્રિય રાજવીઓનો વિનાશ કર્યો.

ભારતીય સંસ્કૃતિની પરંપરા એવી છે કે વિશુદ્ધ ક્ષત્રિય રાજવીઓ સદાચારી તપઃપૂત બ્રાહ્મણોની આજ્ઞા શિરોમાન્ય રાખીને તદનુસાર જ રાજ્યતંત્ર

ચલાવતા અને વિપ્રને રાજકીય શિક્ષા કરતા નહિ. પુરાણોમાં ઉલ્લેખ છે કે, અંગરાજાના પુત્ર વેનરાજાના જીવનમાં તેના મોસાળ પક્ષના દુર્ગુણો ઉતરેલા તેને કારણે વેનરાજા પ્રજાપીડક અને બ્રાહ્મણોનો શત્રુ બન્યો પરિણામે બ્રાહ્મણોના શાપથી જ તેનું મૃત્યુ થયું અને તે સમયના તપસ્વી વિદ્વાન બ્રાહ્મણોએ જ પૃથુરાજા જેવા સુપાત્ર રાજવીને ભારતનું સામ્રાજ્ય અપાવ્યું.

આ રીતે, શિશુવંશીય મહાનંદી રાજાનો પુત્ર મહાપદ્મપતિ, વર્ણસંકર હોવાથી મોસાળ પક્ષના કુસંસ્કારોથી રંગાયેલો તેમજ પિતૃહત્યારો હોવાથી સમાજમાં તે અસ્વીકાર્ય બન્યો. વળી, તે ક્ષત્રિયો અને બ્રાહ્મણોનો વિરોધી બન્યો. તેણે અનેક ક્ષત્રિયો અને બ્રાહ્મણોની હત્યા કરી અને કરાવી, પરિણામે તપસ્વી વિદ્વાન મહર્ષિ ચાણક્યે ચંદ્રગુપ્ત મૌર્ય દ્વારા તેનો વિનાશ કરાવ્યો અને એ જ મહર્ષિ ચાણક્યે રાજસત્તાને યોગ્ય ચંદ્રગુપ્ત મૌર્યને ભારતનું સામ્રાજ્ય અપાવ્યું.

મહર્ષિ ચાણકયના પૂર્વજો સદાચારી, તપસ્વી, વિવિધ શાસ્ત્રોના જ્ઞાતા, રાજા અને પ્રજાનું હિત થાય એ રીતે રાજવીઓને સલાહસૂચન આપનારા, યજ્ઞ, દેવપૂજા વગેરે સત્કર્મો કરી કરાવીને કોઈની દાનદક્ષિણા નહિ લેનાર તથા અધ્યયન અને અધ્યાપન દ્વારા વૈદિક સંસ્કૃતિ અને સાહિત્યના પ્રચારક મહાન ઋષિ સમાન જીવન જીવનારા બ્રહ્મર્ષિઓ હતા. પંડિત કામંદકે લખેલા ''કામંદકનીતિ'' નામના ગ્રંથના પ્રારંભમાં મહર્ષિ ચાણકય અને તેના પૂર્વજોની પ્રશંસા કરી છે તે શ્લોકો આ મુજબ છે.

वंशे विशालवंश्यानां ऋषीणामिव भूयसाम् ।
अप्रतिग्राहकाणां यो बभुव भुवि विश्रुतः ।।
जातवेदा इवार्चिष्मान् वेदान् वेदविदां वरः ।
योऽधीतवान् सुचतुरः चतुरोऽप्येकवेदवत् ।।
यस्याभिचारवज्रेण वज्रवत्ज्वलनतेजसः ।
पपातामूलतः श्रीमान् सुपर्वानंदपर्वतः ।।
अेकाकी मंत्र शक्या यः शकयो शक्तिधरोपमः ।
आजहार नृचंद्राय चंद्रगुप्ताय मेदिनीम् ।।

**नीतिशास्त्रामृतं धीमान् अर्थशास्त्रमहोदधेः ।**
**समुद्दध्रे नमस्तस्मै विष्णुगुप्ताय वेधसे ।।**

(કામંદકીય નીતિશાસ્ત્ર)

(અધ્યયન, યજ્ઞ વગેરે સત્કર્મો કરાવીને દાનદક્ષિણા નહિ લેનાર, પવિત્ર, સંસ્કારી પરિવારના ઉદાર મનવાળા ઋષિઓની સમાન પવિત્ર જીવન જીવનાર અને એથી જ સુજ્ઞ સમાજમાં "મહર્ષિ" ચાણકય નામથી પ્રસિદ્ધિ પામેલા, યજ્ઞમંડપના પવિત્ર અગ્નિની સમાન તેજસ્વી, વેદોનો અભ્યાસ કરવામાં ચતુર એથી જ એક વેદના અભ્યાસમાં જેટલો સમય જોઈએ તેટલા જ સમયમાં ચારેય વેદોનો અભ્યાસ કરીને વેદોના અર્થોને જાણનારાઓમાં ઉત્તમવેદવેત્તા તરીકે પ્રસિદ્ધિ પામેલા વિષ્ણુગુપ્ત અર્થાત્ ચાણકયની શક્તિ વીજળીના અગ્નિની સમાન તેજસ્વી હતી. રાજનીતિરૂપી પોતાની એ અભિચાર શક્તિરૂપ વજ્ર વડે તેણે પર્વત સમાન સુદ્રઢ અને વિશાળ નંદવંશને મૂળમાંથી ઉખેડી નાખ્યો. દેવસેનાના અધ્યક્ષ કાર્તિક સ્વામીની ઉપમા આપી શકાય તેવા ચાણક્યે બુદ્ધિબળ, વિચાર શક્તિ, શૂરવીરતા, સાહસવૃત્તિ, પરાક્રમ વગેરે પોતાના જ અસાધારણ ગુણો વડે પ્રજાપ્રિય ચંદ્રગુપ્ત મૌર્યને અખંડ ભારતનું સમ્રાટ ચક્રવર્તી રાજ્યપદ અપાવ્યું.

તે ચાણક્યે રાષ્ટ્રના હિતને માટે અર્થશાસ્ત્રરૂપી મહાસાગરનું મંથન કરીને નીતિશાસ્ત્રરૂપ અમૃત રાષ્ટ્રને સમર્પિત કર્યું. આ રીતે અખંડ ભારતનું નિર્માણ અને તેના વિકાસ માટે સર્વપ્રકારે સફળ પુરુષાર્થ કરનાર મહાસમર્થ વિષ્ણુગુપ્ત ચાણકય. ભારતના અમર અને આદરણિય વિધાતા તરીકે વર્ષો પર્યન્ત યાદ કરાશે.)

ઉપરોક્ત શ્લોકમાં જણાવ્યા મુજબ મહર્ષિ ચાણક્યના પૂર્વજો સદાચારી, તપસ્વી અને વિવિધ શાસ્ત્રોના જ્ઞાતા હતા. ચાણકયના પિતા અને ચાણક્યના બંધુઓ મગધરાજ નંદના રાજ્યમાં રહીને અધ્યયન, અધ્યાપન, યજ્ઞ, દેવપૂજા વગેરે સત્કર્મો કરતા અને કરાવતા. સ્વબાહુબળ અને પુરુષાર્થ વડે જ સ્વપરિવારનો જીવનનિર્વાહ કરનાર, કોઈના આશ્રયે રહીને જીવન નહિ જીવનાર આ પરિવારે નંદરાજાનાં દુષ્કૃત્યોનો વિરોધ કર્યો તેથી મહાપદ્મપતિ નંદ તે પરિવાર પ્રત્યે ક્રોધિત થયો અને ચાણકયના પિતા અને તેના પરિવારની હત્યા કરાવી. એ સમયમાં બાળ ચાણક્ય યેન કેન પ્રકારેણ ત્યાંથી ભાગી છૂટયો અને તક્ષશિલા મહાવિદ્યાલયમાં આવીને ત્યાં રહ્યો અને વિદ્યાભ્યાસ કરવા લાગ્યો પરંતુ પોતાના પિતા અને બંધુઓની હત્યા કરનાર નંદરાજાના વંશનું નિકંદન કરવાની તેણે મનોમય પ્રતિજ્ઞા કરી લીધી હતી.

મહાપદ્મપતિ મગધરાજ નંદે અનેક રાજવીઓ અને તેના પરિવારની હત્યા કરી, કરાવીને તેઓનાં રાજ્યો પોતાના રાજ્યમાં ભેળવી દીધેલાં. તે રાજવીઓ પૈકીના ક્ષત્રિય જ્ઞાતિના મૌર્યવંશીય રાજ્વી પરિવાર નંદના કોપનો ભોગ બનેલ અને તે પરિવારનો ચંદ્રગુપ્ત નામનો એક બાળક અને તેની માતા ગુપ્તવેશે પોતાના રાજ્યમાંથી ભાગી છૂટેલાં અને પાટલીપુત્રમાં એટલે અત્યારના બિહાર રાજ્યના પટણા શહેરમાં તે માતા અને પુત્ર સ્થિર થઈને રહ્યાં. પરંતુ ચંદ્રગુપ્તની માતાને જણાયું કે અહીં મારી સાથે રહેવામાં મારા પુત્રની સલામતી નથી એમ વિચારી પોતાના પુત્ર ચંદ્રગુપ્તને તેણે એક ગોવાળને ઘેર રાખ્યો. તક્ષશિલા વિદ્યાલયમાં અભ્યાસ કરતા ચાણકયને આ બાબત જાણી તેથી તે તક્ષશિલાથી પાટલીપુત્ર ગયા અને ચંદ્રગુપ્તની માતાને મળ્યા. તેની પાસેથી તેના રાજની અને પરિવારના વિનાશની માહિતી મેળવી અને તેનો અભિપ્રાય પણ જાણ્યો. તેથી તેની સંમતિ લઈને તેના પુત્ર ચંદ્રગુપ્તને સાથે લઈને ચાણકય તક્ષશિલા વિદ્યાલયમાં પાછા આવ્યા અને ત્યાં તેણે ચંદ્રગુપ્તને પણ અભ્યાસ કરાવવાનો પ્રારંભ કરાવ્યો.

ચંદ્રગુપ્તે ચાણકય પાસે જ વિદ્યાભ્યાસ કર્યો. વિવિધ શાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. તેને ચાણકય પ્રત્યે પૂજ્ય બુદ્ધિ જાગી અને તે ચાણકયને પરમ ગુરુ માનવા લાગ્યો. સમય જતાં તે પુખ્ત ઉંમરનો થયો. વ્યાવહારિક કાર્યોમાં અને રાજનીતિમાં રસ દાખવવા લાગ્યો તેથી એક દિવસ ચાણકયે તેને કહ્યું કે, ''તું ક્ષત્રિય રાજકુમાર છે. તારા પિતાની મગધરાજ નંદે હત્યા કરી અને તેનું રાજ્ય લઈ લીધું છે. આ બધી જ બાબતો તું થોડે ઘણે અંશે જાણે જ છે અને તારી માતાની પરિસ્થિતિનો તો ખ્યાલ જ છે. તારા પિતાની હત્યા કરીને તેનું રાજ્ય લઈ લેનાર મગધરાજ નંદ રાજાનો વિનાશ કરીને તારું રાજ્ય તું પાછું મેળવીશ ત્યારે જ તું પિતૃઋણમાંથી મુક્ત થઈશ અને તારી માતાની પણ એ જ આશા છે કે મારો પુત્ર તેના શત્રુનો નાશ કરીને પોતાનું રાજ્ય પાછું મેળવશે. તારો અભ્યુદય જોવા માટે જ તારી માતા જીવંત છે અને મારી પણ એ જ સલાહ છે કે વર્ણસંકર, પિતૃહત્યારા નંદરાજાનો તારા હાથથી જ નાશ થવો જોઈએ. વત્સ ચંદ્રગુપ્ત ! તું આ કામ કરીશ તેમાં મારા તરફથી તને સર્વાંગી સહાય મળતી જ રહેશે.''

પોતાના પરમ ગુરુ ચાણક્યનો આ પ્રસ્તાવ ચંદ્રગુપ્તે સહર્ષ સ્વીકાર્યો અને કહ્યું કે, 'ગુરુદેવ ! આ બાબતમાં તમે મને પ્રોત્સાહિત કર્યો એ મારે માટે અતિ આનંદની વાત છે. આ કાર્યસિદ્ધિ માટે આપ મને જે આજ્ઞા કરશો તે પ્રમાણે હું કાર્ય કરીશ અને આપ જેવા ગુરુદેવના માર્ગદર્શન, આજ્ઞા અને આશીર્વાદથી આ કાર્ય સિદ્ધિ થશે એવો મને દ્રઢ વિશ્વાસ છે.''

પોતાનો પ્રસ્તાવ ચંદ્રગુપ્તે સ્વીકાર્યો તેથી ચાણક્યને સંતોષ થયો અને ત્યારપછી ચાણક્યની સલાહ સૂચના મુજબ ચંદ્રગુપ્તે નંદરાજાની વિરુદ્ધ કાર્યવાહીનો પ્રારંભ કર્યો. પ્રથમ તો ચાણક્ય અને ચંદ્રગુપ્તે તક્ષશિલા વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા કેટલાક વિદ્યાર્થીઓને પોતાના મિત્રો બનાવ્યા અને નંદવંશના નિકંદનની કાર્યવાહીમાં તેને સામેલ કર્યા. પોતાનું ધાર્યું કાર્ય કેવી રીતે સફળ થાય તેનો વિચાર કરીને ચાણક્ય અને ચંદ્રગુપ્ત વિવિધ આયોજન કરવા લાગ્યા.

એ સમયમાં ગ્રીક સમ્રાટ એલેકઝાંડરે (સિકંદરે) ભારત ઉપર આક્રમણ કર્યું. તે જોઈને ચાણક્યે વિચાર્યું કે, 'અત્યારે આ આક્રમણને રોકવામાં નહિ આવે તો સમગ્ર ભારતમાં મ્લેચ્છોનું વર્ચસ્વ વધશે તથા આર્યસંસ્કૃતિનો વિનાશ થશે માટે સર્વ પ્રથમ સિકંદરનો પરાજય કરીને ભારતની અને આર્યસંસ્કૃતિની રક્ષા કરવી જરૂરી છે.' આમ વિચારીને તેણે આ કાર્ય માટે ચંદ્રગુપ્ત અને બીજા શૂરવીર યુવાનોને તૈયાર કર્યા. ઉપરાંતમાં તે સમયના ભારતનાં નાનાં નાનાં રાજ્યોના રાજવીઓને સમજાવીને સિકંદર સામે લડવા તૈયાર કર્યા પરંતુ સિકંદર સામે લડવા અને તેને પરાજિત કરવા માટે વધુ લશ્કર અને સાધનસામગ્રીની જરૂર હતી. એ સમયમાં ભારતના પશ્ચિમ ઉત્તર કે પૂર્વોત્તર પ્રદેશમાં મગધ રાજ્ય, એ સૌથી મોટું રાજ્ય હતું અને તેની પાસે સૈન્ય અને સાધન સામગ્રી પૂરતા પ્રમાણમાં હતાં. આ કાર્યમાં મગધરાજ નંદરાજા સાથ સહકાર આપે તો જ સિકંદરને પરાજિત કરી શકાય આમ વિચારીને ચાણક્યે મગધરાજ નંદરાજાને મળવા માટે તેના અમાત્ય રાક્ષસનો સંપર્ક સાધ્યો.

નંદરાજાના અમાત્ય રાક્ષસનો પણ સંક્ષિપ્ત પરિચય પણ મેળવવો જોઈએ. કાત્યાયન નામનો એક વિપ્ર બાળક તક્ષશિલા - વિદ્યાલયમાં અભ્યાસ કરતો હતો ! તે ચાણક્ય જેવો જ બુદ્ધિશાળી હતો ચાણક્ય અને કાત્યાયન સાથે જ રહેતા અને સાથે જ અભ્યાસ કરતા તેથી બન્નેના પરસ્પર મૈત્રીસંબંધો દ્રઢ બન્યા.

પોતાનો અભ્યાસ પૂર્ણ કરીને કાત્યાયન પોતાના વતનમાં પાછો ફર્યો અને ત્યાં તેણે અધ્યાપન કાર્ય શરૂ કર્યું. તેની બુદ્ધિની ચાતુરી તથા રાજનીતિમાં નિપુણતા જોઈને મગધરાજ નંદ રાજાએ આ કાત્યાયન પંડિતને પોતાના રાજમંત્રીપદે નિયુક્ત કર્યો. રાજમંત્રીપદ સંભાળ્યા પછી અમાત્ય કાત્યાયન નંદ રાજા કહે એ રીતે હાજી હા કરવા લાગ્યો. તે નંદરાજાનો અતિ વફાદાર અમાત્ય બન્યો. તેણે રાજ્ય અને પ્રજાનાં હિતકાર્યોમાં ધ્યાન આપ્યું જ નહિ, ઉપરાંતમાં ધનલોભી નંદ રાજાને પ્રસન્ન કરવા માટે પ્રજા ઉપર તે વિવિધ કરવેરા નાખંવા લાગ્યો. અમાત્ય કાત્યાયનની આવી નિર્દય રહેણીકરણીથી મગધરાજની બધી જ પ્રજા તેને 'રાક્ષસ' નામથી ઓળખવા લાગી.

મહર્ષિ ચાણકયને મગધરાજ નંદરાજા પ્રત્યે વૈર તો હતું જ પરંતુ તેણે વિચાર્યું કે, આ વૈર સંભારવાનો અત્યારે સમય નથી અત્યારે તો વિદેશી વિધર્મી મ્લેચ્છોના આક્રમણનો સામનો કરીને સિકંદરનો પરાજય કરવો એ પ્રથમ કાર્ય છે. આમ વિચારીને પોતાનું પૂર્વનું વૈર મનમાં દાબી રાખીને અમાત્યરાક્ષસ દ્વારા ચાણકયે મગધરાજ નંદની સાથેની મુલાકાત ગોઠવી. આ મુલાકાતમાં અમાત્ય રાક્ષસે અને ચાણકયે મગધરાજ નંદને ખૂબ જ સમજાવ્યો પરંતુ તેણે કહ્યું કે, સિકંદરના પરાજય માટે મગધરાજ્યે સૈન્ય અને સાધનની ખુવારી સહન કરવી એ મને મંજૂર નથી. ચાણકયે કહ્યું કે, મહારાજ! મારી વાત પ્રત્યે આપ વિચાર કરો કારણ કે સિકંદર ભારતનાં નાનાં રાજ્યોને પ્રથમ સ્વાધીન કરશે પછી મોટાં રાજ્યો પણ સ્વાધીન કરીને તે ભારત સમ્રાટ થવા માગે છે. માટે આપના અને ભારતના હિત માટે આપ આ કાર્યમાં સામેલ થાઓ એમ આપને મારી વિનંતી છે. ચાણકયની આ સલાહ સાંભળીને મગધરાજ નંદ ચાણકય પ્રત્યે અતિશય કોપાયમાન થયો અને કહ્યું કે, મને સલાહ આપનાર તું કોણ ?' વળી તેણે આદેશ કર્યો કે, 'આ બ્રાહ્મણને ધક્કા મારીને આ રાજદરબારમાંથી કાઢી મૂકો.' દુષ્ટ નંદનો આદેશ સાંભળીને સ્તબ્ધ બનેલા ચાણકય તરત જ સાવધાન થયા અને રાજાના સેવકો તેને પકડે તે પહેલાં જ તેણે પોતાના મસ્તકની શિખા હાથમાં રાખીને કહ્યું કે, ''હે રાજા હું પ્રતિજ્ઞા કરું છું કે હું નંદવંશને જડમૂળથી ઉખેડી નાખીશ, ત્યાર પછી જ મારી આ શિખા હું બાંધીશ.'' આમ કહીને તેમણે નંદસભાનો ત્યાગ કર્યો. રાજસેવકો તેને પકડવા દોડયા પરંતુ અમાન્ય રાક્ષસે સેવકોને પાછા વાળ્યા.

સિકંદરને પરાજિત કરવા માટે નંદરાજા તરફથી સહાય તો મળી નહિ પરંતુ પૂર્વના વૈરમાં વધારો થયો છતાં પણ ચાણકય હતાશ થયા નહિ અને હિંમત, ઉત્સાહ રાખીને સિકંદર સામે લડવા માટે તેમણે ભારતના નાના નાના રાજવીઓ ઉપરાંત પ્રજાને પણ તૈયાર કરી એટલું જ નહિ, ભારતની અખંડિતતા અખંડ રહે, આર્યસંસ્કૃતિનું રક્ષણ થાય એવા હેતુથી ચાણકયે સિકંદરના પરાજય માટે પોતાનાં બુદ્ધિબળ અને શક્તિનો સર્વાંગી ઉપયોગ કરીને ભારતીય રાજાઓ દ્વારા સિકંદરનો પરાજય કરાવ્યો. પરાજિત થયેલો સિકંદર પોતાના દેશમાં પાછો જઈ રહ્યો હતો ત્યારે ભારતીય શૂરવીર ક્ષત્રિયોના પ્રહારથી ઘાયલ થયેલો એ સિકંદર બેબોલીન પ્રદેશમાં પહોંચ્યો ત્યાં જ તેનું મૃત્યુ થયું. આમ ચાણકયના બુદ્ધિપ્રભાવથી એકત્રિત થયેલા રાજવીઓએ સિકંદરનો પરાજય કર્યો. સિકંદરને પરાજિત કર્યા પછી ચાણકય અને ચંદ્રગુપ્તે મગધરાજ - નંદ અને તેના વંશનો વિનાશ કરવાના પ્રયત્નો શરૂ કર્યા. મગધરાજ - નંદને પરાસ્ત કરવા માટે અન્ય રાજાઓના સાથ સહકારની ખૂબ જ જરૂર હતી તેથી ચંદ્રગુપ્ત અને ચાણકયે એ સમયના નાનાં નાનાં ભારતીય રાજ્યોના રાજાઓનો સાથસહકાર પ્રથમ મેળવ્યો પરંતુ નંદરાજાની શક્તિ અને સૈન્ય આગળ નાનાં નાનાં રાજ્યોનો સાથસહકાર ખૂબ જ અલ્પ હતો અને એ સમયમાં કુલુત્ત દેશનો રાજા ચિત્રવર્મા, મલય દેશનો રાજા સિંહનાદ નૃસિંહ, કાશ્મીરનો રાજા પુષ્કરાક્ષ, સિંધુ દેશનો રાજા સિંધુષેણ, પારસિક દેશનો રાજા મેઘનાદ. આ પાંચ રાજાઓ મગધરાજ નંદના સહાયક મિત્રો હતા.

ચાણકય અને ચંદ્રગુપ્તે વિચાર્યું કે, ઉપરોક્ત રાજાઓ નંદરાજાના વિરોધી બને અને આપણા સહાયક મિત્ર બને તો જ નંદરાજા અને તેના આઠ પુત્રોનો વિનાશ કરીને આપણે મગધરાજ્યની સત્તા સ્વાધીન કરી શકીએ. આમ વિચારીને તેઓએ તે પ્રકારના પ્રયત્નો શરૂ કર્યા અને ઉપરોક્ત રાજાઓને નંદ વિરુદ્ધ કરવા તથા પોતાના સહાયક બનાવવા માટે ચાણકયે રાજનીતિના વિવિધ દાવપેચ ખેલ્યા તથા કેટલાંક ષડયંત્રો રચ્યાં અને ચાણકયે પોતાનું ધ્યેય સિદ્ધ કરવા માટે તે રાજાઓને નંદવિરોધી અને પોતાના સહાયક બનાવીને મગધદેશ ઉપર આક્રમણ કરાવ્યું અને ચંદ્રગુપ્તને યુદ્ધમોરચાનો સેનાપિત બનાવ્યો. મગધ રાજ્ય પર

અન્ય રાજાઓ સાથે ચંદ્રગુપ્તનું આક્રમણ ચાલુ હતું, એ સમયમાં મગધરાજ નંદરાજાએ મગધરાજ્યના પાટનગર - કુસુમપુરમાં (વર્તમાન સમયના બિહાર રાજ્યના પટણા શહેરમાં) ભવ્ય ઉત્સવનું આયોજન કર્યું અને તે ઉત્સવમાં પોતાના યુવાન પુત્ર સુમાલ્યને યુવરાજ્પદે નિયુક્ત કરવાનો કાર્યક્રમ ગોઠવેલો. આ માહિતી ચાણક્યને મળી ગઈ અને ચાણક્યે એવો વ્યૂહ ગોઠવ્યો કે ચંદ્રગુપ્ત અને તેના સાથીદારો ગુપ્તવેશે તે ઉત્સવમાં દાખલ થઈ ગયા અને લાગ જોઈને ચંદ્રગુપ્તે એ ઉત્સવમાં જ નંદરાજાનો વધ કર્યો. તેના સાથીદારોએ ચંદ્રગુપ્તની જયઘોષણા કરી અને એ સમયમાં જ નંદરાજાના સુમાલ્ય વગેરે જે આઠ પુત્રો હતા તેનો પણ વધ કરાવીને ચંદ્રગુપ્તમૌર્ય દ્વારા જ ચાણકયે નંદવંશનો વિનાશ કર્યો અને એ સમયના ભારતનાં નાનાં નાનાં રાજ્યોના રાજવીને સંમત કરીને ચાણકયે ચંદ્રગુપ્તમૌર્યને અખંડભારતનો સમ્રાટ બનાવ્યો.

'મુદ્રારાક્ષસ' નાટકના લેખક કવિ વિશાખદત્ત તથા કામંદક નીતિશાસ્ત્રના રચયિતા પંડિત કામંદકની માન્યતા મુજબ કોઈની દાન દક્ષિણા નહિ લેનાર, કોઈપણ રાજ્યનું પુરોહિતપદ નહિ સ્વીકારનાર, કોઈના આશ્રયે જીવન નહિ જીવનાર, સિકંદર જેવા વિધર્મીએ ભારત પર આક્રમણ કર્યું ત્યારે ભારતના રાજવીઓને એકત્રિત કરીને તે રાજવીઓ દ્વારા સિકંદરને પરાજિત કરાવીને ભારતની અખંડિતતાની અને આર્ય સંસ્કૃતિની રક્ષા કરનાર, લોભી અને દુરાચારી એવા નંદરાજાના વંશનું નિકંદન કરીને તેના ત્રાસથી પ્રજાને મુક્ત કરાવીને ચંદ્રગુપ્ત મૌર્ય જેવા સુપાત્ર ક્ષત્રિય રાજવીને અખંડ ભારતનું સામ્રાજ્ય અપાવનાર અને પોતાની ઉત્તરાવસ્થામાં પણ અધ્યયનઅધ્યાપન કરી કરાવી નીતિશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, પંચતંત્ર જેવાં વિવિધ શાસ્ત્રોની રચના કરનાર, રાષ્ટ્રના હિત માટે જ આજીવન સતત પ્રવૃત્તિશીલ રહેનાર, સદાને માટે પરહિતરત એવા વિષ્ણુગુપ્ત ચાણકય ખરેખર સાચા અર્થમાં મહર્ષિ જ હતા અને એથી જ અમોએ પણ તેને 'મહર્ષિ' પદથી જ બિરદાવેલા છે.



# સર્વાર્થસાધિની બુદ્ધિ

**बुद्धिरेव जयत्येका पुंसः सर्वार्थसाधिनी ।**
**यद्‌बलादेव किं किं न चक्रे चाणक्यभूसुरः ।।१।।**

મનુષ્યના કાર્યની સિદ્ધિ પોતાના બુદ્ધિબળથી જ થાય છે. ભૂદેવ ચાણક્યે પોતાના બુદ્ધિબળથી કયું કયું કાર્ય નથી કર્યું ? અર્થાત્ મહર્ષિ ચાણક્યે પોતાના બુદ્ધિબળથી જ બધાં જ કાર્યો સિદ્ધ કર્યાં છે. એથી જ કહું છું કે બુદ્ધિશાળી મનુષ્યની બુદ્ધિ જ મનુષ્યને સર્વત્ર વિજય પ્રાપ્ત કરાવે છે. (કૌટિલ્ય અર્થશાસ્ત્ર)

**अश्वा नागा स्यंदनानां च संघाः ।**
**मंत्राः शुद्धा दैवतं चानुकूलम् ।।**
**एतान्याहुः साधनानि स्म राज्ञाम् ।**
**तेभ्योऽपीयं बुद्धिरूत्कृष्यते मे ।।**

રાજાઓ માટે રાજ્યપ્રાપ્તિ અને રાજ્યતંત્ર ચલાવવા માટેનાં સાધનો આ મુજબ છે. (૧) અશ્વો, હાથીઓ, રથો, સૈનિકો વગેરે સૈન્ય બળ (૨) સફળ રાજ્યમંત્રણા - કાર્યોનું સફળ આયોજન (૩) ભાગ્યની અનુકૂળતા (૪) શુભ શુકન - દેશકાળની અનુકૂળતા, આ બધાં જ સાધનોની સુવિધા હોય તો જ રાજ્યપ્રાપ્તિ થાય અને રાજ્યતંત્ર સુવ્યવસ્થિત ચલાવી શકાય. એ વાત સાચી છે પરંતુ મહર્ષિ ચાણક્ય કહે છે કે ઉપરોક્ત સાધનો કરતાં પણ બુદ્ધિશાળી મનુષ્યની બુદ્ધિ જ કાર્યસિદ્ધિ માટે સર્વોત્તમ સાધન છે એમ હું માનું છું.

**विहितेषु, तदन्येषु, मनोवाक्कायकर्मभिः ।**
**प्रवृत्तौ वा निवृत्तौ वा अेकरूपत्वमार्जवम् ।।**

મન, વાણી અને શારીરિક કર્મો વડે કરવા યોગ્ય કર્તવ્યનો અને ન કરવા યોગ્ય કાર્યનો ઉપદેશ સજ્જનોએ શાસ્ત્રોમાં આપેલો જ છે. શું કરવું અને શું ન કરવું તેનો વિચાર એકાગ્રચિત્તથી કરવો અને જે કાર્ય કરવામાં સરળ હોય, લાભદાયક હોય તે કાર્ય કરવામાં શાસ્ત્ર. પોતાનો વિચાર, દેશ, કાળ, ઉપાય અને અનુકૂળતાની સફળ વિચારદાયક બુદ્ધિ તેનું નામ કાર્યસિદ્ધિદાયક વિશુદ્ધ બુદ્ધિ. મહર્ષિ ચાણક્યના મંતવ્ય પરત્વે વિચારીએ તો જણાય છે કે કાર્યસિદ્ધિ

માટેનાં સાધનો, ઉપાયો કે સહાયકો મળી રહે છે. પરંતુ કાર્યસિદ્ધિના એ બધા જ અંગો આપણને સતત સહાયક બને એવું બહુધા બનતું નથી. અતિ વિપરીત પરિસ્થિતિમાં તો મનુષ્યને પોતાનું બુદ્ધિબળ જ સતત સહાયક બને છે.

આ બાબતમાં ''મુદ્રારાક્ષસ'' નાટકમાં ચાણક્યના વિચારો આ રીતે નિરૂપાએલા છે.

**ये याता किमपि प्रधार्य हृदये पूर्वं गता एव ते ।**
**ये तिष्ठंति भवन्तु तेऽपि गमने कामं प्रकामोद्यमाः ।।**
**एका केवलार्थसाधनविधौ सेनाशतेभ्योऽधिका ।**
**नंदोन्मूलनदृष्टिवीर्यमहिमा बुद्धिरस्तु माऽगान्मम ।।**

(ચાણક્ય પોતે મનોમય વિચારે છે કે) મારા સહાયક પુરુષો પૈકીના કેટલાક પુરુષો પોતાના મનમાં કંઈક વિચારીને નંદરાજાની સાથેના સંઘર્ષ પહેલાં જ મને છોડીને ચાલ્યા ગયા. એ તો ગયા જ. અત્યારે જે સહાયકો વિદ્યમાન છે તેઓ પણ પોતાના મનમાં કંઈક વિચારીને જવાની તૈયારી કરે છે અને તેઓ પણ પોતાની ઈચ્છા મુજબ ભલે જાય. પરંતુ મારા સર્વ કાર્યો સિદ્ધ કરનારી અને સેંકડો સૌનિકો કરતાં પણ વધારે શક્તિશાળી અને સુદ્રઢ નિશ્ચયવાળી મારી જે અસાધારણ બુદ્ધિ છે તે એક જ મને સતત સહાયક બને એમ હું ઈચ્છું છું કારણ કે નંદવંશનું નિકંદન કરવામાં મારી બુદ્ધિના પ્રભાવનો મને અનુભવ છે.



# અર્થશાસ્ત્ર માહાત્મ્ય

**मनुष्याणां वृत्तिरर्थः ।**
**तस्याः पृथिव्याः लाभपालनोपायशास्त्रमर्थशास्त्रमिति ।।**

પ્રત્યેક પ્રાણિઓના જીવનનો આધાર અર્થ છે. (અન્ન, જળ, વૃક્ષ, વેલી, ફળફૂલ વગેરે) આ અર્થનો મુખ્ય આધાર પૃથ્વી છે. તે પૃથ્વીની પ્રાપ્તિ, તેનું રક્ષણ, પોષણ અને વિકાસ - અર્થાત્ પૃથ્વીરૂપી રાજ્યની પ્રાપ્તિ, તેની જાળવણી, તેની વૃદ્ધિ અને વિકાસ વગેરે ઉપાયોનું જ્ઞાન કરાવનાર શાસ્ત્રને અર્થશાસ્ત્ર કહેવાય છે.

**राजानमुत्तिष्टमानमनुतिष्ठंते भृत्याः ।**
**प्रमाद्यन्तमनुप्रमाद्यंति । कर्माणि चास्य भक्षयंति ।।**
**द्विषद्भिश्चाति संधीयंते । तस्मादुत्स्थानमात्मनः कुर्वीत ।।**
**राज्ञां हि व्रतमुत्स्थानम् । यज्ञं कार्यानुशासनम् ।।**
**दक्षिणा वृत्तिसाम्यम् । च दीक्षितस्याभिषेचनम् ।।**
**प्रजासुखे सुखं राज्ञः । प्रजानां तु प्रियं हितम् ।।**
**तस्मात् नित्योत्थितो राजा । कुर्यादर्थानुशासनम् ।।**
**अर्थस्य मूलमुत्थानमनर्थस्य विपर्ययः ।**
**अनुत्स्थाने ध्रुवो नाशः प्राप्तस्यानामतस्य च ।।**
**प्राप्यते फलमुत्स्थानात् लभते चार्थसंपदम् ।।**

(કૌટિલ્ય અર્થશાસ્ત્ર / ૧/૧૯)

**सर्वशास्त्राण्यनुक्रम्य प्रयोगमुपलभ्य च ।**
**कौटिल्येन नरेन्द्रार्थे शासनस्य विधिः कृतः ।।**

(કૌટિલ્ય અર્થશાસ્ત્ર)

ઉત્સાહ, ખંત અને સાવધાનતાથી રાજા પોતે પોતાનાં કાર્યો કરે તો જ રાજ્યના રાજમંત્રીઓ અને કર્મચારીઓ પોતપોતાનાં કાર્યો સાવધાનતાથી કરે છે. રાજા પોતે જ પોતાના કાર્યમાં આળસુ અને બેદરકાર બને તો રાજમંત્રીઓ અને કર્મચારીવર્ગ પોતપોતાનાં કાર્યોમાં બેદરકાર બને છે. એટલું જ નહિ, બેદરકાર

અને બિનવફાદાર બનેલા તે રાજમંત્રીઓ અને કર્મચારીઓ શત્રુઓ સાથે છૂપી રીતે સમજૂતી કરીને ભૂતકાળમાં કરેલાં સફળ રાજકાર્યોનો વિનાશ કરે છે. માટે રાજકર્તા રાજવીઓએ આળસપ્રમાદનો ત્યાગ કરીને સાવધાન થઈને પોતાનું કર્તવ્ય સતત કરતા જ રહેવું.

પોતાનાં કાર્યો કરવા અને કરાવવામાં તત્પરતા એ જ રાજાને માટે શ્રેષ્ઠ વ્રત છે. રાજ્યતંત્રના વ્યાવહારિક કાર્યોનો સફળ અને સુખદ નિર્ણય એ જ રાજાને માટે ઉત્તમ યજ્ઞ છે. શત્રુ કે મિત્ર પ્રત્યે સમાન દ્રષ્ટિ રાખવી અથવા અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં ચિત્તને શાંત રાખવું એ જ રાજાને માટે મહાદાન છે. રાજતંત્રની દીક્ષા લેનાર રાજવી માટે આ ઉત્તમ પ્રકારનો રાજ્યાભિષેક છે.

પ્રજાનું સુખ એ જ રાજાનું સુખ છે. પ્રજાના હિતમાં જ રાજાનું પરમ હિત છે. માટે આળસપ્રમાદનો ત્યાગ કરીને સાવધાન રહીને અર્થશાસ્ત્રના નિયમોને અનુસરીને રાજ્યતંત્રનું સંચાલન વ્યવસ્થિત રીતે નિત્ય કરવું. આળસ પ્રમાદનો ત્યાગ કરીને પોતાનાં કાર્યો કરવાની તત્પરતા અને તન્મયતા એ જ અર્થતંત્રની વૃદ્ધિનો મુખ્ય ઉપાય છે અને આળસ - પ્રમાદ, કાર્ય કરવામાં બેદરકારી એ જ દુઃખદારીદ્રનું મુખ્ય કારણ છે આળસુ - પ્રમાદી અને કાર્ય કરવામાં બેદરકાર મનુષ્ય વંશવારસામાં મળેલ રાજ્ય કે ધનસંપત્તિ પણ ગુમાવે છે અને આળસ પ્રમાદ ત્યજીને નિત્ય સાવધાન રહીને સ્વકર્તવ્ય કરનાર મનુષ્ય અર્થસંપત્તિ અને રાજ્ય પ્રાપ્ત કરે છે.

રાજ્યનું શાસન કરનાર રાજવીનું રાજતંત્ર વ્યવસ્થિત ચાલે તેને માટે રાજનીતિવિષયક વિવિધ નીતિશાસ્ત્રોનો અભ્યાસ કરીને અને નીતિવિષયક વિવિધ વ્યાવહારિક પ્રયોગો કરીને કૌટિલ્યે (ચાણક્યે)આ અર્થશાસ્ત્રની રચના કરી છે.



**શ્રીહરિઃ**

# દાતાઓની શુભનામાવલી

પ.ભ. ડાયાભાઈ રવજીભાઈ મકવાણા ........................ પુના
પ.ભ. ગંગદાસભાઈ રવજીભાઈ મકવાણા..................... પુના
પ.ભ. ભરતભાઈ લાભશંકર પંડયા ............................ પુના
પ.ભ. ધીરુભાઈ હીરાભાઈ ભોજાણી ............................ પુના
પ.ભ. પ્રભુદાસ દેવશીભાઈ સોની ................................ પુના
પ.ભ. નારણભાઈ ભીમજીભાઈ રાઠોડ ........................... પુના
પ.ભ. જયંતીલાલ ચુનીલાલ સોની ................................ પુના
પ.ભ. મુકુંદભાઈ લાલજીભાઈ સોની ............................ પુના
પ.ભ. કાન્તિલાલ અરજણભાઈ મકવાણા ........................ પુના
પ.ભ. જવાહરભાઈ ભીમજીભાઈ ચૌહાણ......................... પુના
પ.ભ. પ્રવીણભાઈ દેવશીભાઈ સોની............................. પુના
પ.ભ. અ.નિ.સોની ડાયાભાઈ મુળજીભાઈની પુણ્ય સ્મૃત્યર્થે
હસ્તે સુપુત્રો, રમેશભાઈ, જીતેન્દ્રભાઈ, નરેન્દ્રભાઈ...... પુના
પ.ભ. મણિલાલ તલકચંદ સોની .................................. પુના
પ.ભ. નરેશભાઈ કાન્તિલાલ માધાણી ............................ પુના
પ.ભ. રાજેશભાઈ ગોવિંદભાઈ મકવાણા ........................ પુના
પ.ભ. પ્રવીણભાઈ ટોકરશીભાઈ સોની ........................... પુના
પ.ભ. અશોકભાઈ વિઠ્ઠલભાઈ ઠક્કર............................... પુના
પ.ભ. દામજીભાઈ વસ્તાભાઈ મકવાણા ........................ પુના
પ.ભ. ચીમનલાલ મોહનલાલ સોની ............................. પુના
પ.ભ. અ.નિ. સોની ચંદુલાલ નરસીભાઈની પુણ્ય સ્મૃત્યર્થે
હસ્તે સુપુત્રો કનૈયાલાલ, વસંતલાલ, નરેન્દ્રભાઈ ........ પુના
પ.ભ. ગોવિંદભાઈ ડાયાભાઈ રાઠોડ ............................ પુના
પ.ભ. પરસોત્તમભાઈ શામજીભાઈ ચોટલીયા ................. પુના

પ.ભ. વાડીલાલ જાદવજીભાઈ સોની ........................ પુના
પ.ભ. અમીચંદ વીરચંદ સોની ............................ પુના
પ.ભ. ગોવિંદભાઈ નારણભાઈ પરમાર ...................... પુના
પ.ભ. નથુભાઈ ભીમજીભાઈ રાઠોડ ......................... પુના
પ.ભ. હરેશભાઈ હરિરામ ઠક્કર ............................ પુના
પ.ભ. વનમાળીદાસ લલ્લુભાઈ સોની ........................ પુના
પ.ભ. જીવતીબેન રામજીભાઈ વાઘેલા ....................... પુના
પ.ભ. શારદાબેન નારણભાઈ ગોહેલ ......................... પુના
પ.ભ. પુષ્પાબેન અરવિંદભાઈ ગાંગાણી ..................... પુના
પ.ભ. વનિતાબેન દીનેશભાઈ પરમાર ........................ પુના
પ.ભ. ગજેન્દ્રભાઈ ચૌહાણ .................................. પુના
પ.ભ. પ્રાગજીભાઈ ગોવિંદભાઈ રાઠોડ ....................... પુના
પ.ભ. અ.નિ. દેવપ્રસાદભાઈ ગિરિજાશંકરભાઈની પુણ્ય સ્મૃત્યર્થે
હસ્તે સુપુત્ર - ગિરિશભાઈ ............................. પુના
પ.ભ. પ્રવીણભાઈ ચુનીભાઈ સોની .......................... પુના
પ.ભ. મનસુખભાઈ દેવશીભાઈ સોની ........................ પુના
પ.ભ. અમરશીભાઈ રામજીભાઈ જીરાગઢવાળા ................ પુના
પ.ભ. બળિરામભાઈ મુકુંદભાઈ ભારંભે ...................... પુના
પ.ભ. મહિલા સત્સંગ સમાજ, સ્વામિનારાયણ મંદિર ........... પુના



# પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | સંવત |
|---|---|---|
| ૧. | શિક્ષાપત્રી (પ્રથમ આવૃત્તિ) | ૨૦૩૪ |
| ૨. | સોરઠી સત્સંગ (પ્રથમ આવૃત્તિ) | ૨૦૩૭ |
| ૩. | વેદસ્તુતિ | ૨૦૩૮ |
| ૪. | શ્રી શતાનંદ સ્વામી અને શ્રી સ્વરુપાનંદ સ્વામી | ૨૦૩૯ |
| ૫. | શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય પરિચય | ૨૦૪૦ |
| ૬. | સ્વામીશ્રી નારાયણદાસજી | ૨૦૪૧ |
| ૭. | શ્રી સર્વમંગલસ્તોત્ર (ભાવાનુવાદ) | ૨૦૪૨ |
| ૮. | શ્રી સર્વમંગલસ્તોત્ર (નામાવલી) | ૨૦૪૨ |
| ૯. | કીર્તન મુક્તાહારમ્ (મુક્તાનંદ સ્વામીનાં કીર્તનો) | ૨૦૪૩ |
| ૧૦. | કવિવર શ્રી મુક્તાનંદ સ્વામી | ૨૦૪૩ |
| ૧૧. | ઈશાવાસ્યોપનિષદ્ (ગોપાલાનંદ સ્વામી કૃત ભાષ્ય સહિત) | ૨૦૪૪ |
| ૧૨. | જેતપુર શ્રી સ્વામિનારાયણ મંદિરનો ઈતિહાસ | ૨૦૪૪ |
| ૧૩. | સોરઠી સત્સંગ (દ્વિતીય આવૃત્તિ) | ૨૦૪૪ |
| ૧૪. | સોરઠી સંતો | ૨૦૪૫ |
| ૧૫. | રાજકોટ - ગોંડલ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ઈતિહાસ | ૨૦૪૬ |
| ૧૬. | અવતાર કથાઓ | ૨૦૪૭ |
| ૧૭. | શિક્ષાપત્રી (દ્વિતીય આવૃત્તિ) | ૨૦૪૭ |
| ૧૮. | શ્રીહરિ લીલા ચરિત્ર | ૨૦૪૭ |
| ૧૯. | શ્રીહરિ વચનામૃત ઉપદેશ | ૨૦૪૭ |
| ૨૦. | શ્રીહરિદિગ્વિજય | ૨૦૪૮ |
| ૨૧. | પ્રત્યભિજ્ઞાહૃદયમ્ | ૨૦૪૯ |

: પ્રાપ્તિસ્થાન :

**પ્રભુસ્વામી**

શ્રી સ્વામિનારાયણ મંદિર

રૂમ નંબર ૧૪, જવાહર રોડ, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.



## અનુક્રમણિકા

ॐ

# ચાણકયનીતિસૂત્ર

## અધ્યાય - ૧લો

**સૂત્ર : सा श्रीर्वोऽव्यात् ॥१॥**

**અર્થ :** તે લક્ષ્મી તમારું રક્ષણ કરો.

**વિવરણ :** જગતજનની લક્ષ્મીજીના સ્મરણ સહિત મંગલાચરણ કરીને માનવજીવનમાં ધન-સંપત્તિરૂપી લક્ષ્મીની મહત્તા સૂત્રકારે સૂચવી છે. રહેવા માટે સુંદર મહેલો, પહેરવા માટે સુંદર વસ્ત્રો, આભૂષણો, જમવા માટે સરસ સ્વાદિષ્ટ ભોજનો વગેરે જીવનજરૂરીઆત પદાર્થો તથા દાન, યજ્ઞ, સદાવ્રત વગેરે સત્કર્મરૂપી સદાચાર ધર્મ, ધનસંપત્તિથી જ કરી શકાય. આ રીતે આ લોક અને પરલોકનાં સુખપ્રાપ્તિનાં સાધનોમાં ધનસંપત્તિ રૂપી લક્ષ્મી એ મુખ્ય સાધન છે અને વિનય, વિવેક સહિત વ્યાવહારિક રાજનીતિના જ્ઞાનથી જ ચિરસ્થાયી સુખદ લક્ષ્મી પ્રાપ્ત કરી શકાય છે. ॥૧॥

**સૂત્ર : सुखस्य मूलं धर्मः ॥२॥**

**અર્થ :** સુખનું મૂળ ધર્મ છે.

**વિવરણ :** ઈષ્ટસુખપ્રાપ્તિ માટે પ્રત્યેક પ્રાણી પ્રવૃત્તિ કરે છે. સૂત્રકાર કહે છે કે, ઈષ્ટસુખની પ્રાપ્તિનું મુખ્ય સાધન ધર્મ (સદાચાર) છે. ધનસંપત્તિ, વૈભવવિલાસનાં સાધનો, રાજ્યસત્તા વગેરે આ લોક સંબંધી, સુખ કે મોક્ષરૂપી પરલોકસંબંધી સુખ પ્રાપ્ત કરાવે એવા ધર્મને જ માનવજીવનનો મુખ્ય પુરુષાર્થ માનેલો છે. આથી ઐહિક અને પારલૌકિક સુખોની પ્રાપ્તિ માટે સર્વપ્રથમ ધર્મનું જ્ઞાન અને તે પ્રમાણેનું આચરણ અગત્યના છે. સૂત્રકારે આ સિદ્ધાંત સર્વપ્રથમ એટલા માટે દર્શાવ્યો છે કે, આ સમસ્ત પુસ્તકનો સાર કે વિષય આ પ્રકારના ધર્મનું જ્ઞાન આપવાનો છે. ॥૨॥

**સૂત્ર : धर्मस्य मूलमर्थः ।।३।।**

**અર્થ :** ધર્મનું (પુણ્યનું) મૂળ અર્થ છે.

**વિવરણ :** ધનસંપત્તિ હોય તો જ દાન, યજ્ઞ, સદાવ્રત, યાત્રા વગેરે સત્કર્મો થઈ શકે છે અને સત્કર્મો કરવાથી ધર્મ (પુણ્ય) પ્રાપ્ત થાય છે માટે જ સૂત્રકાર કહે છે કે ધર્મનું મૂળ અર્થ છે. ।।૩।।

**સૂત્ર : अर्थस्य मूलं राज्यम् ।।४।।**

**અર્થ :** દ્રવ્યપ્રાપ્તિનું મૂળ રાજ્ય છે.

**વિવરણ :** અર્થ એટલે અન્ન, દ્રવ્ય વગેરે જીવન નિર્વાહનાં સાધનો. આ લોકનાં કેટલાંક વ્યાવહારિક કાર્યો બહુધા ધનસંપત્તિથી જ સાધ્ય હોય છે અને ધનસંપત્તિ પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન રાજ્યશાસન અથવા તેની સ્થિરતા અને વિવિધ વ્યવસાયનું જ્ઞાન નીતિશાસ્ત્રના અભ્યાસથી પ્રાપ્ત થાય છે. ।।૪।।

**સૂત્ર : राज्यमूलमिन्द्रियजयः ।।५।।**

**અર્થ :** ઈન્દ્રિયોને સ્વાધીન રાખવી એ જ રાજ્યપ્રાપ્તિનો મુખ્ય ઉપાય છે.

**વિવરણ :** મન અને ઈન્દ્રિયોને સ્વાધીન રાખવા. ઈન્દ્રિયોના આહાર વિહારમાં સંયમી બનવું એ જ સાચું જિતેન્દ્રિયપણું છે અને જે જિતેન્દ્રિય હોય એ જ રાજ્યસત્તા પ્રાપ્ત કરી શકે અને એ જ ચિરકાળ સુધી સુવ્યવસ્થિત રાજ્યતંત્ર ચલાવી શકે. ।।૫।।

**સૂત્ર : इन्द्रियजयस्य मूलं विनयः ।।६।।**

**અર્થ :** ઈન્દ્રિયોને જીતવાનો મુખ્ય ઉપાય વિનય છે.

**વિવરણ :** નમ્રતા, ધીરજ, સરલ સ્વભાવ અને વિવેક વગેરે સદ્ગુણોનો સમૂહ તેનું નામ વિનય. આ પ્રકારનો વિનય એ જ ઈન્દ્રિયોને સ્વાધીન રાખવાનો મુખ્ય ઉપાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, "જિતેન્દ્રિય પુરુષ સુખસંપત્તિ પ્રાપ્ત કરે છે અને ઈન્દ્રિયોને આધીન (અસંયમી) પુરુષ દુ:ખી થાય છે." ।।૬।।

**સૂત્ર : विनयस्य मूलं वृद्धोपसेवा ।।७।।**

**અર્થ :** વૃદ્ધ પુરુષોની સેવા એ વિનયનું મૂળ છે.

**વિવરણ :** વ્યાવહારિક જ્ઞાનના અનુભવી વડીલ વિદ્વાનને જ્ઞાનવૃદ્ધ કહેવાય. આવા જ્ઞાનવૃદ્ધોની સેવા, સમાગમ કરીને તેની પાસેથી નીતિશાસ્ત્રનો અભ્યાસ કરવાથી વિનય મળે છે. સત્શાસ્ત્રોમાં કહેલ છે કે,

''આદરભાવથી વૃદ્ધોની સેવા કરીને નમ્રતાથી પ્રશ્નો પૂછીને વૃદ્ધો પાસેથી વ્યાવહારિક જ્ઞાન મેળવવું.'' ॥૭॥

**સૂત્ર : वृद्धसेवया विज्ञानम् ॥८॥**

**અર્થ :** વૃદ્ધજનોની સેવા કરવાથી વિજ્ઞાન પ્રાપ્ત થાય છે.

**વિવરણ :** સેવ્યપુરુષની ઈચ્છા મુજબ ક્રિયા કરવી તેનું નામ સેવા. વૃદ્ધ એટલે જે તે વિષયના અનુભવી નિષ્ણાંત એ અર્થ લેવાનો છે. જ્ઞાનવૃદ્ધ પુરુષોની સેવા કરવાથી વિનયપ્રાપ્તિ તો થાય જ છે. ઉપરાંતમાં નીતિશાસ્ત્ર, શિલ્પકળા, વ્યાવહારિક જ્ઞાન વગેરે વિવિધ પ્રકારનું વિજ્ઞાન પણ જે તે વિષયના નિષ્ણાંત વૃદ્ધ પુરુષોની સેવાથી જ મળે છે. ॥૮॥

**સૂત્ર : विज्ञानेनात्मानं संपादयेत् ॥९॥**

**અર્થ :** વિજ્ઞાન પ્રાપ્ત કરીને મનને વિવેકવંત બનાવવું.

**વિવરણ :** રાજ્યતંત્રની વ્યવસ્થાનું, વિવિધ કળાઓનું તથા વ્યાવહારિક કાર્યોનું એમ વિવિધ પ્રકારનું જ્ઞાન તેનું નામ વિજ્ઞાન. આ પ્રકારનું વિજ્ઞાન પ્રાપ્ત કરીને મનને વિવેકવાળું કરવું. ॥૯॥

**સૂત્ર : संपादितात्मा जितात्मा भवति ॥१०॥**

**અર્થ :** વિજ્ઞાનવંત વ્યક્તિ જિતેન્દ્રિય બને છે.

**વિવરણ :** વિજ્ઞાનરૂપી વિવેકજ્ઞાન પ્રાપ્ત કરીને સંશયરહિત અને સુદૃઢ મનવાળો મનુષ્ય ન્યાય, અન્યાયનો યથાર્થ નિર્ણય કરી શકે છે અને તે મનુષ્ય જ જિતેન્દ્રિય બની શકે છે. ॥૧૦॥

**સૂત્ર : जितात्मा सर्वार्थैः संयुज्यते ॥११॥**

**અર્થ :** મન અને ઈન્દ્રિયોને સ્વાધીન રાખનાર સર્વકાર્ય સિદ્ધ કરે છે.

**વિવરણ :** કાર્યસિદ્ધિ માટેનાં સાધનો સહકાર, સમય વગેરેનો વિચાર કરીને યોગ્ય સમયે જ જિતેન્દ્રિય પુરુષ કાર્યસિદ્ધિના પ્રયત્નો આરંભે છે. આવો જિતેન્દ્રિય પુરુષ પોતાનાં બધાં જ કાર્યોમાં સફળતા મેળવે છે. ॥૧૧॥

**સૂત્ર : स्वामिसंपत् प्रकृतिसंपदंकरोति ॥१२॥**

**અર્થ :** રાજાની સંપત્તિ વડે પ્રજાની સંપત્તિની વૃદ્ધિ થાય છે.

**વિવરણ :** રાજકીય શાસનતંત્ર સંભાળનાર અધિકારીવર્ગ અને રાજ્યને કર આપનારા નાગરિકો આ બન્ને વર્ગો રાજ્યનાં મુખ્ય અંગો છે. રાજ્યનાં આ અંગોને નીતિશાસ્ત્રમાં ''પ્રકૃતિ'' શબ્દથી નિર્દિષ્ટ કરેલા છે.

રાજ્યનાં ''પ્રકૃતિ'' વર્ગનું હિત થાય એ રીતે રાજ્યતંત્ર ચલાવનાર રાજાનાં ઐશ્વર્ય, પ્રભાવ અને સંપત્તિની વૃદ્ધિ થાય છે અને રાજ્યની સંપત્તિની વૃદ્ધિ વડે પ્રજાની સંપત્તિમાં પણ વધારો થાય છે. ॥૧૨॥

**સૂત્ર : प्रकृतिसंपदा हि अनायकमपि राज्यं नीयते ॥१३॥**

**અર્થ :** રાજ્યનો પ્રકૃતિવર્ગ ખરેખર સંસ્કારી હોય તો રાજા વિના પણ રાજ્યતંત્ર વ્યવસ્થિત ચાલે છે.

**વિવરણ :** જેનાથી સારી રીતે પ્રગતિ કરી શકાય તેનું નામ ''સંપત્'' સ્વભાવ, ગુણ, ક્રિયા, સંસ્કાર, સાધનો અને સહકાર - આ બધું જ પ્રગતિકારક હોય તેને 'સંપત્' કહેવાય, આ પ્રકારની સંપત્તિનો સદુપયોગ કરનાર ''પ્રકૃતિવર્ગ'' (રાજ્યના અધિકારીઓ અને નાગરિકો) જે રાજ્યમાં હોય તે રાજ્યનું તંત્ર રાજા વિના પણ સુવ્યવસ્થિત ચાલે છે. ॥૧૩॥

**સૂત્ર : प्रकृतिकोपः सर्वकोपेभ्यो गरीयान् ॥१४॥**

**અર્થ :** બધા જ કોપ કરતાં પ્રકૃતિવર્ગનો કોપ અતિશય બળવાન છે.

**વિવરણ :** રાજ્યતંત્રમાં વિવિધ પ્રકારનાં વિઘ્નો (વિપ્લવો) થતાં જ રહે છે અને તે બધાં જ વિઘ્નો કે વિપ્લવો થોડા ઘણા પ્રયત્નો વડે દૂર કરી શકાય છે. પરંતુ પ્રકૃતિવર્ગનો જે કોપ છે તે અતિ બળવાન હોય છે. પ્રકૃતિવર્ગ કુપિત થાય ત્યારે રાજ્યતંત્ર સુવ્યવસ્થિત રાખવું મુશ્કેલ બને છે, માટે પ્રકૃતિવર્ગને સ્વાધીન રાખવા રાજાએ સતત સાવધાન રહેવું.

॥૧૪॥ **સૂત્ર : अविनीतस्वामिभावादस्वामिलाभः श्रेयान् ॥१५॥**

**અર્થ :** નીતિશાસ્ત્રના જ્ઞાનરહિત રાજા કરતાં તો રાજારહિત રાજ્ય સારું.

**વિવરણ :** દુષ્ટદંડ, સજ્જનરક્ષણ અને સુવ્યવસ્થિત રાજતંત્ર. આ કાર્યો રાજાએ કરવાનાં હોય છે. નીતિશાસ્ત્ર મુજબ જ્ઞાનરહિત, સ્વછંદી રાજા પોતાની ફરજ બજાવી શકે નહિં તેથી જ વિવેક વિનય વગરના રાજાને રાજ્યસત્તા સોંપાય નહિ. કારણ કે અયોગ્ય વ્યક્તિને રાજ્યસત્તા, સોંપવાથી રાજ્યને મહાન સંકટ આવે છે તેથી જ સૂત્રકાર કહે છે કે, ''સ્વછંદી કે દુરાચારી રાજા કરતાં તો રાજા રહિત રાજ્ય હોય તે સારું છે. ॥૧૫॥

**સૂત્ર : संपाद्यात्मानमन्विच्छेत् सहायान् ॥१६॥**

**અર્થ :** મન અને ઈન્દ્રિયોને સ્વાધીન કર્યા પછી જ સહાયક સેવકો પસંદ કરવા.

**વિવરણ :** રાજ્યસત્તાની યોગ્યતા પ્રાપ્ત કર્યા પછી જ રાજ્યસત્તા સંભાળવી તેમજ પોતાની સત્તાને વ્યવસ્થિત અને સ્થિર રાખવા માટે પોતાને અનુકૂળ તથા રાજ્યતંત્રને યોગ્ય એવા અધિકારીઓની પસંદગી કરવી કારણ કે યોગ્ય અધિકારી વિના રાજ્યતંત્ર સુવ્યવસ્થિત અને સુસ્થિર ચાલે નહિ. ॥૧૬॥

**સૂત્ર : नाऽसहायस्य मंत्रनिश्चयः ॥१७॥**

**અર્થ :** સહાયક સેવકો રહિત રાજા યોગ્ય નિર્ણય કરી શકે નહિ.

**વિવરણ :** રાજ્યને વફાદાર, રાજપુરોહિત, રાજ્યમંત્રી, સેનાપતિ વગેરે રાજ્યતંત્રના સહાયક સેવકોની સલાહ સૂચના લઈને જ રાજ્યતંત્ર વ્યવસ્થાવિષયક યોગ્ય નિર્ણય લઈ શકાય અને તેનો અમલ પણ તે સેવકો દ્વારા જ થઈ શકે છે માટે રાજાએ યોગ્ય સેવકોની પસંદગી કરવી જરૂરી છે. ॥૧૭॥

**સૂત્ર : नैकं चक्रं परिभ्रमति ॥१८॥**

**અર્થ :** એક જ પૈડા વડે રથ ચલાવી શકાતો નથી.

**વિવરણ :** રથ ચલાવવા માટે બે પૈડાંની જરૂર હોય છે એજ રીતે રાજતંત્ર ચલાવવા માટે પણ રાજસેવકોની અવશ્ય જરૂર પડે છે. ॥૧૮॥

**સૂત્ર : सहायः समो दुःखसुखयोः ॥१९॥**

**અર્થ :** સુખદુઃખમાં સમાન રીતે મદદ કરનારને જ શ્રેષ્ઠ સહાયક કહે છે.

**વિવરણ :** આગલા સૂત્રમાં કહેવાયું છે કે એક જ પૈડાથી રથ ચલાવી શકાતો નથી, એજ રીતે માત્ર રાજાથી જ રાજ્યતંત્ર ચલાવી શકાતું નથી. રાજ્યતંત્ર સુવ્યવસ્થિત ચલાવવા માટે મંત્રી, પુરોહિત વગેરેની સહાય લેવી જ પડે છે.

રાજ્યતંત્રની વ્યવસ્થા માટે સહાય કરનારા કેવા હોવા જોઈએ તે સ્પષ્ટતા આ સૂત્રમાં કરવામાં આવી છે. તે મુજબ સુખદુઃખમાં એક જ સરખી સહાય કરે એ જ ઉત્તમ સહાયક કહેવાય. સૂત્રકારનો કહેવાનો આશય એ છે કે સુખમાં સહાય કરનાર તથા સુખમાં ભાગ લેનાર તો ઘણા મળે પરંતુ વિપત્તિવેળામાં પણ હૃદયના સાચા ભાવથી સર્વપ્રકારે સહાય કરે એ જ સાચો સહાયક કહેવાય અને તે જ ઉત્તમ મદદકર્તા કહેવાય. રાજ્યશાસનકર્તાએ ઉત્તમ પ્રકારના સહાયકોની સહાય અવશ્ય લેવી એમ સૂત્રકારનો આશય છે. ॥૧૯॥

**સૂત્ર : मानी प्रतिपत्तिमान् आत्मद्वितीयं मंत्रिणमुत्पादयेत् ॥२०॥**

**અર્થ :** બુદ્ધિમાન, ઉદાર મનવાળા યશસ્વી રાજાએ પોતાની સમાન બુદ્ધિમાન વ્યક્તિની "રાજમંત્રી" તરીકે પસંદગી કરવી.

**વિવરણ :** રાજ્યતંત્રમાં રાજમંત્રીની ખૂબ જ મહત્તા હોય છે. કારણ કે વિવિધ વ્યવહારોના યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરવાનું કામ ''રાજમંત્રી'' કરતા હોય છે. તેથી જ રાજમંત્રીની મહત્તા વિશેષ છે. શાસ્ત્રમાં કહેલ છે કે, '' રાજકીય પ્રશ્નોના નિર્ણયો કરવામાં કુશળ, નિર્ભય, સહનશીલતાવાળો વિવિધ વિદ્વાનો સાથે કાર્યની ચર્ચા (વિચારણા) કરનાર, રાજા અને રાજ્યનો હિતેચ્છુ, પવિત્ર, કુલીન સજ્જન પુરુષ હોય તેને ''રાજમંત્રી'' પદે નિયુક્ત કરવો. ॥૨૦॥

**સૂત્ર : अविनीतं स्नेहमात्रेण न मंत्रे कुर्वीत ।।२१।।**

**અર્થ :** અવિનીત અને નીતિશાસ્ત્રના જ્ઞાનરહિત પુરુષને માત્ર સ્નેહસંબંધને કારણે 'રાજમંત્રી'પદે નિયુક્ત કરવો નહિ.

**વિવરણ :** ધાર્યું કાર્ય પાર પાડી શકે નહિ તેવા સગા-સ્નેહીની કાર્યમાં નિયુક્તિ કરવાથી કશો જ લાભ થતો નથી અને કાર્ય કરવામાં કુશળ હોય તેવા પુરુષને જ શક્તિશાળી પુરુષ કહેવાય છે. માટે વિવિધ કાર્યોમાં યોગ્ય નિર્ણય લઈ શકે તેવા વિદ્વાન, વિચક્ષણ પુરુષને જ 'રાજમંત્રી'પદે નિયુક્ત કરવો. ઘણીવાર રાજા પોતાના કોઈ સગાને મહત્ત્વનું પદ આપે છે એવાં ઉદાહરણો પરત્વે આ સંકેત જણાય છે. ॥૨૧॥

**સૂત્ર : मंत्रमूलाः सर्वारंभाः ।।२२।।**

**અર્થ :** બધાં જ કાર્યોની સફળતાનો આધાર મંત્ર છે.

**વિવરણ :** આ કાર્ય કરવાથી હિત થશે, આ કાર્ય કરવાથી અહિત થશે, કાર્યનો આરંભ આ રીતે કરવો, કાર્યસિદ્ધિ માટે કોની પાસેથી કેટલી સહાયતા લેવી વગેરે બાબતોનો વિચાર તેનું નામ મંત્ર. કાર્યસિદ્ધિ માટે રાજાએ વિદ્વાન રાજપુરોહિત, રાજ્યમંત્રી, સેનાપતિ વગેરે રાજનીતિજ્ઞ રાજસેવકો સાથે બેસીને કાર્યનો વિચાર કરવો અને તે વિચાર પ્રમાણે કાર્યનું આયોજન કરવાથી પ્રત્યેક કાર્યમાં સફળતા મળે છે. આથી જ સૂત્રકાર કહે છે કે, પ્રત્યેક કાર્યસિદ્ધિનો આધારસ્થંભ મંત્ર છે. ॥૨૨॥

**સૂત્ર : मंत्रसंवरणे कार्यसिद्धिर्भवति ।।२३।।**

**અર્થ :** મંત્ર ગુપ્ત રાખવાથી કાર્યસિદ્ધિ થાય છે.

**વિવરણ :** કાર્યની શરૂઆતથી કાર્યસિદ્ધિપર્યન્ત કાર્ય કરવાનો વિચાર તથા આયોજન આ બધું જ ગુપ્ત રાખવું ખૂબ જ જરૂરી છે. તેમજ પ્રત્યેક કાર્યના આયોજનસમયે કાર્યસિદ્ધિના ઉપાયોનો વિચાર શાંત ચિત્તથી કરવો. તે સમયમાં ક્રોધ કરવો નહિ અને અન્યને ક્રોધ કરાવવો નહિ. તેમજ કાર્યસિદ્ધિ માટેનાં વિચારો

કે આયોજન જાહેર.કરવા નહિ. રાજકીય ગુપ્ત નિર્ણયો જાહેર કરનાર વિશ્વાસઘાતી ઠરે છે અને તે રાજકીય અપરાધી બને છે. ।।૨૩।।

**સૂત્ર : मंत्रनिःस्रावः सर्वं विनाशयति ।।२४।।**

**અર્થ :** મંત્ર પ્રસિદ્ધ થવાથી બધાં કાર્યનો વિનાશ થાય છે.

**વિવરણ :** કાર્ય કરવા માટે નિર્ણય કર્યો હોય તેની માહિતી શત્રુને મળી જાય તો કાર્યસિદ્ધિ નષ્ટ થાય છે. માટે રાજનીતિજ્ઞ પુરુષોએ કોઈપણ રાજકીય નિર્ણય કરવા સમયે શાંતચિત્તે નિર્ણય કરવો. રાજા, પુરોહિત, રાજમંત્રી વગેરેએ સાથે બેસીને સર્વસંમતિથી જ નિર્ણય કરવો. રાજનીતિ નહિ જાણનાર અપક્વ બુદ્ધિવાળો બાળક, લુચ્ચો, વિચારશૂન્ય, ભીરુ, દરેક વાતને હસી કાઢનાર - આ પ્રકારની વ્યક્તિઓ રાજકીય નિર્ણય માટે સર્વથા અયોગ્ય છે. ।।૨૪।।

**સૂત્ર : प्रमादात् द्विषतां वशमुपयास्यति ।।२५।।**

**અર્થ :** આળસથી કે અસાવધાન રહેવાથી મંત્રની માહિતી શત્રુને મળે છે.

**વિવરણ :** રાજકીય નીતિવિષયક નિર્ણય કરવામાં સામેલ કોઈપણ વ્યક્તિ આળસુ કે પ્રમાદી (અસાવધાન) રહેવાથી તેનાં દ્વારા રાજકીય નિર્ણયની પ્રસિદ્ધિ થઈ જાય અને તે માહિતી શત્રુને મળી જાય તો તે નિર્ણય સંબંધી બધું જ આયોજન નિષ્ફળ બની જાય અને ઉપરાંતમાં વધુ નુકસાન પણ થાય. ।।૨૫।।

**સૂત્ર : सर्वद्वारेभ्यो मंत्रो रक्षितव्यः ।।२६।।**

**અર્થ :** બધાં જ દ્વારો વડે મંત્રની ગુપ્તતા જાળવવી.

**વિવરણ :** રાજ્યતંત્રમાં કાર્ય કરનાર દ્વારા, અપમાનિત થયેલા કે શિક્ષા પામેલા રાજસેવકો દ્વારા, પઢાવેલા પક્ષીઓ દ્વારા કે પોતાના ગુપ્તચર સેવકો દ્વારા અન્ય રાજ્યની ગુપ્ત માહિતી રાજપુરુષો પ્રાપ્ત કરે છે. માટે કોઈપણ પ્રકારે રાજકીય નિર્ણય પ્રસિદ્ધ થાય નહિ તેવી સાવધાની રાખવી. ।।૨૬।।

**સૂત્ર : मंत्रसंपदा हि राज्यं विवर्धते ।।२७।।**

**અર્થ :** મંત્રરૂપી સંપત્તિ વડે જ રાજ્યની વૃદ્ધિ થાય છે.

**વિવરણ :** રાજકીય નીતિવિષયક નિર્ણયનું જે રહસ્ય છે એ જ રાજતંત્રની મહાન સંપત્તિ છે. તે રહસ્યની ગુપ્તતા અને યથાસમયે યોગ્ય રીતે તેનો ઉપયોગ કરવાથી જ રાજ્યનો વિકાસ અને વૃદ્ધિ થાય છે માટે પોતાની ગુપ્ત યોજના શત્રુઓ જાણે નહિ એ રીતે રહેવું તથા શત્રુઓની ગુપ્ત માહિતી જાણવા પ્રયત્નો કરવા. ।।૨૭।।

**સૂત્ર : श्रेष्ठतमां मंत्रगुप्तिमाहुः ।।૨૮।।**

**અર્થ :** મંત્રને ગુપ્ત રાખવો એ જ અતિ ઉત્તમ છે.

**વિવરણ :** રાજતંત્રને વ્યવસ્થિત રાખવા માટેના વિવિધ ઉપાયો છે. એ ઉપાયોમાં પણ રાજકીય નિર્ણયો ગુપ્ત રાખવા એ અતિ મહત્ત્વનું છે. પોતાના નિર્ણયો પ્રસિદ્ધ થાય નહિ એ માટે કાર્યના આયોજનમા ક્રોધી, દુરાચારી, કે મૂઢ વ્યક્તિઓનાં સાથ - સલાહ લેવા નહિ ઉપરોક્ત વ્યક્તિઓને રાજકીય નિર્ણયથી દૂર જ રાખવા. ૫૨૮૫

**સૂત્ર : कार्याऽकार्यप्रदीपो मंत्रः ।।૨૯।।**

**અર્થ :** કાર્ય અને અકાર્યને દીપકની માફક પ્રકાશિત કરે તેને મંત્ર કહે છે.

**વિવરણ :** આ કાર્ય કરવાથી લાભ થશે કે નુકસાન થશે ? આ પ્રકારની શંકા થાય ત્યારે મંત્ર દીપકની સમાન પ્રકાશ આપીને સંશયરૂપી અંધકારનો નાશ કરે છે. કાર્ય કરવામાં શંકાઓ થાય તેને દૂર કરીને કાર્યને સરળતા અને સફળતા સહિતનું માર્ગદર્શન મંત્ર (જે તે કાર્ય પરત્વેની વિચારણા) દ્વારા જ પ્રાપ્ત થાય છે. વિચાર્યા વિના કાર્ય કરવાથી નિષ્ફળતા મળે અથવા નુકસાની થાય. માટે પ્રત્યેક કાર્ય પરત્વે તે કાર્ય અંગેની સર્વાંગી મંત્રણા પ્રથમ કરવી અને પછી જ કાર્યનો આરંભ કરવો. ૫૨૯૫

**સૂત્ર : मंत्रचक्षुषा परछिद्राण्यवलोकयन्ति ।।૩૦।।**

**અર્થ :** મંત્રરૂપી નેત્રથી બીજાના દોષો દેખી શકે છે.

**વિવરણ :** રાજયતંત્રમાં મંત્ર છે તે અતિ મહત્ત્વનું પાસું છે કારણ કે અન્યના રાજયોમાં કે પોતાના રાજયમાં રાજયતંત્રની કેવી પરિસ્થતિ છે. તે જાણવા માટેનું શ્રેષ્ઠ સાધન મંત્ર છે. અર્થાત્ - મંત્રણાપરિષદના આયોજનપ્રમાણે અન્ય રાજયોમાં પોતાના ગુપ્તચરો મોકલીને કે રાખીને તે ગુપ્તચરો દ્વારા અન્ય રાજયોના રાજયતંત્રના ગુણ અને દોષની માહિતી મેળવી શકાય છે તથા પોતાના રાજયતંત્રના ગુણો કે દોષોની માહિતી પણ ગુપ્તચરો દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે માટે જ સૂત્રકાર કહે છે કે, ''મંત્રરૂપી નેત્રથી અન્ય રાજયના દોષો દેખી શકે છે'' આથી જ રાજતંત્રમાં મંત્ર છે તે અતિ મહત્ત્વનું 'પાસું' છે. ૫૩૦૫

**સૂત્ર : मंत्रकाले न मत्सरः कर्तव्यः ।।૩૧।।**

**અર્થ :** મંત્રણાસમયે પરસ્પર મત્સર કરવો નહિ.

**વિવરણ :** બીજાનો ઉત્કર્ષ સહન કરવો નહિ તેનું નામ 'મત્સર'. કોઈપણ કાર્યની મંત્રણા કરવા માટે એકત્રિત થયેલા મહાનુભાવોએ શાંત ચિત્તથી એક બીજાની વાત સાંભળવી. નાની વ્યક્તિની સત્ય વાતનો સ્વીકાર કરવો. ઈર્ષ્યા, અદેખાઈ કે પોતાની મહત્તાના ઘમંડમાં ઘેરાઈને નાના મનુષ્યની સત્ય સલાહની અવગણના કરવી નહિ. ॥૩૧॥

**સૂત્ર : त्रयाणामेकवाक्ये संप्रत्ययः ॥३२॥**

**અર્થ :** મંત્રણા કરનાર ત્રણ વ્યક્તિની એક માન્યતાથી કાર્યસિદ્ધિ થાય છે.

**વિવરણ :** રાજા મંત્રણાપરિષદના સભ્યો અને જેને કાર્ય સોંપવાનું છે તે કર્મચારીઓ આ ત્રણેયનો એક સરખો અભિપ્રાય હોય તો જ કાર્યની સિદ્ધિ થાય છે. મંત્રણા માટે યોગ્ય વ્યક્તિઓની પરિષદ નક્કી કરવી. તેમાં મંત્રણાનો પ્રકાર વગેરે કાર્યપદ્ધતિ નક્કી કરવી. આ મંત્રણા પરિષદ બુદ્ધિશાળી, જે તે કાર્યના અનુભવી તથા પ્રમાણિક સભ્યોની હોવી જોઈએ. આ પ્રકારની પરિષદમાં જે તે કાર્યનો નિર્ણય સર્વસભ્યોની સંમતિથી કરવો. ॥૩૨॥

**સૂત્ર : अकामबुद्धयो मंत्रातत्त्वार्थदर्शिनः मंत्रिणः ॥३३॥**

**અર્થ :** મંત્રણાપરિષદના સભ્યો મંત્રણાના તત્ત્વને તથા રહસ્યને જાણનારા અને નિઃસ્વાર્થી હોવા જોઈએ.

**વિવરણ :** આ સૂત્રમાં પરિષદના સભ્યોની યોગ્યતા દર્શાવી છે. વ્યાવહારિક કાર્યમાં બુદ્ધિમાન હોવા છતાં પણ લાલચુ, ઈર્ષ્યાળુ, શંકાશીલ એવી વિદ્વાન વ્યક્તિને પણ મંત્રણાપરિષદમાં રાખવી નહિ. મંત્રણાના વિષયને જાણનાર, વિચારશીલ, કુલીન, વિદ્વાન સજ્જન વ્યક્તિઓને જ મંત્રણાપરિષદમાં રાખવી. આ પ્રકારના નિષ્કામ બુદ્ધિવાળા નિઃસ્વાર્થ મંત્રીઓ મંત્રણામાં હોય તો મંત્રણા ગુપ્ત રહે છે, મંત્રણા કાર્યસિદ્ધિ સુધી લઈ જાય છે અને મંત્ર તત્ત્વનો જાણકાર વ્યક્તિઓ મંત્રી હોય તો કોઈ તાત્ત્વિક ભૂલ રહેવાની શકયતા રહેતી નથી, આથી મંત્રીઓ માટેનાં આ બે વિશેષણો મંત્રકારે ખૂબ વિચારીને દર્શાવેલા છે. ॥૩૩॥

**સૂત્ર : षट्कर्णो मंत्रः भिद्यते ॥३४॥**

**અર્થ :** ત્રણ વ્યક્તિઓએ સાંભળેલો મંત્ર પ્રસિદ્ધ થઈ જાય છે.

**વિવરણ :** જૂદી જૂદી ત્રણ વ્યક્તિઓ મંત્રનું રહસ્ય જાણી જાય તો તે મંત્રણાથી થનાર કાર્ય નિષ્ફળ જાય છે. મંત્રણાપરિષદના સભ્યો અને રાજા આ બે સિવાય

કોઈ વ્યક્તિને મંત્રણાની માહિતી મળે જ નહિ તેને માટે ખૂબજ સાવધાની રાખવી જોઈએ. નીતિશાસ્ત્રમાં કહેલ છે કે, ''મંત્રણાનાં પાંચ અંગો છે તે આ મુજબ- (૧) કાર્યનો આરંભ, (૨) તેના સાધનો, (૩) કર્મચારીઓ, (૪) આર્થિક સદ્ધરતા, (૫) દેશ, કાળની અનુકૂળતા.'' મંત્રણાપરિષદમાં આ પાંચ બાબતોનો વિચાર કરવો જરૂરી છે. તથા મંત્રણા કરવાનું સ્થળ એકાન્તનું હોવું જોઈએ. પશુપક્ષી પણ હોય નહિ તેવા શાંત પ્રદેશમાં બેસીને મંત્રણા કરવી જેથી મંત્રણાની ગુપ્તતા જળવાઈ રહે. ।।૩૪।।

**સૂત્ર : आपत्सु स्नेहसंयुक्तं मित्राम् ।।३५।।**

**અર્થ :** વિપત્તિ વેળામાં સ્નેહ ભાવથી સાથે રહે તે મિત્ર છે.

**વિવરણ :** સાચો મિત્ર કોને કહેવો આ બાબત સૂત્રકારે આ સૂત્રથી સ્પષ્ટ કરી છે. રોગ આવે, દરિદ્રતા આવે, વાદવિવાદ કે યુદ્ધપ્રસંગ આવે, આવી વિપત્તિઓમાં પણ સ્નેહભાવથી સહાય કરીને દુઃખમાં ભાગીદાર બનનાર જ સાચો મિત્ર કહેવાય. માત્ર સુખમાં જ સાથે રહેનારને મિત્ર કહેવાય નહિ. ।।૩૫।।

**સૂત્ર : मित्राग्रहणे वलं संपद्यते ।।३६।।**

**અર્થ :** મિત્રો વધારવાથી બળ પ્રાપ્ત થાય છે.

**વિવરણ :** વિશ્વાસુ, વફાદાર, વિદ્વાન સજ્જન સાથે નિષ્કપટ વ્યવહાર કરવાથી તે વ્યક્તિ આપણો મિત્ર બને છે. સજ્જનોની મૈત્રી વધારવાથી વિવિધ પ્રકારનું બળ મળે છે. શ્રીમંત મિત્રો દ્વારા ધન, બુદ્ધિશાળી મિત્રો દ્વારા સાચી સલાહ, સાધનસંપન્ન મિત્રો દ્વારા સાધનસગવડ - આમ વિવિધ મિત્રો દ્વારા વિવિધ પ્રકારનું બળ પ્રાપ્ત થાય છે. ।।૩૬।।

**સૂત્ર : बलवान् अलब्धलाभे प्रयतेत ।।३७।।**

**અર્થ :** બળવાન રાજાએ જે પ્રાપ્ત નથી થયું તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવા.

**વિવરણ :** સર્વ પ્રકારે સાધનસંપન્ન રાજાએ વિશેષ રાજ્યાદિકની પ્રાપ્તિ અને વૃદ્ધિ માટે પ્રયત્નો કરવા જરૂરી છે. રાજ્યપ્રાપ્તિ પછી જે જે વસ્તુની ખાસ આવશ્યકતા છે તેવા સાધનો પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ તો જ ઉત્સાહ વધે અને રાજ્યનો પણ વિકાસ થાય. ।।૩૭।।

**સૂત્ર : अलब्धलाभो नालसस्य ।।३८।।**

**અર્થ :** જે પ્રાપ્ત થયું નથી તેની પ્રાપ્તિ આળસુને નથી થતી.

**વિવરણ :** આળસુ, મંદબુદ્ધિવાળા અને શક્તિહીન મનુષ્યને પ્રાપ્ત કરવા યોગ્ય રાજ્યાદિકની પ્રાપ્તિ થતી નથી. ॥૩૮॥

**સૂત્ર : अलसस्य लब्धमपि रक्षितुं न शक्यते ॥३९॥**

**અર્થ :** આળસુ મનુષ્ય મળેલા પદાર્થો પણ સ્વાચવી શકતો નથી.

**વિવરણ :** આળસુ, મંદબુદ્ધિ, અતિસુખી, રોગી, ઉંઘણશી અને વિષયાસક્ત આ છ પ્રકારના મનુષ્યો કોઈ કાર્યસિદ્ધ કરી શકતા નથી. ઉત્સાહી, ઉદ્યમી તેમજ કાર્ય કરવાના દ્રઢ નિશ્ચયવાળા મનુષ્યનાં કાર્યો સફળ થાય છે. ઉપરાંતમાં આળસુ મનુષ્યને પ્રાપ્ત થયુ હોય તે પણ સાચવી શક્તો નથી. ॥૩૯॥

**સૂત્ર : न चालस्ययुक्तस्य रक्षितं विवर्धते ॥४०॥**

**અર્થ :** આળસુને પ્રાપ્ત થયેલ (દ્રવ્ય કે રાજ્ય) વૃદ્ધિ પામતું નથી.

**વિવરણ :** આળસુને તેના સદ્ભાગ્યે કદાચ રાજ્ય કે દ્રવ્યાદિક મળે તો પણ આળસુ મનુષ્ય તેની વૃદ્ધિ કરી શકતો નથી. ॥૪૦॥

**સૂત્ર : न भृत्यान् पोषयति ॥४१॥**

**અર્થ :** આળસુ મનુષ્ય પોતાના સેવકોનું ભરણપોષણ કરી શકતો નથી.

**વિવરણ :** જે પોતાનું પોષણ કરી શકે નહિ તેવો આળસુ મનુષ્ય સેવકોનું પોષણ કરી શકે જ નહિ, તેમજ જે સેવકોનું પોષણ કરે નહિ તે તેની પાસેથી કામ પણ કરાવી શકે નહિ. ॥૪૧॥

**સૂત્ર : न तीर्थं प्रतिपादयति ॥४२॥**

**અર્થ :** આળસુ મનુષ્ય તીર્થસ્થાનોનું રક્ષણ કરી શકતો નથી.

**વિવરણ :** રાજ્યતંત્રની સુરક્ષા અને વ્યવસ્થા માટે ખાસ પ્રકારની માહિતી મેળવવાનાં વિશિષ્ટ સ્થાનોને રાજનીતિશાસ્ત્રમાં 'તીર્થ' કહે છે. આ પ્રકારનાં તીર્થોમાંથી ગુપ્તચર દ્વારા રાજા રાજતંત્રની વિશિષ્ટ માહિતી મેળવે છે. આ રીતે તીર્થસ્થાનો રાજ્યવૃદ્ધિ અને સુરક્ષાનું એક અંગ મનાય છે. તથા દેવમંદિરો અને તીર્થસ્થાનો દ્વારા પણ ગુપ્ત માહિતી મળે છે આથી તેના રક્ષણથી પણ રાજ્યની વૃદ્ધિ થાય છે પરંતુ આળસુ મનુષ્ય તે કરી શકતો નથી. ઉપરોક્ત પાંચ સૂત્રો દ્વારા આળસુના દોષો દર્શાવેલ છે. ॥૪૨॥

**સૂત્ર : अलब्धलाभादि चतुष्टयं राज्यतंत्राम् ॥४३॥**

**અર્થ :** જે મળ્યું નથી તેને મેળવવું વગેરે ચાર પ્રકારનું રાજ્યતંત્ર છે.

**વિવરણ :** રાજયતંત્રમાં ચાર બાબતોનો સમાવેશ થાય છે. તે આ મુજબ - (૧) જે નથી મળ્યું તે મેળવવું. (૨) મળ્યું છે તેનું રક્ષણ કરવું. (૩) જે સાચવેલું છે તેમાં વધારો કરવો. (૪) જે વધારો છે તેનો સુપાત્રમાં સદ્‌ઉપયોગ કરવો. અર્થાત્‌ પ્રજાનાં હિતકારક કાર્ય કરવાં. ॥૪૩॥

**સૂત્ર : राज्यतंत्रायतं नीतिशास्त्राम्‌ ॥४४॥**

**અર્થ :** નીતિશાસ્ત્ર રાજતંત્રને આધીન છે.

**વિવરણ :** રાજતંત્રને સુવ્યવસ્થિત અને સ્થિર રાખવા માટે જ નીતિશાસ્ત્રની રચના થઈ છે. માટે રાજતંત્રને વ્યવસ્થિત રાખવા નીતિશાસ્ત્રનો અભ્યાસ કરવો. ॥૪૪॥

**સૂત્ર : राज्यतंत्रेष्वायत्तौ मंत्रावापौ ॥४५॥**

**અર્થ :** 'મંત્ર' અને 'આવાપ' આ બન્ને રાજતંત્રને આધીન છે.

**વિવરણ :** વૃક્ષના મૂળ ભાગની જમીનમાં વૃક્ષની ચારે બાજુ જળ ભરેલું રહે તેને માટે જે કયારો કે ખામણું કરવામાં આવે છે તેને ''આવાપ'' કહે છે. વૃક્ષના કયારાનું જળ વૃક્ષના મૂળ સુધી પહોંચીને વૃક્ષમાં ફળ આવે ત્યાં સુધી વૃક્ષનું પોષણ કરતું રહે છે. રાજતંત્રમાં પણ (૧) મંત્રણા બીજ, (૨) કાર્યરૂપી વૃક્ષ, (૩) કાર્યસિદ્ધિરૂપી ફળ, (૪) આયોજન (કાર્ય કરવાની પદ્ધતિ) રૂપી જળ આ ચારેય વસ્તુની સિદ્ધિ મંત્રની ગુપ્તતારૂપી 'આવાપ' દ્વારા જ સિદ્ધ થાય છે. ॥૪૫॥

**સૂત્ર : मंत्रां स्वविषये कृत्येष्वायत्तम्‌ ॥४६॥**

**અર્થ :** મંત્ર પોતાના વિષય અને તે કાર્યક્ષેત્રને આધીન છે.

**વિવરણ :** મંત્રણા કરવામાં બે બાબતો મુખ્ય હોય છે. (૧) કયા વિષયની મંત્રણા, (૨) તે કાર્ય કોને સોંપવું, આ કારણથી મંત્ર ઉપરોક્ત બે વિષયને આધીન હોય છે. ॥૪૬॥

**સૂત્ર : आवापो मंडले संनिविष्टः ॥४७॥**

**અર્થ :** 'આવાપ' મંડલમાં સારી રીતે પ્રવેશ પામે છે.

**વિવરણ :** અત્રે પ્રયોજાયેલ 'મંડલ' શબ્દનો અર્થ આ મુજબ છે - મંત્રણા પરિષદના સભ્યોનું 'મંડળ'. રાજા, દીવાન, સેનાપતિ વગેરે રાજ્યનાં અંગોનું ''મંડળ'' આ સૂત્રમાં પ્રયોજાયેલ 'આવાપ' શબ્દનો અર્થ આ મુજબ છે - શત્રુભૂત

રાજા શું પ્રવૃત્તિ કરે છે તે જાણવું તથા શત્રુઓ પોતાના રાજ્યનો પરાભવ કરે નહિ તે માટે સાવધાન રહેવું. ॥૪૭॥

**સૂત્ર : संधिविग्रहयोः योनिर्मिंडलम् ॥४८॥**

**અર્થ :** યુદ્ધ કરવું કે સમાધાન કરવું તે મંત્રણા પરિષદને આધીન છે.

**વિવરણ :** શત્રુ સાથે સમાધાન કરવાથી લાભ છે કે યુદ્ધ કરવાથી લાભ છે તેનો વિચાર કરીને મંત્રણાપરિષદે યોગ્ય નિર્ણય લેવાનો હોય છે. માટે યુદ્ધ કે સમાધાનનો નિર્ણય 'પરિષદ'ને આધીન છે. ॥૪૮॥

**સૂત્ર : नीतिशास्त्रानुगो राजा ॥४९॥**

**અર્થ :** નીતિશાસ્ત્રને અનુસરે તે રાજા.

**વિવરણ :** અર્થતંત્ર, દંડપદ્ધતિ, વ્યવહારતંત્ર વગેરે વિષય બોધક શાસ્ત્ર તેનું નામ 'નીતિશાસ્ત્ર'. પોતાનું અને પ્રજાનું રક્ષણ કરવા રાજાએ નીતિશાસ્ત્રનો અભ્યાસ કરવો અને તે પ્રમાણે રહેવું. નીતિશાસ્ત્રને અનુસારે રાજતંત્રનું સંચાલન કરે તેને જ રાજા કહેવાય. ॥૪૯॥

**સૂત્ર : अनन्तरप्रकृतिः शत्रुः ।५०॥**

**અર્થ :** પડોશી રાજ્ય શત્રુ છે.

**વિવરણ :** પોતાના પડોશમાં જે રાજ્ય હોય તે 'રાજા' સામાન્ય રીતે શત્રુ મનાય છે, કારણ કે પડોશી રાજ્ય સાથે સામાન્ય રીતે જ નાનામોટા સંઘર્ષ થતા જ હોય છે. ઉપરાંતમાં રાજ્યતંત્રને નુકસાન કરનાર અથવા પ્રજાને દુઃખ દેનારને ''શત્રુ'' કહેવાય છે. ॥૫૦॥

**સૂત્ર : एकान्तरितं मित्रमिष्यते ॥५१॥**

**અર્થ :** આપણા રાજ્યથી દૂર હોય તેવા રાજ્યને મિત્રરાજ્ય કહે છે. અથવા પાડોશી રાજા પછીના રાજયનો રાજા મિત્ર ગણવો. આપણા શત્રુરાજ્ય સાથે સંબંધ નહિં રાખનાર રાજ્યને ''મિત્રરાજ્ય માનવું.

**વિવરણ :** મિત્રના જુદા જુદા પ્રકારો જોઈએ તો (૧) નિત્ય મિત્ર : નિઃસ્વાર્થ ભાવથી જ સ્વાભાવિક રીતે જ સર્વપ્રકારે સહાય કરનાર દયાળુ પ્રકૃતિના સજ્જનોને નિત્યમિત્ર કહે છે. (૨) સહજ મિત્ર : કુળપરંપરાથી જ સ્નેહસંબંધને કારણે આપણને સહાય કરનારને સહજ મિત્ર કહે છે. (૩) હેતુમિત્ર : પોતાના સ્વાર્થ ખાતર જ મિત્રતા રાખનારને હેતુમિત્ર કહે છે. તદુઉપરાંત, આપણા શત્રુ

સાથે સંબંધ નહિ રાખનારને પણ મિત્ર જેવો જ માનવો અને આપણા રાજ્યથી કોઈ રાજ્ય દૂર હોય અને તે રાજ્ય સાથે આપણા રાજ્યને વ્યાવહારિક સંબંધો હોય તો તે રાજ્યને પણ મિત્રરાજ્ય માની શકાય. ા૫૧ા

**સૂત્ર : हेतुतः शत्रुमित्रे भविष्यतः ।।५२।।**

**અર્થ :** આ વ્યક્તિને શત્રુ માનવો કે મિત્ર માનવો તેનો નિર્ણય તો કાર્યસિદ્ધિના હેતુને આધીન છે.

**વિવરણ :** કાર્યસિદ્ધિમાં સહાયક બનનાર મિત્ર મનાય છે અને કાર્યસિદ્ધિમાં વિઘ્ન કરનારને શત્રુ માનવામાં આવે છે. આ રીતે વ્યવહાર જ શત્રુ કે મિત્રનો હેતુ બને છે. ા૫૨ા

**સૂત્ર : हीयमानेन न संधिं कुर्वीत ।।५३।।**

**અર્થ :** પરાજિત થવાનો હોય તેની સાથે સંધિ કરવી નહિ.

**વિવરણ :** યુદ્ધમાં જે પરાજિત થવાનો હોય તેની સાથે સંધિ (સમાધાન) કરવામાં કોઈ લાભ થતો નથી માટે પરાજિત થનારનો પરાજય કરીને તેને સ્વાધીન રાખવામાં જ લાભ છે. એ જ રીતે વ્યવહારમાં પણ જેનો અસ્તકાળ (પડતી દશા) હોય તેની સાથે મૈત્રી રાખવાથી કોઈ લાભ થતો નથી. ા૫૩ા

**સૂત્ર : तेजो हि संदधानहेतुस्तदर्थिनाम् ।।५४।।**

**અર્થ :** પ્રભાવશાળી રાજાનો પ્રભાવ એ જ સંધિનું મુખ્ય કારણ છે.

**વિવરણ :** આક્ષેપ કે અપમાન સહન કરવાની શક્તિ તેનું નામ તેજ. સર્વપ્રકારે શક્તિમાન તેજસ્વી રાજાની સાથે યુદ્ધ કરવાથી કોઈ પ્રકારે લાભ થતો નથી. તેની સાથે તો સમાધાન કરવું એ જ ઉત્તમ છે. ા૫૫ા

**સૂત્ર : नाऽतप्तलोहं लोहेन संधत्ते ।।५५।।**

**અર્થ :** તપાવ્યા વિનાના લોખંડ સાથે લોખંડ સાંધી શકાતું નથી.

**વિવરણ :** લોખંડના ટૂકડાઓનો સાંધો કરવો હોય તો તેને અગ્નિમાં તપાવીને સાંધો કરી શકાય, એ જ રીતે યુદ્ધમાં પરાજિત થયેલા રાજાની સાથે જ સંધિ કરી શકાય. ા૫૫ા

**સૂત્ર : बलवान् हीनेन विगृह्णीयात् ।।५६।।**

**અર્થ :** બળવાન રાજાએ નિર્બળ રાજા સાથે યુદ્ધ કરવું.

**વિવરણ :** સાધન, સૈન્ય અને સહકારથી જે બળવાન હોય તે નિર્બળની સાથે યુદ્ધ કરે તો તેનો વિજય થાય છે. ॥૫૬॥

**સૂત્ર : न ज्यायसा समेन वा ॥५७॥**

**અર્થ :** પોતાની સમાન કે પોતાથી બળવાનની સાથે યુદ્ધ કરવું નહિ.

**વિવરણ :** સાધન, સૈન્ય અને સહકારથી જે બળવાન હોય તેની સાથે યુદ્ધ કરવાથી આપણો પરાજય જ થાય અને સાધન આદિકથી જે આપણી સમાન હોય તેની સાથે યુદ્ધ કરવાથી આપણો વિજય થાય એમ નક્કી નિર્ણય થઈ શકે નહિ. અર્થાત્ જયાં વિજય નિશ્ચત નથી ત્યાં યુદ્ધ કરવાથી નુકશાન વિશેષ થાય માટે આ સિદ્ધાંત સૂત્રકારે આપ્યો છે. ॥૫૭॥

**સૂત્ર : हस्तिनः पादयुद्ध मिव बलवद्धिग्रहः ॥५८॥**

**અર્થ :** બળવાન રાજા સાથે યુદ્ધ કરવું એ તો હાથીની સેના સામે પાયદલના યુદ્ધ સમાન છે.

**વિવરણ :** સૈન્ય, અસ્ત્ર - શસ્ત્ર વગેરેથી સમૃદ્ધ બળવાન રાજાની સાથે નિર્બળ રાજા યુદ્ધ કરે તો તે યુદ્ધ કરનાર પરાજિત થાય માટે બળવાન રાજા સાથે યુદ્ધ કરવું એ તો નુકશાન કારક જ છે. ॥૫૮॥

**સૂત્ર : आमपात्राम् आपेन सह विनश्यति ॥५९॥**

**અર્થ :** માટીના કાચા ઘટમાં જળ ભરવાથી જળ સહિત તે ઘટ નષ્ટ થાય છે.

**વિવરણ :** કાચી માટીના ઘટમાં જળ ભરવાથી ઘટ અને જળ બન્ને વિનાશ પામે છે, એ જ રીતે વિચાર્યા વિના અને સમય વિના યુદ્ધ કરવાથી કે કાર્ય કરવાથી સર્વપ્રકારે નુકસાન જ થાય છે. ॥૫૯॥

**સૂત્ર : अरिप्रयत्नमभिसमीक्ष्यात्मरक्षया वसेत् ॥६०॥**

**અર્થ :** શત્રુઓના પ્રયત્નો જોતાં રહેવું અને પોતાનું રક્ષણ થાય તેમ જીવવું.

**વિવરણ :** પોતાને તથા રાજ્યને નુકસાન થાય તેવી પ્રવૃત્તિ શત્રુઓ કરતા હોય તે માહિતી મેળવવી તેમજ શત્રુના રાજ્યમાં શું બનાવો બને છે તે માહિતી પણ મેળવવી તથા પોતાનું અને રાજ્યનું રક્ષણ થાય તેવા પ્રયત્નો કરતા રહેવું. ॥૬૦॥

**સૂત્ર : शक्तिहीनो बलवन्तमाश्रयेत् ॥६१॥**

**અર્થ :** નિર્બળ, બળવાનનો આશ્રય કરે.

**વિવરણ :** સૈન્ય, સંપત્તિ, સહાયક રહિત હોય તે સર્વપ્રકારે શક્તિશાળી કૃતજ્ઞ પુરુષનો આશ્રય કરે તો દુઃખના સમયમાં તેને તેની સહાય મળે. ॥૬૧॥

**સૂત્ર : दुर्बलाश्रयो हि दुःखमावहति ॥६२॥**

**અર્થ :** નિર્બળનો આશ્રય દુઃખદ બને છે.

**વિવરણ :** સુખ, સગવડ અને સલામતિ માટે અન્યનો આશ્રય લેવો પડે છે. સંપત, સાધન અને સલામતિ રહિત હોય તેનો આશ્રય કરવાથી ઊલટાનું દુઃખ જ થાય માટે નિર્બળનો આશ્રય કરવો નહિ. ॥૬૨॥

**સૂત્ર : अग्निवद्राजानमाश्रयेत् ॥६३॥**

**અર્થ :** અગ્નિની માફક રાજાનો આશ્રય કરવો.

**વિવરણ :** સર્વ પ્રકારે શક્તિશાળી રાજા અગ્નિસમાન તેજસ્વી અને પ્રતાપી હોય તેથી સાવધાની પૂર્વક તેનો આશ્રય કરવો જોઈએ. જેમ અગ્નિ દ્વારા કામ લેનાર જો અગ્નિથી સાવધ રહે નહિ તો તે અગ્નિ પોતા પાસેથી કામ લેનારને જ બાળી નાખે છે. તેમ શક્તિશાળી રાજાનો આશ્રય કરનાર જો રાજાથી સાવધ રહે નહિ તો તે રાજા આશ્રિતને મુશ્કેલીમાં મુકે તેવી પરિસ્થિતિ ઉપસ્થિત થઈ શકે છે. ॥૬૩॥

**સૂત્ર : राज्ञः प्रतिकूलं नाचरेत् ॥६४॥**

**અર્થ :** રાજાની ઈચ્છા વિરુદ્ધ વર્તન કરવું નહિ.

**વિવરણ :** રાજાના આશ્રયે રહેનારાએ પોતાના આશ્રયદાતાની વિરુદ્ધમાં વર્તન કરવું નહિ. શક્તિશાળી આશ્રયદાતાની વિરુદ્ધ વર્તન કરવાથી આશ્રિત દુઃખી થાય છે. રાજયમાં જની સર્વસત્તા હોય એવા રાજાને પસંદ ન હોય એવું કાર્ય કરવામાં સંપૂર્ણ જોખમ રહેલું છે. એ બાબત અહીં સ્પષ્ટ જણાવી છે. ॥૬૪॥

**સૂત્ર : न देवचरितं चरेत् ॥६५॥**

**અર્થ :** દેવોના કે રાજાના આચરણનું અનુકરણ કરવું નહિ.

**વિવરણ :** રાજાઓ દેવો, ઋષિઓ કે મહાપુરુષોએ જે આચરણ કરેલું છે તે સાંભળીને કે જોઈને કોઈ વ્યક્તિ તેનું અનુકરણ કરે તો તેને દુઃખ જ થવાનું. શંકરે વિષપાન કર્યું તે સાંભળીને કોઈ વિષપાન કરે તો તેનું મૃત્યુ જ થાય. રાજાએ અપરાધીને મોટી સજા કરી હોય તે જોઈને કોઈ વ્યક્તિ પોતાના અપરાધીને તેવી સજા કરે તો રાજા તરફથી કે અન્ય તરફથી તેને દુઃખ થાય. માટે જ અહીં કહ્યું છે કે સત્તા, સંપત્તિ અને ઐશ્વર્યથી સંપન્ન દેવ કે રાજાનાં ચરિત્રોનું અનુકરણ કરવું નહિ. ॥૬૫॥

**સૂત્ર : नोद्धतवेषधरः स्यात् ।।६६।।**
**અર્થ :** ઉદ્ધત વેશ ધારણ કરવો નહિ.

**વિવરણ :** આશ્રિતે રાજા પાસે જવું ત્યારે પોતાની જ્ઞાતિ, કૂળ, દેશ અને સમાજને અનુરૂપ અને પોતાના અધિકારને યોગ્ય સુંદર વેશભૂષા પહેરીને વિનય વિવેક સહિત આદરભાવથી રાજા પાસે જવું અને યથાશક્તિ ભેટ અર્પણ કરીને રાજા, ગુરુ કે દેવનાં દર્શન કરવાં. ॥૬૬॥

**સૂત્ર : द्वयोरपीर्ष्यतो द्वैधीभावं कुर्वीत ।।६७।।**
**અર્થ :** પરસ્પર ઈર્ષ્યા કરતા બે રાજાઓને મતભેદ થાય તેવા પ્રયત્નો કરવા.

**વિવરણ :** આપણા બે શત્રુઓ બળવાન હોય અને તે બન્નેમાં પરસ્પર મતભેદ થાય તેમજ તેઓ પરસ્પર લડતા રહે તેવા પ્રયત્નો કરવા જેથી તેઓ નિર્બળ બને અને આપણને તેનો ભય રહે નહિ. રાજનીતિ અને ધર્મનીતિ જુદાં છે એ આ સૂત્ર સિદ્ધ કરે છે. ॥૬૭॥

**સૂત્ર : न व्यसनपरस्य कार्यावाप्तिः ।।६८।।**
**અર્થ :** વ્યસનીને કાર્યસિદ્ધિ થતી નથી.

**વિવરણ :** કામી, ક્રોધી, લોભી તથા દારૂ, જુગાર વગેરે વ્યસનોમાં વ્યસ્ત રહેનાર મનુષ્ય કોઈપણ કાર્યની સિદ્ધિ કરી શકતો નથી. વ્યસની મનુષ્ય પોતાનાં વ્યસનોથી જ નાશ પામે છે અને વ્યસનીનો સંગ કરનાર પણ તે રીતે નાશ પામે છે. ॥૬૮॥

**સૂત્ર : इन्द्रियवशवर्तिनो नास्ति कार्याऽवाप्तिः ।।६९।।**
**અર્થ :** ઈન્દ્રિયોને આધીન રહેનાર કાર્યસિદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી.

**વિવરણ :** મન અને ઈન્દ્રિયોને આધીન મનુષ્યનાં શક્તિ અને સમય વિષય ભોગ ભોગવવામાં જ વેડફાય છે તેથી તે કોઈ કાર્ય સિદ્ધ કરી શકે નહિ. ॥૬૯॥

**સૂત્ર : नास्ति कार्यं द्युतप्रवृत्तस्य ।।७०।।**
**અર્થ :** ઉતાવળથી કાર્ય કરનારને કાર્યસિદ્ધિ થતી નથી.

**વિવરણ :** વિચાર્યા વિના તત્કાળ કાર્ય કરનાર પોતાના કાર્યની સિદ્ધિ મેળવી શકે નહિ માટે સર્વ કાર્યો વિચારીને જ કરવાં. ॥૭૦॥

**શાસ્ત્રો :** મૃગયા, મધપાન અને કામાશક્તિને વ્યક્તિના જીવનના ભયંકર વ્યસનો તરીકે નિરૂપે છે. અહીં પણ સૂત્રકારે હવે પછીનાં ત્રણ સૂત્રોમાં તેનો નિર્દેશ કર્યો છે.

**સૂત્ર : मृगयापरस्य धर्मार्थौ विनश्यतः ।।७१।।**

**અર્થ :** શિકાર કરવાના શોખીનના ધર્મ અને અર્થ આ બંને પુરુષાર્થ નાશ પામે છે.

**વિવરણ :** પ્રાણીઓનો શિકાર કરવાના વ્યસની મનુષ્યનાં ધનસંપત્તિ અને પુણ્ય બન્ને નાશ પામે છે. કારણ કે શિકારનો વ્યસની શિકાર સિવાય બીજો વ્યવસાય કરે નહિ. તેથી તેની સંપત્તિમાં વધારો થાય નહિ અને જે સંપત્તિ હોય તે જીવનવ્યવહારમાં ખર્ચાય. આ રીતે તેની ધનસંપત્તિ નાશ પામે છે અને શિકાર કરવામાં પ્રાણીઓની હિંસા થાય છે. તે પાપના પ્રભાવથી પુણ્યનો નાશ થાય છે. આમ શિકારના વ્યસનીના બન્ને પુરુષાર્થો વિનષ્ટ થાય છે. ||૭૧||

**સૂત્ર : अर्थेषु पानव्यसनी न गण्यते ।।७२।।**

**અર્થ :** મદ્યપાનનો વ્યસની અર્થનીતિને યોગ્ય નથી.

**વિવરણ :** મદ્યપાન, અફીણ વગેરે અપેય - નશાકારક પીણાનો વ્યસની વ્યવહારકાર્યમાં કે અર્થતંત્રને યોગ્ય નથી. વ્યસની મનુષ્ય કોઈ કાર્યમાં સફળતા મેળવે નહિ. વ્યસની (નશાખોર) ક્યારેક અયોગ્ય કાર્ય કરી બેસે ત્યારે તેના પરિણામે સમગ્ર રાજ્યને કે પરિવારને મહાન કલંક લાગે છે. મદ્યપાનના વ્યસની પુરુષની આવક નિશ્ચિત રહેતી નથી અને વ્યસન પોષવા સતત વ્યય થતો રહે છે તેથી તેનો અર્થ વ્યવહાર તૂટતો જ રહેવાનો. ||૭૨||

**સૂત્ર : न कामासक्तस्य कार्यानुष्ठानम् ।।७३।।**

**અર્થ :** સ્ત્રીસુખમાં અતિ આસક્ત કોઈ કાર્યને યોગ્ય નથી.

**વિવરણ :** અતિકામી મનુષ્યને કોઈ કાર્ય સોંપવામાં આવે તો તે કામી મનુષ્ય પોતાના કાર્યમાં સંપૂર્ણ ધ્યાન આપી શકતો નથી. કારણ કે તેનું ચિત્ત સ્ત્રી સુખમાં જ લાગેલું હોય છે. તેથી તે પોતાની જવાબદારી, કાર્યની ગંભીરતા, કાર્યસિદ્ધિના ઉપાયો વગેરે વિષયોનો વિચાર કરી શકતો નથી. પરિણામે તેના કાર્યમાં તે નિષ્ફળ જાય છે. ||૭૩||

**સૂત્ર : अग्निदाहादपि विशिष्टं वाक्पारूष्यम् ।।७४।।**

**અર્થ :** કઠોરવાણીનું દુ:ખ તો અગ્નિદાહના દુ:ખથી પણ અધિક છે.

**વિવરણ :** અગ્નિથી દાઝેલાને જે દુ:ખ થાય છે તે દુ:ખ તો મલમપટ્ટા કે ઔષધિથી મટાડી શકાય છે પરંતુ મર્મભેદી - કઠોરવાણી સાંભળીને મનુષ્યને જે દુ:ખ થાય છે તે દુ:ખ તે ક્યારેય વિસરી શકતો નથી. માટે કાર્યસિદ્ધિ ઈચ્છનારે ક્યારેય મર્મભેદી કઠોર વાણી બોલવી નહિ. ||૭૪||

**સૂત્ર : दंडपारूष्यात् सर्वजनद्वेष्यो भवति ।।૭૫।।**

**અર્થ :** કઠોર દંડ દેનાર રાજાનો બધા જ લોકો દ્વેષ કરે છે.

**વિવરણ :** અપરાધીના અપરાધની યથાર્થ સમીક્ષા કરીને અપરાધને અનુરૂપ દંડ દેવો જોઈએ ''ચીભડાના ચોરને ફાંસીની સજા'' એવું ન થવું જોઈએ અપરાધથી અધિક દંડ દેનાર રાજા પ્રત્યે અમાત્યો, કરદાતાઓ અને નાગરિકો, બધા જ દ્વેષ રાખે છે. પરિણામે રાજયતંત્રમાં અવ્યવસ્થા થાય છે. અહીં દંડ સ્વીકાર્ય છે, કારણ કે દંડ તો રાજાનો ધર્મ છે, પરંતુ તેમાં પ્રમાણભાન સાચવવું જોઈએ, નહિંતર અતિ કઠોર દંડનો પ્રયોગ રાજાને પ્રજામાં અપ્રિય બનાવે છે. ।।૭૫।।

**સૂત્ર : अर्थदूषकं श्रीः परित्यज्यति ।।૭૬।।**

**અર્થ :** અર્થનીતિ નહિ જાણનારની રાજ્યસંપત્તિ નાશ પામે છે.

**વિવરણ :** રાજ્યસંપત્તિમાં વૃદ્ધિ થાય તેને માટે અર્થનીતિનું જ્ઞાન જરૂરી છે. કયા વ્યવસાયમાં કેટલો કર લેવો, સ્થાવર કે જંગમ મિલ્કતના કરની મર્યાદા, ખનિજ, ખેતી વગેરેના કરવેરા નક્કી કરવા, રાજ્યમાં અનુકૂળ ઉદ્યોગો વિકસાવવા, કરની આવક કરતાં ખર્ચની મર્યાદા વધે નહિ તેની સાવધાની વગેરે અર્થતંત્રની આંટી ઘૂંટી જાણનારની રાજ્યસંપત્તિ વૃદ્ધિ પામે છે. લોભી દુરાચારી તથા કુપાત્રને દાન દેનાર, નિર્દય, ''ટકે શેર ભાજી ટકે શેર ખાજા'' જેવી નીતિ અખત્યાર કરનારની રાજ્યસંપત્તિ નાશ પામે છે. ।।૭૬।।

**સૂત્ર : अमित्रो दंडनीत्यामायत्तः ।।૭૭।।**

**અર્થ :** મિત્ર ન હોય તેને દંડનીતિથી સ્વાધીન કરવો.

**વિવરણ :** રાજ્યનો નાગરિક હોય અને તે વારંવાર અપરાધ કરીને શત્રુની માફક રહેતો હોય તેને દંડનીતિ વડે શિક્ષા કરીને પોતાના શાસનમાં રાખવો તથા જે રાજા શત્રુ હોય તેને પણ દંડનીતિથી શિક્ષા કરીને સ્વાધીન કરવો અને તેની પાસેથી કર વસુલ કરવો. ।।૭૭।।

**સૂત્ર : दंडनीतिमनुतिष्ठन् प्रजाः संरक्षति ।।૭૮।।**

**અર્થ :** દંડનીતિને અનુસારે રાજ્યતંત્ર ચલાવનાર રાજા પ્રજાનું રક્ષણ કરે છે.

**વિવરણ :** રાજ્યમાં દંડનીતિની અતિ જરૂર છે. દંડથી જ દુષ્ટ પુરુષો ભય પામે છે. દુષ્ટનો નિગ્રહ કરવો અને સજ્જન નાગરિકોનું રક્ષણ એ જ

રાજનીતિ અને દંડનીતિનો મુખ્ય હેતુ છે દંડનીતિથી જ રાજા પ્રજાનું સંરક્ષણ કરી શકે છે. दंडेन शासते नृपः । એ યથાર્થ નીતિ છે. ॥૭૮॥

**સૂત્ર : दंडः सर्वसंपदाः योजयति ॥७९॥**

**અર્થ :** દંડનીતિ વિવિધ સંપત્તિની પ્રેરક ને પ્રયોજક છે.

**વિવરણ :** રાજ્યતંત્રમાં કે પ્રજાકીય વ્યવહારમાં વેચવું, લેવું તથા કરજ કરવું કે ચુકવવું, કરવેરા ભરપાઈ કરવા, કૂળ, જ્ઞાતિ કે સામાજિક વ્યાવહારિક પ્રસંગોમાં થતા નિયમભંગોના અપરાધીઓને શિક્ષા કરવામાં દંડનીતિ મુખ્ય ભાગ ભજવે છે. માટે વિવિધ સંપત્તિની વ્યવસ્થા અને વૃદ્ધિ દંડનીતિને જ આધીન છે. ॥૭૯॥

**સૂત્ર : दंडाभावे त्रिवर्गाभावः ॥८०॥**

**અર્થ :** દંડનીતિ રહિત રાજ્યમાં ધર્મ, અર્થ અને કામરૂપ ત્રિવિધ પુરુષાર્થનો નાશ થાય છે.

**વિવરણ :** દંડરહિત રાજ્યમાં દુરાચારી દુષ્ટોનું સામ્રાજ્ય થાય છે. સજ્જન પ્રજા દુ:ખી થાય છે. ઉદ્યોગો અને વ્યવસાય પડી ભાંગે છે. પ્રજા અને રાજ્ય નિર્ધન બને છે. પ્રજાજીવનમાંથી સદાચાર અને સંયમ નાશ થાય છે. નિર્ધન રાજ્ય કે પ્રજા કોઈ સુવિધા કે સુખ પ્રાપ્ત કરી શકે નહિ. આથી જ દંડનીતિ રહિત રાજ્યમાં ધર્મ, અર્થ અને કામ આ ત્રિવિધ પુરુષાર્થનો નાશ થાય છે.

સૂત્રમાં પ્રયોજાયેલ ત્રિવર્ગનો બીજો અર્થ આ મુજબ છે. રાજ્યનાં આઠ અંગોના ક્ષયસ્થાન અને વૃદ્ધિ આ ત્રિવર્ગનો નાશ થાય છે. ખેતી, વ્યાપાર, માર્ગો, પુલો, હાથી વગેરે બાંધવાનાં સ્થાનો, વિવિધ ખાણો, કર મેળવવાનાં સ્થાનો, સૈન્ય, બિનવારસી મિલ્કત વગેરે રાજ્યનાં આઠ અંગો કહેવાય છે. આ આઠ અંગોનો ઘટાડો તેનું નામ ક્ષય. તેની યથાવત જાળવણી તેનું નામ સ્થાન અને તે અંગોનો વિકાસ તેનું નામ વૃદ્ધિ. દંડનીતિરહિત રાજ્યમાં આઠેય અંગોનો નાશ થાય છે. ॥૮૦॥

**સૂત્ર : दंडभयादकार्याणि न कुर्वन्ति ॥८१॥**

**અર્થ :** દંડના ભયથી પ્રજા અયોગ્ય કાર્ય કરતી નથી.

**વિવરણ :** દંડ દેવાના ત્રણ પ્રકાર છે. (૧) અપરાધીનો વધ કરવો. (૨) તેની સ્થાવર જંગમમિલ્કત જપ્ત કરવી. (૩) તેને શારીરિક કે માનસિક

ત્રાસ આપવો. આ ત્રણ પ્રકારના ભયથી દુષ્ટ મનુષ્યો રાજકીય કાયદાઓનું અને સામાજિક નિયમોનું પાલન કરે છે. ॥૮૧॥

**સૂત્ર : दंडनीत्यामायत्तमात्मरक्षणम् ॥८२॥**

**અર્થ :** રાજાની પોતાની સુરક્ષા દંડનીતિને આધીન છે.

**વિવરણ :** દેશ, કાળ, ઉપાય, કાર્યો, સહાયક અને કારણો આ છ બાબત રાજ્યના ૬ વર્ગો છે. રાજ્યના આ ૬ વર્ગોનું રક્ષણ દંડનીતિથી જ કરવું અને તે વર્ગો દ્વારા પોતાની શારીરિક સલામતી જોખમાય નહિ તેવી સાવધાની પણ દંડનીતિ વડે જ રાખવી. ॥૮૨॥

**સૂત્ર :** आत्मनि रक्षिते सर्वं रक्षितं भवति ॥८३॥

**અર્થ :** આપણી પોતાની સુરક્ષા હોય તો જ સર્વનું રક્ષણ કરી શકાય.

**વિવરણ :** શારીરિક અને માનસિક રીતે રાજા પોતે સ્વસ્થ હોય તો જ રાજ્યનું અને પ્રજાનું રક્ષણ કરી શકે માટે રાજાએ પોતાની સુરક્ષા અવશ્ય કરવી. કારણ કે રાજા જો સુરક્ષિત હશે તો સૌનું રક્ષણ કરી શકશે. ॥૮૩॥

**સૂત્ર : आत्माऽयत्तौ वृद्धिविनाशौ ॥८४॥**

**અર્થ :** રાજ્યની વૃદ્ધિ અને વિનાશ રાજાને આધીન છે.

**વિવરણ :** શૌર્ય, ગાંભીર્ય, ધૈર્ય, ઉદારતા, કૃતજ્ઞતા, રાજનીતિજ્ઞત્વ વગેરે સદ્ગુણોવાળા રાજાઓ રાજ્યનો વિકાસ કરી શકે છે. મદ્યપાન, જુગાર, શિકાર, વિષયાસક્તિ, ક્રૂરતા, નીતિજ્ઞાનનો અભાવ, આળસ વગેરે દુર્ગુણવાળા રાજાઓ રાજ્યનો વિનાશ કરે છે. ॥૮૪॥

**સૂત્ર : दंडनीत्यादि विज्ञाने प्रणीयते ॥८५॥**

**અર્થ :** અપરાધીના અપરાધની સત્યતા સાબીત થયા પછી જ દંડનીતિ વગેરેનો ઉપયોગ કરવો.

**વિવરણ :** અપરાધીને શિક્ષા કરતાં પહેલાં અપરાધની સત્યતા, અપરાધની મર્યાદા, તેના સંયોગો, અપરાધીની અવસ્થા, શક્તિ વગેરે બાબતોનો પૂરેપૂરો વિચાર કર્યા પછી જ અપરાધીને શિક્ષા કરવી. ॥૮૫॥

**સૂત્ર : दुर्बलोऽपि राजा नावमंतव्यः ॥८६॥**

**અર્થ :** રાજા દુર્બળ હોય છતાં તે અપમાન કરવા યોગ્ય નથી.

**વિવરણ :** પ્રજાનું રક્ષણ કરનાર રાજા સૈન્ય, કે સંપત્તિ રહિત હોય તો પણ તેનું અપમાન કરવું નહિ. ॥૮૬॥

**સૂત્ર : नास्त्यग्ने दौर्बल्यम् ।।૮૭।।**

**અર્થ :** નાનો એવો અગ્નિનો તણખો પણ શક્તિહીન નથી.

**વિવરણ :** અગ્નિના નાના અંગારામાં પણ સમગ્ર વનને ભસ્મીભૂત કરી નાખવાની શક્તિ છે. એ જ રીતે અવસ્થા કે સાધનસંપત્તિથી નાનો દેખાતો હોય તો પણ રાજા શક્તિશાળી જ છે કારણ કે પ્રજાની શક્તિ કરતાં રાજાની શક્તિ મહાન છે. ।।૮૭।।

**સૂત્ર : दंडेन प्रणीयते वृत्तिः ।।૮૮।।**

**અર્થ :** રાજ્યતંત્રની વ્યવસ્થા માટે દંડનીતિનો ઉપયોગ કરવો.

**વિવરણ :** રાજ્યતંત્રની સુવિધા, પ્રજાજીવનની વ્યવસ્થા અને પ્રજાની નિર્ભયતા માટે દંડનીતિનો ઉપયોગ યોગ્ય રીતે જ કરવો. વિચાર્યા વિના કે પ્રજા પ્રત્યે વૈરવૃત્તિથી દંડનીતિનો ઉપયોગ કરવો નહિ. ।।૮૮।।

**સૂત્ર : वृत्तिमूलोऽर्थलाभः ।।૮૯।।**

**અર્થ :** અર્થપ્રાપ્તિનો આધાર વૃત્તિ છે.

**વિવરણ :** રાજ્યતંત્ર સુવ્યવસ્થિત હોય, પ્રજાનું જીવન નિર્ભય અને સાધન સંપન્ન હોય અને રાજા પોતે નિર્ભય હોય. આ રીતે ત્રિવિધ વૃત્તિ સુદ્રઢ હોય તો જ રાજ્યનું અને પ્રજાનું આર્થિક ધોરણ સદ્ધર બને. ।।૮૯।।

**સૂત્ર : अर्थमूलौ धर्मकामौ ।।૯૦।।**

**અર્થ :** ધર્મ અને કામ અર્થને આધીન છે.

**વિવરણ :** ધનસંપત્તિ હોય તો જ સત્કર્મો કરી શકાય અને ધનસંપત્તિ હોય તો જ રહેવા માટે મકાનો, પહેરવાનાં વસ્ત્રો, આભૂષણો તથા સ્વાદિષ્ટ સરસ ભોજનો વગેરે ઈચ્છિત વૈભવો ભોગવી શકાય. આમ પુણ્યકારક પરોપકાર કાર્ય અને ઈચ્છિત વ્યક્તિગત સુખકારક વૈભવો ધનથી જ પ્રાપ્ય છે. ।।૯૦।।

**સૂત્ર : अर्थमूलं कार्यम् ।।૯૧।।**

**અર્થ :** અર્થપ્રાપ્તિ, કાર્યના આયોજનને આધીન છે.

**વિવરણ :** વિવિધ કાર્યોનું આયોજન અને વિકાસ કરવાથી જ ધનસંપત્તિ મળે અને વધે. ખેતી વ્યાપાર, ઉદ્યોગ વગેરે વ્યવસાય વિષયક આયોજન, તેનો વિકાસ, તેની સફળતા માટેના સર્વાંગી પ્રયત્નો કરવાથી જ દ્રવ્યસંપત્તિની પ્રાપ્તિ અને વૃદ્ધિ થાય છે. ।।૯૧।।

**સૂત્ર : यत् प्रयत्नात् कार्यसिद्धिर्भवति स उपायः ।।९२।।**
**અર્થ :** જે પ્રયત્નો કરવાથી કાર્યસિદ્ધ થાય તે પ્રયત્નોને ઉપાય કહેવાય.

**વિવરણ :** કાર્યની મહત્તા, વ્યાપકતા, લાભ, કાર્યસિદ્ધિનાં સાધનો, સગવડ, સહકાર આ બધાંનો વિચાર કરીને કાર્યસિદ્ધ થાય તેવા પ્રયત્નો કરવા તેને ઉપાય કહે છે. રાજનીતિમાં સામ, દામ, ભેદ અને દંડ, એમ ચાર ઉપાયો મુખ્ય છે. કારણ કે તેના પ્રયોગથી કાર્ય સિદ્ધ થઈ શકે છે. કેટલાકને મતે, કપટ, કિમિયાગીરી વગેરે સાત ઉપાયો છે. ॥૯૨॥

**સૂત્ર : उपायपूर्वं कार्यं न दुष्करं स्यात् ।।९३।।**
**અર્થ :** ઉપાયોનો વિચાર કર્યા પછી કાર્યનો આરંભ કરે તો કાર્ય સિદ્ધિ અશક્ય નથી.

**વિવરણ :** કાર્યના આરંભથી કાર્યસિદ્ધિ પર્યન્તનાં જે, જે, સાધન, સગવડ, સહકાર વગેરેની જરૂર પડે તે બધું જ કાર્યના આરંભ પહેલાં જ વિચારી લેવું જોઈએ. ત્યાર પછી સામ, દામ, દંડ કે ભેદ આદિના પ્રયોગ દ્વારા કાર્ય કરવાથી કાર્ય સિદ્ધિ સરળતાથી થાય છે. ॥૯૩॥

**સૂત્ર : अनुपायपूर्वं कार्यं कृतमपि विनश्यति ।।९४।।**
**અર્થ :** ઉપાયોનું આયોજન કર્યા વિના કરેલું કાર્ય નાશ પામે છે.

**વિવરણ :** કાર્ય સિદ્ધ માટેના સામ-દામ વગેરે ઉપાયોનું આયોજન પ્રથમ કરવું જોઈએ - કારણ કે ઉપાયોના આયોજન વિના કાર્યસિદ્ધિ થાય નહિ, ઉપાયોના આયોજન વિના સદ્ભાગ્યે કદાચ કોઈ કાર્ય પૂર્ણ થઈ જાય તો તે થોડા સમયમાં નાશ પામે છે.. ॥૯૪॥

**સૂત્ર : कार्यार्थिनामुपाय एव सहायः ।।९५।।**
**અર્થ :** કાર્યસફળતા ઈચ્છનારાઓને કાર્યના ઉપાયો જ સહાયક બને છે.

**વિવરણ :** કાર્યની સિદ્ધિ ઈચ્છનારાઓએ કોઈના આધારે (પરાવલંબી રહીને) કાર્યનો આરંભ કરવો નહિ. પોતાની યોગ્યતા વિચારીને કાર્યનો આરંભ કરવો. કાર્યના આરંભ પહેલા જ જોઈતા ઉપાય વગેરેની પૂર્વ તૈયારી કરીને જ કાર્યનો આરંભ કરવો. કારણ કે કાર્યસિદ્ધિ માટે તેના અંગભૂત ઉપાયો જ મુખ્ય સહાયક બને છે. ॥૯૫॥

**સૂત્ર : कार्यं पुरुषाकारेण लक्ष्यं संपद्यते ।।९६।।**
**અર્થ :** પોતાના પ્રયત્નોથી જ ધાર્યું કાર્ય સિદ્ધિ થાય છે.

**વિવરણ :** કાર્યસિદ્ધિ માટે કાર્યકર્તાએ જ પ્રયત્નો કરવા જરૂરી છે. ''કરેંગે યા મરેંગે'' આ પ્રકારનો દ્રઢ નિશ્ચય કરીને ઉત્સાહ સહિત પ્રયત્નો કરનારનાં

કાર્ય સિદ્ધિ થાય છે. ''ભાગ્યમાં હોય તો મળે'' કે કોઈ સહાય કરે તો થાય આવા નિર્બળ વિચારકોને કાર્યસિદ્ધિ થતી નથી. ॥૯૬॥

**સૂત્ર : पुरुषकारमनुवर्त्तते दैवम् ॥९७॥**

**અર્થ :** પ્રયત્ન કરનારને ભાગ્ય સહાય કરે છે.

**વિવરણ :** કાર્યસિદ્ધિ માટે, વ્યવસ્થિત આયોજન, પ્રયત્ન, અનુકૂળ સમય અને ભાગ્ય આ બધું જ બરાબર હોય તો કાર્યસિદ્ધિ થાય છે, પરંતુ જે પુરુષાર્થ કરતો નથી તેને ભાગ્યની અને સમયની અનુકૂળતા હોવા છતાં કાર્યસિદ્ધિ થતી નથી. ॥૯૭॥

**સૂત્ર : दैवं विना अतिप्रयत्नं करोति यत् तत् विफलम् ॥९८॥**

**અર્થ :** ભાગ્યની અનુકૂળતા વિના જે અતિ પ્રયત્નો કરવા તે નિષ્ફળ છે.

**વિવરણ :** કાર્યસિદ્ધિ માટે પ્રયત્નો કરવા જરૂરી છે. પરંતુ અતિ પ્રયત્નો કરવા છતાં કાર્યસિદ્ધિ થાય નહિ તો આ કાર્યસિદ્ધિ આપણા ભાગ્યમાં નથી એમ સમજીને તે કાર્યના પ્રયત્નો છોડી દેવા અને દેશ, કાળ, સાધન વગેરેની અનુકૂળતા થાય ત્યારે તે કાર્ય માટે ફરીવાર પ્રયત્નો કરવા. ॥૯૮॥

**સૂત્ર : अनीहमानस्य वृत्तिः न संपद्यते ॥९९॥**

**અર્થ :** પ્રયત્નો નહિ કરનાર જીવનનિર્વાહ પ્રાપ્ત કરી શકતો નથી.

**વિવરણ :** પશુ, પંખી, સરિસૃપો વગેરે બધાં જ પ્રાણીઓ પોતાના જીવન નિર્વાહ માટે પ્રયત્નશીલ રહે છે. એટલું જ નહિ તે પ્રાણીઓ પોતાનાં બચ્ચાંઓના ભરણ-પોષણ, રક્ષણ માટે પણ પ્રયત્નશીલ રહે છે. આ બધુ નજરે નિહાળીને પ્રત્યેક મનુષ્યે પોતાના જીવનનિર્વાહ માટે સતત પુરુષાર્થ કરવો તેમજ મહેનત કરીને સ્વાવલંબી જીવન જીવવું, બીજાને આધારે જીવન જીવવું નહિ. ॥૯૯॥

**સૂત્ર : पूर्वं निश्चित्य पश्चात् कार्यमारभेत ॥१००॥**

**અર્થ :** કાર્યસિદ્ધિના ઉપાયોનો નિશ્ચય કરીને પછી જ કાર્ય કરવું.

**વિવરણ :** કાર્યનો આરંભ કરતાં પહેલાં તે અંગેના પ્રત્યેક ઉપાયોનો વિચાર કરવો. જે સાધનોથી કાર્ય કરવું હોય તે સાધનો, કાર્ય કરવાનું સ્થળ, કર્મચારીઓ, સમય વગેરે બધાંની પૂરેપૂરી ચકાસણી કર્યા પછી જ કાર્યનો આરંભ કરવો. ॥૧૦૦॥

ઈતિશ્રી ચાણક્યસૂત્રનીતિરૂપ દર્શનશાસ્ત્રનો પહેલો અધ્યાય પૂરો.

## અધ્યાય - ૨જો

**સૂત્ર : कार्यान्तरे दीर्घसूत्राता न कर्तव्या ॥१॥**

**અર્થ :** કાર્યનો આરંભ કર્યા પછી તેમાં વિલંબ કરવો નહિ.

**વિવરણ :** ગુજરાતી કહેવત છે કે, ''આરંભે શૂરા'' કાર્યનો આરંભ કરવામાં ઉત્સાહ હોય પરંતુ આરંભેલું કાર્ય સતત ચાલુ રાખવું અને વિઘ્નો આવે છતાં તેને બંધ થવા દેવું જ નહિ તેમજ કાર્ય પૂર્ણ કરવા માટે નિયમિત પ્રયત્નો ચાલુ જ રાખવા. આળસ પ્રમાદ તજીને ઉત્સાહ સહિત નિત્ય નિયમિત પ્રયત્ન કરનારની કાર્યસિદ્ધિ અવશ્ય થાય છે. ॥૧॥

**સૂત્ર : न चलितचित्तस्य कार्याऽवाप्तिः ॥२॥**

**અર્થ :** ચંચળ ચિત્તવાળાને કાર્યસિદ્ધિ થતી નથી.

**વિવરણ :** કાર્ય કરવાનો નિર્ણય કર્યો અને તે મુજબ કાર્યનો આરંભ પણ કરે પછીથી તેમાં ફેરફાર કરીને આરંભેલ કાર્ય બંધ કરી દે અને બીજા કાર્યનો આરંભ કરે. તે કાર્યને બંધ રાખીને વળી ત્રીજા કાર્યનો આરંભ કરે. આ રીતે પોતાના નિર્ણયમાં વારંવાર ફેરફાર કરનાર ચંચળ મનવાળા મનુષ્યની કાર્યસિદ્ધિ થતી નથી. ॥૨॥

**સૂત્ર : हस्तावगतावमानात् कार्यव्यतिक्रमो भवति ॥३॥**

**અર્થ :** હાથમાં આવેલ સંપત્તિ સાધનનો અનાદર કરવાથી કાર્યસિદ્ધિ થતી નથી.

**વિવરણ :** હાથમાં આવેલી તક, સાધન કે સહકારનો તત્કાળ ઉપયોગ કરનારને કાર્ય સિદ્ધિ થાય છે. મળેલી તક ગુમાવનારને કાર્યસિદ્ધિ થતી નથી. ॥૩॥

**સૂત્ર : दोषवर्जितानि कार्याणि दुर्लभानि ॥४॥**

**અર્થ :** દોષરહિત કાર્યો દુર્લભ છે.

**વિવરણ :** કોઈપણ કાર્ય નિર્દોષ હોતું નથી. કાર્ય કરવામાં વિઘ્નો પણ આવવાનાં કાર્યનું ફળ ધાર્યા મુજબ મળે પણ નહિ. આ બધો વિચાર કરીને આરંભેલું કાર્ય પૂર્ણ કરવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. ॥૪॥

**સૂત્ર : दुरनुबंधं कार्यं नारभेत ॥५॥**

**અર્થ :** બહુ દોષવાળા કાર્યનો આરંભ કરવો નહિ.

**વિવરણ :** જે કાર્ય કરવામાં ખૂબ જ મુશ્કેલી હોય અને તેને સહન કરીને પણ કાર્યનું ધાર્યું ફળ મળે નહિ તેવા કાર્યનો આરંભ કરવો નહિ. ''ખોદ્યો ડુંગર અને કાઢયો ઉંદર'' એવાં કામ કરવાં નહિ. ॥૫॥

**સૂત્ર : देशकालवित् कार्यं साधयति ।।६।।**
**અર્થ :** સ્થળ અને સમયને પારખનારને કાર્યસિદ્ધિ થાય છે.

**વિવરણ :** જે સ્થાનમાં કાર્ય કરવું છે તે સ્થાન તે કાર્ય માટે અનુકૂળ છે કે નહિ ? કાર્ય માટે જોઈતાં સાધન સગવડની ત્યાં સુવિધા છે કે નહિ, તથા કાર્ય કરવા માટે ક્યો સમય અનુકૂળ છે ? વગેરે બાબતોનો વિચાર કરીને કાર્યનો આરંભ કરે તેને કાર્યસિદ્ધિ થાય છે. ।।૬।।

**સૂત્ર : कालातिक्रमात् काल एव तत्फलं पिबति ।।७।।**
**અર્થ :** સમય ગયા પછી કાર્ય કરવાથી સમય પોતે જ કાર્યફળ લઈ લે છે.

**વિવરણ :** જે સમયમાં જે કાર્ય કરવાનું હોય તે સમયમાં જ તે કાર્ય પૂર્ણ કરવું જોઈએ. કારણ કે જે સમયમાં જે કાર્યની મહત્તા હોય તે સમય ગયા પછીતે કાર્ય કરવાથી તે કાર્યની સફળતા નથી. જેમ કે યુદ્ધ સમયે જ અસ્ત્ર શસ્ત્રોની મહત્તા હોય છે, યુદ્ધ પૂરું થયા પછી અસ્ત્રો, શસ્ત્રો મળે તે શાં કામનાં ? વધુ કિંમત લેવાની લાલચથી સંગ્રહ કરેલા પદાર્થનું સમયસર વેચાણ નહિ કરનારને મોટી નુકસાની થાય છે. આમ સર્વ કાર્યમાં સમયની મહત્તા છે. ।।૭।।

**સૂત્ર : क्षणं प्रतिकालविक्षेपं न कुर्यात् सर्वकृत्येषु ।।८।।**
**અર્થ :** પ્રત્યેક કાર્યમાં એક પણ ક્ષણ વ્યર્થ ગુમાવવી નહિ.

**વિવરણ :** કાર્યસિદ્ધિમાં સમયની ખૂબ જ મહત્તા છે. વીતેલી વેળા પાછી મળતી નથી એમ સમજીને પ્રત્યેક કાર્યમાં ક્ષણે ક્ષણનો પૂરેપૂરો ઉપયોગ કરવો. ।।૮।।

**સૂત્ર : देशे काले च कृतं फलवत् ।।९।।**
**અર્થ :** દેશ અને સમયની અનુકૂળતાને અનુસારે કરેલ કાર્ય સફળ થાય છે.

**વિવરણ :** કેટલાંક કાર્યો એવાં હોય છે કે અમુક દેશમાં જ તે કાર્ય થઈ શકે જ્યારે કેટલાંક કાર્યો એવાં હોય છે કે, અમુક સમયમાં જ તે કાર્ય થઈ શકે. આ પ્રકારનાં કાર્યની સિદ્ધિ માટે પ્રદેશ અને સમયને આધીન રહીને કાર્ય કરવાથી કાર્યની સફળતા મળે છે. ।।૯।।

**સૂત્ર : देशकालविहीनं कार्यं सुसाधमपि दुःसाधम् ।।१०।।**
**અર્થ :** સરળતાથી થઈ શકે તેવું કાર્ય પણ દેશકાળની અનુકૂળતા વિના કષ્ટ સાધ્ય બને છે.

**વિવરણ :** ખેડીને સ્વચ્છ કરીને ખાતર નાખેલ ખેતરમાં વૃષ્ટિ થયા પછી વાવણી કરવાથી સરળતાથી ધાન્ય ઉગે છે, વધે છે અને પાકે છે અને એજ ખેતરમાં વરસાદ વિના અન્ય જળથી વાવણી કરીને પાક લેવો તે કષ્ટ સાધ્ય છે. આમ દરેક કાર્યો પ્રદેશ અને સમયની અનુકૂળતાથી સરળ રીતે સિદ્ધ થાય છે. ॥૧૦॥

**સૂત્ર : परीक्ष्यकारिणिं श्रीश्चिरं तिष्ठति ॥११॥**

**અર્થ :** સર્વથા વિચારીને કાર્ય કરવાથી સંપત્તિ ચિરકાળ સ્થિર રહે છે.

**વિવરણ :** શંકાનું સમાધાન, કાર્ય અંગેનું સત્ય માર્ગદર્શન, કાર્ય-અકાર્યનો વિવેક આ પ્રકારના વિચારવાળી બુદ્ધિને ''પરીક્ષા'' કહે છે. કાર્ય, તેનું પરિણામ, કર્મચારીઓની યોગ્યતા વગેરેનો સૂક્ષ્મ વિચાર કરીને પ્રત્યેક કાર્ય કરનારની સંપત્તિ ચિરકાળ સ્થિર રહે છે. ॥૧૧॥

**સૂત્ર : नीतिज्ञो देशकालौ परीक्षेत ॥१२॥**

**અર્થ :** નીતિને જાણનારાએ દેશ અને સમયનો વિચાર કરવો.

**વિવરણ :** કાર્ય કરવા માટે દેશ અને સ્થાન તથા સમય વગેરેની અનુકૂળતાનો પૂરેપૂરો વિચાર કરીને નીતિજ્ઞ પુરુષે કાર્યનો આરંભ કરવો. ।૧૨॥

**સૂત્ર : सर्वाश्च संपद उपतिष्ठंति ॥१३॥**

**અર્થ :** બધા જ પ્રકારની સંપત્તિ પ્રાપ્ત થાય છે.

**વિવરણ :** દેશ, કાળ, સાધન, સહકાર વગેરે બાબતો વિચારીને કાર્ય કરનારને સર્વ પ્રકારની સંપત્તિ પ્રાપ્ત થાય છે. ॥૧૩॥

**સૂત્ર : भाग्यवन्तमपि अपरीक्ष्यकारिणं श्रीः परित्यज्यति ॥१४॥**

**અર્થ :** ભાગ્યશાળી હોવા છતાં પણ વિચાર્યા વિના કાર્ય કરનારની લક્ષ્મી નાશ પામે છે.

**વિવરણ :** ભાગ્યશાળીને વારસાગત રાજ્યસત્તા કે ધનસંપત્તિ મળે પરંતુ તે વિચાર્યા વિના કાર્ય કરે તો તેની તે સંપત્તિ નાશ પામે છે. ॥૧૪॥

**સૂત્ર : ज्ञानानुमानैश्च परीक्षा कर्तव्या ॥१५॥**

**અર્થ :** જ્ઞાનથી તથા અનુમાનથી પરીક્ષા કરવી.

**વિવરણ :** જે કાર્ય કરવું છે તે કાર્યના સંબંધવાળા પ્રત્યેક સાધનો તથા કર્મચારીઓ વગેરેની શક્તિ, સ્વભાવ, ગુણ ધર્માદિકનો પ્રત્યક્ષ અનુભવ કરીને અથવા અનુમાનથી નિશ્ચય કરીને પછી જ તેનો ઉપયોગ કરવો. ॥૧૫॥

**સૂત્ર : यो यस्मिन् कर्मणि कुशलः तं तस्मिन्नेव कर्मणि नियोजयेत् ।।१६।।**
**અર્થ :** જે મનુષ્ય જે કાર્ય કરવામાં કુશળ હોય તેને જ તે કાર્ય સોંપવું.

**વિવરણ :** જે વ્યક્તિ જેવા ગુણો યુક્ત હોય તેને તેવું કાર્ય સોંપવાથી ત્રિવિધ લાભ મળે છે. (૧) કાર્યસિદ્ધિ, (૨) ધાર્યું ધન, (૩) યશ (પ્રતિષ્ઠા). ॥૧૬॥

**સૂત્ર : दुःसाधमपि सुकरं करोति ।।१७।।**
**અર્થ :** કાર્યકુશળ મનુષ્ય કષ્ટસાધ્ય કાર્યને સરળતાથી સિદ્ધ કરે છે.

**વિવરણ :** કાર્ય કરવામાં કુશળ મનુષ્યને કાર્ય સોંપવાથી કષ્ટસાધ્ય કાર્યને પણ તે સરળતાથી સિદ્ધ કરે છે. જેમ કે મહેનતથી થતુ કાર્ય મહેનતુને સોંપવાથી તે સરળતાથી સિદ્ધ કરી શકે. એ જ રીતે બુદ્ધિબળથી થતા કાર્યો, બુદ્ધિજીવીને સોંપવાથી સરળતાથી સિદ્ધ થઈ શકે છે. ॥૧૭॥

**સૂત્ર : अज्ञानिना कृतमपि न बहुमन्तव्यम् ।।१८।।**
**અર્થ :** અજ્ઞાનીએ કરેલા કાર્યમાં અતિ વિશ્વાસ કરવો નહિ.

**વિવરણ :** કાર્ય કરવાની જાણકારી હોય નહિ તેવા મનુષ્યે કરેલા કાર્યમાં પૂરે પૂરો વિશ્વાસ રાખવો નહિ. તેમજ તે પ્રકારનું અન્ય કાર્ય સોંપવું નહિ કારણ કે તે કાર્ય કરવાની તેને આવડત અને અનુભવ નથી. અજ્ઞાની મનુષ્યના કાર્ય પરત્વે વિશ્વાસ કરવો એ તો ''ગાંડી માથે બેડું'' તેના જેવું છે. ॥૧૮॥

**સૂત્ર : यादच्छिकत्वात् कृमिरपि रूपान्तराणि किं न करोति ? ।।१९।।**
**અર્થ :** મનમાં આવે તેમ કરીને શું નાનું જીવડું પણ કાર્યનું રૂપાંતર નથી કરતું ?

**વિવરણ :** કાર્યસિદ્ધિના દરેક પાસાઓ વિચાર્યા વિના કાર્ય સિદ્ધ થતું હોય તો મન ફાવે તેમ કરીને બધા જ મનુષ્યો કાર્યસિદ્ધ કરે. જેમ કે, મન ફાવે તેમ ક્રિયા કરીને વાંતરી ઉધઈ - ઉંદર વગેરે જંતુઓ મનફાવે તેમ ક્રિયા કરીને વસ્ત્ર, પુસ્તક, ધાન્ય વગેરેનું રૂપાન્તર કરી નાખે છે પરંતુ તેથી એમ કહેવાય નહિ કે તેણે આમ સિદ્ધ કર્યું. ॥૧૯॥

**સૂત્ર : सर्वाश्च संपदः सर्वोपायेन परिग्रहेत् ।।२०।।**
**અર્થ :** વિવિધ ઉપાયો વડે વિવિધ સંપત્તિ પ્રાપ્ત કરવી.

**વિવરણ :** મનુષ્ય જીવનમાં વિવિધ સંપત્તિ પ્રાપ્ત કરવી શકય છે અને તેને માટે વિવિધ પ્રકારના ઉપાયોના સફળ પ્રયોગ કરવા અતિ જરૂરી છે. વિદ્યા, ધન, સત્તા, રાજ્ય, પુણ્ય વગેરે પ્રાપ્ત કરવા માટે સર્વે ઉપાયો કરવા. ॥૨૦॥

**સૂત્ર : सिद्धस्य कार्यस्य प्रकाशनं कर्तव्यम् ।।२१।।**

**અર્થ :** પૂર્ણ થયેલ કાર્યને જાહેરમાં પ્રસિદ્ધ કરવું.

**વિવરણ :** કાર્યની સફળતા અને પૂર્ણતા થાય નહિ ત્યાં સુધી તો કાર્યની ગુપ્તતા રાખવી જ પરંતુ પૂર્ણતા અને સફળતા થયા પછી કાર્યની પ્રસિદ્ધિ જરૂર કરવી. જેથી કાર્યની સફળતા મેળવનારને યશપ્રાપ્તિ થાય તો જ સાથો સાથ સાચા ખોટા આક્ષેપો કે અપવાદોનો ભોગ બનવું પડે નહિ. ॥૨૧॥

**સૂત્ર : ज्ञानवतामपि दैवमानुषदोषात् कार्याणि दुष्यन्ति ।।२२।।**

**અર્થ :** જ્ઞાનવાળાના કાર્યો પણ દુર્ભાગ્યથી કે અજ્ઞાનથી વિઘ્નમય બને છે.

**વિવરણ :** સમજી વિચારીને કાર્યનો આરંભ કરનાર નીતિજ્ઞ પુરુષોનાં કાર્યોમાં પણ પોતાના દુર્ભાગ્યને અથવા અજ્ઞાનને કારણે વિઘ્નો તો આવે જ છે. કારણ કે ક્યારેક દૈવી કોપ જેવા કે ભૂકંપ, જળહોનારત, વાવઝોડું વગેરે કારણોથી તેમજ ક્યારેક માનુષ કોપ - જેવા કે શત્રુઓ દ્વારા કાર્ય અંગેનાં સાધન સગવડનો નાશ, તો વળી ક્યારેક કર્મચારીઓનું અજ્ઞાન. આમ વિવિધ વિપત્તિઓના કારણે કાર્યોમાં વિઘ્નો તો આવે જ પરંતુ તે વિઘ્નો દૂર કરીને કાર્યસિદ્ધિ કરવી. ॥૨૨॥

**સૂત્ર : दैवं शान्तिकर्मणा प्रतिषेधव्यम् ।।२३।।**

**અર્થ :** શાન્તિ કર્મ કરીને દૈવસંબંધી વિઘ્નો દૂર કરવા જોઈએ.

**વિવરણ :** કુદરતી કોપને કારણે કાર્યોમાં વિઘ્નો થાય કે રાજ્યમાં દુષ્કાળ, ભૂકંપ, રોગ વગેરે વિઘ્નો આવે ત્યારે તે વિઘ્નોને દૂર કરવા માટે દેવો, ગ્રહો અને પિતૃઓનું પૂજન, યજ્ઞ, વ્રત, જપ વગેરે સત્કર્મો કરી કરાવીને દૈવસંબંધી વિઘ્નો દૂર કરવાં. ॥૨૩॥

**સૂત્ર : मानुषीं कार्यविपत्तिं कौशलेन वारयेत् ।।२४।।**

**અર્થ :** મનુષ્ય સંબંધી દુઃખો બૌદ્ધિક કુશળતાથી દૂર કરવા.

**વિવરણ :** શત્રુઓ દ્વારા આવતાં દુઃખો જેવાં કે જળાશયો વિષમય કરે, માર્ગોમાં તોડ ફોડ કરે, અરણ્યો સળગાવે, ષડયંત્રો રચીને હત્યા કરાવે વગેરે દુઃખો ધૈર્ય અને બુદ્ધિપૂર્વક ઉપાયો વડે ટાળવા અને શત્રુઓ પરાજિત થાય તેવા ઉપાયો કરવા. ॥૨૪॥

**સૂત્ર : कार्यविपत्तौ दोषान् वर्णयन्ति बालिशाः ।।२५।।**

**અર્થ :** કાર્યોમાં વિઘ્નો આવે ત્યારે મૂર્ખ લોકો કર્મચારીઓના દોષો વર્ણવે છે.

**વિવરણ :** આરંભેલાં કાર્યોમાં વિઘ્નો આવે ત્યારે કાર્યના આયોજનમાં અને કાર્યપદ્ધતિમાં શી ન્યૂનતા છે ? તેનો વાસ્તવિક વિચાર વિવેકવંત વિદ્વાનો જ કરતા હોય છે. આવા વાસ્તવિક વિચારક, ઉત્સાહી તથા ઉદ્યમી લોકો પોતાની ભૂલ સુધારીને ફરીવાર કાર્યને વેગવંત બનાવીને કાર્ય સિદ્ધ કરે છે જયારે મૂર્ખ લોકો તો કાર્યના આયોજકો અને કર્મચારીઓ પ્રત્યે દોષારોપણ કરે છે. આવા મૂર્ખ લોકો કાર્યસિદ્ધિ કરી શકતા નથી. ॥૨૫॥

**સૂત્ર : कार्यार्थिना दाक्षिण्यं न कर्तव्यम् ॥२६॥**

**અર્થ :** કાર્યસિદ્ધિ ઈચ્છનારે માનસિક ઉદારતા બતાવવી નહિ.

**વિવરણ :** શત્રુની પ્રશંસા કરીને તથા તેનું સ્વાગત સન્માન કરીને શત્રુના મનની વાતો જાણી લેવી તેમજ પોતાના મનની વાતો પ્રગટ કરવી નહિ તે રાજનીતિને યથાર્થ જાણનાર રાજપુરુષોનો એક વિશિષ્ટ ગુણ છે. કાર્યસિદ્ધિ ઈચ્છનારે આ બાબતમાં ખૂબ જ સાવધાની રાખવી જરૂરી છે. કોઈપણ વ્યક્તિ પોતાની પ્રશંસા કરે કે શત્રુની નિંદા કરે તે સાંભળીને અથવા તો સ્વાગત કે સન્માન કરે તેનાથી અતિશય હર્ષઘેલા થવું નહિ પરંતુ એ બધું જોઈ, સાંભળી તેમજ અનુભવ કરીને અતિશય ગંભીર બનવું અને પોતાના મનની વાત કોઈ પ્રકારે જણાવા દેવી નહિ. ઉપરાંતમાં વિચારવું કે આ લોકો આ પ્રવૃત્તિ શા માટે કરે છે ? ॥૨૬॥

**સૂત્ર : क्षीरार्थी वत्सो मातुरूधः प्रतिहन्ति ॥२७॥**

**અર્થ :** દૂધની ઈચ્છાવાળો વાછરડો માતાના આવમાં માથા મારે છે.

**વિવરણ :** કાર્યસિદ્ધિ માટે જ્યારે બીજા કોઈ ઉપાય હોય નહિ ત્યારે ન કરવાના યોગ્ય ઉપાય કરીને પણ કાર્યસિદ્ધ કરવું. જેમ કે ગાયનું દૂધ મેળવવું હોય ત્યારે ગાયના પાછલા પગ બાંધવા જ પડે તેમજ ગાયના આંચળ દબાવવા જ પડે કારણ કે આમ કરે તો જ દૂધ મળી શકે. ખરેખર તો આ ઉપાય કરવા જેવો નથી કારણ કે ગૌમાતા પૂજ્ય છે પરંતુ તેનું દૂધ મેળવવા આ સિવાય બીજો ઉપાય નથી. વૃત્રાસુરને મારવા માટે વજ્ર બનાવવા ઈન્દ્રે દધિચિના દેહનું દાન લીધું. આ રીતે જ્યારે અન્ય ઉપાય હોય નહિ ત્યારે આ પ્રકારના ઉપાયો કરીને પણ કાર્ય સિદ્ધ કરવું. ॥૨૭॥

**સૂત્ર : नास्ति दैवात् कार्यविपत्तिः ॥२८॥**

**અર્થ :** કાર્યસિદ્ધિમાં ભાગ્ય દ્વારા કોઈ વિઘ્ન આવતું નથી.

**વિવરણ :** પ્રબળ પુરુષાર્થી કમભાગી હોય તો સદ્‌ભાગી બને છે. અતિશય પુરુષાર્થ કરનાર અલ્પાયુષી માર્કંડેય ચિરંજીવી બન્યા. અતિશય પુરુષાર્થી વિશ્વામિત્રે ઋષિત્વ પ્રાપ્ત કર્યું. આમ ભાગ્ય કરતાં પુરુષાર્થ બળવાન છે. પુરુષાર્થથી ભાગ્યનું નિર્માણ થાય છે. ॥૨૮॥

**સૂત્ર : न दैव प्रमाणं कार्यारंभः ॥२९॥**

**અર્થ :** ભાગ્ય ઉપર આધાર રાખનાર કોઈ કાર્ય કરી શકતો નથી.

**વિવરણ :** ''ભાગ્યમાં હશે તો મળશે'' ''ભાગ્ય વિના મહેનત વ્યર્થ છે'' આવું માનનાર પુરુષાર્થહીન કોઈ કાર્ય કરી શકતો નથી. ॥૨૯॥

**સૂત્ર : कार्यबाह्यो न पोषयति आश्रितान् ॥३०॥**

**અર્થ :** કામ નહિ કરનાર આશ્રિતોનું પોષણ કરી શકતો નથી.

**વિવરણ :** રાજ્યમાં વિવિધ કારીગરોને વિવિધ કામો આપીને કળા અને કારીગરોને નભાવવા એ રાજાની ફરજ છે. પરિવારના સભ્યોનું પોષણ કરવું એ પરિવારના મુખ્ય સભ્યની ફરજ છે. પોષ્ય વર્ગનું પોષણ કરનાર પોતે જ આળસુ અને પરાવલંબી હોય તો તે પુરુષ પરિવારનું કે રાજ્યનું પોષણ કરી શકે નહિ. ॥૩૦॥

**સૂત્ર : यः कार्यं न पश्यति सोऽन्धः ॥३१॥**

**અર્થ :** કાર્ય કરવાનું જે ને સુઝતું જ નથી તે અંધ છે.

**વિવરણ :** આંખો વડે જે દેખી શકતો નથી તે ખરેખર અંધ નથી. પરંતુ દેખતો હોવા છતાં જેને કામ કરવાનું સુઝતું નથી, કાર્ય કરવાની ગતાગમ નથી તથા કાર્ય કરનારની કદર કરતો નથી એ પુરુષ ખરેખર અંધ છે. પારકાની સંપત્તિ ઉપર નભનારા લોકો તેમજ બેઠાં બેઠાં જ ખાનારા કહેવાતા ગુરુઓ, આચાર્યો કે નિરુદ્યમી પુરુષો જ ખરેખર અંધ છે. તેમજ માનવસમાજના બોજા રૂપ છે. જ્યારે કેટલાક ઉદ્યમી પુરુષો અંધ હોવા છતાં સ્વબાહુબળથી કમાઈને પરિવારનું પોષણ કરતા હોય છે. ॥૩૧॥

**સૂત્ર : प्रत्यक्षपरोक्षानुमानैः कार्याणि परीक्षेत ॥३२॥**

**અર્થ :** પ્રત્યક્ષ જ્ઞાન, ભૂતકાળના અનુભવો તથા અનુમાન વડે કાર્યની સમીક્ષા કરવી.

**વિવરણ :** આ બાબત આગળ આવી ગઈ છે. અહીં તો એટલું જ સમજવાનું છે કે પોતાના જીવનમાં વિવિધ કાર્યો તથા વિવિધ વ્યક્તિઓના અનુભવોને ધ્યાનમાં લઈને ભવિષ્યનાં કાર્યોનો નિર્ણય કરવો. ॥૩૨॥

**સૂત્ર : न परीक्ष्यकारिणां कार्यविपत्तिः ॥३३॥**

**અર્થ :** કાર્ય અંગેની સમીક્ષા કરીને કાર્ય કરનારના કાર્યમાં વિપત્તિ ન આવે.

**વિવરણ :** કાર્યનું આયોજન, તે આયોજનની પુનઃ સમીક્ષા વગેરે બાબતનો વિચાર કરીને કાર્ય કરનારનાં કાર્યોમાં વિઘ્નો આવતાં નથી. વેન, રાવણ, દુર્યોધન, શિશુપાળ વગેરેએ સમીક્ષા કર્યા વિના કાર્યો કર્યા તેથી તેઓનાં કાર્યો નિષ્ફળ થયાં. ॥૩૩॥

**સૂત્ર : परीक्ष्य तार्य्या विपत्तिः ॥३४॥**

**અર્થ :** કાર્યમાં વિઘ્ન આવે તેની પણ સમીક્ષા કરીને વિઘ્નો દૂર કરવાં.

**વિવરણ :** આરંભેલા કાર્યમાં વિઘ્ન આવે ત્યારે આયોજકે પોતે જાતે જઈને કાર્યની પરિસ્થિતિ નજરે નિહાળીને પોતાની બુદ્ધિ અને શક્તિનો ઉપયોગ કરીને યોગ્ય પ્રયત્નો કરીને વિઘ્નો દૂર કરવાં. પરિસ્થિતિ નજરે નિહાળ્યા વિના દૂર રહીને માત્ર સલાહસૂચન આપવાથી વિઘ્નો દૂર થાય નહિ. ॥૩૪॥

**સૂત્ર : स्वशक्तिं ज्ञात्वा कार्यमारभेत ॥३५॥**

**અર્થ :** પોતાની શક્તિનો ખ્યાલ રાખીને કાર્યનો આરંભ કરવો.

**વિવરણ :** પોતાની બૌદ્ધિક, શારીરિક, આર્થિક અને સાધનશક્તિનો પૂરેપૂરો વિચાર કરીને તે શક્તિને અનુસારે જ કાર્યનો આરંભ કરવો. પોતાની શક્તિ ઉપરાંત કાર્યનો આરંભ કરવાથી કાર્યમાં નિષ્ફળતા મળે અને સમાજમાં અપકીર્તિ ફેલાય. રાજકીય દ્રષ્ટિએ વિચારીએ તો રાજ્યની ત્રિવિધ શક્તિનો પૂરે પૂરો વિચાર કરીને તે શક્તિને અનુસારે કાર્યનો આરંભ કરવો. રાજ્યની ત્રિવિધ શક્તિ આ મુજબ છે (૧) અર્થ સંપત્તિ (અસ્ત્રો, શસ્ત્રો), સૈન્ય અને દંડ કરવાની ક્ષમતા. આ ત્રણેયને 'પ્રભાવ શક્તિ' કહે છે, (૨) યોગ્ય સમયે આક્રમણ કરીને શત્રુને પરાજિત કરવો. તેને ઉત્સાહ શક્તિ અથવા શૌર્યશક્તિ કહે છે અને (૩) મંત્ર શક્તિ - મંત્ર શક્તિની ચર્ચા આગળ આવી ગઈ છે. આમ પ્રભાવ શક્તિ, ઉત્સાહ શક્તિ અને મંત્ર શક્તિ આ ત્રિવિધ શક્તિનો વિચાર કરીને તે શક્તિને અનુસારે કાર્ય કરવું. ॥૩૫॥

**સૂત્ર : यः स्वजनं तर्पयित्वा शेषं भुंक्ते सोऽमृतभोजी ॥३६॥**

**અર્થ :** પોતાના પોષ્ય પરિવારને તૃપ્ત કરતાં વધે તેનું ભોજન કરનાર અમૃત જમે છે.

**વિવરણ :** ગુરુ, માતા, પિતા, રોગી, અંધ તથા પોતાનો પરિવાર, સેવક, અતિથિ આ બધાને ભોજન, વસ્ત્રો વગેરે આપીને તૃપ્ત કરતાં બાકી વધેલા પદાર્થોનો ઉપયોગ કરીને જે જીવનનિર્વાહ કરે છે તે અમૃતનો જ આહાર કરે છે. કેવળ પોતાને માટે જ સંપત્તિ ભેગી કરીને પોતે જ તેનો ઉપયોગ કરનાર મનુષ્ય પોતેપોતાનું પાપ જ ખાય છે. આવો મનુષ્ય ચોર જ કહેવાય. કેવળ પોતાનું પેટ તો કાગડાકૂતરા પણ ભરે છે. ॥૩૬॥

**સૂત્ર : कार्याडनुष्ठानादायमुखानि वर्धन्ते ।।३७।।**

**અર્થ :** કાર્યો કરવાથી આવકનાં સાધનોની વૃદ્ધિ થાય છે.

**વિવરણ :** આ બાબતની વિશેષ ચર્ચા પ્રથમ અધ્યાયના - ૯૧મા સૂત્રમાં આવી છે. ॥૩૭॥

**સૂત્ર :** नास्ति भीरोः कार्यचिन्ता ।।३८।।

**અર્થ :** ભયભીત મનુષ્ય કાર્ય કરવાનો નિર્ણય કરી શકતો નથી.

**વિવરણ :** સ્વરક્ષણની સતત ચિંતા કરનાર તેમજ કાર્યમાં થતાં વિઘ્નોના ભયની ભીતિ રાખનાર મનુષ્ય કોઈપણ કાર્ય કરવાનું વિચારી શકતો નથી. ॥૩૮॥

**સૂત્ર : स्वामिनः शीलं विज्ञाय कार्यार्थी कार्यं साधयेत् ।।३९।।**

**અર્થ :** કાર્ય કરાવનારનો અભિપ્રાય જાણીને કાર્ય કરનારે કાર્ય સિદ્ધ કરવું.

**વિવરણ :** જેનું કાર્ય કરવાનું છે તેનાં સ્વભાવ, ક્રિયા, અભિપ્રાય આ બધું જાણીને તેની ઈચ્છાનુસારે રહીને કાર્ય કરવું. આયોજકની ઈચ્છા વિરુદ્ધ રહીને કાર્ય સિદ્ધ કરનારે સહન કરવું પડે છે.

**સૂત્ર : धेनोः क्षीरं शीलज्ञो भुंक्ते ।।४०।।**

**અર્થ :** ગાયના સ્વભાવને જાણનાર ગાયના દૂધનું પાન કરી શકે છે.

**વિવરણ :** પશુઓ પાસેથી દૂધ પ્રાપ્ત કરવું એ સરળ નથી. પશુનું પાલન, પોષણ, સારવાર ઉપરાંતમાં દોહવા સમયે તેને પ્રસન્ન રાખવા વગેરે ક્રિયા કરનાર જ પશુ પાસેથી દૂધ પ્રાપ્ત કરી શકે. એજ રીતે કામ કરાવનાર વ્યક્તિએ પણ જેની પાસે કામ કરાવવું છે તેના સ્વભાવ ગુણ અને ક્રિયા પ્રમાણે તેને અન્ન, વસ્ત્ર, સાધન - સગવડ આપીને તથા તેના સ્વભાવને અનુકૂળ રહીને તેની પાસેથી કામ કરાવવું. આમ અરસપરસ સ્વભાવ, ગુણ અને ક્રિયાને અનુકૂળ રહીને કાર્ય કરેકરાવે તો જ કાર્યસિદ્ધિ થાય. ॥૪૦॥

**સૂત્ર : क्षुद्रे गुह्यप्रकाशनमात्मवता न क्रियते ।।४१।।**

**અર્થ :** બુદ્ધિશાળી મનુષ્યે પોતાની ગુપ્ત વાતો હલકા મનુષ્યને કહેવી નહિ.

**વિવરણ :** સ્વભાવ, ગુણ અને ક્રિયાથી હલકા મનુષ્યને પોતાની ગુપ્ત વાતો ક્યારેય કરવી નહિ. 'અર્થસંપત્તિ, આયુષ્ય, કાર્ય કરવાનું આયોજન, સ્ત્રીસંભોગસુખ, ભોજન, દાન, તપ, પોતાનું અપમાન થયું હોય તે, પોતાના પરિવારના કુસ્વભાવો વગેરે બાબતો ગુપ્ત રાખવી. તેમાં પણ નીચ મનુષ્ય પાસે તો ઉપરોક્ત બાબતો કહેવી જ નહિ. ॥૪૧॥

**સૂત્ર : आश्रितैरप्यवमन्यते मृदुस्वभावः ।।४२।।**

**અર્થ :** સરળ સ્વભાવવાળાનું અપમાન તેના આશ્રિતો પણ કરે છે.

**વિવરણ :** રાજકીય પુરુષે કે વ્યવહારતંત્ર સંભાળનાર પુરુષે સ્વમાનપૂર્વક રહેવું જરૂરી છે. જેની પાસે કામ કરાવવું છે એ જ વ્યક્તિ પોતાનું અપમાન કરે તો પછી કાર્ય કરાવનાર જવાબદાર વ્યક્તિનું કોઈ મહત્ત્વ રહે નહિ માટે જવાબદાર વ્યક્તિએ તો પોતાના દોષ કોઈ જાણે નહિ તેમજ પોતાની ભલમનસાઈનો કોઈ ગેરલાભ લે નહિ એ રીતે તેજસ્વી અને સ્વમાનપૂર્વક રહેવું. ॥૪૨॥

**સૂત્ર : तीक्ष्णदंडः सर्वैरुद्वेजनीयो भवति ।।४३।।**

**અર્થ :** અતિશય શિક્ષા કરનાર બધાને માટે દુઃખદ બને છે.

**વિવરણ :** અપરાધ કરતાં અધિક શિક્ષા કરવાથી અથવા વારંવાર શિક્ષા કરવાથી પ્રજાજનો, સેવકો અને અધિકારીઓ આ બધા જ વિફરે છે. પરિણામે રાજાનું કે પ્રધાનોનું પતન થાય છે માટે અપરાધને અનુસારે જ યોગ્ય શિક્ષા કરવી. ॥૪૩॥

**સૂત્ર : ततो यथार्हदंडः स्यात् ।।४४।।**

**અર્થ :** જેનો જેવો અપરાધ તેને તેવો દંડ દેવો.

**વિવરણ :** અતિ દંડ દેનાર તથા અતિ લોભી રાજાના રાજ્યનો ત્યાગ કરીને પ્રજા બીજાના રાજ્યમાં જતી રહે છે. માટે વિચાર કરીને દંડનીતિનો ઉપયોગ કરવો અને દોષ અનુસાર યોગ્ય દંડ જ આપવો. ॥૪૪॥

**સૂત્ર : सारं महाजनः संग्रहः पीडयति ।।४५।।अ**

**અર્થ :** કોઈપણ કાર્યની કાર્યસિદ્ધિના નિર્ણય માટે અયોગ્ય એવો એકઠો થયેલો જનસમુદાય કાર્યના ઉદ્દેશને નષ્ટ કરે છે.

**વિવરણ :** રાજકીય કે વ્યાવહારિક કાર્યનો નિર્ણય લેવા માટે જે તે કાર્યનો હેતુ, લાભ, કાર્યસિદ્ધિના ઉપાયો વગેરેના જાણનારા તેમજ કાર્યના ઉદ્દેશને સમજનારા યોગ્ય મનુષ્યોને જ કાર્યમંત્રણા માટે બોલાવવા અને જે તે કાર્ય અંગે તેઓનો જ અભિપ્રાય કે સંમતિ લેવી, અન્યની નહિ.

કાર્યનો હેતુ, કાર્યસિદ્ધિના ઉપાય, કાર્યસિદ્ધિના લાભ વગેરે બાબતોને નહિ જાણનારા અનેક મનુષ્યોને એકઠા કરીને કોઈ કાર્યનો નિર્ણય કરવાથી કાર્યના ઉદ્દેશનો જ વિનાશ થાય છે. રાજકાર્યને નહિ જાણનાર સ્વાર્થી, લુચ્ચા મનુષ્યોને સંસદમાં રાખવાથી તેમજ તેઓનાં નિર્ણય મુજબ રાજકાર્ય કરવાથી રાષ્ટ્રનો વિનાશ થાય છે. ॥૪૫॥ (અ)

**સૂત્ર : अल्पसारं श्रुतवन्तमपि न बहु मन्यते लोकः ॥४५॥ब**

**અર્થ :** મહાજનોની પરિષદમાં દીન-દુર્બળની સત્ય વાત કોઈ સાંભળતા નથી.

નિર્ધન, વિદ્વાન હોય તો પણ જનસમાજમાં બહુ આદરભાવ પામતો નથી.

**વિવરણ :** એ જ રીતે વિદ્વાન મનુષ્ય જો નિર્ધન હોય, એકલો અટૂલો હોય તો તે વિદ્વાનની સત્ય વાત પણ લોકો માને નહિ અને સમાજમાં તેની પ્રત્યે કોઈ આદરભાવ રાખે નહિ. સૂત્રકારનો કહેવાનો આશય એ છે કે રાજાએ, પરિષદના સભ્યોએ દીનદુઃખીની તથા નિર્ધન વિદ્વાનની વાતો સાંભળવી અને તેને યોગ્ય ન્યાય આપવો. ॥૪૫॥ (બ)

**સૂત્ર : अतिसारः पुरुषमवसादयति ॥४६॥**

**અર્થ :** અતિભાર વહન કરનાર પુરુષ નિર્બળ બને છે.

**વિવરણ :** સ્વશક્તિથી અધિક વજન વહન કરનાર વ્યક્તિ વજનના બોજાથી વાંકો વળી જાય છે અને નિર્બળ બને છે. સૂત્રકારને કહેવાનો આશય એ છે કે, રાજ્યતંત્ર કે વ્યાવહારિક તંત્રનું સંચાલન કરનારે પોતાની શારીરિક તથા બૌદ્ધિક શક્તિનો વિચાર કરીને પોતાની શક્તિને અનુરૂપ વ્યાવહારિક જવાબદારી સ્વીકારવી શક્તિથી અધિક જવાબદારી વહન કરનાર વ્યક્તિ સર્વ રીતે શક્તિહીન થાય છે. ॥૪૬॥

**સૂત્ર : यः संसदि परदोषं व्यक्ति स स्वदोषबहुत्वं प्रख्यापयति ॥४७॥**

**અર્થ :** સભામાં બીજાના દોષો કહેનાર પોતે જ પોતાના અધિક દોષો જાહેર કરે છે.

**વિવરણ :** કાર્યમંત્રણાપરિષદમાં સભ્યો એકબીજાના દોષોની ચર્ચા-વિચારણા કરે તે યોગ્ય જ નથી. તેમ કરવાથી આપણે પોતે જ આપણા દોષો પ્રસિદ્ધ કરીએ છીએ. માટે મંત્રણાપરિષદમાં તો જે તે કાર્ય પરત્વેની ચર્ચા વિચારણા કરવી યોગ્ય છે. ॥૪૭॥

**સૂત્ર : आत्मानमेव पीडयति अनात्मवतां कोपः ॥४८॥**

**અર્થ :** દુષ્ટ વિચારવાળા દુરાચારીને પોતાનો ક્રોધ પોતાને દુઃખ દે છે.

**વિવરણ :** બીજાનું બુરું કરનાર દુરાચારી મનુષ્ય પોતાના દુષ્કૃત્યના પરિણામે ક્રોધિત થઈને ક્રોધના આવેશમાં ન કરવાનું કરી બેસે તેના પરિણામે પોતે જ દુઃખી થાય છે. તેમજ પોતાના વિચારોનું ધાર્યું પરિણામ ન આવે ત્યારે અન્યનું બુરું કરવાના વિચારવાળો દુરાચારી ગુસ્સે થઈને પોતાની માનસિક સમતુલા ગુમાવે છે. આ બાબત સમાજમાં પ્રસિદ્ધ છે માટે સમજ્યા વિચાર્યા વિના કાર્ય કરવું નહિ. ॥૪૮॥

**સૂત્ર : नास्त्यप्राप्यं सत्त्ववताम् ॥४९॥**

**અર્થ :** કાર્ય કરવાના સુદૃઢ નિશ્ચયવાળાઓને કોઈ પદાર્થ અપ્રાપ્ય નથી.

**વિવરણ :** વિશુદ્ધ ચિત્ત, કાર્ય-અકાર્યનો વિવેક, કાર્ય કરવું જ છે એવો દૃઢ નિર્ણય, તે માટેના પ્રયત્નો, સમય, સાધન, સંપત્તિ અને સહકારનું આયોજન, કાર્યમાં આવતાં વિઘ્નો દૂર કરીને કાર્ય ચાલુ રાખવું, શારીરિક અને માનસિક સહનશક્તિ, ધૈર્ય વગેરે સદ્‌ગુણવાળા ઉત્સાહી તથા ઉદ્યમી પુરુષો ધાર્યું કાર્ય કરી શકે છે. તેવા પુરુષને કોઈ પદાર્થ અપ્રાપ્ય નથી.

**સૂત્ર : साहसे खलु श्रीर्वसति ॥५०॥**

**અર્થ :** સાહસ કરવાથી જ સંપત્તિ પ્રાપ્ત થાય છે.

**વિવરણ :** બુદ્ધિ, બળ અને શક્તિ એમ ત્રિવિધ પ્રયત્નો વડે અશકય કાર્યને શક્ય કરવું તેનું નામ 'સાહસ' મંદબુદ્ધિ, ભીરુ હૃદયવાળો સાહસ કરી શકે નહિ. સાહસ કર્યા વિના સંપત્તિ મળે નહિ. ॥૫૦॥

**સૂત્ર : व्यसनार्त्तो विस्मरति अप्रवेशेन ॥५१॥**

**અર્થ :** વ્યસની, રોગી, આર્થિક વૃદ્ધિ કરી શકતા નથી.

**વિવરણ :** વ્યસનોમાં વ્યસ્ત, રોગના દુઃખથી દુખિત ધનપ્રાપ્તિના ઉપાયો ને વિસરી જાય છે કારણ કે વ્યસનીને વ્યસનનું જ સ્મરણ થાય છે અને રોગીને

રોગના દુઃખનું સ્મરણ રહે છે. વ્યસનરૂપી રોગથી દુઃખિત મનુષ્ય તો પ્રાપ્ત થયેલ ધનને પણ વ્યસનમાં ખર્ચી નાખે છે. ।।૫૧।।

**સૂત્ર : नास्त्यंतरायः कालक्षेपः ।।५२।।**

**અર્થ :** કાર્ય સતત ચાલુ જ રહે તો તત્કાળ કાર્ય સિદ્ધ થાય છે.

**વિવરણ :** શરૂ કરેલ કાર્યમાં કોઈ વિઘ્ન આવે નહિ અને તે સતત ચાલુ જ રહે તો તે કાર્ય તત્કાળ પૂર્ણ થાય છે. આરંભેલ કાર્ય થોડા દિવસ બંધ રાખે, વળી પાછું ચાલુ કરે, વળી પાછુ બંધ કરે તેમજ વચમાં વિઘ્નો આવે. આમ થવાથી કાર્યસિદ્ધિમાં વિલંબ થાય અથવા તે કાર્ય નિષ્ફળ જાય છે. ।।૫૨।।

**સૂત્ર : असंशयविनाशात् संशयविनाशः श्रेयान् ।।५३।।**

**અર્થ :** પરજિત કરવામાં શંકા હોય નહિ તે શત્રુનો વિનાશ કરવા કરતાં પરાજિત કરવામાં શંકા હોય તેવા શત્રુનો પ્રથમ વિનાશ કરવો એ વધારે સારું છે.

**વિવરણ :** આ શત્રુનો પરાજય થશે કે નહિ ? આ કાર્ય પૂરું થશે કે નહિ થાય ? આ પ્રકારની માનસિક દ્વિધા તેનું નામ સંશય. આ શત્રુનો પરાજય થવાનો જ છે. આ કાર્ય થવાનું જ છે આવો દ્રઢ નિશ્ચય તેનું નામ અસંશય. સંશયરહિત હોય તે તો નિર્વિઘ્ન પૂરું થાય જ પરંતુ જે કાર્યમાં શંકા છે જે શત્રુને પરાજિત કરવામાં શંકા છે તે કાર્ય પ્રથમ કરવું. શંકાશીલ શત્રુનો પરાજય પ્રથમ કરવો એ વધારે સારું છે. ।।૫૩।।

**સૂત્ર : अपरधनानपेक्षं केवलमर्थदानं श्रेयः ।।५४।।**

**અર્થ :** બીજાના ધનની અપેક્ષા રાખ્યા વિના નિઃસ્વાર્થ ભાવથી દાન, દેવું તે શ્રેષ્ઠ છે.

**વિવરણ :** આ વ્યક્તિને દાન દેવાથી ભવિષ્યમાં તે આપણને સહાયક બને આવી સ્વાર્થવૃત્તિ સહિત દાન દેવું એ શ્રેયસ્કર નથી જ. નિષ્કામ ભાવથી દાન દેવું એ જ શ્રેયસ્કર દાન છે. મહાભારતમાં કહે છે કે, ''હે યુધિષ્ઠિર ! ધન, વૈભવ, સાધન, સગવડતાથી સુખી અને સમર્થ વ્યક્તિને દાન દેવાનો કોઈ અર્થ નથી. વૈભવી, વિલાસી, સુખી તથા સમર્થને દાન દેવું એ તો વ્યર્થ જ છે. દરિદ્ર હોય, નિરાધાર હોય, અશક્ત હોય તેને દાન દેવું એ જ દાન, સુપાત્રને દાન દીધું કહેવાય. કારણ કે રોગીને ઔષધની જરૂર છે. નીરોગીને ઔષધની જરૂર નથી તેમ સુખસાધનસંપન્નને દાનની જરૂર નથી.'' ।।૫૪।।

**સૂત્ર : न्यायाऽऽगतोऽर्थः ।।૫૫।।**
**અર્થ :** ન્યાયથી મળેલું ધન એ જ સાચુ ધન છે.

**વિવરણ :** પોતાની ફરજ બજાવીને પ્રામાણિકપણે વર્તન કરીને પરસેવો પાડીને હક્કથી મેળવેલા ધનને જ ન્યાયથી મેળવેલું ધન કહેવાય અને તેને જ સાચું ધન કહેવાય. ॥૫૫॥

**સૂત્ર : तद्विपरीतोऽर्थाभासः ।।૫૬।।**
**અર્થ :** અન્યાયથી મેળવેલું ધન એ તો દેખાવ પૂરતું જ છે.

**વિવરણ :** ચોરી, જૂગાર, દગો, તોલમાપમાં ગેરરીતિ, પદાર્થમાં ભેળસેળ, લૂંટફાટ વગેરે અન્યાય, અનીતિ અને અધર્મથી મેળવેલું ધન દુઃખદ બને છે. પેટમાં પૂરતું જમે નહિ, પરિવારનું પોષણ કરે નહિ, નોકર મજૂરને પૂરા પૈસા આપે નહિ આવા કંજુસે ભેગું કરેલું ધન દુઃખદ બને છે. આ પ્રકારની ધનસંપત્તિ તે સત્યસંપત્તિ નથી એ તો આસુરી છે તથા દેખાવ પૂરતી જ છે. શાસ્ત્રમાં કહેલ છે કે, ''અન્યાયથી મેળવેલું ધન દશ વર્ષ સુધી દેખાય છે અને અગિયારમે વર્ષે તે આસુરિસંપત્તિ આપણી હક્કની સંપત્તિને પણ લઈને અદ્રશ્ય થાય છે.'' ॥૫૬॥

**સૂત્ર : यो धर्माथौं न पीडयति स कामः ।।૫૭।।**
**અર્થ :** ધર્મ અને અર્થને બાધ આવે નહિ તેવા વૈભવ સુખો તેનું નામ કામ.

**વિવરણ :** માનવજીવનમાં પ્રાપ્ત કરવા યોગ્ય ચાર પુરુષાર્થ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, તે પૈકીના ત્રીજા પુરુષાર્થરૂપ કામ, વૈભવસુખોની સ્પષ્ટતા આ સૂત્રથી કરી છે - શારીરિક અવયવો સુદ્રઢ હોય, સશક્ત હોય, ગૃહ, વાસણ વગેરેની સાધનસગવડ હોય પરંતુ ધનસંપત્તિ ન હોય તો ઈચ્છિત પદાર્થો પ્રાપ્ત કરી શકાય નહિ. અર્થાત્ ભોગવી શકાય નહિ, માટે અહીં કહે છે કે, ધનસંપત્તિનો ઘટાડો થાય નહિ અને આવકને નુકસાન થાય નહિ એ રીતે વૈભવસુખો ભોગવનાર ચિરકાળ વૈભવસુખો ભોગવી શકે છે. સમાજ, જ્ઞાતિ, પરિવાર, સંબંધી સદાચાર નિયમોનું પાલન તેનું નામ ધર્મ. ધર્મનિયમોનું પાલન કરીને વૈભવસુખો ભોગવનાર શારીરિક સ્વાસ્થ્ય, સામાજિક પ્રતિષ્ઠા અને પરલોક સંબંધી સદ્‌ગતિ પ્રાપ્ત કરે છે. માટે કહે છે કે, સ્વધર્મપાલનમાં બાધ આવે નહિ તે રીતે વૈભવો ભોગવવા. ॥૫૭॥

**સૂત્ર : तद्विपरीतः कामाऽभासः ॥५८॥**

**અર્થ :** આર્થિક નાશ અને સ્વધર્મનાશ કરનાર વૈભવ સુખો તે પણ સુખાભાસ છે.

**વિવરણ :** આર્થિક સંપત્તિનો નાશ થાય તેમજ સદાચારનો ભંગ થાય આ રીતે વૈભવો ભોગવવાથી સર્વપ્રકારે દુઃખ આવે છે અર્થાત સુખો પ્રાપ્ત થાય છે, પણ અને દુઃખદાયી હોવાથી અહીં તેને સુખાભાસ કહેલ છે. મનફાવે તેમ ભોગ ભોગવવાથી શારીરિક, આર્થિક તેમજ સામાજિક દુઃખ ભોગવવું પડે છે. ॥૫૮॥

**સૂત્ર : ऋजुस्वभावः परिजनः दुर्लभः ॥५९॥**

**અર્થ :** સરળ સ્વભાવનાં સગાંઓ મળવા દુર્લભ છે.

**વિવરણ :** કપટ, લુચ્ચાઈ, નિર્દયતા વગેરે દોષરહિત અને આપણી ઈચ્છા મુજબ સરળતાથી કામ કરનાર સગાંઓ મળવા એ તો દુર્લભ જ છે. તથા ઉપરોક્ત સદ્‌ગુણોવાળા સેવકો મળવા એ પણ દુર્લભ છે. પરિવારના સભ્યોની અને સેવકોની અનુકૂળતાથી કાર્યસિદ્ધિ શીઘ્ર થાય. "માતા, પિતા, ગુરુ, ધર્મપત્ની, પુત્રો, પુત્રીઓ, દીન, સેવકો, અભ્યાગત (ભિક્ષુક) અને અતિથિ, આ બધાને પોષ્ય વર્ગ કહે છે, પોષ્ય વર્ગને પરિજન કહે છે." ॥૫૯॥

**સૂત્ર : अवमानागतमैश्वर्यमवमन्यते साधुः ॥६०॥**

**અર્થ :** અપમાન સહન કરીને પ્રાપ્ત થતી રાજ્યસત્તા કે ધનસંપત્તિને સજ્જન સ્વીકારતો નથી.

**વિવરણ :** ભૂખ સહન કરીને મરવું સારું પણ અપમાન સહન કરીને સુખ ભોગવવા એ સારું નહિ. આવું માનનાર તેજસ્વી સ્વમાની સજ્જન પોતાના બાહુબળથી જ સુખસંપત્તિ પ્રાપ્ત કરે છે અને તે પોતે મેળવેલી સંપત્તિનો જ ઉપયોગ કરે છે. અપમાનિત થઈને તે સુખસંપત્તિ તેઓ સ્વીકારતા નથી. ॥૬૦॥

**સૂત્ર : बहूनपि गुणानेको दोषो ग्रसते ॥६१॥**

**અર્થ :** એક દોષ પણ અનેક સદ્‌ગુણોને ગળી જાય છે.

**વિવરણ :** પોતાની પ્રતિષ્ઠા વધારે એવા માનસિક સદ્‌ભાવને અને શારીરિક સત્‌ક્રિયાને સદ્‌ગુણો કહે છે. પોતાના સદ્‌ભાવને અનુસારે શુભ ક્રિયા કરનાર સદ્‌ગુણી સજ્જનમાં કોઈક એવો મહાન દોષ હોય કે જે દોષ તેના બધા જ સદ્‌ગુણોને નિષ્ફળ બનાવે છે. અર્થાત્ કલંકિત બનાવે છે. ॥૬૧॥

**સૂત્ર : महता साहसं न परेण कर्तव्यम् ।।६२।।**
**અર્થ :** મહાન શત્રુ સાથે સાહસ કરવું નહિ.

**વિવરણ :** પોતાનાં અને શત્રુનાં બુદ્ધિ, સંપત્તિ અને સૈન્ય બધું જ સરખું જ હોય એવા તુલ્યબળવાળા શત્રુ સાથે તથા અધિક બળવાળા શત્રુ સાથે યુદ્ધ કરવાનું સાહસ કરવું નહિ, કારણ કે તેમ કરવાથી પરાજય થાય છે. ।।૬૨।।

**સૂત્ર : कदाचिदपि चारित्रं न लंघयेत् ।।६३।।**
**અર્થ :** પોતાના ચારિત્ર્યનો ભંગ ક્યારેય કરવો નહિ.

**વિવરણ :** સરળતા, ઉદારતા, સહિષ્ણુતા વગેરે માનસિક ભાવો તથા અન્યને આદર્શ પ્રેરણા મળે એવી શારીરિક અને વ્યાવહારિક ક્રિયા તેને આદર્શચારિત્ર કહે છે. મનુષ્ય જીવનની પ્રગતિનો આધાર તેનું આ ચારિત્ર છે. ગમે તેવા દુઃખો આવે તો પણ પોતાના આદર્શ ચારિત્રનો ક્યારેય ત્યાગ કરવો નહિ. આદર્શ ચારિત્રથી જ દારિદ્ર અને દુઃખો દૂર થાય છે. ।।૬૩।।

**સૂત્ર : न क्षुधार्तः सिंहः तृणं चरति ।।६४।।**
**અર્થ :** ભૂખના દુઃખથી સિંહ ક્યારેય ખડ ખાતો નથી.

**વિવરણ :** સિંહ સમાન શૌર્યવાળા, આદર્શ ચરિત્રવાળા કુલીન પુરુષને માટે સિંહનું ઉદાહરણ આપીને સૂત્રકાર સમજાવે છે કે સિંહને ક્યારેક કેટલાક દિવસો સુધી આહાર મળે નહિ ત્યારે ભૂખના દુઃખથી દુઃખિત તે સિંહ ક્યારેય ઘાસ ખાતો નથી, તેમજ સિંહ કોઈનો એંઠો - જૂઠો, વધેલો કે કોઈનો દીધેલો આહાર ખાતો નથી. પોતાના પરાક્રમથી જ પ્રાપ્ત કરેલ આહાર જ તે ખાય છે. એ જ રીતે આદર્શ ચારિત્રવાળા ધીર, વીર, પુરુષે વિવિધ વિપત્તિઓ આવે તે સહન કરીને પણ પોતાના ચારિત્રનું રક્ષણ કરવું. ।।૬૪।।

**સૂત્ર : प्राणादपि प्रत्ययो रक्षितव्यः ।।६५।।**
**અર્થ :** પ્રાણનો ભોગ આપીને પણ પ્રતિજ્ઞાનું પાલન કરવું.

**વિવરણ :** પોતે જે પ્રતિજ્ઞા કરી હોય કે કોઈકને આપણે વચન આપીને વિશ્વાસ આપ્યો હોય તે વચનનું ને વિશ્વાસનું પાલન પૂરેપૂરું કરવું અને તે પાલન કરવામાં આપણો જાન ગુમાવવો પડે તો પણ આપણે આપણા પ્રાણ ગુમાવીને પણ પોતાના વચનનું પાલન કરવું. પોતાના વચનનું પાલન કરનારાઓના વિશ્વાસના આધારે જ તેનાં મોટાં મોટાં કાર્યો અનાયાસે સિદ્ધ થાય છે. જ્યારે વિશ્વાસઘાતીનાં કોઈ કાર્ય સિદ્ધ થતા નથી માટે વિશ્વાસઘાત ન કરવો. ।।૬૫।।

**સૂત્ર : पिशुनः श्रोता पुत्रदारैरपि त्यज्यते ।।६६।।**

**અર્થ :** ચાડિયા વિદ્વાનનો વિશ્વાસ તેની પત્ની કે પુત્રો પણ કરતા નથી. કોઈની ગુપ્ત વાત સાંભળીને અન્યને કહેનારનો વિશ્વાસ તેની પત્ની કે પુત્ર કરતા નથી.

**વિવરણ :** કોઈના રહસ્યની વાતો સાંભળીને તે વાતો બીજાને કહેનાર મનુષ્યને ''ચાડિયો'' કહે છે. આવી ચાડી કરવાના સ્વભાવવાળો મનુષ્ય વિદ્વાન હોય, કાર્ય કરવામાં કુશળ હોય છતાં પણ તેની સમક્ષ રહસ્યમય ગૂઢ વાતો તેની પત્ની, પુત્રો કે પરિવારના કોઈ સભ્યો કરે જ નહિ એ જ રીતે રાજકીય મંત્રણા પરિષદમાં પણ આવા ચાડિયા મનુષ્યને રાખવો જ નહિ તેમજ તે સાંભળે તેમ રહસ્યમય વાતો કરવી નહિ. ॥૬૬॥

**સૂત્ર : बालादप्यर्थजातं श्रृणुयात् ।।६७।।**

**અર્થ :** બાળકની વાત સત્ય હોય તો તેને સાંભળીને ધ્યાનમાં લેવી.

**વિવરણ :** રાજકીય અને વ્યાવહારિક ક્ષેત્રમાં મહાન કહેવાતા મહાનુભાવો એમ માનતા હોય છે કે અભણને, અશિક્ષિતને અને બાળકોને વ્યાવહારિક બુદ્ધિ નથી હોતી આમ માનીને અશિક્ષિત અને બાળકોની વાતમાં તેઓ ધ્યાન આપતા નથી. તેઓને ચેતવણી આપતાં સૂત્રકાર કહે છે કે, 'બાળકોની સાચી વાત સાંભળજો' કારણ કે ''સૂર્યના પ્રકાશથી જે પદાર્થ જડે નહિ તે પદાર્થ દીવાને અજવાળે દેખાય છે.'' તેમ મોટા મનુષ્ય જે કાર્ય ન કરી શકે તે કાર્ય નાના મનુષ્યથી થઈ શકે છે. આમ સમજીને રાજનીતિજ્ઞ પુરુષોએ અભણ, અશિક્ષિત કે બાળકની વાત આદરથી સાંભળવી અને તેમાંથી સત્ય હોય તે સ્વીકારવું. ॥૬૭॥

**સૂત્ર : सत्यमप्यश्रध्देयं न वदेत् ।।६८।।**

**અર્થ :** માનવા યોગ્ય ન હોય તેવું સત્ય બોલવું નહિ.

**વિવરણ :** સત્ય હોય છતાં તે સમાજને માન્ય ન હોય અથવા જે સત્ય બોલવાથી કોઈનું મૃત્યુ થાય કે કોઈનું સર્વસ્વ જપ્ત થાય તેવું સત્ય બોલવું નહિ. ॥૬૮॥

**સૂત્ર : नाग्निमिच्छता धूमस्त्यज्यते ।।६९।।**

**અર્થ :** અગ્નિની જરૂર હોય તેણે ધૂમાડો સહન કરવો જ પડે છે.

**વિવરણ :** ધૂમાડો અને અગ્નિ હમેશાં સાથે જ હોય છે. તેમ જગતના પ્રત્યેક વ્યવહારમાં અસત્ય અને સત્ય સાથે જ હોય છે અને તેથી જ સર્વ પ્રકારે

સત્ય બોલનાર મળવો દુર્લભ છે. માટે જેને સત્ય માહિતી જોઈતી હોય તેણે સત્યની સાથે થોડુ ઘણું અસત્ય પણ સાંભળવું જ પડે છે. વિવિધ સ્વભાવનાં વિવિધ વચનો સાંભળીને તેમજ અસત્ય અને સત્યનો વિભાગ કરીને નીતિજ્ઞ પુરુષે સત્ય માહિતી મેળવવી. ॥૬૯॥

**સૂત્ર :** विपश्चित्सु अपि सुलभा दोषाः ।।७०।।

**અર્થ :** વિદ્વાનોમાં પણ દોષ હોવા સ્વાભાવિક છે.

**વિવરણ :** સર્વ પ્રકારે વિચારશીલ વિદ્વાનમાં પણ દોષો તો હોય જ. શરીરના દોષો - આળસ, પ્રમાદ વગેરે. ઈન્દ્રિયોના દોષો સાંભળવું, જોવું, ચાલવું વગેરે. ક્રિયાઓમાં અપૂર્ણતા, માનસિક દોષો - ક્રોધ, લોભ, ઈર્ષ્યા વગેરે, આ ત્રિવિધ દોષોમાંથી કેટલાક દોષો પ્રત્યેક વ્યક્તિમાં હોય જ છે તથા સમયની અનુકૂળતા, પ્રતિકૂળતા વગેરે બાબતોનો વિચાર કરવાથી જણાશે કે આપણા દોષો બીજાને દુ:ખદ બને નહિ અને બીજાના દોષો આપણા કાર્યમાં વિઘ્નરૂપ થાય નહિ તે રીતે રહીને સાવધાનીપૂર્વક કાર્યસિદ્ધિ કરવી. ॥૭૦॥

**સૂત્ર : नास्ति रत्नमखंडितम् ।।७१।।**

**અર્થ :** કોઈ પણ રત્ન સર્વ પ્રકારે સંપૂર્ણ હોય નહિ.

**વિવરણ :** પૂર્વ સૂત્રની વિશેષ સ્પષ્ટતા માટે કહે છે કે ગમે તેવુ કિંમતી રત્ન હોય પરંતુ તેમાં કાંઈક તો અપૂર્ણતા હશે જ. એ જ રીતે વિશ્વમાં વિવિધ પ્રકારનાં માનવરત્નો હોય જ પરંતુ તેઓમાં કાંઈક ને કાંઈક દોષ તો હોય જ. કોઈપણ 'નરરત્ન' સર્વ પ્રકારે નિર્દોષ હોય નહિ. ॥૭૧॥

**સૂત્ર : मर्यादाभेदकं न कदाचिदपि विश्वसेत् ।।७२।।**

**અર્થ :** નિયમભંગ કરનારનો ક્યારેય વિશ્વાસ કરવો નહિ.

**વિવરણ :** કાર્ય કરવાના નિયમોનું પાલન નહિ કરનાર તથા જવાબદાર વ્યક્તિના આદેશનું પાલન નહિ કરનાર તેમજ નિષ્ઠાપૂર્વક કાર્ય નહિ કરનાર મનુષ્યનો વિશ્વાસ કરવાથી કાર્યસિદ્ધિ થતી નથી. ઉપરાંતમાં તે દગો પણ કરે છે. ॥૭૨॥

**સૂત્ર : अप्रियेण कृतं प्रियमपि द्वेष्यं भवति ।।७३।।**

**અર્થ :** વિશ્વાસ રહિત મનુષ્યે સારું કામ કર્યું હોય છતાં તે કામ શંકાસ્પદ થાય છે.

**વિવરણ :** અવિશ્વાસુને સોંપેલું કાર્ય કદાચ પૂર્ણ કરે છતાં પણ તેના તે કાર્યમાં પૂર્ણ વિશ્વાસ કરી શકાય નહિ. ॥૭૩॥

**સૂત્ર : नमंत्यपि तुलाकोटिः कूपस्योदकक्षयं करोति ॥७४॥**

**અર્થ :** ઢીંકવાનો દંડો નમે છે પરંતુ તે કૂટીયાનું જળ ઓછું કરે છે.

**વિવરણ :** અવિશ્વાસુએ કરેલા કામમાં શંકાતો રહેવાની જ આ બાબત સૂત્રકાર ઉદાહરણ આપીને સમજાવે છે. કૂટીયામાંથી જળ ઉલેચવા માટેના ઢીંકવાના દંડાનો એક ભાગ નમે છે. પરંતુ તે દંડો કૂટીયાનું જળ ઓછું કરે છે. એજ રીતે વિશ્વાસ રહિત મનુષ્ય પૈસાથી, ભયથી, લાલચથી કે સંબંધથી આપણું કામ તો કરે પરંતુ તેનું તે કાર્ય અંતે તો આપણે માટે નુકસાનકારક હોય. માટે વિશ્વાસ રહિત ને કોઈ કાર્ય સોંપવું નહિ. ॥૭૪॥

**સૂત્ર : सतां मतिं नातिक्रमेत् ॥७५॥**

**અર્થ :** સજ્જન પુરુષોના મંતવ્યનો અનાદર કરવો નહિ.

**વિવરણ :** નિષ્પક્ષપાતી સજ્જનો સર્વદા સર્વના હિતકારક વિચારવાળા હોય છે. તેઓ જે આદેશ આપે તેનો આદરથી સ્વીકાર કરવાથી આપણું હિત થાય છે, તેથી જ તેમના મંતવ્યોનો અનાદર કરવો નહિ. ॥૭૫॥

**સૂત્ર : गुणवंतमाश्रित्य निर्गुणोऽपि गुणी भवति ॥७६॥**

**અર્થ :** નિર્ગુણ હોય તો પણ સદ્‌ગુણવાળાનો આશ્રય કરે તો પણ સદ્‌ગુણી બને છે.

**વિવરણ :** શૌર્ય, ધૈર્ય, કર્મકુશળતા વગેરે સદ્‌ગુણવાળા સજ્જન સાથે રહેનાર તેમજ તે કહે તેમ કરનાર મનુષ્ય ગુણરહિત હોય તો પણ સદ્‌ગુણીના સંગથી તે પણ સદ્‌ગુણી બને છે. યોગ્ય રીતે કહેવાયું છે કે, ''જેવો સંગ તેવો રંગ'' ''વાન ન આવે પણ શાન તો આવે જ.'' ॥૭૬॥

**સૂત્ર : क्षीराश्रितमुदकं क्षीरमेव भवति ॥७७॥**

**અર્થ :** દૂધમાં ભળેલું જળ દૂધરૂપ જ બને છે.

**વિવરણ :** સદ્‌ગુણીની સાથે ઓતપ્રોત થઈ જનારો તેના જેવો જ બને છે. અને તેનું મૂલ્યાંકન તેવું જ થાય છે. આ બાબતનું ઉદાહરણ આપતાં સૂત્રકાર સમજાવે છે કે, ''દૂધમાં ભળેલું પાણી દૂધમાં ઓતપ્રોત થઈ જાય છે. તેથી તેની કિંમત દૂધના જેટલી જ થાય છે. ''કણ ભેળો કાંકરો, હારો હાર વેચાય.'' ॥૭૭॥

**સૂત્ર : मृत्पिंडोऽपि पाटलिगंधमुत्पादयति ॥७८॥**

**અર્થ :** ફૂલની સાથે રહેલી માટીની કાંકરી ફૂલના જેવી સુગંધી બને છે.

**વિવરણ :** ધૂળની કાંકરીમાં સુગંધ હોતી નથી પરંતુ તે કાંકરી ફૂલની સાથે રહે તો તે સુગંધવાળી બને છે. એ જ રીતે વિદ્વાનોનો સંગ કરનાર અજ્ઞાની મનુષ્ય પણ વિદ્વાન જેવો જ થાય છે. ॥૭૮॥

**સૂત્ર : रजतमपि कनकसंपर्कात् कनकमेव भवति ॥७९॥**

**અર્થ :** સોના સાથે ભળેલી ચાંદી સોના જેવી જ બને છે.

**વિવરણ :** પાણી, માટી અને ચાંદીનાં ઉદાહરણો આપીને સજ્જનના સંગની મહત્તા સૂત્રકારે સમજાવી છે. દૂધ અને પાણીની માફક ઓતપ્રોત થનાર, માટી અને ફૂલની માફક સામાન્ય રીતે સાથે રહેનાર અને સોનું અને ચાંદીની માફક અન્યના આશ્રયથી શોભનાર આમ, ત્રિવિધ સંગના ઉદાહરણો વડે સૂત્રકાર સ્પષ્ટ કહે છે કે નિગુર્ણ મનુષ્ય પણ ગુણવંત બને છે. ॥૭૯॥

**સૂત્ર : उपकर्तरि अपकर्तुमिच्छति अबुधः ॥८०॥**

**અર્થ :** અજ્ઞાની મનુષ્ય ઉપકાર કરનારનું જ અહિત કરવા ઈચ્છે છે.

**વિવરણ :** અજ્ઞાની એવો કુપાત્ર મનુષ્ય ઉપકાર કરનારનું જ નિકંદન કાઢવાના પ્રયત્નો કરતો હોય છે. આવો કૃતઘ્ની ક્રૂર હોય છે. માટે અજ્ઞાની હોય પરંતુ જે સુપાત્ર હોય તેને જ સદ્‌ગુણી બનાવી સહકાર આપવો. ॥૮૦॥

**સૂત્ર : तद्विपरीतो बुधः ॥८१॥**

**અર્થ :** તેથી ઊલટું, ઉપકાર કરનારનું હિત કરવા ઈચ્છે તે ડાહ્યો કહેવાય.

**વિવરણ :** સમજણવાળો સુપાત્ર વિચારવંત હોય છે તેથી તે એમ વિચારતો હોય છે કે "જેના સાથસહકારથી હું સુખી થયો છું એનો બદલો મારે શી રીતે વાળવો ?" તેને સહાયરૂપ બનવા માટે તે સતત પ્રયત્નશીલ રહે છે. આવો સુપાત્ર સજ્જન જ 'બુધ' અર્થાત્ સમજુ, ડાહ્યો ગણાય. ॥૮૧॥

**સૂત્ર : न पापकर्मणां संक्रोशभयम् ॥८२॥**

**અર્થ :** દુરાચારીઓને લોકાપવાદનો કે રાજદંડનો ભય નથી હોતો.

**વિવરણ :** સ્વભાવથી જ દુરાચારી પાપી મનુષ્યને સામાજિક અપકીર્તિ કે રાજકીય દંડનો ભય હોતો નથી. તેમ જ તેને પરલોકના યમયાતના ભોગવવાનો પણ ભય હોતો નથી. ॥૮૨॥

**સૂત્ર : उत्साहवतां शत्रवोऽपि वशीभवन्ति ॥८३॥**

**અર્થ :** ઉત્સાહવાળા પુરુષોને શત્રુઓ પણ વશ થાય છે.

**વિવરણ :** ધારેલું કાર્ય પાર કરવામાં ઉત્સાહ અને પ્રયત્નશીલ પુરુષો પોતાના શત્રુઓને પણ સ્વાધીન રાખીને તેની પાસેથી ધાર્યું કાર્ય કરાવે છે.

**સૂત્ર : विक्रमधनाः राजानः ।।८४।।**

**અર્થ :** પરાક્રમ એ જ રાજાઓનું ધન છે.

**વિવરણ :** સમય સમય પ્રમાણે રાજનીતિનો ઉપયોગ કરીને પોતાનો પ્રભાવ સફળ કરવો તેનું નામ 'પરાક્રમ' દેશ,. કાળને અનુસારે કાયદો, વ્યવસ્થા જાળવવી, પ્રજાની રક્ષા અને હિત કરીને પ્રજાપ્રિય બનવું, પોતાના પ્રભાવ વડે અધિકારીઓ પાસે વ્યવસ્થિત કામ કરાવવું, શત્રુઓને પરાજિત કરીને રાજ્યની વૃદ્ધિ કરવી વગેરે કાર્યો રાજાનાં પરાક્રમો કહેવાય છે. આ પ્રકારનાં પરાક્રમો એ જ રાજાઓનું સાચું ધન છે. ॥૮૪॥

**સૂત્ર : नास्त्यलसस्यैहिकामुष्मिकम् ।।८५।।**

**અર્થ :** આળસુ મનુષ્ય આ લોક સંબંધી તેમજ પરલોક સંબંધી કોઈ કાર્ય કરી શકતો નથી.

**વિવરણ :** આળસ અને પ્રમાદથી ઘેરાયેલો અને નિરુત્સાહી મનુષ્ય આ લોક સંબંધી જીવનની પ્રગતિનાં કાર્યો તેમજ પરલોક સંબંધી સુખદ સદાચાર અર્થાત્ દાનપુણ્યરૂપી સત્કાર્ય કરી શકતો નથી. ॥૮૫॥

**સૂત્ર : निरुत्साहो दैवं परिशपति ।।८६।।अ**

**અર્થ :** ઉત્સાહ રહિત મનુષ્ય ભાગ્યને દોષ દે છે.

**સૂત્ર : निरुत्साहात् दैवं पतति ।।८६।।ब**

**અર્થ :** ઉત્સાહ રહિત મનુષ્યના ભાગ્યમાં હોય તે પણ નષ્ટ થાય છે.

**વિવરણ :** ઉત્સાહરહિત થવાથી ભાગ્યમાં હોય તે પણ નાશ પામે છે. ઉત્સાહરહિત મનુષ્ય સર્વ પ્રકારે ભાગ્યને જ પ્રાધાન્ય આપે છે. આળસુ મનુષ્યનાં ધાર્યાં કાર્યો થાય નહિ એથી તે હતાશ થાય છે અને તે પોતાના ભાગ્યને દોષિત માને છે. આળસુ, નિરુદ્યમી અને નિરુત્સાહી મનુષ્ય પોતાના ભાગ્યમાં હોય તે પણ મેળવી શકતો નથી. ॥૮૬॥

**સૂત્ર : मत्स्यवत् जलमुपयुज्यार्थं गृह्णीयात् ।।८७।।**

**અર્થ :** જળ અને જાળ એમ બન્નેમાં પ્રવેશ કરીને માછલું આહાર મેળવે છે. એ રીતે પુરુષાર્થ અને ભાગ્ય વડે સંપત્તિ મેળવવી.

**વિવરણ :** માછલા જેવા પ્રાણીને પણ આહાર મેળવવા સાહસ કરવું પડે છે તે જોઈને સર્વ અંગે સંપૂર્ણ અને સશક્ત મનુષ્યે પોતાના જીવનનિર્વાહ માટે સતત પ્રયત્નશીલ રહેવું અને સાહસ કરીને પણ સ્વાવલંબી બનવું. કાર્યસિદ્ધિમાં જોખમ (ભયસ્થાનો)નો ભય રાખે તો કાર્યસિદ્ધિ થાય નહિ. ॥૮૭॥

**સૂત્ર : अविश्वतेषु विश्वासो न कर्तव्यः ॥८८॥**

**અર્થ :** અવિશ્વસનીય વ્યક્તિનો વિશ્વાસ કરવો નહિ.

**વિવરણ :** ભરોસાપાત્ર ન હોય તેવાનો ભરોસો કરવાથી કાર્યસિદ્ધિ થતી નથી ઉપરાંતમાં વિશ્વાસઘાતીનો વિશ્વાસ કરવાથી અત્યંત દુઃખ થાય છે. શાસ્ત્રમાં કહેલ છે કે, ''અતિગંભીર ભયાનક પાણીનો ધરો, મોટું રણ, ગહન જંગલ, ક્રૂર રાજા અને કુપુત્ર વગેરેનો વિશ્વાસ કરનાર દુઃખી થાય છે.'' એટલે આ બધાનો તો વિશ્વાસ ન જ કરવો. પરંતુ પોતાને અવિશ્વસનીય લાગતી હોય તેવી વ્યક્તિનો પણ વિશ્વાસ ન કરવો. ॥૮૮॥

**સૂત્ર : विषं विषमेव सर्वकालम् ॥८९॥**

**અર્થ :** વિષ એ સર્વદા વિષ જ રહે છે.

**વિવરણ :** ''ઝેરનાં પારખાં હોય નહિ'' તે કહેવતને અનુસારે કુપાત્ર મનુષ્ય ગમે તેવો સારો દેખાતો હોય પરંતુ કુપાત્ર જ રહેવાનો. કુપાત્ર વ્યક્તિ ગમે તેટલો વિશ્વાસ સંપાદન કરવાનો પ્રયત્ન કરે તો પણ કુપાત્રનો ભરોસો કરાય જ નહિ. ॥૮૯॥

**સૂત્ર : अर्थसामान्यैः वैरिणा संसर्गः न कर्तव्यः ॥९०॥**

**અર્થ :** ધનસંપત્તિથી કરવા યોગ્ય કાર્યમાં શત્રુ સાથે સંબંધ રાખવો નહિ.

**વિવરણ :** શત્રુ સાથે ભાગીદારી રાખીને આર્થિક વ્યવહાર કરવો નહિ. આવો વ્યવહાર કરવાથી સંઘર્ષ અને નુકસાન થાય છે. ॥૯૦॥

**સૂત્ર : आप्यार्थमेव नीचस्य संबंधः ॥९१॥**

**અર્થ :** વ્યાપારિક કે વ્યાવહારિક સંબંધ પૂરતો જ નીચની (ઊતરતી કક્ષાવાળા) સાથે સંબંધ રાખવો.

**વિવરણ :** સંસ્કારથી, ક્રિયાથી અને સંગથી જે નીચ (ઊતરતી કક્ષાવાળો) છે તેને જ નીચ (ઊતરતી કક્ષાવાળો) કહેવાય છે. જ્ઞાતિ, કૂળ

અધિકાર અને સ્થાનથી મહાન કહેવાતી વ્યક્તિ સંસ્કાર, ક્રિયા, ગુણ અને સંગદોષથી નીચ હોય છે. આવી નીચ વ્યક્તિ સાથે સંબંધ રાખવો જ નહિ. નીચ વ્યક્તિ પોતાના સંબંધવાળી હોય, પૂજ્ય પદ ઉપર હોય કે મોટા અધિકારપદે હોય છતાં પણ સંસ્કાર, ક્રિયા ગુણ અને સંગથી જે નીચ છે તે સારો થવાનો જ નથી. આવા હલકા મનુષ્ય સાથે સંબંધ રાખવાની ફરજ પડે તો જરૂર પૂરતો જ દેખાવનો સંબંધ રાખવો. રાજા અધિકારીના સંબંધોને કારણે કદાચ નીચ મનુષ્યની સાથે સંબંધ રાખવો પડે તો પણ તેનો વિશ્વાસ કરવો જ નહિ તેમજ નીચને સહકાર આપવો જ નહિ. ॥૯૧॥

**સૂત્ર : अर्थसिद्धौ वैरिणं न विश्वसेत् ॥९२॥**

**અર્થ :** કાર્ય સિદ્ધ થયા પછી પણ શત્રુનો વિશ્વાસ કરવો નહિ.

**વિવરણ :** શત્રુને પરાજિત કરીને સ્વાધીન કર્યા પછી પણ તેનો વિશ્વાસ કરવો નહિ. સ્વાધીન થયેલ શત્રુ ક્યારે દગો કરે તે કહી શકાય નહિ. સ્વાધીન થયેલ શત્રુને પણ શત્રુ તરીકે જ માનવો. ॥૯૨॥

**સૂત્ર : अर्थाधीनमेव नियतसंबंधः ॥९३॥**

**અર્થ :** સંબંધ છે તે સ્વાર્થ માટે જ છે.

**વિવરણ :** મનુષ્ય, પશુ, પંખી વગેરે પ્રાણિમાત્રના જે સંબંધો છે તે સ્વાર્થ પૂરતા મર્યાદિત છે નિઃસ્વાર્થ ભાવનો સંબંધ તો મળવો દુર્લભ છે. વ્યવહાર અને સ્વાર્થની વિવિધતાને કારણે સંબંધો પણ વિવિધ પ્રકારના છે. સામાન્યતઃ ત્રણ પ્રકારના સંબંધો મુખ્ય છે. (૧) નથી મળ્યું તે મેળવવું, (૨) મળેલુ છે તેનું રક્ષણ કરવું, (૩) મળ્યુન હોય તેમાં વધારો કરવો. આમ ત્રણ પ્રકારના સ્વાર્થ માટે સંબંધો બંધાય છે. ॥૯૩॥

**સૂત્ર : शत्रोरपि सखा, सुतो रक्षितव्यः ॥९४॥**

**અર્થ :** પુત્રનું અને મિત્રનું શત્રુ થકી રક્ષણ કરવું.

**વિવરણ :** સામી શત્રુ વ્યક્તિને હરાવી ન શકે તો તેના પુત્ર કે મિત્ર પર પ્રહાર કરી શકે માટે પુત્રનું અને મિત્રનું રક્ષણ કરવાની પરમ ફરજ અને જરૂર છે વળી પુત્ર વારસદાર છે અને વંશવૃદ્ધિનો કારક છે. જ્યારે મિત્ર સુખ - દુઃખમાં ભાગીદાર બને છે અને હિતની વાત કરે છે, માટે પુત્ર અને મિત્રનું રક્ષણ કરવું. ॥૯૪॥

**સૂત્ર : यावत् शत्रोः छिद्रं पश्यति तावत् हस्तेन स्कंधेन वा वाह्यः ।।९५।।**
**અર્થ :** શત્રુના દોષ દેખવામાં આવે નહિ ત્યાં સુધી તેને ખભા પર બેસારીને ફેરવવો અને હાથથી તેની સેવા કરવી.

**વિવરણ :** શત્રુને આધીન થયેલી વ્યક્તિએ પોતાની પરાધીનતાનો વિચાર કરીને શત્રુની સેવા કરવી તે કહે તેમ કરીને તેને સંપૂર્ણ રીતે વિશ્વાસમાં લેવો તેમજ તેને માટે જરૂરી પ્રયત્ન કરવા. ખભા ઉપર બેસારી ફેરવવો પરંતુ શત્રુના દોષો પ્રસિદ્ધ થાય અને તેને પરાજિત કરવાનો સમય આવે ત્યારે તો તેને જરૂર પરાજિત કરવો. જેમ કે પાણી ભરેલો ઘડો ખભે ઉપાડીને લઈ જઈએ અને હાથથી તેનું જતન કરીએ તો તે ઘટનું પાણી ઉપયોગમાં આવે છે. પરંતુ એ ઘટ ફૂટી જાય ત્યારે તો તેમાં પાણી રહેતું નથી અને તે ઉપયોગમાં આવતો નથી તેથી તેનો નાશ જ કરવો પડે છે. એ જ રીતે શત્રુનો નાશ કરવો. ॥૯૫॥

**સૂત્ર : आत्मछिद्रं न प्रकाशयेत् ।।९६।।**
**અર્થ :** પોતાના દોષો પ્રસિદ્ધ થવા દેવા નહિ.

**વિવરણ :** આપણા દોષો પ્રસિદ્ધ થાય નહિ તે રીતે જીવન જીવવું જરૂરી છે. આપણા દોષો અન્ય જાણે નહિ તે રીતે જીવન જીવવું એ એક મુત્સદીગીરી છે. તેમજ શત્રુના દોષો જોતા રહેવા અને આપણા દોષો શત્રુઓ જાણે નહિ તે રીતે વર્તન કરવું. ॥૯૬॥

**સૂત્ર : शत्रुं छिद्रे परिहरेत् ( प्रहरेत् ) ।।९७।।**
**અર્થ :** શત્રુના દોષો દેખવામાં આવે ત્યારે તે શત્રુનો ત્યાગ કરવો અથવા સમય આવે ત્યારે તેને મારી નાખવો.

**વિવરણ :** સ્વાધીન કરેલા શત્રુ પાસે આપણે કામ કરાવતાં હોઈએ અને તે શત્રુ આપણું ધાર્યું કાર્ય કરે નહિ તેમજ આપણી વિરુદ્ધમાં પ્રવૃત્તિ કરતો હોય તે માહિતી આપણને મળે ત્યારે તે શત્રુને તે કાર્યમાંથી દૂર કરવો એટલું જ નહિ સમય આવે ત્યારે તેને મારી પણ નાખવો. ॥૯૭॥

**સૂત્ર : छिद्रप्रहारिणो हि शत्रवः ।।९८।।**
**અર્થ :** દોષો જોઈને પ્રહાર કરનાર જ સાચા શત્રુ છે.

**વિવરણ :** બહુ શત્રુ જેને હોય તેણે સાવધાન રહેવાની જરૂર છે. આપણી નબળાઈ જોઈને શત્રુઓ આપણા પર પ્રહાર કરે છે. માટે પોતાના દોષો પ્રસિદ્ધ ન થાય અથવા દોષો દૂર થાય તેવા પ્રયત્નો કરીને સાવધાનતાથી રહેવું. ॥૯૮॥

**સૂત્ર : स्वहस्तगतमपि शत्रुं न विश्वसेत् ।।९९।।**

**અર્થ :** પોતાના હાથમાં આવેલા શત્રુનો પણ વિશ્વાસ કરવો નહિ.

**વિવરણ :** શત્રુ પોતાને આધીન થયો હોય અને અપરાધમાંથી છૂટવા માટે તે માફી માગે તેમજ દીન - આધીન થઈને આંસુ સારે છતાં પણ તેનો વિશ્વાસ કરવો નહિ તથા તેને મુક્ત કરવો નહિ. ॥૯૯॥

**સૂત્ર : स्वजनस्य दुर्वृत्तं निवारयेत् ।।१००।।**

**અર્થ :** પોતાના પરિવારને દુરાચારથી બચાવવા.

**વિવરણ :** પરિવારના સભ્યો - પત્ની, પુત્રો, બંધુઓ વગેરે દુરાચાર કરતા હોય તો તેને યોગ્ય ઉપદેશ આપીને અથવા હળવી શિક્ષા કરીને તેઓને દુરાચારથી દૂર રાખવા. તે જ રીતે પોતાના રાજ્યની પ્રજામાં દુરાચાર દેખાય તો યોગ્ય નિયમો કરીને રાજાએ પ્રજામાંથી દુરાચાર દૂર કરવો.

**સૂત્ર : स्वजनावमानो हि मनस्विनां दुःखमावहति ।।१०१।।**

**અર્થ :** સગાંસંબંધીઓનું અપમાન થવાથી મહાન પુરુષોને પણ દુઃખ થાય છે.

**વિવરણ :** રાજા, શ્રીમંત કે અધિકારી વગેરે મહાન વ્યક્તિ હોય તે પણ જો પોતાના સગાંસંબંધીનું અપમાન કરે અથવા તેનો ત્યાગ કરે તો તેઓને પણ દુઃખ જ થાય છે. શંકરનુંઅપમાન કરવાથી દક્ષને, બૃહસ્પતિ (ગુરુ)નુંઅપમાન કરવાથી ઈન્દ્રને, વિભીષણનું અપમાન કરવાથી રાવણને, વિદૂરનું અપમાન કરવાથી કૌરવોને અને શ્રીકૃષ્ણનું અપમાન કરવાંથી શિશુપાલને દુઃખ આવેલું. ॥૧૦૧॥

**સૂત્ર : एकांगदोषः पुरुषमवसादयति ।।१०२।।**

**અર્થ :** પોતાનો એક દોષ પોતાને જ પ્રતિષ્ઠાહીન કરે છે.

**વિવરણ :** સર્વગુણસંપન્ન મનુષ્યની સમાજમાં પ્રતિષ્ઠા હોય જ. પરંતુ તેમાં એક પણ દોષ હોય તો તે દોષને કારણે તેના બધા જ ગુણો ઢંકાઈ જાય છે અને તે પુરુષ પોતાના તે એક દોષને કારણે સમાજમાં પ્રતિષ્ઠાહીન બને છે.

**સૂત્ર : शत्रुं जयति सुवृत्तः ।।१०३।।**

**અર્થ :** સદ્‌ગુણવાળો મનુષ્ય શત્રુનો પરાજય કરે છે.

**વિવરણ :** શૌય, ધૈર્ય, સંયમ, મધુર વાણી, કુશળ રાજનીતિ, સૈન્ય, અસ્ત્રશસ્ત્ર વગેરે સદ્‌ગુણો અને સાધનસંપન્ન સદાચારી મનુષ્ય શત્રુને પરાજિત કરી શકે છે. ॥૧૦૩॥

હવે પછીના પાંચ સૂત્રોમાં નીચ માણસનાં લક્ષણ દર્શાવ્યા છે.

**સૂત્ર : निकृतिप्रिया नीचाः ।।१०४।।**

**અર્થ :** નીચ મનુષ્યો લુચ્ચાઈ, દુરાચાર કરવામાં જ પ્રીતિવાળા હોય છે.

**વિવરણ :** ચોરી, લુચ્ચાઈ, ક્રૂરતા, છેતરપીંડી વગેરે હલકી ક્રિયા કરવામાં જ રચ્યાપચ્યા રહેનાર નીચ મનુષ્યો બીજાને દુ:ખી કરવાના સ્વભાવવાળા હોય છે. ।।૧૦૪।।

**સૂત્ર : नीचस्य मतिर्न दातव्या ।।१०५।।**

**અર્થ :** નીચ મનુષ્યને ઉપદેશ આપવો તે યોગ્ય નથી.

**વિવરણ :** સ્વભાવથી જ જે નીચ છે તેને ઉપદેશ આપવો વ્યર્થ છે. કારણ કે ઉપદેશ આપવા છતાં તેનો સ્વભાવ તે છોડવાનો નથી. સ્વભાવથી જ જે લુચ્ચો અને ક્રૂર છે તેને તો દંડ દઈને જ સ્વાધીન રાખી શકાય. ''સમજ્યા વિચાર્યા વિના બળવાનની સાથે વૈર કરે, શત્રુની સાથે મિત્રતા રાખે, મિત્રની સાથે વૈર રાખે અથવા તેને મારી નાખે અને લુચ્ચાઈ, દગો વગેરે ક્રિયા કરે તેને મૂઢ અથવા નીચ કહેવાય છે.'' ।।૧૦૫।।

**સૂત્ર : नीचेषु विश्वासो नैव कर्तव्यः ।।१०६।।**

**અર્થ :** નીચ મનુષ્યનો વિશ્વાસ કરવો નહિ.

**વિવરણ :** નીચ મનુષ્યો સેવા કરવામાં અને કામ કરવામાં કુશળ હોય છે. પોતાના રાજા કે અધિકારી કે આશ્રયદાતાની મરજી મુજબ સેવા કરીને નીચ મનુષ્યો તેનો વિશ્વાસ પ્રાપ્ત કરે છે અને સમય આવે ત્યારે તે નીચ મનુષ્ય પોતાનો વિશ્વાસ કરનારને જ દગો દે છે. આથી આવા નીચ મનુષ્યનો વિશ્વાસ કરવો નહિ. ।।૧૦૬।।

**સૂત્ર : सुपूजितोऽपि बाधते दुर्जनः ।।१०७।।**

**અર્થ :** સન્માન કરવા છતાં પણ દુર્જન મનુષ્ય દુ:ખ દેવાનો જ.

**વિવરણ :** સર્પ, વાઘ, વરુ, શિયાળ, કાગડા જેવા સ્વભાવવાળા દુર્જન મનુષ્યનું ગમે તેટલું સન્માન કરો, તેની ઈચ્છા મુજબ તેઓને આપો છતાં પણ ''જેનું ખાવું તેનું જ ખોદવું'' એવા સ્વભાવવાળા દુર્જનનો ગમે તે પ્રસંગે દુ:ખદાયી બનવાના જ માટે તેમનો કયારેય વિશ્વાસ કરવો નહિ. ।।૧૦૭।।

**સૂત્ર : शिरसि प्रस्थाप्यमानोऽपि वह्निः दहत्येव ।।१०८।।**

**અર્થ :** અગ્નિને મસ્તક ઉપર પધરાવીએ તો પણ તે બાળવાનો જ.

**વિવરણ :** અગ્નિની આ વિશિષ્ટતા અત્રે ઈષ્ટ નથી અગ્નિનો સ્વભાવ બીજાને બાળવાનો જ છે. અગ્નિને કોઈ પોતાના માથા ઉપર પધરાવે તો અગ્નિ તો તે તેને બાળવાનો જ, કારણ કે, બાળવું અર્થાત્ ભસ્મીભૂત કરવું એ અગ્નિનો સ્વભાવ છે. જડ હોય કે ચેતન હોય તે પોતાનો સ્વભાવ મૂકે જ નહિ. તેથી જ સૂત્રકાર કહે છે કે, દુર્જન સજ્જન દેખાતો હોય તો પણ દુર્જન પોતાનો સ્વભાવ છોડે જ નહિ. માટે દુર્જનને માનપાન આપવા જ નહિ. ।।૧૦૮।।

**સૂત્ર : कंचिदपि पुरुषं नावमन्येत ।।१०९।।**

**અર્થ :** કોઈપણ પુરુષનું અપમાન કરવું નહિ.

**વિવરણ :** નીતિજ્ઞ સત્પુરુષે કોઈની સાથે વૃથા વાદવિવાદ કરીને કોઈનું અપમાન કરવું નહિ. ગરીબ કે સમાજમાં સામાન્ય ગણાતો હોય તેવા મનુષ્યનું પણ ક્યારેય અપમાન કરવું નહિ. કારણ કે સામાન્ય મનુષ્ય પણ આપણું અહિત કરી શકે છે તેમજ સામાન્ય મનુષ્ય પણ ક્યારેક અતિ ઉપયોગી બની શકે છે. ।।૧૦૯।।

**સૂત્ર : क्षमन्त इति पुरुषान् न बाधयेत् ।।११०।।**

**અર્થ :** ક્ષમા યાચનારને દુઃખ દેવું નહિ.

**વિવરણ :** "ભાઈ, મારી ભૂલ થઈ છે માફ કરજો." આમ કહીને ક્ષમા યાચનારને ક્ષમા આપવી. પરંતુ તેને દુઃખી કરવો નહિ. કારણ કે સજ્જનથી અજાણતાં ભૂલ થઈ જાય અને તે ભૂલની તે માફી માગે તો તેને ક્ષમા આપવી પરંતુ ક્ષમા યાચનાર સજ્જનને દુઃખ દેવું નહિ કારણ કે શાસ્ત્રમાં કહેલ છે કે, "દયા, ક્ષમા, સરળતા, વિવેકબુદ્ધિ, કાર્ય કરવાની કુશળતા વગેરે સદ્ગુણો વડે પ્રાણીમાત્રને સ્વાધીન કરી શકાય છે." ।।૧૧૦।।

**સૂત્ર : चन्दनादपि जातो वह्निः दहत्येव ।।१११।।**

**અર્થ :** ચંદનના કાષ્ટમાંથી પ્રગટ થયેલો અગ્નિ પણ બાળે તો છે જ.

**વિવરણ :** ચંદનનું કાષ્ટ શીતળ છે પરંતુ તેને અગ્નિનો સંયોગ થાય તો પણ ચંદનના કાષ્ટની શીતળતા અગ્નિમાં આવતી નથી. સર્વને ભસ્મસાત કરી નાખવાના સ્વભાવવાળો અગ્નિ પોતાનો સ્વભાવ છોડતો નથી. એ જ રીતે સજ્જન

સાથે રહેનારો દુર્જન પોતાનો સ્વભાવ છોડતો નથી. જે સજ્જને પોતાને સહાય કરી હોય એ જ સજ્જનને દુર્જન દુઃખ દે છે. ॥૧૧૧॥

**સૂત્ર : भर्त्राऽधिकं रहस्युक्तं वक्तुमिच्छंत्यबुधः ॥११२॥**

**અર્થ :** પોતાના સ્વામીએ કહેલી અને ગુપ્ત રાખવા યોગ્ય વાતો મૂર્ખ મનુષ્ય કહેવા ઈચ્છે છે.

**વિવરણ :** મૂર્ખ મનુષ્યને રહસ્યમય ગુપ્ત વાત કહેવી જ નહિ કારણ કે મૂર્ખને વિચારશક્તિ હોતી નથી. પોતાની પ્રશંસા કરનાર આગળ તે બધી જ વાત કહી દે છે. ॥૧૧૨॥

**સૂત્ર : अनुरागस्तु फलेन सूच्यते ॥११३॥**

**અર્થ :** કાર્યની સફળતા જોઈને જ કાર્યમાં આસક્તિનું જ્ઞાન થાય છે.

**વિવરણ :** આ કાર્યમાં આ વ્યક્તિને રાગ છે. આવો ખ્યાલ તો તે વ્યક્તિના કાર્યની સફળતા જોઈને જ માલૂમ પડે છે માટે આસક્તિનો ખ્યાલ તો કાર્યની સફળતાની અપેક્ષા રાખે છે. ॥૧૧૩॥

**સૂત્ર : आज्ञाफलमैश्वर्यम् ॥११४॥**

**અર્થ :** પોતાની આજ્ઞાનું પાલન થાય તેનું નામ ઐશ્વર્ય.

**વિવરણ :** રાજાની કે શ્રીમંતની આજ્ઞા પાળનારને યોગ્ય વળતર મળી રહે છે. રાજાની આજ્ઞા નહિ પાળનાર શિક્ષાને પાત્ર બને છે. શેઠની આજ્ઞા નહિ પાળનાર નોકરીમાંથી દૂર થાય છે. પરંતુ પોતાની આજ્ઞાનું પાલન ન કરાવી શકે એવા પ્રભાવહીન રાજાઓ કે શ્રીમંતોનું શાસન કે ઐશ્વર્ય નિષ્ફળ છે. ॥૧૧૪॥

**સૂત્ર : दातव्यमिति बालिशः परिक्लेशेन दास्यति ॥११५॥**

**અર્થ :** દાન કોને આપવું આ બાબતમાં અજ્ઞાની કે મૂઢ મનુષ્ય મહામુશીબતે દાન આપે છે.

**વિવરણ :** સમજુ મનુષ્યને દાન આપવાનો વિચાર થાય ત્યારે તે દાન આપવું કે નહિ ? દાન આપવાથી શો લાભ થશે ? આ વ્યક્તિને આપવું કે અન્યને આપવું ? વગેરે બાબતો વિચારીને સુપાત્રને આદરભાવથી દાન આપે છે. જ્યારે મૂઢ મનુષ્ય શંકાસહિત તથા કચવાતે મને દાન કરે છે. આવા મૂઢ મનુષ્યે આપેલું દાન નિષ્ફળ થાય છે.

**સૂત્ર : महदप्यैश्वर्यमवाप्याधृतिमान् विनश्यति ।।११६।।**

અર્થ : ધૈર્ય રહિત મનુષ્ય મહાન ઐશ્વર્ય પ્રાપ્ત કરે પરંતુ અંતે તેનો વિનાશ થાય છે.

**વિવરણ :** ઐશ્વર્ય, રાજ્યસત્તા, ધનસંપત્તિ, આ બધું પુરુષપ્રયત્ન અને ભાગ્યની અનુકૂળતાથી જ પ્રાપ્ત થાય છે પરંતુ મળેલ સત્તા, સંપત્તિ કે શાસનને દીર્ઘકાળ સુધી એકધારું ટકાવી રાખવું એ તો બહુ જ કઠિન છે. તેને ટકાવવા માટે બૌદ્ધિક, શારીરિક અને માનસિક એમ ત્રિવિધ ધૈર્યની જરૂર રહે છે. આ પ્રકારના ધૈર્યરહિત મનુષ્ય પ્રાપ્ત થયેલ ઐશ્વર્ય, સત્તા, કે સંપત્તિનું રક્ષણ કરી શકતો નથી. ધૈર્યરહિત મનુષ્યનાં ઐશ્વર્ય વગેરે નાશ પામે છે. ॥૧૧૬॥

ઈતિશ્રી ચાણક્યસૂત્રનીતિરૂપ દર્શનશાસ્ત્રનો બીજો અધ્યાય પૂરો.



## અધ્યાય - ૩જો

**સૂત્ર : धृत्या जयति रोगान् ।।१।।**

**અર્થ :** ધૈર્યથી રોગોને જીતી શકાય છે.

**વિવરણ :** રોગના બે પ્રકાર છે : શારીરિક રોગો અને માનસિક રોગો. આ રોગોને દૂર કરવાના વિવિધ ઉપાયો છે. તેમાં પણ ધીરજ છે તે મુખ્ય ઉપાય છે. માટે રોગાદિ દુઃખો આવે ત્યારે ધીરજ રાખીને તે રોગોને દૂર કરવાના ઉપાયો સતત કરવા. ધીરજ વિનાની વ્યક્તિ ઔષધનું સાતત્ય જાળવી શકે નહિ, પરિણામે રોગ સહેલાઈથી અને ઝડપથી કાબૂમાં આવે નહિ. રોગમાં તો ધીરજપૂર્વક કરેલા ઉપાયો જ ફળીભૂત થાય છે. ॥૧॥

**સૂત્ર : नास्त्य धृतेरैहिकामुष्मिकम् ।।२।।**

**અર્થ :** ધૈર્ય રહિતને આ લોકનાં કે પરલોકનાં કાર્યો સિદ્ધ થતા નથી.

**વિવરણ :** ધીરજરહિત વ્યક્તિને ફક્ત રોગ જ નહિ પણ અન્ય સર્વ કાર્યોમાં મુશ્કેલી આવે છે તે આ મંત્રમાં દર્શાવ્યું છે. કોઈપણ કાર્યમાં ધીરજ નહિ રાખનારને તે કાર્યની સિદ્ધિ થતી નથી. કાર્યનો આરંભ કરવાથી જ તત્કાળ તે કાર્ય સિદ્ધ થતું નથી. કાર્યની મહત્તા, વ્યાપક્તા, સાધનો વગેરેની અનુકૂળતાને અનુસારે કાર્ય સિદ્ધ થવામાં થોડો ઘણો સમય વ્યતીત થવાનો જ. કાર્ય પૂર્ણ થાયં નહિ ત્યાં સુધી ધીરજ અને ઉત્સાહ સહિત કાર્યસિદ્ધિના પ્રયત્નો સતત ચાલુ રાખવા જોઈએ. આમ કરવાથી જ કાર્ય સિદ્ધિ થાય છે. ॥૨॥

**સૂત્ર : गुणवानपि क्षुद्रपक्षस्त्यज्यते ।।३।।**

**અર્થ :** નીચ મનુષ્યનો પક્ષ રાખનાર ગુણવાન મનુષ્યને પણ કલંક લાગે છે.

**વિવરણ :** દુરાચારી મનુષ્યના સંગથી અને તેનો પક્ષ રાખવાથી મહાપુરુષોની પણ મહત્તા ઘટે છે. જેમ કે દુર્યોધનના સંગથી અને તેનો પક્ષ રાખવાથી ભીષ્મની મહત્તાને પણ કલંક લાગ્યું. દૂધ તો સ્વભાવિક રીતે જ મધુર છે, સ્વાદિષ્ટ છે પરંતુ તે દૂધમાં વિષ ભળે તો મધુર અને સ્વાદિષ્ટ તે દૂધ વિષમય બને છે. આમ દુર્જનના સંગથી મનુષ્યના સ્વભાવ અને ગુણો વિપરીત થાય છે.

**સૂત્ર : न दुर्जन सह संसर्गः कर्तव्यः ।।४।।**

**અર્થ :** દુર્જન સાથે સંબંધ રાખવો નહિ.

**વિવરણ :** પૂજ્ય પુરુષોના વચનમાં તથા સત્‌શાસ્ત્રોનાં વાક્યોમાં વિશ્વાસ કે શ્રદ્ધા નહિ રાખનાર, પોતાના પરિવારના સભ્યો પ્રત્યે શંકા રાખનાર, મિત્રોનો તિરસ્કાર કરનાર મનુષ્ય અધમ અથવા દુર્જન કહેવાય છે. આ પ્રકારના દુર્જન મનુષ્યનો સંગ કરવો નહિ. ॥૪॥

**સૂત્ર : शोण्डहस्तगतं पयोऽप्यवमन्यते ।।५।।**

**અર્થ :** મદ્યપાન કરનાર મનુષ્યના હાથનું દૂધ કે પાણી પણ અગ્રાહ્ય બને છે.

**વિવરણ :** આગળના સૂત્રમાં જે નીતિ દર્શાવી તેનું ઉદાહરણ દ્વારા કારણ હવે દર્શાવ્યું છે. શરાબી મનુષ્યે આપેલું દૂધ કે જળ પીનારને લોકો જુએ તો જોનારા લોકો એમ જ કહેવાના કે આ સજ્જન પણ શરાબીના સંગથી શરાબ પીતો થયો છે. આમ દુર્જન મનુષ્યના સંગથી અને તેની સાથેના વ્યવહારથી સજ્જન નિર્દોષ હોવા છતાં દોષિત બને છે. ॥૫॥

**સૂત્ર : कार्यसंकटेष्वर्थव्यवसायिनी बुद्धिः ।।६।।**

**અર્થ :** આરંભિત કાર્યમાં વિઘ્ન આવે ત્યારે કાર્યસિદ્ધિના સફળ ઉપાયો પ્રાપ્ત થાય તેવી વિચાર શકિતનું નામ બુદ્ધિ.

**વિવરણ :** કાર્ય કરવામાં આવતાં વિઘ્નો દૂર કરવાના ઉપાયો તથા કાર્યસિદ્ધિના સફળ ઉપાયો બતાવે તેવી કાર્યસિદ્ધિનું જ્ઞાન પ્રાપ્ત કરવું તેનું નામ બુદ્ધિ. ॥૬॥

**સૂત્ર : मितभोजनं स्वास्थ्यम् ।।७।।**

**અર્થ :** પ્રમાણસર જમવાથી નીરોગી રહેવાય છે.

હવે આહાર વિષયક કેટલાક નિયમો આપે છે.

**વિવરણ :** આ લોકસંબંધી કે પરલોક સંબંધી ઈચ્છિત સુખો પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન શરીર છે, શારીરિક નીરોગિતા એ જ મુખ્ય સુખ છે. માટે જ કહ્યું છે કે, ''પહેલું સુખ તે જાતે નર્યા.'' શરીરને નીરોગી રાખવાનો મુખ્ય ઉપાય છે જરૂર પૂરતું જ જમવું. ।।૭।।

**સૂત્ર : भक्ष्यमप्यपथ्यं नाश्नीयात् ।।८।।**

**અર્થ** ભોજન નિર્દોષ હોય તો પણ જો તે અપથ્ય હોય તો તેવું ભોજન જમવું નહિ.

**વિવરણ :** સરસ, સ્વાદિષ્ટ ભોજન જો શરીરને નુકસાનકારક હોય તો તે ભોજન જમવું નહિ. શરીરને પથ્ય ન હોય તેવા ભોજન જમવાથી શારીરિક રોગ થાય છે. માટે શરીરને બળપ્રદ અને મનની પ્રસન્નતાકારક ભોજન જરૂર પૂરતું જ જમવું. ।।૮।।

**સૂત્ર : जीर्णभोजिनं व्याधिर्नोपसर्पति ।।९।।**

**અર્થ :** જમ્યા હોઈએ તે પચી જાય ત્યારે જ ભોજન કરનારને રોગ થતા નથી.

**વિવરણ :** પ્રથમ જે ભોજન કર્યું હોય તે પચી જાય અને ભૂખ લાગે ત્યારેજ સંપૂર્ણ પાકી ગયેલું તાજું પથ્ય અને રૂચિકર ભોજન જરૂર પૂરતું જ જમનારને રોગ થતા નથી. ।।૯।।

**સૂત્ર : अजीर्णे भोजनं विषम् ।।१०।।**

**અર્થ :** પાચન થયા વિના ભોજન કરવું તે ઝેર સમાન દુઃખદ છે.

**વિવરણ :** વૈદ્યક ગ્રંથોમાં કહેલ છે કે, હોજરીમાં ગયેલા આહારના બધા જ રસો પરિપકવ થાય, આહારના દોષો અને શારીરિક મળ પરિપકવ થાય અને પછી જે ભૂખ લાગે ત્યારે જ ભોજન કરવું ''તથા કહેલ છે કે, બળ, શક્તિ અને આયુષ્યની વૃદ્ધિકારક, મનની પ્રસન્નતા, ચિત્તની શુદ્ધિ અને સ્મરણશક્તિકારક આહાર તેનું નામ ભોજન.'' ।।૧૦।।

**સૂત્ર : शरीरे वर्धमानो व्याधिर्नोपेक्ष्यते ।।११।।**

**અર્થ :** શરીરમાં વધતા રોગની ઉપેક્ષા કરવી નહિ.

**વિવરણ :** શત્રુ અને રોગ આ બન્નેનો તત્કાળ નાશ કરવો, નાનો એવો શત્રુ અને અલ્પ એવો રોગ આ બન્નેનો તત્કાળ નાશ ન કરીએ તો તે ધીરે ધીરે વધી જઈને આપણો જ નાશ કરે છે. કહેવાયું છે કે, ''ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થ પ્રાપ્ત કરવા માટેનું મુખ્ય સાધન શરીર છે'' અને તે શરીર બળવાન અને નીરોગી હોય તો જ આ લોક અને પરલોકનાં સુખો પ્રાપ્ત કરી શકાય છે પરંતુ રોગો છે તે બળ અને સ્વાસ્થ્યને નુકસાનકર્તા છે માટે શરીરના રોગોનો નાશ કરવાના ઉપાયો પ્રથમ કરવા. શરીરમાં રોગ વધવા માંડે તે પરત્વે બેદરકાર રહેવું નહિ. ॥૧૧॥

**સૂત્ર : शत्रोरपि विशिष्यते व्याधिः ॥१२॥**

**અર્થ :** શત્રુ કરતાં પણ રોગ વધારે ભયંકર છે.

**વિવરણ :** શારીરિક અને માનસિક રોગો શત્રુ કરતાં પણ વધારે ભયંકર છે કારણ કે બહારના શત્રુ તો આપણાથી દૂર રહીને દુઃખ દે છે. પરંતુ રોગરૂપી શત્રુ તો આપણા શરીરમાં આપણી સાથે જ રહીને આપણને સતત દુઃખી કરે છે. બહારના શત્રુ તો તેના બુદ્ધિ, બળ અને સાધનોથી આપણને હેરાન પરેશાન કરે છે. જ્યારે રોગરૂપી શત્રુ તો શરીરમાં રહીને પરેશાન કરે છે. બહારના શત્રુઓએ ઝૂંટવી લીધેલી આપણી રાજ્યસંપત્તિ કે ધનસંપત્તિ આપણા શારીરિક કે બૌદ્ધિક બળથી આપણે પાછી મેળવી શકીએ છીએ. પરંતુ રોગરૂપી શત્રુએ નષ્ટ કરેલી આપણી શારીરિક કે માનસિક શક્તિ આપણે યથાર્થ રીતે પાછી મેળવી શકતા નથી. આથી કહી શકાય કે બાહ્ય શત્રુ કરતાં રોગરૂપી શત્રુ મહાબળવાન છે. ॥૧૨॥

**સૂત્ર : दानं निधानमनुगामि ॥१३॥**

**અર્થ :** ધનસંપત્તિને અનુસારે દાન કરવું.

**વિવરણ :** ન્યાયનીતિથી પ્રાપ્ત કરેલા ધનથી પોતાના પરિવારનું તથા પોષ્યવર્ગનું ભરણપોષણ અને નિર્વાહ કરતાં વધારે ધન હોય તો તે ધનનો ઉપયોગ સત્કર્મો કરવામાં કરવો. દીન, નિરાધાર, રોગી મનુષ્યને જોઈતા પદાર્થો આપીને તેને નિઃસ્વાર્થભાવે સહાય કરવી તેનું નામ દાન. દાન પણ પોતાની ધનશક્તિને અનુસારે જ આપવું. આવક ઓછી હોય, પરિવારનું ભરણપોષણ થઈ શકતું ન હોય, આવા નિર્ધન મનુષ્યે દાન કરવું નહિ. ''ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને

પડોશીને આટો'' આવી મુર્ખાઈભરેલુ દાન કરવું નહિ. સાધનસગવડતા રહિત નિ:સહાય, નિરાધાર, રોગી, અપંગ એવા સુપાત્રને જોઈતી વસ્તુ આપવી એ જ સાચું દાન છે. ॥૧૩॥

**સૂત્ર : पटुतरे तृष्णापरे सुलभमतिसंधानम् ।।१४।।**

**અર્થ :** કુશળ અને તૃષ્ણાપરાયણ મનુષ્ય સાથે સરળતાથી સંબંધ બંધાય છે.

**વિવરણ :** વિવિધ કાર્યોના સફળ આયોજન કરવામાં કુશળ અને સંપત્તિ - વૈભવોની લાલસાવાળા વિદ્વાન મનુષ્ય સાથે મૈત્રી કરવી સરળ છે. વૈભવવાંચ્છુ વિદ્વાનોને તેની ઈચ્છા મુજબ સંપત્તિ, સાધન અને સગવડ આપીને તેની પાસેથી ધાર્યું કામ કરાવી શકાય છે. માટે કાર્ય કરવામાં કુશળ, વૈભવવાંચ્છુ વફાદાર વિદ્વાનો સાથે જરૂર સંબંધો બાંધવા. ॥૧૪॥

**સૂત્ર :** तृष्णया मतिच्छाद्यते ।।१५।।

**અર્થ :** તૃષ્ણાથી બુદ્ધિ ઢંકાઈ જાય છે.

**વિવરણ :** વિષય વાંચ્છુઓની બુદ્ધિ વિષયપ્રાપ્તિના વિચારોમાં જ વ્યસ્ત રહેવાથી કયું કાર્ય કરવું અને કયું કાર્ય ન કરવું આ પ્રકારનો વૈચારિક વિવેક તેને પ્રાપ્ત થતો નથી. શાસ્ત્રમાં કહેલ છે કે, ''પદાર્થો મેળવવાની આશાથી બુદ્ધિમાં ચંચળતા આવે છે. લોભથી તૃષ્ણા જાગે છે. વિષયની તૃષ્ણાથી મનુષ્ય આ લોક અને પરલોકમાં દુ:ખી જ રહે છે.'' અર્થાત્ માણસ જેમ તૃષ્ણાથી ભરપૂર તેમ બુદ્ધિ કાર્ય કરવાનું ઓછું. તૃષ્ણાપૂર્તિ એ જ લક્ષ્ય હોવાથી બુદ્ધિ વિશેષ કાર્ય કરતી નથી. ॥૧૫॥

**સૂત્ર : कार्यबहुत्वे बहुफलमायतिकं वा कुर्यात् ।।१६।।**

**અર્થ :** અનેક કાર્ય કરવાના પ્રસંગમાં, વધારે ભવિષ્યમાં વધારે લાભદાયક કાર્ય પ્રથમ કરવું.

**વિવરણ :** કયારેક એવો પ્રસંગ આવે કે એકી સાથે અનેક કાર્યો ફરજિયાત કરવાં પડે. આવા પ્રસંગમાં પ્રથમ કયા કાર્યનો આરંભ કરવો અથવા ચાલુ કાર્યોમાં પ્રથમ કયું કાર્ય પૂરું કરવું ? આ બાબતનું માર્ગદર્શન આપતાં સૂત્રકાર કહે છે કે જે કાર્યનાં ભવિષ્યમાં ઉત્તરોત્તર વધારે લાભ મળતો રહે તેવું પ્રથમ કરો અથવા તેવું કાર્ય પ્રથમ પૂર્ણ કરો. ॥૧૬॥

**સૂત્ર : स्वयमेवाऽऽसन्नं कार्यं निरीक्षेत ।।१७।।**

**અર્થ :** પોતે જાતે જ કાર્યનું નિરીક્ષણ કરવું જોઈએ.

**વિવરણ :** અતિ ખર્ચાળ, અતિ મહત્ત્વનું કે અતિ લાભદાયક કાર્ય હોય તેની દેખરેખ પોતે જાતે જ કરવી. તેમ કરવાથી ઝડપથી કાર્ય પૂર્ણ થાય, વિઘ્નોની શકયતા ઘટે તેમજ કાર્ય કરવામાં આવતી મુશ્કેલીઓનો જાત અનુભવ થાય. એ જ રીતે પોતાના વિરોધી મનુષ્યો દ્વારા કામ કરાવવાનું હોય ત્યારે પણ તે કાર્યની સફળતા માટે પોતાની ઉપસ્થિતિ અનિવાર્ય છે. ॥૧૭॥

**સૂત્ર : मूर्खेषु साहसं नियतम् ।।१८।।**

**અર્થ :** મૂર્ખ લોકો સાહસિક હોય છે.

**વિવરણ :** સાહસે વસતિ શ્રીઃ એ સૂત્રનાં 'સાહસ' શબ્દથી અહીં પ્રયોજાયેલા 'સાહસ' શબ્દ ભિન્ન અર્થમાં છે. આ સૂત્રમાં પ્રયોજાયેલ 'મૂર્ખ' અને 'સાહસ' આ બન્નેના શબ્દાર્થ પ્રથમ સમજીએ - ''આ કાર્ય કરવાથી આવું પરિણામ આવશે. આ પ્રકારની વિવેકબુદ્ધિ રહિત મનુષ્યને અહીં મૂર્ખ કહેલો છે.'' અને વિચાર્યા વિના કામ કરવું તે 'સાહસ'. પોતાની પ્રશંસા સાંભળીને હર્ષઘેલો થઈને પોતાના પ્રાણની પરવા કર્યા વિના કામ કરનાર - સાહસિક મનુષ્ય પાસેથી કળથી કામ કરાવવું. શારીરિક શ્રમસાધ્ય સાહસિક કાર્યો સાહસિક મનુષ્ય પાસે કરાવવાં. ॥૧૮॥

**સૂત્ર : मुर्खेषु विवादो न कर्तव्यः ।।१९।।**

**અર્થ :** મૂર્ખ મનુષ્ય સાથે વિવાદ કરવો નહિ.

**વિવરણ :** મૂર્ખ સાથે વિવાદ કરવાથી આપણને જ નુકસાન થાય છે. મૂર્ખાઓની પ્રશંસા કરીને, તેને ખુશી રાખીને તેની પાસેથી પોતાનું ધાર્યું કાર્ય કરાવવું. ॥૧૯॥

**સૂત્ર : मूर्खेषु मुर्खवत् कथयेत् ।।२०।।**

**અર્થ :** મૂર્ખ મનુષ્યો સાથે મૂર્ખ જેવા બનીને વાત કરવી.

**વિવરણ :** ગાંડાઓની હોસ્પીટલમાં કામ કરનાર મનુષ્યને ગાંડાઓ સાથે કામ લેતાં આવડે. પાગલ મનુષ્યને સાચવવો એ એક કળા છે. એ જ રીતે મૂર્ખ મનુષ્ય પાસે કામ કરાવવું એ પણ એક કળા છે. મૂર્ખાઓને સત્ય વાત સમજાવવી અશક્ય છે પરંતુ મૂર્ખાઓ જે વાત કહે તેને સાંભળીને આપણે એવો દેખાવ કરવો જોઈએ કે, ''તમારા જેટલું તો મારે જ્ઞાન જ નથી, તમે કહો છો એ જ સાચું.''

આમ તેની મરજી મુજબ કહીને તે પ્રસન્ન રહે એ રીતે તેની સાથે વાત કરવી અને વ્યવહાર કરવો તો જ મૂર્ખાઓ પાસેથી ધાર્યું કામ કરાવી શકાય. ॥૨૦॥

**સૂત્ર : आयसैरायसच्छेद्यः ॥२१॥**

**અર્થ :** લોખંડથી જ લોખંડ કાપવું.

**વિવરણ :** લોખંડને કાપવા માટે લોખંડનાં જ સાધનો જોઈએ. વિષનો નાશ કરવા વિષનો જ પ્રયોગ કરવો જરૂરી છે. એ જ રીતે જ્યાં જેવું કામ ત્યાં તેવા મનુષ્યો અને તેવાં સાધનોનો ઉપયોગ કરવાથી કાર્યસિદ્ધિ થાય છે. સજ્જને લુચ્ચા મનુષ્ય પાસે કામ કરાવવું હોય તો તેણે લુચ્ચા મનુષ્યને અનુકૂળ રહીને કાર્ય કરાવવું જોઈએ. ॥૨૧॥

**સૂત્ર : नास्त्यधीमतः सखा ॥२२॥**

**અર્થ :** અબુધ મનુષ્યને સાચો મિત્ર મળે નહિ.

**વિવરણ :** પોતાના હિતનો પોતે જ વિચાર કરી શકે નહિ, પોતાના હિતની વાત કહેનારનો વિશ્વાસ કરે નહિ તેમજ હિતની વાત સાંભળે નહિ આવા મનુષ્યને 'અબુધ' અથવા 'અજ્ઞાની' કહેવાય છે. આવા અબુધને સાચો મિત્ર મળે નહિ. ॥૨૨॥

**સૂત્ર : धर्मेण धार्यते लोकः ॥२३॥**

**અર્થ :** ધર્મથી માનવસમાજની સ્થિતિ જળવાઈ રહે છે.

**વિવરણ :** સદાચાર રૂપી ધર્મમર્યાદાથી જ પ્રાણધારીઓના જીવન - વ્યવહારનો પ્રવાહ એક સરખો જળવાઈ રહે છે. શારીરિક - સ્વચ્છતા, માનસિક વિશુદ્ધિ અને સામાજિક આદર્શ ક્રિયાઓ તેનું નામ આચાર તથા વ્યાવહારિક પ્રામાણિકતા આ રીતે આચાર અને વ્યવહાર તેનું નામ ધર્મ. આચાર અને વ્યવહારરૂપી ધર્મ માનવસમાજમાં યથાર્થ જળવાઈ રહે તો જ પ્રાણધારીઓના જીવન પ્રવાહની સ્થિતિ એકધારી જળવાઈ રહે. ॥૨૩॥

**સૂત્ર : प्रेतमपि धर्माधर्मावनुगच्छतः ॥२४॥**

**અર્થ :** મૃત્યુ પામેલા પ્રાણધારીની પાછળ પણ ધર્મ અને અધર્મ જાય છે.

**વિવરણ :** મનુષ્ય શુભ કે અશુભ જે કાંઈ કર્મ કરે છે તેનું ફળ, પુણ્ય અને પાપ છે. પુણ્ય અને પાપરૂપી જે કર્મસંસ્કારો તેનું નામ ધર્મ અને અધર્મ.

આ લોકમાંથી પરલોકમાં જીવાત્મા જાય છે. ત્યારે તેણે કરેલા કર્મના જે સંસ્કારો છે તે તેની સાથે જાય છે. અને પરલોકમાં ગયેલો જીવાત્મા પોતાના પુણ્ય અને પાપને અનુસારે ત્યાં સુખદુઃખ ભોગવે છે. ॥૨૪॥

**સૂત્ર : दया धर्मस्य जन्मभूमिः ॥२५॥**

**અર્થ :** કૃપા એ ધર્મની જન્મભૂમિ છે.

**વિવરણ :** બીજાનાં દુઃખો દૂર થાય, અન્યનું હિત થાય તેવા ઉપાયો કરવા. કોઈને દુઃખ થાય નહિ એ રીતે જીવન જીવવું તેનું નામ દયા. આ પ્રકારની દયા એ જ સદાચારની પ્રાથમિક ભૂમિકા છે. ॥૨૫॥

**સૂત્ર : धर्ममूले सत्यदाने ॥२६॥**

**અર્થ :** સત્ય અને દાન ધર્મના આધારસ્થંભ છે.

**વિવરણ :** ધર્મની પ્રાથમિક ભૂમિકા દયા છે. દયા એ માનસિક સદ્ભાવ છે. દયા રૂપી ભૂમિમાં પારકાનું હિત કરવારૂપી, શુભ વિચારરૂપી ધર્મનું બીજ વાવવામાં આવે તો જ અન્યને સહાયરૂપ બનવા માટે તેને જોઈતી વસ્તુનું દાન આપી શકાય છે. આ રીતે સુપાત્રને આપેલું દાન એ ધર્મરૂપી બીજનું મૂળ અર્થાત્ આધારસ્થંભ છે. તથા જીવપ્રાણિમાત્રનું હિત થાય એ રીતે બોલવું, વર્તન કરવું તથા સત્યને આધીન રહીને વસ્તુ પદાર્થની આપ-લે રૂપી વ્યવહાર કરવો એ સત્ય છે તે પણ ધર્મનું મૂળ (આધારસ્થંભ) છે. ॥૨૬॥

**સૂત્ર : धर्मेण जयति लोकान् ॥२७॥**

**અર્થ :** ધર્મનું પાલન કરવાથી ત્રિલોકમાં વિજય થાય છે.

**વિવરણ :** સદાચારરૂપી ધર્મનું પાલન કરવાથી સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એમ ત્રણેય લોકમાં વિજય મળે છે. આ લોકમાં રહીને સ્વધર્મનું પાલન કરનાર મનુષ્ય શારીરિક, માનસિક અને ભૌતિક એમ ત્રિવિધ સુખશાંતિ પ્રાપ્ત કરે છે. ઉપરાંતમાં ધાર્મિક મનુષ્ય મૃત્યુ પામીને પરલોકમાં જાય છે. ત્યાં પણ તેને સદ્ગતિ, શાંતિ અને સુખ (વૈભવો) પ્રાપ્ત થાય છે. ॥૨૭॥

**સૂત્ર : मृत्युरपि धार्मिकं रक्षति ॥२८॥**

**અર્થ :** યમરાજા પણ ધાર્મિક મનુષ્યનું રક્ષણ કરે છે.

**વિવરણ :** દેશ, કાળ, અવસ્થા, સંયોગ, આ બધાનો વિચાર કરીને સમય સમય પ્રમાણે સ્વધર્મનું પાલન કરનાર ધાર્મિક મનુષ્યનું અકાળ મૃત્યું થતું નથી.

એટલું જ નહિ ધર્મમય જીવન જીવનાર માર્કંડેય જેવા અલ્પાયુષી ધાર્મિક પુરુષો ચિરંજીવી બનેલા છે. ॥૨૮॥

**સૂત્ર : धर्मात् विपरीतः पापः ॥२९॥**

**અર્થ :** ધર્મથી વિરૂદ્ધ તેનું નામ પાપ.

**વિવરણ :** સત્‌શાસ્ત્રો અને સત્‌પુરુષોએ જે ક્રિયા કરવાની ભલામણ કરી છે તે ધર્મ છે પરંતુ તેથી વિપરીત કાર્યો કરવાની મનાઈ કરી છે તે ક્રિયાને દુરાચાર કહે છે. આ દુરાચારનું પરિણામ પાપ છે અને પાપનું પરિણામ દુઃખ છે. માટે દુરાચાર કરવો નહિ. ॥૨૯॥

**સૂત્ર : यत्र यत्र प्रसज्यते तत्र तत्र ध्रुवा स्मृतिः ॥३०॥**

**અર્થ :** મનુષ્યને ધર્મ કે અધર્મમાં આસક્તિ થાય તેથી તેને, તે તે વિષયનું, અખંડ સ્મરણ થાય છે.

**વિવરણ :** શુભ અથવા અશુભ કોઈપણ કાર્ય કરતાં પહેલાં તે કાર્ય સંબંધી વિચારો મનુષ્યને પ્રથમ થાય છે અને વિચારોની દ્રઢતા થયા પછી તે કાર્ય કરવા માટે તે પ્રયત્નો કરે છે. સતત પ્રયત્નો કરવાથી કાર્યની સફળતા કે નિષ્ફળતા મળે છે. આમ કાર્ય પરત્વેના વિચારો, તેની દ્રઢતા તેના પ્રયત્નો, કાર્યની ફળપ્રાપ્તિ, તેનો ઉપયોગ અને અનુભવ, આમ લાંબી ઘટમાળ ચાલે છે. આ ઘટમાળની સમાપ્તિ સુધીમાં ચિત્તમાં તેનું જ સતત સ્મરણ થયા કરે છે અને તેના અનુભવજન્ય સંસ્કારો અને સ્મરણથી જે તે વિષયની વાસના, સંસ્કારોરૂપી પુણ્ય કે પાપ જીવના ચિત્તમાં ઓતપ્રોત થાય છે. ॥૩૦॥

**સૂત્ર : महती प्रसज्येत ॥३१॥**

**અર્થ :** જેનું વધારે સ્મરણ થાય એ વિષય જ બળવાન બને છે.

**વિવરણ :** જેની વિશેષ આસક્તિ તેનું વિશેષ સ્મરણ અને જેનું વિશેષ સ્મરણ તેની બળવત્તા વિશેષ. આથી સદાચારમાં આસક્તિ રાખવી જોઈએ. સદાચાર પાળવામાં આસક્ત મનુષ્યને પુણ્યની વૃદ્ધિ થાય છે અને દુરાચાર કરવામાં આસક્ત મનુષ્યને પાપનો વધારો થાય છે. માટે સજ્જન પુરુષોએ સદાચારપરાયણ રહેવા પ્રયત્નો કરવા. ॥૩૧॥

**સૂત્ર : लोके प्रशस्तः स मतिमान् ॥३२॥**

**અર્થ :** સુજ્ઞ સમાજમાં જેની પ્રસંશા થાય તે બુદ્ધિશાળી.

**વિવરણ :** વિવિધ પ્રકારના કાર્યોનું સફળ આયોજન કરીને કાર્યસિદ્ધિ પ્રાપ્ત કરનાર પુરુષને સજ્જનોનો સમાજ બુદ્ધિશાળી કહે છે. ॥૩૨॥

**સૂત્ર : सज्जन गर्हिते न प्रसज्येत ।।३३।।**

**અર્થ :** સજ્જનો એ નિષેધ કરેલાં કાર્યોમાં આસક્ત થવું નહિ.

**વિવરણ :** સત્‌શાસ્ત્રો તથા સજ્જનો દ્વારા નિંદિત અને નિષેધિત કાર્યોમાં આસક્ત થવું નહિ તેમજ તેવાં કાર્યો કરવાં નહિ. શાસ્ત્રમાં કહેલ છે કે, "સત્‌શાસ્ત્રોમાં કહેલાં કર્મો નહિ કરવાથી અને નિંદનીય કર્મો કરવાથી તથા ઈન્દ્રિયોને સ્વાધીન નહિ રાખવાથી મનુષ્યનું અધ:પતન થાય છે. તેમજ નિંદનીય કર્મો કરવાથી સમાજમાં દુરાચાર વધે છે અને દુરાચારથી દુ:ખ વધે છે." ॥૩૩॥

**સૂત્ર : उपस्थितविनाशः प्रकृत्याकारेण कार्येण लक्ष्यते ।।३४।।**

**અર્થ :** પદાર્થના સ્વરૂપને કે તેના પરિણામને જાણવાથી જ પ્રાપ્ત પદાર્થનો વિનાશ જાણી શકાય છે.

**વિવરણ :** પદાર્થના ઉપયોગથી થતા લાભો, પદાર્થની દીર્ઘ સ્થિતિ, તેનો વિનાશ વગેરેનો સાચો ખ્યાલ તો જે તે પદાર્થનું સ્વરૂપ, તેના કાર્યનું પરિણામ, તેની ઉપયોગિતા વગેરેનો પ્રત્યક્ષ જાત અનુભવ કરે ત્યારે જ ખ્યાલ આવે છે. ॥૩૪॥

**સૂત્ર : आत्मविनाशं सूचयति अधर्मबुद्धिः ।।३५।।**

**અર્થ :** દુરાચારમાં આસક્તિ એ જ પોતાના વિનાશનું સૂચક છે.

**વિવરણ :** પોતાના કે અન્યની શારીરિક કે માનસિક પીડા કરાવનાર ક્રિયા તેનું નામ અધર્મ કે દુરાચાર. દુરાચાર કરવાનો વિચાર થાય ત્યારે સમજી લેવું કે આ પ્રકારની મારી ક્રિયા વડે હું પોતે જ મારો વિનાશ કરી રહ્યો છું. શાસ્ત્રમાં કહ્યું છે કે, "દુરાચારી મનુષ્ય પોતાના દુરાચાર વડે શત્રુઓનો પરાજય કરે છે. સુખ સંપત્તિ મેળવે છે. પરંતુ આવા દુરાચારી મનુષ્ય પોતાના પરિવાર સહિત અંતે તો નાશ પામે છે." ॥૩૫॥

**સૂત્ર : नास्ति पिशुनवादिनः रहस्यम् ।।३६।।**

**અર્થ :** ચાડી કરનાર મનુષ્યને છુપાવવા યોગ્ય કોઈ વાત છે જ નહિ.

**વિવરણ :** અન્યના દોષ જોવાના સ્વભાવવાળા, દુરાચારી, લુચ્ચાઓ અને ચાડી કરીને પરસ્પર સંઘર્ષ કરાવવાના સ્વભાવવાળા ખલ પુરુષોને છુપાવવા

યોગ્ય કંઈ જ હોતું નથી. આવા મનુષ્યનો સંગ કરવો નહિ. તેની આગળ રહસ્યમય ગોપનીય વાતો કરવી નહિ તથા તેઓની વાતમાં વિશ્વાસ કરવો નહિ. ॥૩૬॥

**સૂત્ર : परहस्यं नैव श्रोतव्यम् ॥३७॥**

**અર્થ :** કોઈની ગુપ્ત વાતો સાંભળવી જોઈએ નહિ.

**વિવરણ :** જે વાત જાણવાની જરૂર નથી તે વાત જાણવાથી મનમાં કારણ વિના ક્લેશ થાય છે અને જેની ગુપ્ત વાત જાણવા મળે છે તેની સાથે વૈર થાય છે. ॥૩૭॥

**સૂત્ર : वल्लभस्य कातरत्वमधर्मयुक्तम् ॥३८॥**

**અર્થ :** પ્રજાનો અધ્યક્ષ પોતાનું કાર્ય કરવામાં દીનતા દાખવે તો તે અધર્મ છે.

**વિવરણ :** રાજા કે પ્રધાનમંત્રી અથવા પરિવારનો મુખ્ય માણસ પોતાનું કર્તવ્ય કરવામાં દીનતા કે કાયરતા અથવા બેદરકારી દાખવે તો તેને માટે તે દીનતા અધર્મ જ કહેવાય, રાષ્ટ્રની કે પરિવારની સર્વોન્નતિ થાય તેવાં કાર્યો કરવામાં કે અપરાધીને કડક શિક્ષા કરવામાં રાજા કે પ્રધાનમંત્રી કે પરિવારનો મુખ્ય મનુષ્ય બેદરકારી દાખવે અથવા આળસ, પ્રમાદ કે ભય રાખે તો તેને માટે તે અધર્મ જ છે. કારણ કે પોતાનું કર્તવ્ય તે કરતો નથી. ॥૩૮॥

**સૂત્ર : स्वजनेष्वतिक्रामो न कर्तव्यः ॥३९॥**

**અર્થ :** પોતાના સંબંધીજનો પાસેથી વધારે આશા રાખવી નહિ.

**વિવરણ :** પોતાના પરિવાર કે મિત્રો પાસેથી વધારે ધનસંપત્તિ કે સગવડની આશા રાખવાથી તેઓ આપણી પ્રત્યે વૈર રાખે અથવા તેઓ આપણી સાથેના વ્યાવહારિક સંબંધો રાખે નહિ અને તેથી પરિણામે દુઃખી થવાય છે. ॥૩૯॥

**સૂત્ર : मातापि दुष्टा त्यक्तव्या ॥४०॥**

**અર્થ :** દુષ્ટ માતા પણ ત્યાજ્ય છે.

**વિવરણ :** પોતાની જનેતા સર્વથા પૂજ્ય જ છે. તેનાં વચનો પણ માનવા યોગ્ય છે. પરંતુ માતા પોતે જ કુમાતા બને, પોતાના પુત્રને જ મારી નાખવાના ઉપાયો કરે તો તેવી માતાનો ત્યાગ કરી દેવો. શાસ્ત્રમાં કહેલ છે કે, ''સન્માર્ગે નહિ ચાલનાર અને પોતાનો વિનાશ કરાવનાર એવા માતા, પિતા, ગુરુ વગેરે પૂજ્ય પુરુષોનો પણ ત્યાગ કરવો.'' આવા માતા, પિતા, ગુરુ વગેરેને પોતાનાથી દૂર રાખીને તેનું ભરણપોષણ કરવું અને તેનાથી સાવચેત રહેવું. તેનો વિશ્વાસ કરવો નહિ. જો કે માતા, પિતા અને ગુરુનો વધ કરવો નહિ એવી શાસ્ત્રાજ્ઞા છે. ॥૪૦॥

**સૂત્ર : स्वहस्तोऽपि विषदग्धः छेद्यः ।।૪૧।।**

**અર્થ :** ઝેરની અસરવાળા પોતાના હાથને પણ કાપવો જ પડે.

**વિવરણ :** શરીરના કોઈપણ અવયવમાં સર્પ જેવા વિષમય જંતુનો દંશ થાય તો શરીરના તે ઝેરવાળા અવયવને કાપવો જ પડે કારણ કે તે અવયવને કાપવાથી જ સ્વબચાવ થઈ શકે છે. તેને કાપીએ નહિ તો સમગ્ર શરીર વિષમય બનીને અંતે મરણશરણ થવું પડે છે. એ જ રીતે માતા, પિતા, ગુરુ વગેરે પૂજ્ય પુરુષો દુરાચારી કે ઘાતકી હોય તો તેને દૂર જ કરીએ તો જ સ્વબચાવ થઈ શકે છે. ા૪૧ા

**સૂત્ર : परोऽपि च हितो बंधुः ।।૪૨।।**

**અર્થ :** પારકો હોવા છતાં હિતકારક હોય તો તેને મિત્ર જેવો જ માનવો.

**વિવરણ :** આપણો સંબંધી ન હોય છતાં તે આપણું હિત કરતો હોય તો તેને આપણા મિત્ર જેવો જ માનવો. એ જ રીતે આપણો શત્રુ હોવા છતાં તે આપણા હિતની વાત કરે ત્યારે તેની વાત આદરપૂર્વક સાંભળવી અને તેની પ્રત્યે આદરભાવ દર્શાવવો. ા૪૨ા

**સૂત્ર : कक्षादप्यौषधं गृह्यते ।।૪૩।।**

**અર્થ :** સમીપમાં જ પ્રાપ્ત થતા તૃણ વગેરેમાંથી ઔષધિ પ્રાપ્ત કરી શકાય છે.

**વિવરણ :** આપણા નજીકના જ સ્થાનમાં ઉગતા તૃણ, ઘાસ વગેરે વનસ્પતિમાંથી ઔષધિ પ્રાપ્ત થાય છે તો શા માટે વનમાં જવું ? એ જ રીતે પોતાના પડોશમાંથી જ સાથસહકાર મળતો હોય તો તેનો પ્રથમ ઉપયોગ કરી લેવો. પડોશમાં રહેતો મનુષ્ય ભલે સામાન્ય વ્યક્તિ હોય છતાં પણ તેના તરફથી મળતા સાથસહકારથી આપણને કયારેક ખૂબ લાભ થાય છે. ા૪૩ા

**સૂત્ર : नास्ति चोरेषु विश्वासः ।।૪૪।।**

**અર્થ :** ચોરનો વિશ્વાસ કરવો નહિ.

**વિવરણ :** છાની છૂપી રીતે પારકી વસ્તુ લઈ લેવાના સ્વભાવવાળા ચોર લોકો પકડાઈ ગયા પછી ગમે તેટલી માફી માગે, ખૂબ જ દીનતા દાખવે છતાં પણ ચોર લોકો પોતાનો સ્વભાવ મૂકવાના જ નહિ. માટે ચોરનો વિશ્વાસ કરવો જ નહિ. ચોરને તો યથાયોગ્ય દંડ દઈને શિક્ષા જ કરવી. ા૪૪ા

**સૂત્ર : अप्रतिकारेषु व्यसनेषु अनादरः न कर्तव्यः ॥४५॥**

**અર્થ :** દૂર ન કરી શકાય તેવા દુઃખો પ્રત્યે ઉદાસીન રહેવું નહિ.

**વિવરણ :** વિવિધ પ્રકારનાં વ્યસનો (કુટેવો), વિવિધ પ્રકારના દોષ અથવા દુઃખો તેનું નામ વ્યસન. કામ, ક્રોધાદિ દોષો, અફીણ, તમાકુ વગેરે વ્યસનો અને અસાધ્ય અથવા કષ્ટસાધ્ય રોગો બધા જ દુઃખદાયક છે ઉપરોક્ત વ્યસનો ટાળવાના પ્રયત્નો સતત કર્યા જ કરવા. દોષો, કુટેવો અને રોગાદિ દુઃખો દૂર કરવામાં આળસ કરવી નહિ. ॥૪૫॥

**સૂત્ર : व्यसनमना बाध्यते / व्यसनमनागपि बाध्यते ॥४६॥**

**અર્થ :** વ્યસની મનુષ્ય દુઃખી થાય છે. નાનું એવું વ્યસન પણ દુઃખદ છે.

**વિવરણ :** મદ્યપાન, જુગાર, શિકાર વગેરે વ્યસનોથી દુષિત મનવાળો મનુષ્ય વ્યસનોના દુઃખથી દુઃખી જ રહે છે. તેમજ અલ્પ એવું એકાદ વ્યસન પણ દુઃખદાયક બને છે. વ્યસન છોડવાનો અભ્યાસ, સજ્જનોનો સંગ, ધીરજ, સત્‌શાસ્ત્રોનું વાચન, શ્રવણ અને સતત કામ કરવાની વૃત્તિ વગેરે ઉપાયો વડે વ્યસનથી મુક્ત થવાય છે. ॥૪૬॥

**સૂત્ર : अजरामरवदर्थमार्ज्जयेत् ॥४७॥**

**અર્થ :** વૃદ્ધ થવું નથી, મરવું નથી એમ સમજીને ધનસંપત્તિ મેળવવી.

**વિવરણ :** થોડા જ સમયમાં મરી જઈશું, ઘરડા થયા પછી સંપત્તિ શા કામની? કોના માટે ભેગું કરવું ? આ પ્રકારના નિર્માલ્ય વિચાર કરનાર આળસુ કે વેદિયો મનુષ્ય ધનસંપત્તિ કે રાજ્યસત્તા મેળવી શકતો નથી. ધનસંપત્તિ કે રાજસત્તાની ઈચ્છા રાખનારાએ તો ઘડપણ કે મરણનો વિચાર કરવો જ નહિ. દીર્ઘજીવનની આશા, ઉત્સાહ અને ઉદ્યમવાળો મનુષ્ય જ ધનસંપત્તિ અને રાજ્યસત્તા પ્રાપ્ત કરી શકે છે. ॥૪૭॥

**સૂત્ર : अर्थवान् सर्वलोकस्य बहुतमः ॥४८॥**

**અર્થ :** ધનસંપત્તિવાળો જ બધા જ લોકોને અતિ આદરણીય બને છે.

**વિવરણ :** સુજ્ઞ સમાજમાં ધનસંપત્તિની ખૂબ જ મહત્તા છે. શ્રીમંતોની બધાને જરૂર પડે છે તેથી જ શ્રીમંતોનો બધા જ સત્કાર કરે છે. ધનસંપત્તિ તો વ્યવહારતંત્રનો પ્રાણ છે કારણ કે વ્યવહારતંત્રને ગતિશીલ રાખવાનું મુખ્ય સાધન ધનસંપત્તિ છે. માટે પોતાની અને રાષ્ટ્રની અર્થસંપત્તિમાં વૃદ્ધિ થાય તેવા પ્રયત્નો કરવા. ॥૪૮॥

**સૂત્ર : महेन्द्रमप्यर्थहीनमवमन्यते लोकः ॥४९॥**

**અર્થ :** ધનસંપત્તિથી રહિત ઈન્દ્રિને પણ લોકો આવકાર આપતા નથી.

**વિવરણ :** સ્વર્ગનો સમ્રાટ અને દેવોનો રાજા ઈન્દ્ર પણ ધનસંપત્તિથી રહિત હોય તો સામાન્ય લોકો પણ તેને આવકાર આપતા નથી એ જ રીતે આ લોકમાં પણ કોઈ ચક્રવર્તી રાજા હોય પરંતુ તે રાજા ઐશ્વર્ય કે ધનસંપત્તિથી રહિત હોય તો તે રાજાનો સામાન્ય પ્રજા પણ સત્કાર કરતી નથી. માટે સમાજમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા ધનસંપત્તિની જરૂર છે. તેને માટે સતત પ્રયત્નો કરવા. सर्वे गुणाः काश्चनमाश्रयन्ते । એ સિદ્ધાંતની યાદ અપાવે તેવું આ સૂત્ર વાસ્તવિક અર્થ વાદને પ્રસ્થાપિત કરે છે. ાા૪૯ાા

**સૂત્ર : विरूपोऽपि अर्थवान् सुरूपः ॥५०॥**

**અર્થ :** શ્રીમંત કુરૂપ હોય તો પણ લોકો તેને સ્વરૂપવાન કહે છે.

**વિવરણ :** શરીરમાં કોઢ હોય, અવયવોમાં અપૂર્ણતા હોય છતાં પણ બધા જ લોકો ધનવાન મનુષ્યને રૂડો રૂપાળો જ કહે છે. મનુષ્યના શારીરિક કે માનસિક દોષોને ઢાંકી દેવાનું કાર્ય ધનસંપત્તિ કરે છે. ઉપરના સૂત્રને અનુમોદન આપતું વધુ એક દ્રષ્ટાંત ! ાા૫૦ાા

**સૂત્ર : अदातारमप्यर्थवंतमर्थिनो न त्यजन्ति ॥५१॥**

**અર્થ :** દાન નહિ દેનાર શ્રીમંતનો યાચક લોકો પણ ત્યાગ કરતા નથી.

**વિવરણ :** પ્રાપ્ત થયેલું ધન ત્રણ પ્રકારે ખર્ચાય છે. (૧) પોતાને માટે, (૨) દાન દેવું, (૩) ચોર રાજા કે લુટારુ દ્વારા વેડફાઈ જવું. દીન, દુઃખી, રોગી વગેરે સુપાત્રને જોઈતી વસ્તુ આપીને, સરોવર, ધર્મશાળા, વિદ્યાલયો, હોસ્પીટલો કરાવીને કે પશુપંખીને ચારો, ચણ આપીને ધનનો સદ્ઉપયોગ કરવો એ જ ઉત્તમ છે. પરંતુ જે શ્રીમંત કંજુસ હોય, તે દાન તો આપ તો નથી પરંતુ પોતાને માટે પણ ધન વાપરી શકતો નથી. આવા કંજુસો શ્રીમંતો દાન તો આપે જ શાના ? છતાં પણ ધનની આશાથી યાચકો તેની પાસે જાય છે. આ રીતે ધનની મહત્તા છે. ાા૫૧ાા

**સૂત્ર : अकुलीनोऽपि अर्थवान् कुलीनात् विशिष्टः ॥५२॥**

**અર્થ :** પવિત્ર કુળમાં જન્મેલ નિર્ધનનું સન્માન થતું નથી, જ્યારે કુળહીન શ્રીમંતનું સન્માન થાય છે.

**વિવરણ :** સદાચાર, વિનય, વિદ્યા, યશ, સંબંધી - મિત્રો પ્રત્યે નિષ્ઠા, તપ, દાન, તીર્થયાત્રા, દેવદર્શન આવા સદ્‌ગુણો જે વંશના મનુષ્યમાં હોય તે વંશના મનુષ્યને ''કુલીન'' કહેવાય છે. સામાન્ય તથા ધન કરતાં કુલીનતા વધુ મહત્ત્વની ગણાય પરંતુ સમાજમાં એવું જોવા મળતું નથી. કુલીન મનુષ્ય નિર્ધન હોય તો સમાજમાં તેનું સન્માન થતું નથી. પરંતુ દુરાચારી મનુષ્ય શ્રીમંત હોય તો પણ સમાજમાં તેનું અધિક સન્માન થાય છે. દુરાચારી શ્રીમંતને બધા જ લોકો 'કુલીન'' અર્થાત્ પવિત્ર કુળમાં પ્રગટેલ કહીને બિરદાવે છે. ાા૫૨ાા

**સૂત્ર : दारिद्रयं खलु पुरुषस्य जीवितमरणम् ।।५३।।**

**અર્થ :** દરિદ્રતા છે એ ખરેખર જીવતાં છતાં મરણ જ છે.

**વિવરણ :** સ્વમાની સજ્જન પોતાના બાહુબળથી જ જીવતો હોય છે તે ક્યારેય કોઈનું અપમાન સહન કરે જ નહિ. આવા સ્વમાની સજ્જનને પોતાના દુર્ભાગ્યવશાત્ દરિદ્રતા આવે અને તેને કારણે તેને વારંવાર અપમાનિત થવું પડતું હોય ત્યારે તે સજ્જનને દરિદ્રતામય જીવન મરણ સમાન જણાય છે તેથી અપમાનિત જીવન જીવવા કરતાં મરવું એ શ્રેષ્ઠ માનતો હોય છે. ાા૫૩ાા

**સૂત્ર : कस्यचिदर्थं स्वमिव मन्यते साधुः ।।५४।।**

**અર્થ :** કોઈકનું ધન તે પણ પોતાનું જ છે એમ માનીને સજ્જન તે ધનનો નાશ કરતો નથી.

**વિવરણ :** પારકું ધન લેવું નહિ તથા બીજાની ધનસંપત્તિનો વિનાશ કરવો નહિ એવી સજ્જનની માન્યતા હોય છે. એવા સજ્જન પારકું ધન પોતાનું માનીને પારકી ધનસંપત્તિનું રક્ષણ કરે છે. ાા૫૪ાા

**સૂત્ર : परविभवेष्वादरो नैव कर्तव्यः ।।५५।।**

**અર્થ :** પારકી ધનસંપત્તિ લઈ લેવાનો લોભ રાખવો નહિ.

**વિવરણ :** પારકી ધનસંપત્તિ કે સાધનસગવડ છિનવી લેવાની વૃત્તિ એ પાપનું મૂળ છે. અન્યાય કે અનીતિથી પારકી વસ્તુ પચાવી પાડનાર અવશ્ય દુઃખી થાય છે. ાા૫૫ાા

**સૂત્ર : परविभवेष्वादरो विनाशमूलम् ।।५६।।**

**અર્થ :** પારકી ધનસંપત્તિ પચાવી પાડવી એ આપણા જ વિનાશનું કારણ બને છે.

વિવરણ : પારકી ધનસંપત્તિ પચાવી પાડનાર પોતે પોતાનો વિનાશ કરી રહ્યો છે. ॥૫૬॥

**સૂત્ર : पलालमपि परद्रव्यं न हर्तव्यम् ॥५७॥**

**અર્થ :** સૂકું ઘાસ કે ફોતરા જેવી સામાન્ય પારકી વસ્તુની પણ ચોરી કરવી નહિ.

**વિવરણ :** વસ્તુ ભલે નજીવી કિંમતની હોય, પરંતુ પારકી વસ્તુ લેવાની ટેવ તે ચોરી જ ગણાય. કોઈની વસ્તુ પૂછયા વિના લેવાની જે ટેવ છે એ ટેવ ધીરે ધીરે વધતી જાય અને પરિણામે ચોરી કરવાની આદત પડી જાય છે. માટે ક્યારેય કોઈની વસ્તુની ચોરી કરવી નહિ. ॥૫૭॥

**સૂત્ર : परद्रव्यापहरणमात्मद्रव्यविनाश हेतुः ॥५८॥**

**અર્થ :** પારકા દ્રવ્યની ચોરી કરવાથી તે આપણી જ સંપત્તિના નાશનું કારણ બને છે.

**વિવરણ :** અન્યાય, અનીતિ, દગો, પ્રપંચ, કે બળજબરીથી પારકી વસ્તુ લઈ લેવી, માતા, પિતા, ગુરુ, પત્ની વગેરે સંબંધીજનોની મિલકત પચાવી પાડવી અથવા ધર્માદાની મિલકત પચાવી પાડવી આ બધું જ ચોરી કરી કહેવાય અને તે ચોરકર્મ પોતાના જ ધનનો નાશ કરનાર બને છે. ॥૫૮॥

**સૂત્ર : न चौर्यात् परं मृत्युपाशः ॥५९॥**

**અર્થ :** ચોરી કરવી એથી અધિક બીજુ કોઈ મૃત્યુનું બંધન નથી.

**વિવરણ :** ચોરી કરવી એ જ મૃત્યુના મુખમાં સપડાવાનું મુખ્ય કારણ છે. કારણ કે ચોરી કરનાર ચોરને રાજસૈનિકો બાંધીને કેદમાં પૂરે છે, શારીરિક શિક્ષા કરે છે. સામાજિક અપકીર્તિ થાય છે. રાજકીય દંડ થવાથી ધનસંપત્તિ જપ્ત થાય છે. ઉપરાંતમાં ચોરી એ પાપ કર્મ હોવાથી મૃત્યુ બાદ યમના બંધનમાં બંધાઈને યમપુરીનાં દુઃખો ભોગવવાં પડે છે. આ રીતે ચોરી એ મહામૃત્યુપાશ છે. ॥૫૯॥

**સૂત્ર : यवागूरपि प्राणधारणं करोति काले ॥६०॥**

**અર્થ :** જવ જેવાં સામાન્ય ધાન્યો પણ વિપરીત સમયમાં પ્રાણધારણ કરવામાં સહાય કરે છે.

**વિવરણ :** જવનું પાણી કે જવની કાંજી રોગી મનુષ્યને જીવનદાયક બને છે એ જ રીતે સામાન્ય મનુષ્ય કે સામાન્ય પ્રાણી આપણને ક્યારેક મહાન ઉપયોગી થાય છે. માટે સામાન્ય મનુષ્ય કે પ્રાણીનું ક્યારેય અપમાન કરવું નહિ. ॥૬૦॥

**સૂત્ર : न कालेन मृतस्यौषधप्रयोजनम् ॥६१॥**

**અર્થ :** નિયત સમયે જેનું મરણ થવાનું જ છે તેને મૃત્યુ સમયે ઔષધ કરવાનો કશો અર્થ નથી.

**વિવરણ :** વૃદ્ધ અવસ્થા હોય, અસાધ્ય રોગ હોય અને આપણને ચોક્કસ ખાતરી થઈ જાય કે આ મનુષ્ય થોડી જ વારમાં મૃત્યુ પામવાનો છે, તો તેને તે સમયે ઔષધ આપવાથી તેને જીવતદાન મળી શકતું નથી. ॥૬૧॥

**સૂત્ર : स्वकाले स्वल्पमपि प्रभुत्वस्य प्रयोजनं भवति ।।६२।।**

**અર્થ :** જે સમયે જેની જરૂર છે તે સમયે તે પદાર્થ અતિ અલ્પ હોવા છતાં તે અતિ મહત્ત્વનું કામ કરે છે.

**વિવરણ :** પૂર્વાપરનાં આ બન્ને સૂત્રો સમય અને પદાર્થની મહત્તા સૂચ છે. આગળના સૂત્રમાં કહ્યું કે, જે સમયે જેનું ભાવિ નક્કી કર્યું છે તેને ફેરવવા માટેના પ્રયત્નો નિષ્ફળ છે. આ સૂત્રમાં કહ્યું છે કે, સામાન્ય વસ્તુ પણ પોતાના સમયમાં અતિ મહત્ત્વનું કામ કરી આપે છે. જેમ કે અતિશય ભૂખ્યા મનુષ્યને થોડું ઘણું ભોજન પણ જીવનરૂપ બની જાય છે. રોગી મનુષ્યને રોગનું યથાર્થ નિદાન કરીને સમય પ્રમાણે અલ્પ ઔષધિ આપવાથી મહાન રોગ દૂર થાય છે. આ રીતે સમય પ્રમાણે જ્યાં જેની જરૂર છે, ત્યાં તે પદાર્થ કે વ્યક્તિ સામાન્ય હોવા છતાં તે મહાન ઉપકારક બને છે. એ જ રીતે વ્યક્તિ અલ્પ મહત્ત્વની હોય, પણ જો તેને અનુરૂપ કાર્યમાં તેનો ખપ પડે તો અત્યન્ત મહત્ત્વનું કાર્ય કરી આપે છે. ॥૬૨॥

**સૂત્ર : नीचस्य विद्या पापकर्मणा योजयति ।।६३।।**

**અર્થ :** નીચ મનુષ્ય પોતાની વિદ્યાનો ઉપયોગ દુરાચાર માટે કરે છે.

**વિવરણ :** કુળપરંપરાથી, સ્વભાવથી અને સંગથી જે નીચ છે તે વિદ્યાભ્યાસ કરીને વિદ્વાન બને પરંતુ તે નીચ મનુષ્ય પોતાની વિદ્યાનો ઉપયોગ દુરાચાર માટે કે અન્યને દુઃખ દેવા માટે કરે છે. ॥૬૩॥

**સૂત્ર : ऐहिकामुत्रिकं वृत्तम् ।।६४।।**

**અર્થ :** આ લોક અને પરલોક સંબંધી જીવનનો આધાર પોતાનું ચારિત્ર જ છે.

**વિવરણ :** વિદ્યા, વિનય, વિવેક, ન્યાય, નીતિમય આદર્શ જીવનવ્યવહાર તેનું નામ ''સત્ચરિત્ર''. આવા આદર્શ ચારિત્ર્યવાળો પુરુષ યશ અને સંપત્તિ પ્રાપ્ત કરે છે. તેમજ પરલોકમાં પણ તે સુખી થાય છે. અન્યાય, અનીતિ, લુચ્ચાઈ, વ્યસન વગેરે દુર્ગુણોને ''ખરાબ ચારિત્ર્ય'' કહે છે. આવા દુષ્ટ ચારિત્ર્યવાળો સર્વત્ર દુઃખી થાય છે. ॥૬૪॥

**સૂત્ર : अकृतेर्नियता क्षुत्बाधा ।।६५।।**

**અર્થ :** જે કામ કરતો નથી તેને ભૂખનું દુ:ખ રહેવાનું જ.

**વિવરણ :** આળસ, પ્રમાદ અને અસાવધાની બધા જ દોષો દરિદ્રતા દેનારા છે. પોતાનું પેટ ભરાય તેટલા પ્રમાણમાં પણ જે કાર્ય કરતો નથી, જે પરાવલંબી છે એવા આળસુ મનુષ્યને નિત્ય દુ:ખ જ રહેવાનું, સામાન્ય રીતે તો પશુ, પક્ષી વગેરે પ્રાણીઓ પણ પોતાના ખોરાક માટે પ્રયત્ન કરે જ છે, પરંતુ જે મનુષ્ય પોતાના પેટ પૂરતું કામ પણ કરતો નથી તે પશુ પક્ષી કરતાં પણ હલકો છે. ાા૬૫ાા

**સૂત્ર : न हि धान्यसमोऽर्थः ।।६६।।**

**અર્થ :** ખરેખર તો ધાન્ય સમાન બીજું કોઈ ધન નથી અર્થાત્ ધાન્ય એ જ સાચું ધન છે.

**વિવરણ :** સોનું, ચાંદી, રત્નો, આભૂષણો, રૂપીઆ, સાધન, સગ ડ વગેરે બધી જ સંપત્તિ હોય પરંતુ દુષ્કાળ પડે ત્યારે ધન દેવા છતાં ધાન્ય મળે નહિ અને આહાર વિના, ભૂખના દુ:ખથી મોત થાય. તેવા પ્રસંગે સોનું, અલંકારો, રૂપીઆ વગેરે ધનસંપત્તિ શા કામની ? માટે જ અહીં સૂત્રકાર કહે છે કે, ''ધાન્ય સમાન ધન નહિ.'' ાા૬૬ાા

**સૂત્ર : न क्षुधा सम शत्रुः ।।६७।।**

**અર્થ :** ભૂખની સમાન કોઈ શત્રુ નથી.

**વિવરણ :** બાહ્ય શત્રુઓ તો આપણાં ધન, વૈભવો કે રાજસત્તા ઝૂંટવી લે અથવા નાશ કરે પરંતુ ભૂખરૂપી શત્રુ તો આપણી શારીરિક અને માનસિક શક્તિનો નાશ કરે છે. અને લાંબા સમય સુધી શરીરને આહાર મળે જ નહિ તો આપણા શરીરનો પણ વિનાશ થઈ જાય. આથી જ અહીં સૂત્રકાર કહે છે કે, ''ભૂખની સમાન બીજો કોઈ મહાન શત્રુ નથી.'' વડી ભૂખ વ્યક્તિને ગમે તેવા અધમ માર્ગે પણ પ્રેરી શકે છે જે દુશ્મન જેવુ જ કાર્ય છે. ાા૬૭ાા

**સૂત્ર : नास्त्यभक्ष्यं क्षुधितस्य ।।६८।।**

**અર્થ :** ભૂખ્યો મનુષ્ય ભક્ષ્ય કે અભક્ષ્યનો વિચાર કરતો નથી.

**વિવરણ :** અતિ ભૂખ્યો મનુષ્ય ન ખાવાનું પણ ખાય છે. કારણ કે પ્રાણધારીને પ્રાણ ટકાવવા માટે આહારની જરૂર હોય છે. આહાર મળે નહિ ત્યારે ભૂખના દુ:ખથી પીડિત પ્રાણી ગમે તે ઉપાયે અને જે મળે તે ખાઈને પોતાના પ્રાણને ટકાવવા પ્રયત્નો કરે છે. એટલું જ નહિ, ભૂખ્યો મનુષ્ય પાપ કરીને પણ પ્રાણ ટકાવવા પ્રયત્ન કરે છે. ાા૬૮ાા

**સૂત્ર : इन्द्रियाणि जरावशं कुर्वन्ति ।।६९।।**

**અર્થ :** ઈન્દ્રિયો શરીરને ઘડપણને આધીન કરે છે.

**વિવરણ :** હાથ, પગ, આંખ વગેરે ઈન્દ્રિયોની શક્તિ કરતાં વધારે પડતો ઈન્દ્રિયોનો ઉપયોગ કરીને પંચવિષયો ભોગવનારની ઈન્દ્રિયો શક્તિહીન બની જાય છે. પરિણામે તેનું યુવા અવસ્થામાં જ શરીર વૃદ્ધ થાય છે. આ રીતે ઈન્દ્રિયો શરીરને વૃદ્ધ કરે છે. માટે સત્શાસ્ત્રના આદેશને અનુસારે નિયમમાં રહીને ઈન્દ્રિયોની શક્તિને અનુસારે પોતાની જરૂરીઆત પૂરતાં જ વિષયસુખો ઈન્દ્રિયો દ્વારા ભોગવવાં. ॥૬૯॥

**સૂત્ર : सानुक्रोशं भर्तारमाजीवेत् ।।७०।।**

**અર્થ** યાળુ રાજાના આશ્રયે જીવવું.

**વિવરણ :** જેને આશ્રયે રહીએ તે વ્યક્તિ દયાળુ, કૃતજ્ઞ અને ઉદાર હોય તો જ તેનો આશ્રિત સુખપૂર્વક જીવી શકે. ધન, સાધન, સંપત્તિ હોય પરંતુ તે રાજા કે આશ્રયદાતા નિર્દય, કૃતઘ્ની અને કંજુસ હોય તો તેવા આશ્રયદાતાને આશ્રયે રહેનાર વ્યક્તિ ક્યારેય સુખી થાય નહિ. નિર્દય, કૃતઘ્ની મનુષ્યની સેવા કરનારે પરિણામે દુઃખ જ ભોગવવું પડે છે. માટે જ અહીં સૂત્રકાર કહે છે કે, ''દયાળુ ઉદાર મનુષ્યના આશ્રયે જીવન જીવવું.'' ॥૭૦॥

**સૂત્ર : लुब्धसेवी पावकेच्छया खद्योतं धमति ।।७१।।**

**અર્થ :** ચણોઠીને કે પતંગિયાને અગ્નિ માનીને તેને ફૂંક મારવાથી તેમાંથી અગ્નિ પ્રગટ થતો નથી, એજ રીતે શ્રીમંત એવા લોભીની સેવા કરનારને સેવાનું યથાયોગ્ય ફળ મળતું નથી.

**વિવરણ :** પતંગિયું અને ચણોઠી અગ્નિની સમાન લાલ દેખાય છે પણ તેને ફૂંક મારવાથી તેમાંથી અગ્નિ પ્રગટે નહિ. એવી જ રીતે ધનસંપત્તિવાળા લોભી મનુષ્યની પાસેથી ધન મેળવવાની આશા રાખીને તે લોભીની સેવા કરનારને કશું જ મળતું નથી. લોભીની સેવા કરનારનાં સમય, શક્તિ અને પરિશ્રમ વ્યર્થ જાય છે. માટે ઉદાર, દયાળુ અને કૃતજ્ઞ શ્રીમંતનો આશ્રય કરવો અને તેની સેવા કરવી. ॥૭૧॥

**સૂત્ર : विशेषज्ञं स्वामिनमाश्रयेत् ।।७२।।**

**અર્થ :** સર્વ પ્રકારે ચતુર સુજ્ઞ રાજાનો આશ્રય કરવો.

**વિવરણ :** રાજા તથા ઉદ્યોગપતિ વગેરે શ્રીમંતોને વિવિધ પ્રકારનાં કાર્ય કરનાર વિવિધ સેવકો હોય છે. એ બધા જ સેવકોમાં કોની કેટલી યોગ્યતા છે.

તેમજ વફાદારીપૂર્વક વ્યવસ્થિત કાર્ય કરનાર, અટકેલું કાર્ય પૂર્ણ કરનાર, બુદ્ધિશાળી, શક્તિશાળી વગેરેની યથાયોગ્ય પરીક્ષા કરીને તેઓનું યોગ્ય સન્માન કરીને ઉદારતાંપૂર્વક તેઓને વિવિધ પદાર્થો આપીને તેમને પ્રસન્ન રાખનાર સજ્જન, રાજા કે શ્રીમંત પુરુષનો આશ્રય કરવો. ॥૭૨॥

**સૂત્ર : स्त्रीणाममैथुनं जरा ॥७३॥**

**અર્થ :** શારીરિક સંભોગ નહિ કરનાર સ્ત્રીઓને યુવાવસ્થામાં જ વૃદ્ધપણું આવે છે.

**વિવરણ :** ધાર્મિક વિધિથી વિવાહિત થયેલ યુવાન સ્ત્રીઓ પોતાની અવસ્થા, સમય તથા ધર્મશાસ્ત્રોના નિયમોને અનુસારે રહીને પોતાના પતિની અનુકૂળતાને અનુસરીને જો જાતીય સુખ ન ભોગવે તો તે યુવા સ્ત્રીઓને યુવા અવસ્થામાં જ વૃદ્ધત્વ પ્રાપ્ત થાય છે. માટે વિવાહિત સ્ત્રીઓએ ધર્મશાસ્ત્રની મર્યાદામાં રહીને પોતાના પતિને પ્રસન્ન રાખીને જાતીય સુખ અવશ્ય ભોગવવું. ॥૭૩॥

**સૂત્ર : पुरुषस्य मैथुनम् ॥७४॥**

**અર્થ :** અતિ મૈથુન કરનાર પુરુષ યુવા અવસ્થામાં જ વૃદ્ધ થાય છે.

**વિવરણ :** શારીરિક શક્તિથી અધિક સ્ત્રીસંભોગ કરનાર કામાસક્ત પુરુષ યુવા અવસ્થામાં જ વૃદ્ધ થાય છે. ॥૭૪॥

**સૂત્ર : न नीचोत्तमयोर्विवाहः ॥७५॥**

**અર્થ :** હલકા કુળની વ્યક્તિએ ઉત્તમ કુળની વ્યક્તિ સાથે વિવાહ કરવો નહિ.

**વિવરણ :** જ્ઞાતિએ કરીને હલકા કુળના મનુષ્યે ઉત્તમ કુળના પરિવારની સાથે વિવાહ સંબંધ કરવો નહિ. અવસ્થાએ કરીને અતિ નાના પુરુષે મોટી ઉંમરની કન્યા સાથે વિવાહ કરવો નહિ. ધનસંપત્તિ, પરિવાર અને સત્તાથી મોટા ગણાતા કુટુંબની સાથે ધન, સંપત્તિ, પરિવાર અને સત્તાથી અતિ નાના પરિવારે વિવાહ સંબંધ બાંધવો નહિ. જ્ઞાતિ, વિદ્યા, અવસ્થા, ધન અને પરિવારથી જે સમાન હોય તે કુટુંબોએ પરસ્પર વિવાહસંબંધ કરવો. સામાજિક રીતે વૈવાહિક સંબંધોમાં સમાન દરજ્જો વધુ અનુકૂળ બને છે એવો આ સૂત્રનો આશય છે. ॥૭૫॥

**સૂત્ર : अगम्यागमनात् आयुः यशः पुण्यानि क्षीयन्ते ॥७६॥**

**અર્થ :** સંભોગ કરવા યોગ્ય નહિ તેવી સ્ત્રીઓ સાથે જાતીય સંભોગ કરનાર પુરુષનાં આયુષ્ય, યશ અને પુણ્યનો નાશ થાય છે.

**વિવરણ :** કુસંસ્કારવાળી, શૂદ્રવર્ણની, ચેપી રોગવાળી, સગર્ભા તથા માતા તુલ્ય પૂજ્ય સ્ત્રીઓ સાથે સંભોગ કરનાર પુરુષનું આયુષ્ય ક્ષીણ બને છે તેમજ સમાજમાં તેની અપકીર્તિ થાય છે અને મરીને તે પુરુષ યમપુરીનાં દુઃખો ભોગવે છે. ॥૭૬॥

**સૂત્ર : नास्त्यहंकारसमः शत्रुः ॥७७॥**

**અર્થ :** અભિમાન સમાન કોઈ શત્રુ નથી.

**વિવરણ :** અભિમાની પુરુષ ખોટો ગર્વ રાખીને વિવેકહીન બનીને ન કરવાનાં કામ કરે છે. પરિણામે પોતે તથા તેના સંબંધીજનો દુઃખી થાય છે. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે, ''રોગ એ મોટો શત્રુ છે તથા સદ્ભાગ્ય એ મોટું બળ છે. સુપુત્ર એ સ્નેહનું પાત્ર છે અને અહંકાર એ પણ મોટો શત્રુ છે.'' ''અભિમાન રહિત પુરુષ સંસારદુઃખથી મુક્ત બને છે,'' એમ સાંખ્યશાસ્ત્રમાં કહેલ છે. રોગ, કામ, ક્રોધ, લોભ, માન વગેરે દોષો રૂપી શત્રુઓ આપણા શરીરમાં રહીને આપણો જ વિનાશ કરે છે. રાવણ, દુર્યોધન, વેન વગેરે રાજવીઓ, કામ, ક્રોધ, માન વગેરે પોતાના માનસિક દોષરૂપી શત્રુઓને કારણે જ પરાજિત થઈને નાશ પામ્યા છે. ॥૭૭॥

**સૂત્ર : संसदि शत्रुं न परिक्रोशेत् ॥७८॥**

**અર્થ :** સભામાં શત્રુ પ્રત્યે ક્રોધ કરવો નહિ.

**વિવરણ :** સભામાં સભ્યોએ પરસ્પર મૈત્રીભાવ રાખીને કાર્યની મંત્રણા કરવાની હોય છે. આવી સભામાં સભ્ય તરીકે ભાગ લેનાર આપણા વિરોધી સભ્યો પણ હોય છે. પરંતુ સજ્જને પણ કાર્યની ચર્ચાવિચારણા સમયે સભામાં પોતાના વિરોધી પ્રત્યે ગુસ્સો વ્યક્ત કરવો નહિ. કાર્યકારિણી સભામાં તો સજ્જન સભ્યોએ પરસ્પર સૌજન્ય દાખવીને પોતાનું, સભ્યોનું, સભાનું અને કાર્યનું ગૌરવ વધારવું જોઈએ. ॥૭૮॥

**સૂત્ર : शत्रुव्यसनं श्रवणसुखम् ॥७९॥**

**અર્થ :** શત્રુઓનાં દુઃખો તથા દોષો સાંભળીને સુખ થાય છે.

**વિવરણ :** આપણા શત્રુને શું દુઃખ છે ? શત્રુમાં કયા દોષો છે ? આ બધું જાણીને દોષમય શત્રુને કેવી રીતે પરાજિત કરવો તેનો ઉપાય સરળતાથી થઈ શકે છે, તેમજ વિવિધ પ્રકારનાં દુઃખોથી ઘેરાયેલ શત્રુને કયા ઉપાયથી સ્વાધીન કરવો તે પણ સરળતાથી જાણી શકાય છે. આમ શત્રુનાં દુઃખ કે દોષોનું જ્ઞાન ફાયદાકારક બની રહે છે. ॥૭૯॥

ઈતિશ્રી ચાણક્યસૂત્રના નીતિરૂપ દર્શનશાસ્ત્રનો ત્રીજો અધ્યાય પૂરો.

## અધ્યાય - ૪થો

**ચતુર્થ અધ્યાયના આરંભે જીવનમાં ધનનું મહત્ત્વ દર્શાવતા વિચારો પ્રગટ કરતાં કેટલાંક સૂત્રો આપેલાં છે.**

**સૂત્ર : अधनस्य बुद्धिर्न विद्यते ।।१।।**

**અર્થ :** નિર્ધન મનુષ્યની બુદ્ધિ વિકાસ પામતી નથી.

**વિવરણ :** મંદ બુદ્ધિવાળો મનુષ્ય ધન મેળવવાના ઉપાયોનો વિચાર કરી શકતો નથી. એથી જ જેની પાસે ધન કમાવાના વિચારો કે ઉપાયો નથી તે મનુષ્ય નિર્ધન જ રહેવાનો. ॥૧॥

**સૂત્ર : हितमप्यधनस्य वाक्यं न श्रृणोति ।।२।।**

**અર્થ :** નિર્ધન મનુષ્યનાં હિતકારક વાક્યો પણ લોકો સાંભળતા નથી.

**વિવરણ :** નિર્ધન, દરિદ્ર કે રાંક, મનુષ્ય પ્રત્યે લોકો બહુધા આદર રાખતા નથી. અને તેથી જ નિર્ધન કે દરિદ્ર મનુષ્ય ઉપકાર કે પરહિતની કોઈ વાત કરે તો તે વાતને પણ લોકો આદરથી સાંભળતા નથી. એટલું જ નહિ, દરિદ્ર મનુષ્યે કહેલી ઉપકારક વાતનો વ્યાવહારિક ઉપયોગ પણ લોકો ભાગ્યે જ કરે છે. અહીં સૂત્રકારનો કહેવાનો મૂળ ભાવાર્થ એ છે કે, સમાજમાં ગૌરવપૂર્વક જીવન જીવવા માટેનું ઉત્તમ સાધન ધન છે અને ધન મેળવવા માટે પ્રયત્નો કરવા. ॥૨॥

**સૂત્ર : धनहीनः स्वभार्यया अवमन्यते ।।३।।**

**અર્થ :** નિર્ધન મનુષ્યની પત્ની પણ તેનું અપમાન કરે છે.

**વિવરણ :** જરૂર પૂરતો આહાર, વસ્ત્રો, વૈભવો વગેરે પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન ધન છે. પોતાના પરિવારનું ભરણપોષણ થાય તેટલું ય ધન નહિ મેળવનાર નિર્ધન મનુષ્યનું અપમાન પરિવારનાં બધાં જ સભ્યો કરે છે. એટલું જ નહિ તેની ધર્મપત્ની પણ તેનું અપમાન કરે છે. સમાજ તો નિર્ધનની અવગણના કરે, પરંતુ પોતાની પત્ની પણ નિર્ધનનું અપમાન કરે છે એ વાસ્તવિકતા આ સૂત્ર વર્ણવે છે માટે સ્વમાનપૂર્વક જીવવા માટે ધનની ખાસ જરૂર છે. ॥૩॥

**સૂત્ર : पुष्पहीनं सहकारमपि नोपासते भ्रमराः ।।४।।**

**અર્થ :** પુષ્પરહિત આમ્રવૃક્ષમાં પણ ભમરા ગુંજતા નથી.

**વિવરણ :** વિવિધ જાતિનાં વૃક્ષોમાં આમ્રવૃક્ષ એ તો વૃક્ષરાજ છે. સરસ સ્વાદિષ્ટ અને સુગંધમય કેરીઓ આપીને પક્ષીઓ અને માનવીઓનાં નયન,

મન અને શરીરને આનંદ, શાંતિ અને બળ આપનાર આમ્રવૃક્ષ સર્વોત્તમ વૃક્ષરત્ન છે. આવા ઉત્તમ આમ્રવૃક્ષમાં તેના પુષ્પરૂપ 'મોર' હોય નહિ તો આ આમ્રવૃક્ષની પ્રત્યે ભ્રમરો પણ આદરભાવથી જતા નથી. એ જ રીતે સ્વભાવ, સ્વરૂપ, ગુણ ક્રિયાથી સરળ અને સજ્જન પણ જો નિર્ધન હોય તો તે નિર્ધન મનુષ્ય માનવસમાજમાં આદરણીય બનતો નથી. માટે ધનપ્રાપ્તિના વિચારો અને પ્રયત્નો જરૂર કરવા. ॥૪॥

જીવનમાં ધન ઉપરાંત વિદ્યાનું પણ અત્યંત મહત્ત્વ છે એ સ્પષ્ટ કરતાં સૂત્રો હવે આપેલાં છે.

**સૂત્ર : विद्याधनमधनानाम्** ॥૫॥

**અર્થ :** ધનરહિત મનુષ્ય માટે તો વિદ્યા એ ધન છે.

**વિવરણ :** નિર્ધન મનુષ્ય વિદ્યાભ્યાસ કરીને વિવિધ જ્ઞાન પ્રાપ્ત કરે અને વિદ્વાન બનીને જ્ઞાનરૂપી ધનવડે સર્વત્ર આદરણીય બને છે. ॥૫॥

**સૂત્ર : विद्या चौरैरपि न हार्या** ॥૬॥

**અર્થ :** વિદ્યારૂપી ધન ચોર લોકો પણ ચોરી શકતા નથી.

**વિવરણ :** બાળક, યુવાન, વૃદ્ધ, સ્ત્રી કે પુરુષ વર્ણ કે જ્ઞાતિના ભેદભાવ વિના કોઈપણ વ્યક્તિ વિદ્યારૂપી ધન મેળવી શકે છે. વિદ્યારૂપી ધનને સાચવવા માટે તાળા, પેટી કે તેજુરીની જરૂર જ નથી કારણ કે વિદ્યારૂપી ધન ચિત્તમાં જ સંગૃહીત રહે છે. તેથી ચોર લોકો પણ તેને ચોરી શકતા નથી. ॥૬॥

**સૂત્ર : विद्यया ख्यातिः** ॥૭॥

**અર્થ :** વિદ્યાથી કીર્તિ પ્રસરે છે.

**વિવરણ :** વિદ્યાભ્યાસથી વિવિધ જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેમજ સદાચાર સંબંધી જ્ઞાન પણ વિદ્યાભ્યાસથી જ પ્રાપ્ત થાય છે. સદાચાર સંબંધી જ્ઞાન પ્રાપ્ત કરીને સદાચારમય જીવન જીવનાર અને વેદો, સત્‌શાસ્ત્રો, વિવિધ વિદ્યાનું અધ્યયન, યજ્ઞ, પૂજા વગેરે સત્‌કર્મો કરનાર કરાવનાર વ્યક્તિ સમાજમાં યશ પ્રાપ્ત કરે છે. विद्वान सर्वत्र पूज्यते । વિદ્વાન બધે પૂજાય છે તથા તેને ધનની પણ પ્રાપ્તિ થાય છે માટે નિર્ધન મનુષ્યે વિદ્યાભ્યાસ અવશ્ય કરવો જ. ॥૭॥

**સૂત્ર : यशःशरीरं न विनश्यति** ॥૮॥

**અર્થ :** યશરૂપી શરીરનો નાશ થતો નથી.

**વિવરણ :** કીર્તિરૂપી કાયા કાયમ રહે છે. વિદ્વાનો, પરોપકારી, સજ્જનોના ભૌતિક શરીરોનો નાશ થાય છે. પરંતુ તેમણે કરેલા પરોપકારના કાર્યોથી તેમની કીર્તિ સદાય અમર રહે છે. સુજ્ઞ સમાજ સજ્જનોનાં સત્કર્મોને સદાય યાદ કરે છે. સૂત્રકારનો કહેવાનો આશય એ છે કે વિદ્યાથી કીર્તિ પ્રાપ્ત થાય છે અને કીર્તિ વ્યક્તિને અમર બનાવે છે. ॥૮॥

**સૂત્ર : यः परार्थमुपसर्पति सः सत्पुरुषः ॥९॥**

**અર્થ :** જે બીજાના શ્રેયને માટે કાર્ય કરે છે તે સત્પુરુષ છે.

**વિવરણ :** બીજાના હિતને માટે પ્રવૃત્તિ કરનાર તથા પારકાનાં દુઃખો દૂર કરનાર, મનુષ્યને સત્પુરુષ કહે છે. શારીરિક, માનસિક કે સામાજિક દુઃખ સહન કરીને નિઃસ્વાર્થ ભાવે જે પારકાનું હિત કરે છે એ જ સાચા સત્પુરુષ છે. ॥૯॥

**સૂત્ર : इन्द्रियाणां प्रशमनकारणं शास्त्राम् ॥१०॥**

**અર્થ :** સત્શાસ્ત્રોનો ઉપદેશ ઈન્દ્રિયોના વેગને શાન્ત કરે છે.

**વિવરણ :** અન્તઃકરણ અને ઈન્દ્રિયોની વૃત્તિઓ પંચ વિષય તરફ જ દોડે છે. ઈન્દ્રિયોના આ વેગને શાન્ત કરવા માટે સત્શાસ્ત્રોનો ઉપદેશ એ મુખ્ય સાધન છે. શાસ્ત્રોના આદેશ મુજબ નિયમમાં રહીને વિષયો ભોગવવાથી ઈન્દ્રિયોની વૃત્તિઓની ચંચળતા નિવારી શકાય છે. જીવપ્રાણી માત્રના ઈન્દ્રિયોના વેગને શાન્ત કરે એવો ઉપદેશ આપે તેને જ સત્શાસ્ત્ર કહેવાય છે. ॥૧૦॥

**સૂત્ર : अकार्ये प्रवृत्तौ शास्त्रांकुशं निवारयति ॥११॥**

**અર્થ :** અકાર્ય કરવાની પ્રવૃત્તિમાંથી પાછું વાળવા માટે સત્શાસ્ત્ર અંકુશરૂપ છે.

**વિવરણ :** ન કરવા યોગ્ય કાર્ય કરવું નહિ. આ પ્રકારનો ઉપદેશ સત્શાસ્ત્રો દ્વારા જ મનુષ્યને મળે છે. મદોન્મત્ત હાથીને કાબુમાં રાખવા માટે તેનો મહાવત અંકુશનો ઉપયોગ કરે છે અને અંકુશ વડે જ હાથી મહાવતને સ્વાધીન રહે છે. એ જ રીતે સત્તા, સંપત્તિ, સહકાર અને યુવાનીના આવેગથી મદોન્મત્ત બનેલા માનવીને સત્શાસ્ત્રના અભ્યાસથી વિવેકબુદ્ધિ પ્રાપ્ત થાય છે અને વિવેકબુદ્ધિરૂપી અંકુશ વડે નિયમમાં રહીને સુજ્ઞ મનુષ્ય અયોગ્ય કાર્ય કરતાં અટકે છે. ॥૧૧॥

**સૂત્ર : नीचस्य विद्या नोपेतव्या ॥१२॥**

**અર્થ :** નીચ મનુષ્યને વિદ્યા ભણાવવી નહિ.

**વિવરણ :** દુરાચારી, કુસંસ્કારી, દુષ્ટ સ્વભાવવાળા, કૃતઘ્ની વગેરે નીચ મનુષ્યને વિદ્યા ભણાવવી નહિ. ઉપરોક્ત દોષવાળો મનુષ્ય કદાચ તે ઉચ્ચ વર્ણ કે જ્ઞાતિમાં જન્મેલ હોય, ઉચ્ચ પદે વિરાજમાન હોય, સમાજને પૂજ્ય પણ હોય છતાં યે જો તે દુરાચારી, દુર્ગુણોવાળો અને કૃતઘ્ની હોય તો તેને નીચ જ માનવો. આ પ્રકારના નીચ મનુષ્યને વિદ્યા અભ્યાસ કરાવવો નહિ. કારણ કે એવી વ્યક્તિને પ્રાપ્ત થયેલી વિદ્યાનો સદુપયોગ થવાની શકયતા હોતી નથી. ॥૧૨॥

**સૂત્ર : न म्लेच्छभाषणं शिक्षेत ॥१३॥**

**અર્થ :** અનાર્ય ભાષાનો અભ્યાસ કરવો નહિ.

**વિવરણ :** વર્ણ, આશ્રમ, સદાચાર, ધર્મ, જે દેશમાં નથી તે દેશને અનાર્ય દેશ કહે છે. આવા દેશના મનુષ્યોની ભાષા પણ તેવી જ હોય છે. માટે અનાર્ય ભાષાનો અભ્યાસ કરવો નહિ. ''સનાતન ધર્મની વિરુદ્ધ બોલનાર, ગાયનું માંસ ખાનાર, સદાચાર વિહીન મનુષ્યને ''મ્લેચ્છ'' કહેવાય છે.'' ॥૧૩॥

**સૂત્ર : म्लेच्छानामपि सुवृत्तं ग्राह्यम् ॥१४॥**

**અર્થ :** અનાર્ય લોકોનો પણ જે આદર્શ સદાચાર હોય તેનો સ્વીકાર કરવો.

**વિવરણ :** અનાર્ય અર્થાત્ કુસંસ્કારી સમાજમાં પણ કેટલાક સદાચારી પુરુષો હોય છે. આવા સદાચારી પુરુષોના વ્યાવહારિક જે સદ્ગુણો તથા સદાચાર હોય તેનો તો આદરથી સ્વીકાર કરવો જ જોઈએ. કોઈપણ દેશ, જ્ઞાતિ, સમાજ કે વ્યક્તિના સદાચાર કે સદ્ગુણોનો સ્વીકાર નહિ કરનાર મનુષ્ય મૂઢ, મૂર્ખ કે તેજોદ્વેષી જ કહેવાય. ॥૧૪॥

**સૂત્ર : शत्रोरपि सद्गुणो ग्राह्यः ॥१५॥**

**અર્થ :** શત્રુ હોય તો પણ તેના સદ્ગુણોનો સ્વીકાર કરવો.

**વિવરણ :** જેના જે સ્વાભાવિક સદ્ગુણો હોય તેનો ઈન્કાર કરવો એ તો એક પ્રકારની મૂઢતા છે. વિવેકી સજ્જન તો પોતાના શત્રુના સદ્ગુણોને પણ આદરથી સ્વીકારતા જ હોય છે. ॥૧૫॥

**સૂત્ર : विषादप्यमृतं ग्राह्यम् ॥१६॥**

**અર્થ :** ઝેરમાંથી પણ અમૃત ગ્રહણ કરવું.

**વિવરણ :** ઝેર હોય અને તે ઝેરનો ઉપયોગ કરવાથી રોગ દૂર થતો હોય અને તેથી કોઈની આયુષ્ય વધી જતી હોય તો તે ઝેર રોગીને માટે અમૃત બની જાય છે. આમ સમય આવે ત્યારે ઝેર પણ અમૃત બની જાય છે. તે જ રીતે સમય આવે ત્યારે શત્રુ હોય તે જો સહાયરૂપ બનતો હોય તો તે સમયે શત્રુને મિત્રરૂપ માનીને શત્રુ પાસેથી પણ કાર્યસિદ્ધિ કરાવવી. ॥૧૬॥

**સૂત્ર : गुणे न मत्सरः कर्तव्यः ॥१७॥**

**અર્થ :** ગુણવાન પુરુષ પ્રત્યે ઈર્ષ્યા કરવી નહિ.

**વિવરણ :** ગુણમાં દોષનું આરોપણ તેનું નામ "મત્સર." ગુણવાન સજ્જનના સદ્‌ગુણોથી પ્રભાવિત થયેલ સજ્જન સમાજ ગુણવાનનું સન્માન કરે છે. પોતાના સદ્‌ગુણો અને આદર્શ જીવનવ્યવહારથી સમાજમાં આદર પામેલા સજ્જનના સદ્‌ગુણોમાં કે તેના ચારિત્ર્યમાં દોષારોપણ કરીને તેની પ્રત્યે ઈર્ષ્યા કે અસૂયા દાખવનાર વ્યક્તિ પોતે જ સમાજમાં નિંદનીય બને છે. ॥૧૭॥

**સૂત્ર : अवस्थया पुरुषः सन्मान्यते ॥१८॥**

**અર્થ :** અવસ્થા વડે પુરુષ સન્માનનીય બને છે.

**વિવરણ :** સમય સમય પ્રમાણે પોતાની પરિસ્થિતિમાં ફેરફાર તેનું નામ 'અવસ્થા.' જેમ કે, છત્ર, ચામર, રાજસેવકો, સૈનિકો વગેરે રાજચિહ્નો સહિત રાજા જ્યાં જ્યાં જાય ત્યાં તેનું સન્માન થાય છે. રાજચિહ્નો ધારણ કર્યા સિવાય (ઉપરોક્ત રાજચિહ્નોની અવસ્થા રહિત) એ જ રાજા અપરિચિત એવા પોતાના પ્રદેશમાં જાય તો પ્રજા તે રાજાને ઓળખતી નથી તેથી રાજચિહ્નરહિત તે રાજાનું પ્રજા સન્માન કરતી નથી. એ જ રીતે નાનું બાળક હોય ત્યારે તેનું અતિ આદરસન્માન કોઈ કરે નહિ પરંતુ એ જ બાળક મોટો થતાં પોતાના સદ્‌ભાગ્યે તેને ઉચ્ચપદવી પ્રાપ્ત થાય અને તે પદવીને કારણે સમાજમાં તે આદરણીય બને છે. વિદ્યા કે ધન ન હોવા છતાં પણ સ્થાનના પ્રભાવે માણસ સમાજમાં આદરણીય બને છે. એ જ રીતે વિદ્યારૂપી અવસ્થાના

કારણે, ધનસંપત્તિરૂપી અવસ્થાને કારણે પણ મનુષ્ય સન્માનનીય બને છે. પોતાની એ અવસ્થા ગુમાવે ત્યારે તેને કોઈ બોલાવતું પણ નથી. આથી જ સૂત્રકાર કહે છે કે, ''અવસ્થા વડે પુરુષ પૂજાય છે.'' ॥૧૮॥

**સૂત્ર : स्थान एव नराः पूज्यन्ते ॥१९॥**

**અર્થ :** પોતાને યોગ્ય એવા સ્થાનમાં સ્થિર રહેનાર પૂજાય છે.

**વિવરણ :** સ્વભાવ, ગુણ, ક્રિયા, સમય અને અવસ્થા આ બધાનો વિચાર કરીને પોતાને યોગ્ય જે સ્થાન હોય તે સ્થાનમાં સ્થિર રહીને પોતાનું કર્તવ્ય યથાર્થ કરનાર પુરુષ, સજ્જન સમાજમાં પૂજનીય બને છે. स्थानं प्रधानं खलु योग्यतायाः એ સૂક્તિ પ્રમાણે યોગ્ય સ્થાન પર વિરાજમાન વ્યક્તિ જ પૂજનીય બને છે. ॥૧૯॥

**સૂત્ર : आर्यवृत्तमनुतिष्ठते ॥२०॥**

**અર્થ :** સદાચારી મનુષ્યોના આદર્શ આચરણને અનુસરવું.

**વિવરણ :** ''પોતે પોતાના સમયમાં વર્તમાન સજ્જનોના સદાચારનું પાલન કરે, સત્‌શાસ્ત્રોમાં કહેલાં કર્મો કરે, સત્‌શાસ્ત્રોએ નિષિદ્ધ કરેલાં કર્મો કરે નહિ તે મનુષ્યને ''આર્ય'' કહે છે.'' સત્યપરાયણ, પરોપકારી, આદર્શ મનુષ્યના આદર્શ આચારને અનુસરી જીવન જીવનાર મનુષ્ય સુખી થાય છે. માટે સજ્જનના આદર્શ ચરિત્રોનું અનુકરણ કરવું. એમ અમે પ્રતિપાદીત કર્યુ છે. ॥૨૦॥

**સૂત્ર : न कदापि मर्यादामतिक्रमेत् ॥२१॥**

**અર્થ :** મર્યાદાનું ઉલ્લંઘન ક્યારેય કરવું નહિ.

**વિવરણ :** સત્‌શાસ્ત્રો, માતા, પિતા, ગુરુ, પૂજ્ય પુરુષોની મર્યાદાનું ઉલ્લંઘન કયારેય કરવું નહિ તથા સામાજિક અને વ્યાવહારિક મર્યાદાઓનું પણ ઉલ્લંઘન કયારેય કરવું નહિ. વિવિધ નિયમોની અવધિ તેનું નામ 'મર્યાદા'. નિયમોરૂપી મર્યાદાનો ભંગ કરવાથી વિવિધ વિપત્તિઓ વેઠવી પડે છે માટે કોઈપણ મર્યાદાનો ભંગ કરવો નહિ. ॥૨૧॥

**સૂત્ર : नास्त्यर्घः पुरुषरत्नस्य ॥२२॥**

**અર્થ :** પુરુષરૂપી રત્નનું મૂલ્યાંકન થઈ શકતું નથી.

**વિવરણ :** પૃથ્વીમાંથી પ્રાપ્ત થતાં વિવિધ રત્નોનું મૂલ્યાંકન કરી શકાય છે. પરંતુ વિદ્યા, ચારિત્ર્ય, સ્વભાવ, ક્રિયા, ગુણ વગેરેથી સર્વોત્તમ એવા નરરત્નનું મૂલ્યાંકન કરવું અશક્ય છે. ॥૨૨॥

**સૂત્ર : न स्त्रीरत्नसमंरत्नम् ॥२३॥**

**અર્થ :** સ્ત્રીરત્ન સમાન બીજુ કોઈ રત્ન નથી.

**વિવરણ :** જેની સહાયતાથી રમણ કરી શકીએ, આનંદ માણી શકીએ, ક્રિયા કરી શકીએ, પ્રગતિ કરી શકીએ તેનું નામ 'રત્ન''. પૃથ્વીમાંથી પ્રાપ્ત થતાં રત્નો તો જડ છે અને તે રત્નો સતત આનંદ કે સુખ આપી શકતાં નથી. સ્ત્રીરૂપી રત્ન છે એ તો ચૈતન્ય છે. અન્યના સુખદુઃખને જાણનાર સ્ત્રીરત્ન ભાવનાશીલ પણ છે. માતા, પુત્રી, બહેન, પત્ની વગેરે વિવિધ સ્વરૂપે, વિવિધ ભાવનાથી, વિવિધ ક્રિયાઓ વડે પુરુષને આનંદિત કરનાર સ્ત્રીરત્નનું મૂલ્યાંકન થઈ શકે તેમ નથી. માટે જ સૂત્રકાર કહે છે કે, ''સ્ત્રીરત્ન સમાન બીજું ઉત્તમ રત્ન વિશ્વમાં નથી.'' ॥૨૩॥

**સૂત્ર : दुर्लभं रत्नम् ॥२४॥**

**અર્થ :** રત્ન પ્રાપ્ત કરવા દુર્લભ છે.

**વિવરણ :** વિવિધ રત્નો મેળવવા દુર્લભ છે. પ્રથમ તો મળેલ જે રત્ન છે તે સાચું છે કે ખોટું છે તે જાણવું જ અઘરું છે અને જાણ્યા પછી તે રત્નને સ્વાધીન રાખવું એ અત્યન્ત કઠિન કાર્ય છે. મળેલ રત્નની યોગ્યતા મુજબ તેની પાસેથી ધાર્યું કામ કરાવવું એ મહામુશ્કેલ છે. ॥૨૪॥

**સૂત્ર : अयशो भयं भयेषु ॥२५॥**

**અર્થ :** ભયસ્થાનોમાં અપકીર્તિ એ મહાભય છે.

**વિવરણ :** લોકલાજ, બંધન, રોગ, શોક, વિસ્મૃતિ, મૃત્યુ, અપમાન અને અપકીર્તિ વગેરે વિવિધ ભયસ્થાનો છે. પરંતુ તે બધાં ભયસ્થાનોમાં અપકીર્તિ છે એ તો મહાભય છે. સમાજમાં સર્વ પ્રકારે સુપ્રતિષ્ઠિત સજ્જનની આદરણીય સમાજમાં જે અપકીર્તિ થાય એ તો તેને માટે જીવતાં જ મરણરૂપ બને છે. ॥૨૫॥

**સૂત્ર : नास्त्यलसस्य शास्त्राधिगमः ॥२६॥**

**અર્થ :** આળસુ મનુષ્ય શાસ્ત્રોનો અભ્યાસ કરી શકતો નથી.

**વિવરણ :** આ અંગેની વિશેષ ચર્ચા આગળ આવી ગઈ છે. અહીં તો આટલું જ વિશેષ સમજવાનું છે કે, શાસ્ત્રજ્ઞાન માટે મહેનત આવશ્યક છે તે મુદો છે ''આળસુ, મંદબુદ્ધિ, અતિશય સુખી, રોગી, અતિનિદ્રા કરનાર અને અતિ કામાસક્ત આ છ પ્રકારના મનુષ્ય વિદ્યાભ્યાસ કરી શકતા નથી.'' ાા૨૬ાા

**સૂત્ર : न स्त्रैणस्य स्वर्गावाप्तिर्धर्मकृत्यं च ।।२७।।**

**અર્થ :** સ્ત્રીલંપટ પુરુષ ધર્મકાર્ય કરી શકતો નથી તેથી તેને સ્વર્ગપ્રાપ્તિ થતી નથી.

**વિવરણ :** સ્ત્રીલંપટ પુરુષની શારીરિક, બૌદ્ધિક અને આર્થિક શક્તિ વિષયભોગમાં જ નષ્ટ થાય છે. પરિણામે તે પુરુષ સત્કર્મો કરી શકતો નથી. સત્ચારિત્ર અને સત્કર્મથી રહિત સ્ત્રીલંપટ પુરુષને સ્વર્ગસુખ પ્રાપ્ત થતું નથી. ાા૨૭ાા

**સૂત્ર : स्त्रियोऽपि स्त्रैणमवमन्यते ।।२८।।**

**અર્થ :** સ્ત્રીલંપટનું અપમાન સ્ત્રીઓ પણ કરે છે.

**વિવરણ :** પરસ્ત્રીમાં આસક્ત, દુરાચારી, શારીરિક શક્તિ રહિત, સ્ત્રીલંપટ પુરુષનું અપમાન અબળાઓ પણ કરે છે. ાા૨૮ાા

**સૂત્ર : पुष्पार्थिनः सिंचन्ति अद्भिः पुष्पतरुम् ।।२९।।**

**અર્થ :** પુષ્પપ્રાપ્તિની ઈચ્છાવાળા ફૂલઝાડને પાણી પાય છે.

**વિવરણ :** જે પદાર્થ પ્રાપ્ત કરવું હોય તેને પ્રાપ્તિના ઉપાયો જરૂર કરવા. પુષ્પો વેચનાર માળીને પુષ્પોની જરૂર છે. તેથી તે ફૂલઝાડને જળ, ખાતર વગેરે આપીને તેનો ઉછેર કરે છે ત્યારે જ તેને પુષ્પો મળે છે. એ જ રીતે સુજ્ઞ મનુષ્યે જે સમયે જેની જરૂર હોય તે સમયે તેને તે વસ્તુ આપીને તેની પાસેથી ધાર્યું કાર્ય કરાવવું. ાા૨૯ાા

**સૂત્ર : अद्रव्यप्रयत्नो वालुकापीडनादनन्यः ।।३०।।**

**અર્થ :** સારરહિત પદાર્થોમાંથી સાર મેળવવા પ્રયત્ન કરવો એ તો રેતી દળવા જેવું છે.

**વિવરણ :** 'રેતીને દળવાથી તેલ મળે નહિ, ધાન વિનાના કુસકા ખાંડવાથી ધાન મળે નહિ' એ જ રીતે બુદ્ધિ, બળ કે સાધનસંપત્તિ રહિત નિર્માલ્ય મનુષ્ય પાસે કાર્ય કરાવવાના પ્રયત્નો નિષ્ફળ જાય છે. ાા૩૦ાા

**સૂત્ર : न महाजनः हासः कर्तव्यः ।।३१।।**

**અર્થ :** પૂજ્ય પુરુષોની મશ્કરી કરવી નહિ.

**વિવરણ :** જે માન અને આદરના અધિકારી છે, તેવા પૂજ્ય પુરુષોની મશ્કરી કરનાર દુઃખી થાય છે. આ બાબત સમાજમાં તથા શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. ॥૩૧॥

**સૂત્ર : न नर्मपरिहासः कर्तव्यः ।।३२।।**

**અર્થ :** સામાન્ય વ્યાવહારિક ક્રિયામાં પણ મશ્કરી કરવી નહિ.

**વિવરણ :** રમવું, બોલવું, વિનોદ કરવો વગેરે સામાન્ય વ્યાવહારિક ક્રિયામાં તથા સદાચાર પાલનમાં સત્કર્મો કરવામાં, દેવપૂજા કે પૂજ્ય પુરુષોએ કહેલા ધાર્મિકવિધિ વગેરે વ્યવહારમાં પણ મશ્કરી કરવી નહિ. ।૩૨॥

**સૂત્ર : कार्यसंपदं निमित्तानि सूचयन्ति ।।३३।।**

**અર્થ :** કાર્યના આરંભ પહેલાનાં તે અંગેનાં સાધનો, સમય, સંયોગ તે આદિ કાર્યસિદ્ધિના શુકન સૂચવે છે.

**વિવરણ :** શુકન બે પ્રકારના છે ! એક શુભ અને બીજા અશુભ. કોઈપણ કાર્યની સફળતા કે નિષ્ફળતામાં કંઈક કંઈક નિમિત્ત તો બને જ છે. નિમિત્ત વિના કોઈ કાર્ય થતું નથી. કાર્યના આરંભમાં શુભ ચિહ્નો કાર્યની સફળતા સૂચવે છે, જ્યારે આરંભમાં જ અશુભ ચિહ્નો નિષ્ફળતાસૂચક છે. ॥૩૩॥

**સૂત્ર : नक्षत्रादि निमित्तानि विशेषयन्ति ।।३४।।**

**અર્થ :** નક્ષત્રો વગેરેનાં નિમિત્તો સિદ્ધિ કે અસિદ્ધિનું વિશેષ સૂચન કરે છે.

**વિવરણ :** જ્યોતિષશાસ્ત્ર વગેરેમાં વિવિધ પ્રકારનાં શુકનોની ચર્ચા વાચવા મળે છે. આકાશમાં ધૂમકેતુ વગેરે દેખાય, આકાશમાંથી તારાઓ ખરીને પૃથ્વી પર પડે, ઉલ્કાપાત થાય વગેરે શુકનો અનિષ્ટકારક સમયનું સૂચન કરે છે. આ પ્રકારનાં અશુભ શુકનો નભોમંડળનાં છે. ધૂમાડામાં અગ્નિના તણખા ઊડે, વાયુના વંટોળ વગેરે પૃથ્વી સંબંધી અશુભ શુકનો છે. આવા અશુભ ચિહ્નો જોઈને અનુમાન કરવું જોઈએ કે આવા સમયમાં આરંભેલાં કાર્યોમાં સફળતા નહિ મળે માટે વિપરીત સમયમાં કાર્યનો આરંભ કરવો નહિ. ॥૩૪॥

**સૂત્ર : न त्वरितस्य नक्षत्रपरीक्षा ।।३५।।**

**અર્થ :** ઉતાવળથી કાર્ય કરનાર, નક્ષત્ર વગેરેની પરીક્ષા કરી શકતો નથી.

**વિવરણ :** સમય સમય પ્રમાણે થતાં શુકન કે અપશુકત તો, ક્ષણવાર જ દેખાય છે. તેથી ચંચળ સ્વભાવના મનુષ્યો શુકન કે અપશુકનની પરીક્ષા કરી શકતા નથી. ॥૩૫॥

**સૂત્ર : परिचये दोषा न छाद्यन्ते ॥३६॥**

**અર્થ :** પરિચિત સમાજમાં રહીને આપણે આપણા દોષો છુપાવી શકતા નથી.

**વિવરણ :** ગુણ, દોષ, સ્વભાવ, ક્રિયા વગેરેની વિશેષ જાણકારી તેનું નામ 'પરિચય'. જે લોકો આપણા ગુણ, દોષ વગેરે જાણતા હોય તેની આગળ દોષ છુપાવવા એ તો આપણો દંભ આપણે જ ખુલ્લો કરવા જેવું છે માટે પરિચિત વ્યક્તિ સમક્ષ દોષ છુપાવવા નહિ. ॥૩૬॥

**સૂત્ર : स्वयमशुद्धः परानाशंकते ॥३७॥**

**અર્થ :** જે પોતે જ દોષવાળો છે તે બીજા પ્રત્યે દોષદ્રષ્ટિ રાખે છે.

**વિવરણ :** જગતમાં બધા જ મનુષ્યો દુષ્ટ હોતા નથી તેમજ બધા જ સજ્જન હોતા નથી. કેટલાક સજ્જન હોય છે તો કેટલાક દુર્જન હોય છે. પરંતુ જે પોતે જ દોષમય હોય તે સર્વ પ્રત્યે દોષદ્રષ્ટિથી જ રાખે છે. ॥૩૭॥

**સૂત્ર : स्वभावो दुरतिक्रमः ॥३८॥**

**અર્થ :** સ્વભાવ મૂકવો એ કષ્ટસાધ્ય છે.

**વિવરણ :** સ્વભાવ બે પ્રકારનો હોય છે. (૧) જીવના પોતાના સ્વરૂપમાં ઓતપ્રોત થયેલ એવા અનાદિકાળના કર્મસંસ્કારજન્ય સ્વભાવ તેનું નામ સ્વરૂપસ્વભાવ, (૨) સંગ, સહકાર અને ક્રિયાભ્યાસ આદિથી જન્ય સંસ્કારથી થયેલ સ્વભાવને સાંસર્ગિક સ્વભાવ કહે છે. આ બે પ્રકારના સ્વભાવમાંથી સ્વરૂપ સ્વભાવનો નાશ કરવો તે કષ્ટસાધ્ય છે અને સાંસર્ગિક સ્તભાવ ટાળવો કંઈક અંશે સરળ છે. ॥૩૮॥

**સૂત્ર : अपराधानुरूपो दण्डः ॥३९॥**

**અર્થ :** અપરાધને અનુસારે દંડ દેવો.

**વિવરણ :** જેનો જેવો અપરાધ તેને તેટલા પ્રમાણમાં જ દંડ દેવો. ''ચીભડાના ચોરને ફાંસીની સજા'' જેવો દંડ દેવો નહિ. તેમજ નિર્દોષને દંડ દેવો નહિ અને દોષિતનો દંડ માફ કરવો નહિ. આ રીતે રાજ્યશાસન કરનારને સત્તા, સંપત્તિ અને યશ પ્રાપ્ત થાય છે અને પરલોકમાં પણ તે સુખી થાય છે. ॥૩૯॥

**સૂત્ર : कथानुरूपं प्रतिवचनम् ।।४०।।**

**અર્થ :** જેવો પ્રશ્ન હોય તેવો ઉત્તર આપવો.

**વિવરણ :** વિવિધ કાર્યની વિચારણા તથા વિવિધ પ્રશ્નોના ઉત્તર આપતાં પહેલાં સમજી વિચારીને જ ઉત્તર આપવો. પ્રશ્ન સંબંધમાં આપણે શું જાણીએ છીએ ? આ ઉત્તર આપવાથી શું પરિણામ આવશે ? વગેરેનો વિચાર કરીને જ બોલવું. ॥૪૦॥

**સૂત્ર : विभवानुरूपमाभरणम् ।।४१।।**

**અર્થ :** ધનસંપત્તિ અને સત્તાને અનુરૂપ વસ્ત્ર અલંકારો પહેરવાં.

**વિવરણ :** ધનસંપત્તિ ઓછી હોય અને કિંમતી વસ્ત્રોને અલંકારો પહેરીએ તો ભૂખમરો જ આવે. અધિક ધનસંપત્તિ હોય છતાં કંજુસાઈથી વસ્ત્ર, અલંકાર, ભોજન વગેરેમાં લોભ કરીએ તો સમાજમાં અપકીર્તિ થાય માટે સમજી વિચારી દેશ, જ્ઞાતિ, કૂળ, અવસ્થા, સમય, સત્તા અને ધનસંપત્તિ આ બધાંનો વિચાર કરીને પોતાને યોગ્ય એવાં વસ્ત્રઅલંકારો પહેરવાં. ॥૪૧॥

**સૂત્ર : कुलानुरूपं वृत्तम् ।।४२।।**

**અર્થ :** પોતાના કુળને અનુરૂપ આચાર, વ્યવહાર કરવો.

**વિવરણ :** જ્ઞાતિ, કુળ, પરિવાર, દેશ અને સમાજ આ બધાંને અનુરૂપ એવો આચારવ્યવહાર રાખવાથી સમાજમાં આપણી પ્રતિષ્ઠા જળવાઈ રહે છે. તદુપરાંત પોતાના કુળની પ્રતિષ્ઠાને અનુરૂપ વ્યવહાર કરનાર સમાજમાં આદરણીય બને છે. ॥૪૨॥

**સૂત્ર : कार्यानुरूपः प्रयत्नः ।।४३।।**

**અર્થ :** જેવાં કાર્યો તેવા પ્રયત્નો કરવા.

**વિવરણ :** અલ્પ કાર્યમાં અલ્પ પ્રયત્નો અને મોટા કાર્યમાં અતિ પ્રયત્નો કરીને પણ કાર્ય સિદ્ધ કરવું. ॥૪૩॥

**સૂત્ર : पात्रानुरूपं दानम् ।।४४।।**

**અર્થ :** પાત્રને અનુરૂપ દાન દેવું.

**વિવરણ :** સુપાત્ર હોય તેને દાન દેવું અને તે પણ તેને જરૂરીઆત હોય તેટલું જ દાન દેવું. સુપાત્ર હોવા છતાં તેને જરૂર હોય જ નહિ તો તેને દાન

દેવું નહિ. સુપાત્ર હોય તેને કોઈ મોટું કાર્ય કરવાનું હોય તો તે કાર્યને અનુરૂપ અધિક દાન કરવું અને તે પણ પોતાની શક્તિને અનુસારે કરવું. દાતાઓના પૈસાથી વિમાનમાં, મોટરોમાં પ્રવાસ કરનારા અને વૈભવી જીવન જીવનારા તથા દાતાઓના પૈસાથી કુટુંબપરિવારને વૈભવમય સાધનસગવડ કરી આપનારા કહેવાતા ગુરુઓને દાન આપવાથી કશું જ ફળ મળતું નથી. માટે સમજી વિચારીને જ દાન કરવું. નિરાધાર, રોગી વગેરેને તેની જરૂરીઆત અનુસારે દાન આપવું. ॥૪૪॥

**સૂત્ર : वयोऽनुरूपो वेशः ॥४५॥**

**અર્થ** : અવસ્થાને અનુરૂપ વેશભૂષા રાખવી.

**વિવરણ** : બાળકને માટે બાળ અવસ્થાને અનુરૂપ વસ્ત્ર, અલંકારો ધારણ કરવા એ જ તેને માટે શોભાસ્પદ છે. યુવાન અવસ્થામાં યુવાનીને અનુરૂપ અને વૃદ્ધાવસ્થા હોય ત્યારે તેને અનુરૂપ વેશભૂષા રાખવી. વય અનુસાર વેશભૂષા નહિ રાખનાર હાંસીને પાત્ર બને છે. ॥૪૫॥

**સૂત્ર : स्वाम्यनुकूलो भृत्यः ॥४६॥**

**અર્થ** : પોતાના સ્વામીની અનુકૂળતા પ્રમાણે સેવા કરે તે સેવક.

**વિવરણ** : રાજા, અધિકારી, શેઠ વગેરે પોતાના સ્વામીની ઈચ્છા મુજબ સેવા કરનાર સેવક પોતાના આશ્રયદાતાની પ્રસન્નતા પ્રાપ્ત કરીને સુખી થાય છે. માટે સેવા કરનાર કર્મચારીઓએ પોતાના અધિકારીને અનુસરીને જ કામ કરવું. ॥૪૬॥

**સૂત્ર : भर्तृवशवर्तिनी भार्या ॥४७॥**

**અર્થ** : પોતાના પતિને આધીન રહે તેનું નામ પત્ની.

**વિવરણ** : શાસ્ત્રમાં કહેલ છે કે, "ગૃહકાર્ય કરવામાં કુશળ, મધુરભાષી, પતિની આજ્ઞા પાળનાર, સંતાનોની માતા, સરળ સ્વભાવવાળી, રૂપવંતી, ગુણવંતી, દેવ, ગુરુ, અગ્નિ, અતિથિની સેવા કરનાર, સૌભાગ્યવંતી, પત્ની વડે ભોંગ અને મોક્ષ મેળવી શકાય છે. આ શાસ્ત્ર વાકયને અનુસારે જ સૂત્રકાર કહે છે કે, પતિની આજ્ઞા પાલન કરે એજ પત્ની કહેવાય. ॥૪૭॥

**સૂત્ર : गुरुवशानुवर्ती शिष्यः ॥४८॥**

**અર્થ** : ગુરુને આધીન રહે તે શિષ્ય.

**વિવરણ :** શાસ્ત્રમાં લખેલ છે કે, ''અન્નદાન આપીને શારીરિક પોષણ કરનાર તથા ગર્ભધાન વગેરે સંસ્કારો આપીને પુત્રનો ઉછેર કરનાર પિતા તે ગુરુ છે. તેમજ વિદ્યાભ્યાસ કરાવીને વ્યાવહારિક અને સદાચારસંબંધી સત્ય જ્ઞાન આપનાર અને શિષ્યનું સર્વ પ્રકારે હિત કરનાર વિદ્યાગુરુ તે પણ ગુરુ છે. આ રીતે પિતારૂપ ગુરુ અને વિદ્યાભ્યાસ કરાવનાર ગુરુ આ બન્ને પ્રકારના ગુરુની આજ્ઞા પાળનાર તેમજ બન્ને ગુરુની સેવા કરનાર શિષ્ય આ લોકમાં અને પરલોકમાં સુખી થાય છે. ॥૪૮॥

**સૂત્ર : पितृवशानुवर्ती पुत्रः ॥४९॥**

**અર્થ :** પિતાને આધીન રહે તે પુત્ર.

**વિવરણ :** પિતાની આજ્ઞાનું પાલન કરે, પિતાના સદાચારને અનુસરે તને જ પુત્ર કહેવાય છે. ''પિતાએ પોતાના પુત્રને આદર્શ શિક્ષણ આપીને, ધર્મોપદેશ આપીને તથા ખોરાક, વસ્ત્રો આદિ આપીને પોતાના પુત્રનું ભરણપોષણ કરવું તથા ધાર્મિક અને વ્યાવહારિક સંસ્કારો આપવા. આ રીતે પોતાના પુત્રને સંસ્કારો આપીને પુત્ર સ્વાધીન રહે તેવો તેની સાથે વ્યવહાર કરવો. ॥૪૯॥

**સૂત્ર : स्वामिनि कुपिते स्वामिनमेवानुवर्तेत ॥५०॥**

**અર્થ :** પોતાના સ્વામી ગુસ્સો કરે તો પણ સેવકે તેની આજ્ઞા પ્રમાણે રહેવું.

**વિવરણ :** રાજા, શેઠ કે અધિકારી સેવક પ્રત્યે ક્રોધ કરે અને ઠપકો આપે કે દંડ દે છતાં પણ સેવા કરનાર સેવકે તો પોતાનો સ્વામી રાજી રહે તે રીતે રહીને તેની સેવા કરવી. તેનો ત્યાગ કરીને બીજે જવું નહિ તેમજ તેની વિરૂદ્ધ વર્તન કરવું નહિ. કારણ કે અપમાનિત થવા છતાં વફાદારીપૂર્વક સેવા કરનાર સેવક પ્રત્યે કૃતજ્ઞ સ્વામીની પ્રસન્નતા થાય છે. ॥૫૦॥

**સૂત્ર : मातृताडितो बालो मातरमेवानुरोदिति ॥५१॥**

**અર્થ :** માતા શિક્ષા કરે તો પણ રડતું બાળક પોતાની માતા પાસે જાય છે.

**વિવરણ :** આગળના સૂત્રના અનુસંધાને દ્રષ્ટાંત આપીને સમજાવે છે કે, માતા બાળક પ્રત્યે ગુસ્સે થઈને તેને મારે ત્યારે રડતું રડતું તે બાળક, માર મારનાર પોતાની માતા પાસે જ પાછું જાય છે. એ જ રીતે સેવકોએ પોતાનો આશ્રયદાતા ગુસ્સે થાય તો પણ દીન-આધીન થઈને તેને જ આશ્રયે રહેવું અને તેની આજ્ઞા પાળીને કાર્ય કરવું. ॥૫૧॥

**સૂત્ર : स्नेहवतो स्वल्पोऽपि रोषः ।।५२।।**

**અર્થ :** દયાળુ, સ્નેહી સ્વજનનો ક્રોધ પણ થોડીવાર પૂરતો જ હોય છે.

**વિવરણ :** સ્વાભાવિક રીતે જ જે દયાળુ હોય તેનો ક્રોધ પોતાના સેવક પ્રત્યે થોડીવાર પૂરતો જ હોય છે. તેથી અંતે તો તે સેવક પ્રત્યે દયાભાવ રાખવાનો જ. માટે સેવકોએ આશ્રયદાતાની ઈચ્છા મુજબ રહીને આશ્રયદાતાની સેવા કરવી. ।।૫૨।।

**સૂત્ર : आत्मछिद्रं न पश्यन्ति परछिद्रमेव बालिशाः ।।५३।।**

**અર્થ :** પોતાના દોષો નહિ દેખનાર મૂર્ખ લોકો બીજાના જ દોષો દેખે છે.

**વિવરણ :** પારકા દોષો પૂરેપૂરા જોવા જાણવા અને પ્રસિદ્ધ કરવાનું કાર્ય મૂર્ખ લાકો અને લુચ્ચાઓ કરતા હોય છે. તેમાં પણ જે કેવળ મૂર્ખાઓ છે તેઓ તો પોતાના મોટા મોટા દોષોને પણ ઓળખતા નથી તેથી જ તેઓ પોતાને ગુણવાન અને નિર્દોષ સમજીને પારકાના અલ્પ દોષને મોટા દોષ સમજીને સમાજમાં તે દોષને પ્રસિદ્ધ કરે છે અને જે લુચ્ચાઓ છે એ તો બીજાના દોષને દેખીને તેનો ગેરલાભ ઉઠાવે છે. ।।૫૩।।

**સૂત્ર : सोपचारः कैतवः ।।५४।।**

**અર્થ :** લુચ્ચાઈ કરીને ધુતારાઓ છેતરે છે.

**વિવરણ :** કપટ કરવામાં ચતુરાઈ તેનું નામ લુચ્ચાઈ. આ પ્રકારની લુચ્ચાઈ કરનારને ધૂતારો કહે છે. સારી સારી વસ્તુઓ બતાવે, આપણી ઈચ્છા મુજબ કામ કરે અને લાગ મળે કે તરત જ દગો કરીને આપણું શોષણ કરી જાય, આપણી સંપત્તિ લઈ જાય તેને ધુતારો કહેવાય. આવા ધુતારાઓ મીઠી વાણી બોલીને તથા મોહક વસ્તુ બતાવીને લોકોને છેતરીને પોતાનું કાર્ય સિદ્ધ કરે છે. ।।૫૪।।

**સૂત્ર : काम्यैर्विशेषैरूपचरणमुपचारः ।।५५।।**

**અર્થ :** મનગમતા વિવિધ પદાર્થો બતાવીને કે આપીને મનુષ્યને પ્રસન્ન કરવા તેનું નામ ઉપચાર.

**વિવરણ :** મનુષ્યને પ્રસન્ન કરવા માટે ધુતારાઓ લોકોને મનગમતા પદાર્થો બતાવે અને જરૂર પડે તો થોડે ઘણે અંશે આપે પણ ખરા. ધુતારાની આ ક્રિયાને ઉપચાર કહે છે. ધુતારાઓ પોતાનું ધાર્યું કરવા માટે વિવિધ પ્રકારના ઉપચારો

કરીને લોકોને છેતરીને અંતે પોતાનું કાર્ય સિદ્ધ કરે છે. માટે સુજ્ઞપુરુષે ધુતારાથી ચેતતા રહેવું તેમજ રાજનીતિજ્ઞ પુરુષે પોતાનું ધાર્યું કાર્ય સિદ્ધ કરવા માટે ધુતારાની માફક વિવિધ કિમિયા કરીને પોતાનું ધાર્યું કાર્ય સિદ્ધ કરવું. ।।૫૫।।

**સૂત્ર : अत्युपचारः शंकितव्यः ।।५६।।**

**અર્થ :** અતિશય ઉપચાર શંકાસ્પદ છે.

**વિવરણ :** અતિશય નમ્રતા બતાવે, દોડીને કામ કરે, મનપસંદ પદાર્થો તત્કાળ લાવી આપે. આ રીતે વધારે પડતી સેવા કરનાર પ્રત્યે તત્કાળ પ્રસન્ન થવું નહિ તથા તેના વચનમાં અને તેની ક્રિયામાં વિશ્વાસ કરવો નહિ. પરંતુ શંકાશીલ દ્રષ્ટિથી તેને જોતા રહેવું અને વિચારવું કે આને થોડો પગાર આપીએ છીએ, અપમાન કરીએ છીએ છતાં પણ તે વધારે પડતું કામ શા માટે કરે છે ? આટલો બધો ભાવ દેખાડીને આપણે માટે તે આટલી મહેનત શા માટે કરે છે ? આ રીતે કામ કરીને આપણને તે છેતરવા માગતો નથી ને? આ રીતે તેની તરફ શંકાદ્રષ્ટિ રાખીને તેના ઉપર તથા તેના કાર્ય ઉપર ચાંપતી નજર રાખવી. ।।૫૬।।

**સૂત્ર : चिरपरिचितानां त्यागो दुष्करः ।।५७।।**

**અર્થ :** દીર્ઘકાળ સુધી પરિચયમાં આવેલ વ્યકિઓનો ત્યાગ કરવો મુશ્કેલ છે.

**વિવરણ :** લાંબા સમય સુધી સાથે રહીને કામ કરનાર વિશ્વાસુ વ્યક્તિનો ત્યાગ કરવો કઠિન છે. જે અતિશય લુચ્ચો હોય અને ગંભીર હોય તે પોતાના ષડયંત્રને બુદ્ધિપૂર્વક વિસ્તારે છે અને પોતાના ષડયંત્રમાં આપણને ફસાવવા માટે પ્રથમ તો તે આપણો વિશ્વાસ પ્રાપ્ત કરે છે અને પછી જ તે આપણને તેના ષડયંત્રમાં ફસાવે છે અને પછીથી તે આપણા કાર્યનો કે આપણો વિનાશ કરે છે. ।।૫૭।।

**સૂત્ર : श्वः सहस्रात् अद्य काकिनी श्रेयसी ।।५८।।**

**અર્થ :** આવતી કાલે હજાર રૂપિઆ મળે તેના કરતાં આજે તેનો ચતુર્થાંશ મળે તે સારું છે.

**વિવરણ :** આ સૂત્રમાં અર્થતંત્રની મહત્તા સમજાવી છે. કોઈક પાસે વસુલાત કરવાની હોય અને તે કહે કે, ''પૂરેપૂરી રકમ જોઈતી હોય તો કાલે આવજો.

આજે જ જોઈતી હોય તો તમારી વસુલાત પેટે તેનો ચતુર્થાંશ આપું.'' એવે સમયે આવતી કાલનો લોભ રાખવો નહિ અને તત્કાળ જેટલા પૈસા મળે તેટલા લઈ લેવા. એ જ રીતે કોઈની પાસે કામ કરાવવું હોય તો તેને બોલાવીને તે સમયમાં તે જેટલું કામ કરે તેટલું કામ તેની પાસે કરાવી લેવું, પરંતુ તેના વાયદાની વાટ જોવી નહિ. શાસ્ત્રમાં કહેલ છે કે, ''આવતી કાલનું કામ આજે કરો. બપોર પછી કરવાનું કામ સવારે કરો. કારણ કે સમય કોઈની રાહ નહિ જુએ.'' મૃત્યુ એમ નહિ વિચારે કે આ વ્યક્તિનું કામ બાકી છે માટે તે થોડો સમય ભલે જીવિત રહે. એ તો સમય આવે કે તરત જ ઉપાડી જ જવાનો. ॥૫૮॥

**સૂત્ર : श्वोमयूरात् अद्य कपोतो वरम् ॥५९॥**

**અર્થ :** આવતી કાલે મયૂર આપતો હોય તેના કરતાં આજે કબૂતર આપે એ સારું.

**વિવરણ :** પૂર્વસૂત્રના અનુસંધાને જ આ સૂત્ર છે. પદાર્થની વસુલાત પ્રસંગે કોઈ કહે કે તમારે મયૂર જોતો હોય તો આવતી કાલે આપીશ. અત્યારે તો આ કબૂતર છે તે જોઈતું હોય તો લઈ જાઓ. તે સમયમાં મયૂર લેવાનો લોભ રાખવો નહિ અને તત્કાળ પ્રાપ્ત થતું કબૂતર તે લઈ લેવું. આ રીતે અર્થતંત્રને સદ્ધર કેમ રાખવું તેને માટે વસુલતાની કળા સૂત્રકારે બતાવી છે. તાત્કાલિક થોડું મળે તો પણ એ જ સારું છે કારણ કે કાલે શું થશે તેનો નિશ્ચય હોતો નથી. તદુપરાંત નજીકમાં લાભ થતો હોય તો દૂર જવું નહિ. ॥૫૯॥

**સૂત્ર : अतिसंगो दोषमुत्पादयति ॥६०॥**

**અર્થ :** અતિશય સંગ દોષો પ્રગટ કરે છે.

**વિવરણ :** વિવિધ પ્રકારના મનુષ્યો સાથેના અતિ પડતા સંબંધો અથવા કોઈપણ વ્યક્તિ સાથેનો અતિશય સંબંધ એ ક્યારેક દુ:ખદ બને છે. કોઈપણ સાથેના વધારે પડતા સંબંધો શારીરિક, માનસિક, આર્થિક કે સામાજિક દુ:ખોનું કારણ બની જાય છે. અતિશય સંબંધ, વ્યર્થ સમય ગુમાવવો, નીચ મનુષ્યનો સંગ વગેરે દોષોથી કાર્યમાં નિષ્ફળતા મળે છે. રાજનીતિ જાણનાર સજ્જન માટે ઉપરોક્ત દોષો તેની પ્રતિષ્ઠાને હાનિ કરે છે. ॥૬૦॥

**સૂત્ર : सर्वं जयति अक्रोधः ॥६१॥**

**અર્થ :** ક્રોધ નહિ કરનાર સર્વને સ્વાધીન કરે છે.

**વિવરણ :** કાર્યમાં વિઘ્ન કરનાર પ્રત્યે તથા ધાર્યું કાર્ય નહિ કરનાર પ્રત્યે દરેકને ક્રોધ થાય જ, આવી વિષમ પરિસ્થિતિમાં પણ ક્રોધ રહિત બનીને પ્રસન્ન મનથી ઉદારતાપૂર્વક હસતે મુખે વિવેક, વિનય અને સરળતા દાખવીને મધુરવાણીથી વર્તન કરનાર ક્રોધરહિત સજ્જન સર્વત્ર વિજયી બને છે. ''ઈષ્ટ વિષયમાં આસક્તિ થવાથી તેની પ્રાપ્તિ માટે પ્રયત્નો કરનારને તે ઈષ્ટપ્રવૃત્તિમાં વિઘ્ન કરનાર પ્રત્યે ક્રોધ થાય છે અને ક્રોધ કરનારનાં કાર્ય નિષ્ફળ જાય છે.'' તેનાથી ઉલટું જે વિષયમાં આસક્તિ રહિત અને ક્રોધ રહિત બને છે તે મનુષ્ય જન્મ મરણ રૂપી સંસારથી મુક્ત થાય છે. ॥૬૧॥

**સૂત્ર : मतिमुद्तिष्ठन् जयति ॥६२॥**

**અર્થ :** ક્રોધ રહિત મનુષ્ય અજ્ઞાનને દૂર કરીને વિજય પામે છે.

**વિવરણ :** ક્રોધ રહિત મનુષ્યની બુદ્ધિઉદ્વેગ રહિત હોય છે તેથી તે શાંત ચિત્તથી વિચારી શકે છે. કાર્યને અનુરૂપ વિચાર કરીને પ્રયત્નો કરનારનાં કાર્યો સફળ થાય છે. ક્રોધ રહિત મનુષ્ય પોતાના બુદ્ધિબળથી જ પોતાનું અજ્ઞાન દૂર કરે છે. ॥૬૨॥

**સૂત્ર : यद्यपकारिणि कोपः कोपे, कोपः एव कर्तव्यः ॥६३॥**

**અર્થ :** અહિત કરનાર પ્રત્યે તો ક્રોધ જ કરવો જોઈએ. ક્રોધનો પ્રતિકાર ક્રોધ જ છે.

**વિવરણ :** નીતિજ્ઞ પુરુષો માને છે કે, ''શઠ પ્રત્યે શાઠય'' જરૂરી છે. હિંસાનો પ્રતિકાર હિંસાથી જ કરવો. જે વ્યક્તિ આપણું અહિત કર્યા જ કરતો હોય તેમજ કારણ વગર વેર રાખતો હોય તેનાં બોધપાઠ માટે તો ક્રોધ કરીને તેને પરાજિત કરવા માટે બધા જ પ્રયત્નો કરીને તેને પરાજિત કરવો. ॥૬૩॥

**સૂત્ર : मतिमत्सु मूर्खमित्रगुरुवल्लभेषु विवादो नैव कर्तव्यः ॥६४॥**

**અર્થ :** બુદ્ધિજીવિઓ, મૂર્ખાઓ, મિત્રો, પૂજ્ય પુરુષો અને પ્રિયજનો સાથે વિવાદ ન કરવો.

**વિવરણ :** મૂર્ખ સાથે વિવાદ કરવાથી કંઈ પ્રાપ્તિ થતી નથી ઉલટાનું મૂર્ખ સાથે વિવાદ કરવાથી સુજ્ઞજનો આપણને જ ઠપકો આપીને કહેશે કે 'એ તો મૂર્ખ છે તું પણ મૂર્ખ છે?' મૂર્ખ સાથે વિવાદથી આપણી જ પ્રતિષ્ઠા ઘટે છે. મિત્રો સાથે

વિવાદ કરવાથી તેની સાથેના સારા સંબંધોને હાનિ પહોંચે છે. તેને પરિણામે મિત્ર હોય તે શત્રુ બને છે. આપણને સાચી સલાહ આપીને આપણું હિત કરનાર પૂજ્ય ગુરુજનો સાથે વિવાદ કરવાથી તેઓ નારાજ થાય છે. તેને પરિણામે તેના તરફથી આપણને સાચી સલાહ મળવાનું બંધ થાય છે અને પરિણામે આપણી પ્રગતિને નુકસાન થાય છે. પ્રિયજન એટલે માતા, પિતા, કાકા, મામા, રાજા વગેરેની સાથે વાદવિવાદ કરવાથી તેઓ આપણી પ્રત્યે નારાજગી દર્શાવે છે. પરિણામે તેઓના કોપના ભોગ બનવું પડે છે. બુદ્ધિશાળી મનુષ્ય સાથે વિવાદ કરવાથી પણ આપણે સત્ય સલાહકાર સજ્જન ગુમાવીએ છીએ. માટે ઉપરોક્ત વ્યક્તિઓ સાથે વિવાદ કરવો નહિ. ॥૬૪॥

**સૂત્ર : नास्त्यपिशाचमैश्वर्यम् ॥६५॥**

**અર્થ :** ઐશ્વર્ય શુદ્ધ સાત્ત્વિક હોઈ શકે નહિ.

**વિવરણ :** સત્ત્વમય સ્વભાવવાળા સાત્ત્વિક સજ્જનો સરળતાથી ધન, સત્તા કે ઐશ્વર્ય પ્રાપ્ત કરી શકતા નથી. આ બધું પ્રાપ્ત કરવા માટે તો રાજસ, તામસ, સ્વભાવ, ગુણ, ક્રિયા અને ઉપાયોનો ઉપયોગ કરવો પડે છે. ધન, સત્તા, સંપત્તિ અને ઐશ્વર્યથી ભરપૂર જીવન જીવનાર પુરુષો પણ બહુધા સાત્ત્વિક સ્વભાવવાળા હોતા નથી. ધન, સત્તા, સંપત્તિ અને ઐશ્વર્યો મળવા છતાં પણ સરળતા, સાત્ત્વિકતા અને સાદાઈથી જીવન જીવનાર મહાપુરુષો મળવા દુર્લભ છે. ॥૬૫॥

**સૂત્ર : नास्ति धनवतां कर्मसु श्रमः ॥६६॥**

**અર્થ :** શ્રીમંતોને કાર્ય માટે મહેનત કરવી પડતી નથી.

**વિવરણ :** ધનવાનને ધનના બળથી વગર મહેનતે તેઓનું ધાર્યું કામ થાય છે. ॥૬૬॥

**સૂત્ર : नास्ति यानवतां गतिश्रमः ॥६७॥**

**અર્થ :** વાહન વડે પ્રવાસ કરનારને યાત્રાનો થાક લાગતો નથી.

**વિવરણ :** વાહનમાં બેસીને વ્યાવહારિક પ્રવાસ કે તીર્થયાત્રા કરનારને પ્રવાસનો થાક લાગતો નથી. ॥૬૭॥

**સૂત્ર : यस्मिन् कर्मणि यः कुशलः स तस्मिन् नियोक्तव्यः ॥६८॥**

**અર્થ :** જે કાર્ય કરવામાં જે કુશળ હોય તેને તે કાર્ય સોંપવું.

**વિવરણ :** જે વ્યક્તિને જે કાર્ય કરવાની પૂરે પૂરી જાણકારી હોય અને તેને કાર્ય કરવાનો ઉત્સાહ હોય તથા અન્ય પાસેથી કામ કરાવવાની કળા હોય. તે વ્યક્તિને તે કાર્ય સોંપવું. એ જ રીતે જે વ્યક્તિ જે પદને યોગ્ય હોય તે વ્યક્તિને તે પદ ઉપર નિયુક્ત કરવી. ॥૬૮॥

**સૂત્ર : अलोहमयं निगलं कलत्राम् ॥६९॥**

**અર્થ :** પત્નીના સ્નેહરૂપી સાંકળ પુરુષ માટે સુદ્રઢ બંધન છે.

**વિવરણ :** પશુઓને બાંધવા માટે લોખંડની સાંકળની જરૂર પડે છે, અપરાધીઓને બાંધવા માટે લોખંડની બેડી કે સાંકળની જરૂર પડે છે પરંતુ સંસારરૂપી કારાગૃહમાં રહેતા પ્રાણધારીઓને પત્નીનો પ્રેમ એ જ સુદ્રઢ બંધન છે. તેમજ પત્ની માટે પણ પતિનો પ્રેમ સુદ્રઢ બંધન છે. અપરાધી તો જેલરૂપી બંધનમાંથી નિયત સમયે છૂટી જાય છે. પરંતુ સ્નેહરૂપી સુદ્રઢ બંધનમાં બંધાયેલ પ્રાણી તે બંધનમાંથી છૂટી શકતો નથી. જે મનુષ્ય સ્ત્રીસુખમાં કે વિષયસુખમાં બંધાતો નથી. તે મનુષ્ય આત્મસુખને અર્થાત્ સત્યસુખને પ્રાપ્ત કરે છે. ॥૬૯॥

**સૂત્ર : दुष्कलत्रां मनस्विनां शरीरकर्षणम् ॥७०॥**

**અર્થ :** બુદ્ધિશાળી મનુષ્ય માટે કુભાર્યા એ તો શારીરિક દુ:ખ છે.

**વિવરણ :** સ્વભાવ અને ચારિત્રથી દુષ્ટ પત્ની પતિના દુ:ખનું કારણ બને છે. તેથી જ શાસ્ત્રમાં કહે છે ''કુભાર્યા સાથે રહેવું તેના કરતાં વનવાસ સારો છે.'' ॥૭૦॥

**સૂત્ર : अप्रमत्तो दारात् निरीक्षेत ॥७१॥**

**અર્થ :** સાવધાન રહીને પત્નીની સંભાળ રાખવી.

**વિવરણ :** પત્નીના ભરણપોષણની પ્રત્યેક ગૃહસ્થની ફરજ છે. સાથો સાથ સમય સમય પ્રમાણે તેની વિવિધ ઈચ્છા સંતોષવા પ્રયત્નશીલ રહેવું. પત્નીના સ્વભાવ ક્રિયા, સંગ તથા વ્યવહાર પ્રત્યે પણ ચાંપતી નજર રાખવી જરૂરી છે. પત્નીનો વ્યવહાર નિષ્કલંક અને નિર્દોષ રહે તેવા પ્રયત્નો કરવા. ॥૭૧॥

**સૂત્ર : स्त्रीषु किंचिदपि न विश्वसेत् ॥७२॥**

**અર્થ :** સ્ત્રીઓનો થોડો ઘણો પણ વિશ્વાસ કરવો નહિ.

**વિવરણ :** ઘરના દૈનિક વ્યવહારો બહુધા તો સ્ત્રીઓએ જ કરવાના હોય છે. તેમજ કૌટુંબિક કે સામાજિક વ્યવહારો પણ સ્ત્રીઓએ જ કરવાના

હોય છે. તેથી પ્રત્યેક કાર્યોમાં સ્ત્રીઓ પ્રત્યે અવિશ્વાસ એ તો કેવળ મૂર્ખાઈ જ કહેવાય. માટે અહીંયા એ સમજવાનું છે કે અતિશય ગુપ્ત રાખવા યોગ્ય વ્યવહારિક માહિતી સ્ત્રીઓને કહેવી નહિ. જે વાતો સ્ત્રીઓને કહેવાથી કશો જ લાભ થાય નહિ તેમજ જે વાત તેના કાર્યક્ષેત્રની બહાર હોય તે વાતો તેને કહેવી નહિ. ॥૭૨॥

**સૂત્ર : न समाधिः स्त्रीषु लोकज्ञता च ।।७३।।**

**અર્થ :** સ્ત્રીઓમાં ચિત્તની એકાગ્રતા ને સામાજિક વિશેષ જાણકારી હોતી નથી.

**વિવરણ :** સ્ત્રીનો વિશ્વાસ શા માટે ન કરવો તેનો ઉત્તર આ સૂત્રમાં આપે છે. (૧) સ્ત્રીઓના ચિત્તની વૃત્તિ અતિ ચંચળ હોય છે. તેથી કાર્ય પરત્વેની ગંભીર વિચારણા એકાગ્રચિત્તથી સ્ત્રીઓ કરી શકે નહિ, (૨) બાહ્ય સામાજિક વ્યવહારની વિશેષ જાણકારી સ્ત્રીઓને હોતી નથી કારણ કે સ્ત્રીઓ બહુધા ગૃહકાર્યમાં જ વ્યસ્ત હોય છે. આ બે કારણોથી જ સ્ત્રીઓને વ્યાવહારિક ગુપ્ત માહિતીની વાત કરવી નહિ. તેમજ સ્ત્રીઓને બીન ઉપયોગી એવી ગુપ્ત માહિતી પણ કહેવી નહિ. ॥૭૩॥

**સૂત્ર : गुरूणां माता गरीयसी ।।७४।।**

**અર્થ :** પૂજ્યજનોમાં માતા સર્વ ગુરુઓથી અધિક પૂજ્ય છે.

**વિવરણ :** શાસ્ત્રમાં કહેલ છે કે, ''બાળકને ગર્ભમાં ધારણ કરવું, તેનું પોષણ કરવું, બાળકનો ઉછેર કરવો વગેરે ક્રિયાઓ કરીને સર્વથા બાળકનું હિત કરનાર માતા સર્વ ગુરુમાં શ્રેષ્ઠ છે માટે જ તે અતિશય પૂજ્ય છે.'' ॥૭૪॥

**સૂત્ર : सर्वावस्थासु माता भर्तव्या ।।७५।।**

**અર્થ :** સર્વ અવસ્થામાં માતાનું ભરણપોષણ કરવું.

**વિવરણ :** વિવિધ પ્રકારનાં દુઃખો સહન કરીને માતા બાળકનું ભરણ પોષણ કરે છે. માતાના ઉપકારનો બદલો આપી શકાય તેમ નથી. તેથી જ સૂત્રકાર કહે છે કે, સુખ, દુઃખ, માન, અપમાન, વૈભવ, કે દરિદ્રતા આવી વિવિધ અવસ્થાઓ જીવનમાં આવે તો પણ તે બધું સહન કરીને પણ મનુષ્યે પોતાની માતાનું ભરણપોષણ કરવું. ॥૭૫॥

**સૂત્ર : वैरूप्यमलंकारेण छाद्यते ।।७६।।**

**અર્થ :** શરીરને અનુરૂપ વસ્ત્રો, અલંકારો પહેરવાથી શરીરની કુરૂપતા ઢંકાય છે.

**વિવિરણ :** શારીરિક સૌંદર્ય એ તો શરીરના અવયવો અને રૂપને આધીન છે પરંતુ દુર્ભાગ્યવશ શારીરિક અવયવોમાં અપૂર્ણતા કે વિરૂપતા હોય તો તેને ઢાંકવા માટે શરીરને અનુરૂપ વસ્ત્ર - અલંકાર પહેરીને તે વિરૂપતા ઢાંકી શકાય છે. ॥૭૬॥

**સૂત્ર : स्त्रीणां भूषणं लज्जा ।।७७।।**

**અર્થ :** લજ્જા એ સ્ત્રીઓનું ભૂષણ છે.

**વિવરણ :** અન્ય લોકો જુએ એ રીતે ન કરવા યોગ્ય ક્રિયા ન કરવી તેનું નામ લજ્જા. પરિવારના, સમાજના વડીલોની લાજ-મર્યાદા રાખીને તેમજ કુળ, જ્ઞાતિ, સમય વગેરેનો વિચાર કરીને મર્યાદા સહિત રહેવું એ જ સ્ત્રીઓ માટે શોભારૂપ છે. ॥૭૭॥

**સૂત્ર : विप्रणां भूषणं वेदः ।।७८।।**

**અર્થ :** વેદાભ્યાસ કરવો એ વિપ્રોનું ભૂષણ છે.

**વિવરણ :** વેદોનો અભ્યાસ કરવો કરાવવો, સત્‌શાસ્ત્રોનો અભ્યાસ, યજ્ઞ, વ્રત વગેરે તેમજ તપોમય પવિત્ર જીવન જીવવું એ બ્રાહ્મણોને શોભારૂપ છે. ॥૭૮॥

**સૂત્ર : सर्वेषां भूषणं धर्मः ।।७९।।**

**અર્થ :** ધર્મ એ તો બધાને માટે શોભારૂપ છે.

**વિવરણ :** સ્ત્રીઓનું ભૂષણ લજ્જા છે, વિપ્રોનું ભૂષણ વેદ છે પણ ધર્મતો સર્વ કોઈનું ભૂષણ છે આથી પ્રત્યેક મનુષ્યે સદાચારરૂપી સ્વધર્મ અવશ્ય પાળવો જોઈએ. ધર્મ નહિ પાળનાર મનુષ્ય પશુ સમાન છે. ॥૭૯॥

**સૂત્ર : भूषणानामपि भूषणं विनयो विद्या च ।।८०।।**

**અર્થ :** વિવિધ અલંકારોમાં પણ વિદ્યા અને વિનય આ બે ઉત્તમ અલંકાર છે.

**વિવરણ :** નમ્રતા અને સજ્જનતા આ બે સદ્‌ગુણ તેનુ નામ વિનય, જેનો અભ્યાસ કરવાથી ઈષ્ટ પદાર્થના સ્વરૂપનું, તેની ઉપયોગીતાનું, તેની પ્રાપ્તિના ઉપાયોનું, તેના ઉપયોગની પદ્ધતિનું અને તેના ફળનું જ્ઞાન પ્રાપ્ત થાય તેનું નામ વિદ્યા. વિનય અને વિદ્યા આ બે સદ્‌ગુણો આજીવન ઉપકારક છે માટે જ અહીં કહે છે કે, ''વિનય અને વિદ્યા એ ઉત્તમ અલંકાર છે.'' ॥૮૦॥

**સૂત્ર : अनुपद्रवं देशमावसेत् ।।८१।।**

**અર્થ :** ઉપદ્રવરહિત પ્રદેશમાં વસવાટ કરવો.

**વિવરણ :** વારંવાર ભૂકંપ, દુષ્કાળ, જળહોનારત વગેરે દુઃખો તેમજ રાજકીય દંડ, શત્રુઓ સંબંધી દુઃખો, ચેપી રોગનો ઉપદ્રવ તથા આજીવિકાનો અભાવ જે દેશમાં હોય તેવા પ્રદેશમાં કે ગામમાં રહેવું નહિ. તે પ્રદેશ કે ગામનો ત્યાગ કરીને સર્વ પ્રકારે સાનુકુળ હોય તેવા પ્રદેશમાં રહેવું. શાસ્ત્રમાં કહેલ છે કે, "વેદાદિ સત્‌શાસ્ત્રો જાણનાર જ્યોતિષ, કર્મકાંડી બ્રાહ્મણો જ્યાં રહેતા હોય, પ્રજાવત્સલ રાજા હોય, નદી, વૈદ્ય વગેરે જે ગામમાં હોય એવા રાજ્ય કે ગામમાં રહેવું." આજીવિકાનાં સાધનો જ્યાં મળતા હોય ત્યાં રહેવું. ॥૮૧॥

**સૂત્ર : साधुजनबहुलो देशः ॥८२॥**

**અર્થ :** સજ્જનોના સમાજવાળા દેશમાં રહેવું.

**વિવરણ :** કોઈક દેશમાં રહેવાની, ભોજનની, કમાવાની બધીજ સગવડ હોય પરંતુ તે દેશમાં સત્‌પુરુષો જ ન હોય, હિતની વાત કહેનાર જ કોઈ ન હોય, પરોપકારી સજ્જન ન હોય એવા પ્રદેશમાં રહેનારને વિપત્તિવેળામાં સહાય કોણ કરે ? દુઃખમાં સુખદ માર્ગદર્શન કોણ આપે ? જીવ બચાવવા માટે ભાગવાનો સમય આવે ત્યારે ધનસંપત્તિ કે વૈભવો પણ કામ આવતા નથી. આવા વિપરીત સમયમાં તો સજ્જનો જ સહાયક બને છે માટે જ અહીં કહે છે કે, "જે દેશમાં પરોપકારપરાયણ સજ્જનો રહેતા હોય ત્યાં રહેવું." ॥૮૨॥

**સૂત્ર : राज्ञोः भेतव्यं सर्वकालम् ॥८३॥**

**અર્થ :** રાજાથી હંમેશાં ભયભીત રહેવું.

**વિવરણ :** રાજશાસનના ભયનું અનુસંધાન રાખીને રાજકીય નિયમોનું પાલન કરીને જ જીવનવ્યવહાર ચલાવવો. કારણ કે રાજકીય શાસનનું ઉલ્લંઘન કરનારને રાજકીય દંડ ભોગવવો પડે છે. ॥૮૩॥

**સૂત્ર : न राज्ञः परं दैवतम् ॥८४॥**

**અર્થ :** રાજાથી બીજો કોઈ મોટો દેવ નથી.

**વિવરણ :** પ્રજાવત્સલ, ન્યાયપરાયણ રાજા પોતાના પ્રાણનો ભોગ આપીને પણ પ્રજાનું રક્ષણ કરે છે. કુદરતી વિપત્તિઓમાં વિવિધ ઉપાયો કરીને પ્રજાનું પાલન કરનાર, ચોર, લૂંટારા, બહારવટિયા વગેરેને શિક્ષા કરીને તેના ત્રાસથી પ્રજાને ઉગારનાર, શિક્ષણ, ચિકિત્સા, આહાર, વ્યવસાય વગેરેની વ્યવસ્થા કરીને પ્રજાજીવનનો વિકાસ કરાવનાર ધર્મપ્રેમી રાજા પ્રજાનો પરમપૂજ્ય પ્રભુ છે. ॥૮૪॥

**સૂત્ર : सुदूरमपि दहति राजाग्निः ।।८५।।**

**અર્થ :** અતિશય દૂર રહેલ રાજારૂપી અગ્નિ અપરાધીને બાળે છે.

**વિવરણ :** આગળનાં બે સૂત્રોના અનુસંધાનમાં આ સૂત્ર રાજાનો પ્રભાવ બતાવે છે. આ સૂત્ર દ્વારા રાજા અને તેના શાસનની મહત્તા બતાવી છે. સૂત્રકાર કહે છે કે, અગ્નિ કરતાં પણ રાજ્યશાસન વધારે શક્તિશાળી છે. આ બાબત વિચારીએ તો અગ્નિ પોતાના સંપર્કમાં આવનારને જ બાળે છે. રાજા તો તેના મહેલમાં હોય અને અપરાધી તો દૂર પ્રદેશમાં હોય છતાં પણ પોતાના શાસન દ્વારા રાજા અપરાધીને દંડી શકે છે. અર્થાત્ બાળી શકે છે. પોતાનું ઈન્ધન સમાપ્ત થાય ત્યારે અગ્નિ શાન્ત થાય છે. રાજારૂપી અગ્નિ તો સતત પ્રજ્વલિત રહે છે અને તત્કાળ અથવા દીર્ઘ કાળ પછી પણ અપરાધીને પકડીને રાજા તેને સજા કરે છે. આ પ્રકારની રાજા અને રાજશાસનની મહત્તા નીતિશાસ્ત્રમાં આ મુજબ સમજાવી છે કે, ''સામાન્ય અગ્નિ જડ પદાર્થોનો વિનાશ કરે છે. વિપ્રના શાપરૂપી અગ્નિ એક પરિવારનો નાશ કરે છે. અરણ્યનો અગ્નિ એક જંગલને ભસ્મીભૂત કરે છે. પરંતુ રાજારૂપ અગ્નિ તો સમગ્ર રાષ્ટ્રનો વિનાશ કરે છે.'' આ બાબત તો વર્તમાન સમયમાં પણ પ્રત્યક્ષ અનુભવાય છે. ॥૮૫॥

**સૂત્ર : रिक्तहस्तो न राजानमभिगच्छेत् ।।८६।। गुरुं च दैवं च ।।८७।।**

**અર્થ :** રાજા, ગુરુ અને દેવના દર્શને જવું ત્યારે ખાલી હાથે જવું નહિ.

**વિવરણ :** રાજાની મુલાકાતે જવું ત્યારે સમય, સંયોગ, સમાજ અને શક્તિને અનુરૂપ ભેટ પદાર્થને લઈને રાજાને દર્શને જવું અને લાવેલી વસ્તુ વિવેક અને વિનય સહિત રાજાને અર્પણ કરીને આદરભાવથી રાજાનાં દર્શન કરવાં. તે જ રીતે દેવ તથા ગુરુના દર્શને જવું ત્યારે પણ યોગ્ય પદાર્થો લઈને જવું અને તે પદાર્થ અર્પણ કરીને ગુરુ કે દેવનાં દર્શન આદરભાવથી કરવાં. શાસ્ત્રમાં તો એથી વિશેષ કહે છે કે, ''પરિવારના વડીલે પોતાને ઘેર જવું ત્યારે પણ પોતાનાં બાળકો માટે ઉત્તમ વસ્તુઓ લેતી જવી અને બાળકોને પ્રેમપૂર્વક બોલાવીને આદરથી બાળકોને તે વસ્તુઓ આપવી.'' આ રીતે વિવેકનો વ્યાવહારિક ઉપયોગ કરનારને વિવેક છે તે સુખદ બને છે. ॥૮૬॥ ॥૮૭॥

**સૂત્ર : कुटुंबिना भेतव्यम् ।।८८।।**

**અર્થ :** પરિવારના સભ્યોથી ભયભીત રહેવું.

**વિવરણ :** એક જ પરિવારના ઘણા સભ્યો હોય અને સામાન્ય રીતે તે પરિવારનો સમગ્ર વ્યવહાર પરિવારનો એક વડીલ સભ્ય કરતો હોય છે. પરિવારનો વ્યવહાર કરનાર એ મુખ્ય મનુષ્યે સતત સાવધાની રાખવી જરૂરી છે કારણ કે પરિવારનાં બધાં જ સભ્યોને નિત્ય પ્રસન્ન રાખવા મુશ્કેલ છે. ઉપરાંતમાં સમગ્ર પરિવારનું ભરણપોષણ અને કૌટુંબિક વ્યવહારો કરવા એ પણ કપરું કામ છે. તેથી પરિવારનો કોઈપણ સભ્ય કોઈપણ પ્રકારે અસંતુષ્ટ થાય અને ક્યારે કોપ કરે તે કહી શકાય નહિ. અસંતુષ્ટ સભ્ય પરિવારમાં કુસંપ, પરસ્પર અવિશ્વાસ વગેરે કરાવે માટે પરિવારનો વ્યવહાર કરનાર સભ્યે પરિવાર તરફ સાવધાનીથી રહેવું જરૂરી છે. ॥૮૮॥

**સૂત્ર : गन्तव्यं च सदा राजकुलम् ॥८९॥**

**અર્થ :** રાજસભામાં નિત્ય જવું.

**વિવરણ :** કૌટુંબિક વ્યવહારિક, ઔદ્યોગિક કે સામાજિક કાર્યોની જવાબદારી સંભાળનાર વ્યક્તિઓએ પોતાનાં કાર્યોનો આરંભ કરવા કે આરંભેલાં કાર્યોને પૂર્ણ કરવા તથા કાર્ય કરવામાં આવતાં વિઘ્નો દૂર કરવા રાજકીય સભાઓમાં નિત્ય જવું અને પોતાનાં કાર્યો પરત્વેના પ્રશ્નો રજૂ કરવા તેમજ પોતાનાં કાર્યોમાં પ્રગતિ થાય તેવા પ્રયત્નો કરવા. ॥૮૯॥

**સૂત્ર : राजपुरुषैः सह संबंधः कार्यः ॥९०॥**

**અર્થ :** રાજપુરુષો સાથે સંબંધો બાંધવા.

**વિવરણ :** રાજકીય સભાઓમાં માત્ર હાજરી આપવાથી કે કેવળ વાતચીતથી કામ થતા નથી. કાર્ય સિદ્ધ કરવા માટે તો રાજકીય પુરુષો સાથે સુદ્રઢ સંબંધો બાંધવા જરૂરી છે. માટે નીતિજ્ઞ પુરુષે પોતાની કાર્યસિદ્ધિ માટે રાજા, પ્રધાન, વહીવટીય અધિકારીઓ વગેરે રાજકીય પુરુષો સાથે સંબંધ બાંધવા જરૂરી છે. ॥૯૦॥

**સૂત્ર : राजदासी न सेवितव्या ॥९१॥**

**અર્થ :** રાજાની દાસીઓ સાથે સંબંધો રાખવા નહિ.

**વિવરણ :** સામાન્યતઃ અપરિચીત સ્ત્રીઓ સાથેના સંબંધો દુઃખદ છે. પરંતુ રાજા કે રાજકીય પુરુષો સાથેના સંબંધો વાળી રાજસેવિકા સાથેના સંબંધો તો અતિ દુઃખદ બને છે. આ બાબત શાસ્ત્રોમાં તેમજ સમાજમાં પ્રસિદ્ધ છે. ॥૯૧॥

**સૂત્ર : न चक्षुषापि राजानं निरीक्षेत ।।९२।। (अ)**

**અર્થ :** ચપળ દ્રષ્ટિથી રાજાનાં દર્શન કરવા નહિ.

**વિવરણ :** રાજા કે રાજકીય અમાત્યોનાં દર્શન કરવા કે તેને મળવા અવશ્ય જવું પરંતુ તેઓએ નક્કી કરેલા સમયે જ તેમને મળવા જવું અને રાજકીય નિયમોનું પાલન કરીને સભ્યતા રાખીને આદરપૂર્વક તેમના દર્શન કરવા કે મળવા જવું. રાજા કે રાજકીય પુરુષો તેમના કામમાં વ્યસ્ત હોય. માનસિક વ્યગ્રતા અનુભવતા હોય કે કોઈક પ્રત્યે તેઓ ક્રોધિત થયેલા હોય આવા સમયમાં તેમને મળવા જવું નહિ. તેઓના મુલાકાતના સમયમાં તેઓને શંકા પડે એ રીતે ચંચળ દ્રષ્ટિથી વારંવાર તેઓની સામે જોવું નહિ પરંતુ સ્થિર દ્રષ્ટિથી અને એકાગ્ર ચિત્તથી તેમનાં દર્શન કરવા કે તેમની સાથે વાતચીત કરવી. મુલાકાત પુરી થઈ કે તરત જ ત્યાંથી ચાલવું નહિ. નમ્રતા અને વિનયથી તેમની રજા લઈને કે તેની આજ્ઞા લઈ ને જ ધીરજથી ત્યાંથી ચાલવું. ઉપરોક્ત નિયમનું પાલન નહિ કરનારને રાજા કે રાજકીય પુરુષના કોપનો ભોગ બનવું પડે છે. ા૯૨ા (અ)

**સૂત્ર : न चक्षुषापि राजधनं निरीक्षेत ।।९२।। (ब)**

**અર્થ :** આ ધન લેવા જેવું છે. આ પ્રકારની બુરી દ્રષ્ટિ રાજધન તરફ કરવી નહિ.

**વિવરણ :** રાજા સાથે કે રાજકીય પુરુષો સાથે સંબંધો સુદ્રઢ કરીને તેઓનો ખૂબ વિશ્વાસ પ્રાપ્ત કરીને કોઈપણ પ્રકારનું રાજકાર્ય પાર પાડવાની તક મળે એ સમયમાં રાજકીય નિયમોનો ભંગ કરીને તેમજ તેઓ પ્રત્યે વિશ્વાસઘાત કરીને તે કાર્ય દ્વારા રાજધન લેવાની ઈચ્છા કરવી નહિ કારણ કે રાજકીય અપરાધ કરનાર વહેલા મોડો ગમે ત્યારે રાજકીય શિક્ષાને પાત્ર બને છે. ા૯૨ા (બ)

**સૂત્ર : जनपदार्थे ग्रामस्त्यज्यते ।।९३।।**

**અર્થ :** રાજ્ય કે મોટા શહેરની પ્રાપ્તિ થતી હોય તો નાના ગામનો ત્યાગ કરવો.

**વિવરણ :** મોટો લાભ મળે તો થોડી સંપત્તિ જતી કરવી અને મોટો લાભ મેળવવા પ્રયત્નો કરવા. આ સૂત્રને આ રીતે પણ સમજાવી શકાય. ''એકાદ ગામનો ત્યાગ કરવાથી રાજ્યનો લાભ થતો હોય તો સુજ્ઞ પુરુષે ગામનો ત્યાગ કરવો.'' ા૯૩ા

**સૂત્ર : पुत्रो गुणवति कुटुंबिनः स्वर्गः ।।९४।।**

**અર્થ :** ગુણીયલ પુત્રવાળા પરિવારને અહીં જ સ્વર્ગસુખ છે.

**વિવરણ :** સદ્‌ગુણવાળા સજ્જનોથી જ પરિવારની મહત્તા છે. કોઈક પરિવારમાં અનેક પુત્રો હોય પરંતુ તે બધા જ મંદબુદ્ધિવાળા, આળસુ કે કુસંસ્કારી હોય તો સમગ્ર પરિવાર પ્રતિષ્ઠાહીન બને છે તેમજ તે પરિવાર નિર્ધન અને દુઃખી થઈ જાય છે અને કોઈક પરિવારમાં એક જ પુત્ર હોય પરંતુ તે બુદ્ધિશાળી, સદ્‌ગુણી ઉદ્યમી અને પ્રામાણિક, સજ્જન હોય તો તે પોતાના સમગ્ર પરિવારને સુખી કરે છે. તેમજ પરિવારની પ્રતિષ્ઠા વધારે છે. ॥૯૪॥

**સૂત્ર : कुटुंबार्थे पुत्रास्त्यज्यते ।।९५।।**

**અર્થ :** પરિવાર માટે પુત્રનો ત્યાગ કરવો.

**વિવરણ :** દુરાચારી દીકરાના દુરાચારને કારણે સમગ્ર પરિવારને દુઃખ ભોગવવાના દિવસો આવે એવા સમયમાં પરિવારના સુખને વાસ્તે દુરાચારી દીકરાનો ત્યાગ કરી દેવો. અનેકના સુખને માટે એકનો ત્યાગ કરવો એ વધારે સારું છે. કારણ કે પરિવારની રક્ષા અને વૃદ્ધિ માટે જ પુત્રનું પાલન પોષણ કરાય છે. પરંતુ એ પુત્ર પોતે જ પરિવારના વિનાશનું કારણ બનતો હોય તો પુત્રનો જરૂર ત્યાગ કરવો. ॥૯૫॥

**સૂત્ર : आत्मार्थं सर्वं त्यज्यति ।।९६।।**

**અર્થ :** સર્વનો ત્યાગ કરીને પોતાનું જીવન બચાવવું.

**વિવરણ :** કોઈપણ ભોગે સ્વબચાવ તો કરવો જ. રાજ્ય, સંપત્તિ, ધન વગેરે આપીને અથવા તે બધું જતું કરીને સ્વબચાવ માટે દૂર ભાગી જવું કારણ કે આપણે સુરક્ષિત રહ્યા તો રાજ્ય, ધન વગેરે પાછુ મેળવી શકીશું. પરંતુ આપણું મૃત્યુ થાય અને સત્તાસંપત્તિ સુરક્ષિત રહે તો તે આપણા માટે શા કામના ? માટે સ્વબચાવ કરવો જરૂરી છે. ॥૯૬॥

**સૂત્ર : ग्रामार्थं कुटुंबस्त्यज्यते ।।९७।।**

**અર્થ :** ગામને માટે કુટુંબનો ત્યાગ કરાય છે.

**વિવરણ :** આપણે જે ગામમાં રહેતા હોઈએ તે ગામના નાગરિકોને આપણા જ પરિવારના સભ્યો હેરાન પરેશાન કરી દુઃખ આપતા હોય તો તે આપણા

પરિવારના સભ્યોને તે સખ્તમાં સખ્ત સજા કરીને, કરાવીને તેને હદપાર કરવા તેમજ પરિવારના સભ્યોને તે ગામ છોડીને અન્યત્ર ચાલ્યા જવાની ફરજ પાડવી. આ રીતે પોતાના કુટુંબનો ત્યાગ કરીને ગામના નાગરિકોની રક્ષા કરવી. અન્ય રીતે જોઈએ તો પોતાના પરિવારનો ત્યાગ કરવાથી ગામ - ગરાસ મળતો હોય, ઉચ્ચ અધિકાર પ્રાપ્ત થતો હોય કે રાજ્યશાસનની સત્તા પ્રાપ્ત થતી હોય તો પોતાના પરિવારનો ત્યાગ કરીને ગામ - ગરાસ, ઉચ્ચ અધિકાર કે રાજ્ય સત્તા પ્રાપ્ત કરવી. કારણ કે ગામ - ગરાસ, ઉચ્ચ અધિકાર કે રાજ્યસત્તા પ્રાપ્ત કર્યા પછીથી સમગ્ર કુટુંબને સુગમતાથી સુખી અને સમૃદ્ધ કરી શકાય છે. ાા૯૭ાા

**સૂત્ર : अतिलाभः पुत्रलाभः ।।९८।।**

**અર્થ :** પુત્રપ્રાપ્તિ એ મોટામાં મોટો લાભ છે.

**વિવરણ :** ગૃહસ્થાશ્રમનો મુખ્ય હેતુ પુત્રપ્રાપ્તિ જ છે કારણ કે પુત્રપ્રાપ્તિથી જ ગૃહસ્થ પિતૃ ઋણમાંથી મુક્ત થઈ શકે છે. શાસ્ત્રમાં કહેલ છે કે, ''પુણ્યશાળી આત્મા જેને ઘેર જન્મ લે છે તે કુટુંબ ભાગ્યશાળી છે. પુણ્યકારક સત્પુત્રરૂપ તીર્થ વડે પરિવારના પૂર્વજો સદ્ગતિ પ્રાપ્તિ કરે છે અને તે પુત્રનો પિતા પિતૃઋણથી મુક્ત થાય છે.'' ાા૯૮ાા

**સૂત્ર : प्रायेण हि पुत्राः पितरमनुवर्तन्ते ।।९९।।**

**અર્થ :** ઘણું કરીને, પુત્રો પોતાના પિતાનું અનુકરણ કરતા હોય છે.

**વિવરણ :** પિતા અને પુત્ર વચ્ચે આનુવંશિક સંબંધ છે. તેથી જન્મથી આરંભીને દીર્ઘકાળ પર્યન્ત પુત્રને પિતાની સાથે રહેવાનો પ્રસંગ બને છે. પિતાના આચરણને જોઈને પુત્રને તે આચરણનું અનુકરણ કરવાનો અભ્યાસ સહેજમાં થઈ જાય છે. પિતાની આજ્ઞા મુજબ ક્રિયા કરવાની પણ તેને ભાવના હોય છે. આથી બહુધા પુત્રો પોતાના પિતાના જીવનને અનુસરતા હોય છે. સદાચાર, વિદ્યા, વિનયયુક્ત સંસ્કારી સુપુત્રો પિતાની કુળ પરંપરાની પવિત્ર જીવન પદ્ધતિને પોતાના જીવન વ્યવહારમાં વણીને જાળવી રાખે છે. ાા૯૯ાા

**સૂત્ર : पुत्राः विद्यानां पारं गमयितव्याः ।।१००।।**

**અર્થ :** પુત્રોને વિવિધ વિદ્યામાં પારંગત કરવા.

**વિવરણ :** પોતાના પુત્રોને વિદ્યાભ્યાસ કરાવવાની પિતાની પરમ ફરજ છે. પુત્રો પોતાના બાહુબળથી કમાઈને સ્વમાનપૂર્વક જીવન જીવી શકે તેને

માટે પુત્રોની બુદ્ધિ અને રુચિને તથા સમયને અનુસારે તેમજ પોતાના પરિવારની રુચિ વગેરેનો વિચાર કરીને પુત્રને વિદ્યાભ્યાસ કરાવવો. માત્ર અભ્યાસ નહિ પરંતુ કોઈપણ એક વિદ્યામાં કે વ્યવસાયમાં કુશળતા પ્રાપ્ત કરીને તે વિદ્યા કે વ્યવસાય વડે પોતાના પરિવારનું પોષણ કરી શકે અને સામાજિક પ્રતિષ્ઠા મેળવી શકે તે રીતે પુત્રને વિશેષ વિદ્યાભ્યાસ કરાવવો. ॥૧૦૦॥

**સૂત્ર : दुर्गतेः पितरौ रक्षति स पुत्रः ।।१०१।।**

**અર્થ :** માતાપિતાને વિપત્તિમાંથી ઉગારે તે પુત્ર.

**વિવરણ :** ભય, શોક, માંદગી, ઘડપણ વગેરે વિપત્તિવેળાએ માતાપિતાની સેવા કરીને માતાપિતાને સુખશાંતિ આપે તેને જ પુત્ર કહેવાય. મૃત્યુ પામેલા પૂર્વજ. નિમિત્તે સત્કર્મો કરીને પૂર્વજોને સદ્‌ગતિ અપાવે તેને જ પુત્ર કહેવાય. શાસ્ત્રમાં કહેલ છે કે, ''સત્યધર્મનિષ્ઠ, સત્કર્મ પરાયણ, બુદ્ધિમાન, જ્ઞાની, તપસ્વી, વક્તા, સમજી વિચારી કાર્ય કરનાર, સત્‌શાસ્ત્રનો અભ્યાસી, દેવ, પિતૃ, બ્રાહ્મણ, સંતનો પૂજક તથા પરિવારનું પોષણ કરનાર પુત્રને સુપુત્ર કહે છે. આવો સુપુત્ર સમગ્ર કુળનો ઉદ્ધાર કરે છે.'' ॥૧૦૧॥

**સૂત્ર : कुलं प्रख्यापयति पुत्रः ।।१०२।।**

**અર્થ :** સુપુત્ર પરિવારની કીર્તિ પ્રસારે છે.

**વિવરણ :** સુપુત્ર વિદ્યા, ધન, સદાચાર વગેરે સદ્‌ગુણો અને સત્ક્રિયા વડે સમાજમાં પોતાની તથા પોતાના પરિવારની પ્રતિષ્ઠા વધારે છે. ॥૧૦૨॥

**સૂત્ર : येन तत् कुलं प्रख्यातं सः पुरुषः ।।१०३।।**

**અર્થ :** પોતાના કુળને કીર્તિમંત કરનારને પુરુષ કહેવાય છે.

**વિવરણ :** કુળપરંપરાથી પ્રાપ્ત થયેલ ધન, સંપત્તિ, સત્તા અને પ્રતિષ્ઠા તેનેં યથાવત્ જાળવી રાખે તેને સામાન્ય પુરુષ કહેવાય છે. પરંપરાથી પ્રાપ્ત ધન, સત્તા વગેરેમા તેમજ પોતાના કુળની પ્રતિષ્ઠામાં વધારો કરે તે સર્વોત્તમ પુરુષ કહેવાય અને કુળપરંપરાની સર્વ સંપત્તિનો નાશ કરે, કુળની પ્રતિષ્ઠા નાશ થાય તેવાં કાર્યો કરે તે અધમ પુરુષ કહેવાય. ''જિતેન્દ્રિય અને કુળદીપક છે તેને જ પુરુષ કહેવાય છે.'' ॥૧૦૩॥

**સૂત્ર : नानपत्यस्य स्वर्गः ।।१०४।।**

અર્થ : અપુત્રને સ્વર્ગપ્રાપ્તિ થતી નથી.

**વિવરણ :** શાસ્ત્રમાં કહેલ છે કે, ''સંતતિ રૂપી કુળપરંપરા ચાલુ રાખવી.'' સુપુત્ર વિના કુળ પરંપરાનો વિચ્છેદ થાય છે. તેથી પરંપરાથી કરાતા દેવ અને પિતૃ સંબંધી સત્કર્મો લુપ્ત થાય છે અને તેના પરિણામે જે તે કુળના પૂર્વજોને સ્વર્ગપ્રાપ્તિ થતી નથી. આ બાબતમાં મહાભારતમાં જરત્કારૂની કથા તથા અન્ય પૌરાણિક આખ્યાયિકાઓ પ્રસિદ્ધ છે. ॥૧૦૪॥

**સૂત્ર : या प्रसूते [सा] भार्या ।।१०५।।**

**અર્થ :** પુત્રનો જન્મ આપે તે ધર્મપત્ની.

**વિવરણ :** ધર્મપત્ની વિના પુત્રપ્રાપ્તિ નથી. જ્ઞાતિ, કુળ, સમાજ અને સદાચાર સંબંધી ધાર્મિક નિયમોને આધીન રહીને જે કન્યા સાથે યથાવિધિ લગ્ન કર્યા હોય તેને ધર્મપત્ની કહે છે. આ પ્રકારની પત્નીને 'અર્ધાંગના' કહે છ. શાસ્ત્રમાં અને સમાજમાં ધર્મપત્નીનું ઘણું મહત્ત્વ છે. શાસ્ત્ર કહે છે કે, ''ધર્મપત્ની વિના સુપુત્રોની પ્રાપ્તિ નથી. ધર્મપત્ની વિના દેવપૂજા, યજ્ઞ વગેરે સત્કર્મો કરી શકાતા નથી. સંસાર અને સદ્ગતિનો આધાર ધર્મપત્ની છે.'' ॥૧૦૫॥

**સૂત્ર : तीर्थसमवाये पुत्रवतीमनुगच्छेत् ।।१०६।।**

**અર્થ :** તીર્થયાત્રા, દેવદર્શન કે ધર્મસભામાં જવું ત્યારે પુત્રવાળી પત્નીને આગળ રાખીને તેની પાછળ પતિએ અથવા પુરુષોએ ચાલવું.

**વિવરણ :** ધર્મનિયમો પાળનાર પુત્રવતી પવિત્ર પોતાની ધર્મપત્નીને સાથે રાખીને દેવ દર્શન, તીર્થયાત્રા કે ધર્મોપદેશ સાંભળવા જવું, એકલા જવું નહિ. સ્ત્રીઓની સાથે જનાર પુરુષોએ પણ પોતાની સાથેની સ્ત્રીઓની સંભાળ બરોબર રાખવી. પ્રવાસ કે દેવદર્શને જવું ત્યારે સ્ત્રીઓએ આગળ ચાલવું અને પુરુષોએ તેની પાછળ ચાલવું અને સ્ત્રીઓનું રક્ષણ કરવું. સ્ત્રીઓને કોઈ હેરાન પરેશાન કરે નહિ તેની સાવચેતી રાખવી. ॥૧૦૬॥

**સૂત્ર : सतीर्थाभिगमनात् ब्रह्मचर्यं नश्यति ।।१०७।।**

**અર્થ :** ગુરુભાઈના સંબંધવાળી સ્ત્રીનો સંસર્ગ રાખવો નહિ તેથી બ્રહ્મચર્યનો નાશ થાય છે.

**વિવરણ :** એક જ વિદ્યાગુરુ પાસે વિદ્યાભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ પરસ્પર ગુરુભાઈઓ કહેવાય તથા ગુરુભાઈઓની જે પત્નીઓ હોય તેને ગુરુબંધુપત્નીઓ

કહે છે. સમાન વયના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ નિત્ય સાથે રહેતા હોય તેમણે પોતાના વ્રતનિયમનું પાલન કરવા માટે સાવચેત રહીને પરસ્પર એક બીજા સાથે એકાન્તનો સંસર્ગ રાખવો નહિ. કામકાજ હોય તો બે ત્રણ વિદ્યાર્થીઓ પુરુષોએ સાથે મળીને જવું અને સમૂહમાં રહીને જ પરસ્પર વાતચીત કે વસ્તુ લેવી દેવી. વિદ્યાર્થીની હોય કે ગુરુબંધુની પત્ની હોય પરંતુ સ્ત્રીઓ સાથે પુરુષનો સંસર્ગ અથવા સ્ત્રી સાથે પુરુષનો સંસર્ગ એ પોતાના વ્રતનિયમના ભંગનું તથા અપકીર્તિનું કારણ બને છે. ॥૧૦૭॥

**સૂત્ર : न परक्षेत्रे बीजं विनिक्षिपेत् ।।१०८।।**

**અર્થ** પારકા ખેતરમાં બીજ વાવવું નહિ.

**વિવરણ :** બીજાના ખેતરમાં વાવણી કરનારનો પ્રયત્ન નિષ્ફળ જાય છે, વૈર થાય છે અને દુઃખ તથા અપકીર્તિ થાય છે. એ જ રીતે પરસ્ત્રીમાં ગર્ભધાન કરનાર પુરુષને દુઃખ થાય છે, તેની અપકીર્તિ થાય છે અને તે સામાજિક પ્રતિષ્ઠા ગુમાવે છે. વળી તે પાપકર્મને પ્રતાપે તેની અધોગતિ થાય છે. ॥૧૦૮॥

ઈતિશ્રી ચાણક્યસૂત્ર નામના નીતિરૂપી દર્શનશાસ્ત્રમાં ચોથો અધ્યાય પૂરો.



## અધ્યાય - ૫મો

**સૂત્ર : पुत्रार्था हि स्त्रियः ।।१।।**

**અર્થ :** ખરેખર તો પુત્રપ્રાપ્તિ માટે જ ધર્મપત્ની છે.

**વિવરણ :** ધર્મપત્ની વિના પુત્રપ્રાપ્તિ નથી. પુત્ર વિના પિતૃસંબંધી શ્રાદ્ધક્રિયા થતી નથી તેમજ ''કુળનો આધાર પુત્ર છે.'' ॥૧॥

**સૂત્ર : स्वदासी परिग्रहो हि स्वदासभावः ।।२।।**

**અર્થ :** દાસી સાથે પત્ની જેવો વ્યવહાર રાખનાર પોતે જ તેનો દાસ બને છે.

**વિવરણ :** પોતાની નોકરી કરનાર સેવિકા - દાસી સાથે શારીરિક સંબંધ બાંધવો નહિ કારણ કે તેવા સંબંધો રાખનાર પોતે જ પોતાની દાસીનો દાસ બને છે. સર્વ સત્તા ભોગવનાર રાજવી માટે આ ખૂબ મહત્ત્વની સલાહ છે. આ પ્રકારના વ્યવહારથી અનેક રાજયનો વિનાશ થયો છે એનો ઈતિહાસ સાક્ષી છે. ॥૨॥

**સૂત્ર : उपस्थितविनाशः पथ्यवाक्यं न श्रृणोति ।।३।।**

**અર્થ :** થોડા જ સમયમાં મૃત્યુ પામનાર પોતાના હિતની વાત સાંભળતો નથી.

**વિવરણ :** ''વિનાશકાળે વિપરીત બુદ્ધિ'' એ કહેવત પ્રમાણે ધન, સંપત્તિ, રાજ્ય વગેરે બધુ જ હોય. પરંતુ દુર્ભાગ્યવશાત્ સર્વનાશ થવાનો હોય ત્યારે પોતાનું હિત કરનાર વડીલો, મિત્રો કે આત્મીય પુરુષોની સત્ય વાત પણ આપણે સાંભળતા નથી. આપણું ધાર્યું કરીને આપણે આપણો વિનાશ કરીએ છીએ કારણ કે જ્યારે વિનાશનો સમય આવે ત્યારે આપણી બુદ્ધિ મલિન થાય છે તેથી સારા વિચારો આવતા નથી. ।।૩।।

**સૂત્ર : नास्ति देहिनां सुखदुःखाभावः ।।४।।**

**અર્થ :** અર્થાત્ પ્રાણીમાત્ર માટે સુખદુ:ખ નિશ્ચિત છે.

**વિવરણ :** વૈવિધ્યપૂર્ણ આ વિશ્વમાં વિવિધ પ્રાણીઓ છે એ બધાને એક સરખુ સુખ અથવા દુ:ખ સતત રહેતું નથી. પરિણામશીલ આ જગતમાં સુખ અને દુ:ખના પરિણામો થયા જ કરે છે. ।।૪।।

**સૂત્ર : मातरमिव वत्साः सुखदुःखानि कर्तारमेवानुगच्छति ।।५।।**

**અર્થ :** ગાયનું વાછરડું ગાયની પાછળ જાય છે એ રીતે કર્મ કર્તાની પાછળ જાય છે. અર્થાત્ કર્મના ફળસ્વરૂપ સુખદુ:ખ જાય છે.

**વિવરણ :** કર્મનું ફળ અવશ્ય મળે જ છે. શુભ કર્મનું ફળ શુભ અને અશુભ કર્મનું ફળ અશુભ. કેટલાંક કર્મનું ફળ તત્કાળ મળે છે અને કેટલાંક કર્મનું ફળ દીર્ઘકાળે મળે છે જ્યારે કેટલાંક કર્મનું ફળ મૃત્યુ પછી મળે છે. સત્શાસ્ત્રો કહે છે કે, પ્રાણીઓએ તેનાં કર્મફળ ભોગવવાં જ પડે છે. માટે સમજી વિચારીને કર્મો કરવાં. ।।૫।।

**સૂત્ર : तिलमात्रमप्युपकारं शैलमात्रमिव मन्यते साधवः ।।६।।**

**અર્થ :** સજ્જન પુરુષો તલભાર ઉપકારને પણ પર્વત સમાન મહાન માને છે.

**વિવરણ :** બીજાને સહાયરૂપ બનવું તેનું નામ ઉપકાર. સુપાત્ર પ્રત્યે ઉપકાર કરવાથી તેનું શુભ ફળ મળે છે. ઉપકાર કરનાર પ્રત્યે સજ્જનો કૃતજ્ઞતા દાખવે છે. થોડા ઘણા ઉપકારને બહુ જ માનનારા સજ્જનો ઉપકારકને સહાયરૂપ બને છે. ।।૬।।

**સૂત્ર : उपकारोऽनार्येष्वकर्तव्यः ।।૭।।**

**અર્થ :** અનાર્ય પુરુષ ઉપર ઉપકાર કરવો નહિ.

**વિવરણ :** જે પુરુષ ઉચ્ચ જાતિનો કે હલકી જાતિનો હોય અને તે ઉચ્ચ અધિકાર પદે કે પૂજ્ય પદે વિરાજતો હોય પરંતુ ક્રિયા એ કરીને કે સંસ્કારે કરીને અથવા સંગ સોબતથી અને માનસિક વિચારોથી તે નીચ અને દુરાચારી હોય તો ઉચ્ચજ્ઞાતિમાં કે ઉચ્ચપદે કે પૂજ્યપદે વિરાજમાન હોવા છતાં તે અનાર્ય જ છે. આવા અનાર્યને કોઈપણ સંજોગમાં ઉપકાર કરવો જ નહિ ! અનાર્ય પુરુષ ઉપકાર કરનારને જ દુ:ખ દે છે. ।।૭।।

**સૂત્ર : प्रत्युपकारभयादनार्यः शत्रुर्भवति ।।૮।।**

**અર્થ :** ઉપકારનો બદલો આપવો પડે આવા ભયથી અનાર્ય શત્રુ થાય છે.

**વિવરણ :** દુરાચારીને ઉપકાર કરવો નહિ કારણ કે દુરાચારીના મનમાં એવા વિચારો આવે કે 'આ વ્યક્તિએ મને ઉપકાર કર્યો છે તેથી તેનો બદલો મારે આપવો પડશે.' આમ વિચારીને તે અનાર્ય પુરુષ ઉપકારકારકનો શત્રુ બને છે. શાસ્ત્રમાં લખે છે કે, ''સજ્જન અર્થાત્ આશ્રયદાતાની કૃપાથી ઉચ્ચ સ્થાન પર આરૂઢ થયેલો નીચ પુરુષ પોતાને ઉચ્ચસ્થાને બેસારનારને જ મારી નાખવા પ્રયત્નો કરે છે.'' ।।૮।।

**સૂત્ર : स्वल्पमप्युपकारकृते प्रत्युपकारं कर्तुमार्यो न स्वपिति ।।૯।।**

**અર્થ :** અલ્પ ઉપકારનો પણ બદલો આપવા માટે આર્ય પુરુષ ઉંઘતો નથી.

**વિવરણ :** સહાય કરનારને સહાયક બનવું એ સજ્જનનો આદર્શ વ્યવહાર છે. પોતાને માટે અલ્પ ઉપકાર કરનારને માટે સહાયક બનવા સતત જાગૃત રહેનાર આર્યપુરુષ એમ વિચારે કે મને સહાય કરનારને હું કેવી રીતે સહાયક બનું ? પોતાને સહાય કરનારને વિવિધ રૂપે સહાયક બનીને આર્ય પુરુષ કૃતકૃત્યતા અનુભવે છે. ઉપકર્તા જો દુ:ખમાં હોય તો તેને વિવિધ પ્રકારે સહાયતા થઈ શકે છે. આર્થિક સહાયતા, શારીરિક શ્રમથી, મધુરવાણીથી, હિતચિંતન અને સલાહથી અને ઈશ્વર પ્રાર્થનાથી પણ દુ:ખીને સહાય કરી શકાય. ।।૯।।

**સૂત્ર : न कदापि देवता अवमंतव्या ।।૧૦।।**

**અર્થ :** દેવોનું અપમાન ક્યારેય કરવું નહિ.

**વિવરણ :** કોઈપણ દેશના, કોઈપણ જ્ઞાતિના કે કોઈપણ વંશના પૂજ્ય દેવોનું અપમાન ક્યારેય કરવું નહિ. દેવમાત્ર હમેશાં આદરણીય, પૂજ્ય છે એ જ રીતે સમાજમાં સુપ્રતિષ્ઠિત અને માન્ય - પૂજ્ય પુરુષનું પણ અપમાન ક્યારેય કરવું નહિ. ॥૧૦॥

**સૂત્ર : न चक्षुः समं ज्योतिरस्ति ।।११।।**

**અર્થ :** નયનની સમાન બીજો કોઈ પ્રકાશ નથી.

**વિવરણ :** જેને નેત્રમાં જ પ્રકાશ નથી અર્થાત્ આંખમાં જોવાની જ શક્તિ નથી તેને સૂર્ય, ચંદ્ર કે અન્ય પ્રકાશ શા કામના ? સર્વત્ર સુલભ અને પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ વસ્તુ હોવા છતાં તે પોતાના ઉપયોગમાં આવે નહિ તે વસ્તુ તેને શા કામની ? વસ્તુ અલ્પ હોય છતાં પોતાના ઉપયોગમાં આવે એ જ વસ્તુ તેને મહત્ત્વની છે. એથી જ સૂત્રકાર કહે છે કે, નાનું એવું નયન એ જ શરીરધારીઓનું સર્વોત્તમ રત્ન છે. ॥૧૧॥

**સૂત્ર : चक्षुर्हि शरीरिणां नेता ।।१२।।**

**અર્થ :** આંખ જ પ્રાણધારીઓનો નેતા છે.

**વિવરણ :** કર્મચારીઓનો માર્ગદર્શક તેનો નેતા હોય છે. એ જ રીતે શરીરનો નેતા નેત્ર છે. नयति इति नेता । એ ન્યાયે દેહ (અને એ દ્વારા દેહી)ને દોરી જનાર નેત્ર છે. તેથી જ વિધાન કર્યું છે. નેત્રરહિત દેહધારી પરાધીન થાય છે. માટે નેત્રની સુરક્ષા કરવી. ॥૧૨॥

**સૂત્ર : अपचक्षुषः किं शरीरेण ।।१३।।**

**અર્થ :** નેત્રરહિત શરીરથી શો લાભ ?

**વિવરણ :** નેત્રરહિત શરીરથી ધાર્યું કામ થઈ શકે નહિ. સમાજમાં પણ અંધજન પરાધીન થઈ જાય છે. ચક્ષુહીન દેહથી સ્વતંત્ર રીતે ક્યાંય પ્રવૃત્તિ થઈ શકે નહિ. આથી ચક્ષુ વિનાના શરીરને નિરર્થક ગણાવ્યું છે. ॥૧૩॥

**સૂત્ર : नाप्सु मूत्रं कुर्यात् ।।१४।।**

**અર્થ :** જળમાં પેશાબ કરવો નહિ.

**વિવરણ :** જળ છે તે પ્રાણધારીઓનું જીવન છે. પરમાત્માનું એ મહાદાન છે. જળ છે તે દેવ છે, આવી ઉદાત્ત ભાવના રાખીને જળમાં

થૂંકવું નહિ તથા પેશાબ કરવો નહિ તેમજ નદી, તળાવ વગેરેનાં જળ સ્વચ્છ રહે તેવા પ્રયત્નો કરવા. ॥૧૪॥

**સૂત્ર : न नग्नः प्रविशेत् जलम् ॥१५॥**

**અર્થ :** વસ્ત્ર પહેર્યા વિના જળમાં પ્રવેશ કરવો નહિ.

**વિવરણ :** નગ્ન અવસ્થામાં જળમાં ડૂબકી મારવી નહિ કે સ્નાન કરવું નહિ. વસ્ત્ર રહિત શરીરે જળમાં પ્રવેશ કરવાથી ધાર્મિક અને સામાજિક મર્યાદાનો ભંગ થવાથી આપણી અપકીર્તિ થાય છે. ઉપરાંતમાં જળજંતુના દંશનો પણ ભય રહે છે. એ જ રીતે વસ્ત્રરહિત શરીરે ચાલવું નહિ, ભોજન કરવું નહિ તથા શયન કરવું નહિ. ॥૧૫॥

**સૂત્ર : यथा शरीरं तथा ज्ञानम् ॥१६॥**

**અર્થ :** જેવું શરીર તેવું જ્ઞાન.

**વિવરણ :** શરીર નીરોગી હોય, અવયવોમાં સ્ફૂર્તિ હોય અને અન્તઃકરણ સ્વચ્છ ને શાંત હોય એ સમયમાં પંચ જ્ઞાનેન્દ્રિયો વડે બાહ્ય પદાર્થોના સ્વરૂપનું જ્ઞાન યથાર્થ પ્રાપ્ત થાય છે. તેમજ જ્ઞાન મેળવવાની જિજ્ઞાસા પણ સતેજ થાય છે. શરીરમાં પીડા થતી હોય, અવયવો કામ કરતા ન હોય, માનસિક ઉદ્વેગ હોય એ સમયમાં પંચ જ્ઞાનેઈન્દ્રિયો દ્વારા યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. ॥૧૬॥

**સૂત્ર : यथा बुद्धिः तथा विभवः ॥१७॥**

**અર્થ :** જેવી બુદ્ધિ તેવી સંપત્તિ.

**વિવરણ :** વિવિધ વિપત્તિઓનો વિનાશ કરીને શારીરિક અને સામાજિક ધનસંપત્તિ કે વૈભવો પ્રાપ્ત કરવા માટેના સફળ વિચાર કરવાની ચિત્તવૃત્તિ (ચેતના) તેનું નામ બુદ્ધિ અને આવી પડેલાં સુખદુઃખને ધીરજથી પચાવવું તથા ગંભીર બનીને સહન કરવું તેનું નામ જ્ઞાન. એ જ રીતે ભવિષ્યમાં દુઃખો આવે નહિ તે પ્રકારની વિચારવૃત્તિને અનુસારે તેવો જીવન વ્યવહાર રાખનારને બુદ્ધિશાળી પુરુષ કહે છે. બુદ્ધિશાળી મનુષ્ય નિર્ધન હોય છતાં પણ પોતાના બુદ્ધિબળથી ધનસંપત્તિ અને વૈભવો કે સત્તા પ્રાપ્ત કરે છે. બુદ્ધિ રહિત મનુષ્ય પોતાને પ્રાપ્ત થયેલા ધન વૈભવ અને સત્તા ગુમાવે છે. શાસ્ત્રમાં કહેલ છે કે, ''સર્વ પ્રકારના અર્થો સિદ્ધ કરવાનું મોટામાં મોટું સાધન બુદ્ધિબળ છે.''

''બુદ્ધિમાન મનુષ્ય સર્વત્ર વિજયી બને છે.'' આદર્શર શિક્ષણ, સજ્જનનો સંગ અને સરળ સ્વભાવથી બુદ્ધિમાન પુરુષોની સેવા કરનાર બુદ્ધિમાન બને છે. ।।૧૭।।

**સૂત્ર : अग्नावग्निं न निक्षिपेत् ।।१८।।**

**અર્થ :** પ્રજ્વલિત અગ્નિમાં અગ્નિ નાખવો નહિ.

**વિવરણ :** ''બળતામાં ઘી હોમવું નહિ'' કહેવાનો આશય એ છે કે ગુસ્સે થયેલા મનુષ્યને વધારે ગુસ્સે કરવો નહિ. કારણ કે તેમ કરવાથી ક્યારેક તેના ક્રોધનો ભોગ આપણે બનવું પડે છે. ।।૧૮।।

**સૂત્ર : परदारान् मनसापि न गच्छेत् ।।१९।।**

**અર્થ :** પારકી સ્ત્રીને ભોગવવાનો વિચાર પણ કરવો નહિ.

**વિવરણ :** પરસ્ત્રી સાથેના સંબંધો સર્વદા અને સર્વથા દુ:ખદ છે. શાસ્ત્ર કહે છે કે, ''પારકું ધન લેવાની ઈચ્છા, નિંદા, પરસ્ત્રી સાથેનો સંબંધ, અન્યના ઘેર જવાનો અને ત્યાં રહેવાનો સ્વભાવ. આ બધા જ દોષો દુ:ખદ છે.'' ।।૧૯।।

**સૂત્ર : तपस्विनः पूज्याः ।।२०।।**

**અર્થ :** તપસ્વીઓ પૂજનીય છે.

**વિવરણ :** વ્રત નિયમો પાળીને સાત્ત્વિક સાદગીવાળું પવિત્ર જીવન જીવનાર કોઈપણ વ્યક્તિ પ્રત્યે આદરભાવ રાખવો. તપસ્વીઓની સેવા કરીને તેની પ્રસન્નતા પ્રાપ્ત કરવાથી મોટો લાભ થાય છે. શાસ્ત્રમાં કહે છે કે, ''તપસ્વીઓના તપનો છઠ્ઠો ભાગ લોક કલ્યાણ માટે વપરાય છે.'' તપસ્વીઓના તપના પ્રભાવે સમાજ સુખી રહે છે. ।।૨૦।।

**સૂત્ર : अन्नदानं भ्रूणहत्यापिमार्ष्टि ।।२१।।**

**અર્થ :** અન્નદાનથી બાળહત્યા પણ ધોવાઈ જાય છે.

**વિવરણ :** શાસ્ત્રમાં અને સમાજમાં અન્નદાનનું મહત્ત્વ ઘણું છે. પરંતુ અન્નદાનમાં પણ વિવેકનું વિધાન છે તે પણ સમજવું જોઈએ. રાંધેલું સ્વાસ્થ્યપ્રદ ભોજન જમાડવું તેનું નામ અન્નદાન. રોગી, અશક્ત, નિરાધાર, અપંગ, નિ:સહાય એવા વિદ્યાર્થીઓ તથા વૃદ્ધોને ભોજન જમાડવું. ધન કમાઈ શકે એવા સશક્તોને તથા કહેવાતા ઢોંગી ગુરુઓ, ભિક્ષુકો કે ધર્મગુરુઓને તેની ઈચ્છા મુજબ ઘી, ખાંડ, લોટ, દાળ વગેરે આપવાથી આળસુ અને

એદીઓનો વધારો થશે. જેની પાસે પુષ્કળ ધન, ધાન્ય, સંપત્તિ અને સાધન છે તેવા કહેવાતા પૂજ્ય પુરુષો, ગુરુઓ કે ધર્માચાર્યોને આપવું એ તો મહાસાગરમાં ગંગાજળ પધરાવવા સમાન છે. માટે જેને ખાસ જરૂર છે, જેને કોઈ આધાર નથી તેને જ રાંધેલું ભોજન જમાડીને સંતુષ્ટ કરવા. આવી યોગ્ય વ્યક્તિઓને ભોજન કરાવવાથી બાળહત્યા જેવા મહાપાપો બળી જાય છે ભોજન કરાવનાર નિષ્પાપ બને છે. ॥૨૧॥

**સૂત્ર : न वेदबाह्यो धर्मः ॥२२॥**

**અર્થ :** વેદવાક્યોથી બહાર કોઈ ધર્મ નથી.

**વિવરણ :** ચાર વેદો તથા તેના અંગભૂત શિક્ષા, કલ્પ વગેરે વેદનાં છ અંગો રૂપી સત્‌શાસ્ત્રોમાં જે આદેશો આપેલા છે, તે આદેશોમાં જ બધા ધર્મો આવી જાય છે. વેદવાક્યોથી વિરુદ્ધ વિધાન કરનાર શાસ્ત્રોને ધર્મશાસ્ત્ર કહેવાય નહિ તેમજ વેદવાક્યોથી વિરુદ્ધ ઉપદેશને ધર્મોપદેશ કહેવાય નહિ. ॥૨૨॥

**સૂત્ર : न कदाचिदपि धर्मं निषेधयेत् ॥२३॥**

**અર્થ :** ધર્મનું ખંડન ક્યારેય કરવું નહિ.

**વિવરણ :** હમેશાં ધર્માનુસાર આચરણ કરવાનો ઉપદેશ કરવો જોઈએ. વાણી કે વર્તન દ્વારા કદીયે ધર્મનું ખંડન કરવું નહિ. સદાચારરૂપી ધર્મનું ખંડન કરનાર તથા સદાચાર વિરુદ્ધ જીવન જીવનાર નાસ્તિક અને દુરાચારી કહેવાય છે. તે પ્રતિષ્ઠાહીન બને છે. ॥૨૩॥

**સૂત્ર : स्वर्गं नयति सुनृतम् ॥२४॥**

**અર્થ :** સત્યનું પાલન કરનારને સત્ય સ્વર્ગમાં પહોંચાડે છે.

**વિવરણ :** યથાર્થ રીતે સત્યનું પાલન કરનાર સ્વર્ગસુખ ભોગવે છે સત્યનું સ્વરૂપ સમજીને તેને જીવનવ્યવહારમાં ઓતપ્રોત કરનાર મોક્ષ પ્રાપ્ત કરે છે. ॥૨૪॥

**સૂત્ર : नास्ति सत्यात् परं तपः ॥२५॥**

**અર્થ :** સત્યનું પાલન કરવું તેની સમાન બીજું મોટું તપ નથી.

**વિવરણ :** અન્ય તપ કરતાં સત્યપાલન વ્રત સવિશેષ ચડિયાતું છે. સત્ય સમજવું, સત્ય બોલવું અને સત્યમય જીવન જીવવું એ અતિશય કપરું કામ છે.

એથી જ કહ્યું છે કે, "મન, વાણી અને શરીરથી સત્યનું પાલન કરવું એ મહાન તપ છે. સત્યનું પાલન કરનાર સમાજમાં વિશ્વાસપાત્ર બને છે અને તેનાં કાર્યો સિદ્ધ થાય છે. તદુપરાંત, સત્યપાલનથી મન, વાણી અને શરીરનું ઐક્ય સિદ્ધ થાય છે. ॥૨૫॥

**સૂત્ર : सत्यं स्वर्गस्य साधनम् ॥२६॥**

**અર્થ :** સ્વર્ગ પ્રાપ્તિનું સાધન સત્ય છે.

**વિવરણ :** આગળના મંત્રમાં જેને परं तपः કહેલ છે, તે સત્ય સ્વર્ગપ્રાપ્તિનું સાધન બની રહે છે સત્યપાલનથી અસત્ય દૂર થાય છે. અસત્ય અર્થાત્ અજ્ઞાન દૂર થવાથી ચિત્તની મલિનતા દૂર થાય છે. સત્યનું સતત પાલન કરવાથી ચિત્ત વિશુદ્ધ બને છે. વિશુદ્ધ ચિત્તવાળો મનુષ્ય સંસારથી મુક્ત થાય છે અને સંસારથી મુક્ત થયેલ મનુષ્ય સ્વર્ગ (મોક્ષ)નો અધિકારી બને છે. આ રીતે સત્ય છે તે સ્વર્ગનું સાધન છે. ॥૨૬॥

**સૂત્ર : सत्येन धार्यते लोकः ॥२७॥**

**અર્થ :** સત્ય વડે સમાજની સ્થિતિ જળવાય છે.

**વિવરણ :** ગરીબ, તવંગર, રાજા, પ્રજા, પશુ, પક્ષી, દેવો વગેરેની સ્થિતિનો સુદ્રઢ આધાર સત્ય છે. સત્યના પાલનથી વિવાદ, ગેરસમજણ તેમજ દુઃખો દૂર થાય છે. ॥૨૭॥

**સૂત્ર : सत्यात् देवो वर्षति ॥२८॥**

**અર્થ :** સત્યના પ્રભાવથી સમયસર ઈન્દ્ર દેવ વરસાદ કરે છે.

**વિવરણ :** સત્યને આધારે જ સમયસર વરસાદ થાય છે. સત્યના આધારે જ લોકો દાનપુણ્ય કરે છે અને સત્યને આધારે જ દેવ, પિતૃઓ સંબંધી યજ્ઞપૂજન વગેરે થાય છે. આમ સત્યને આધારે જ સર્વ વ્યવહાર થાય તો ઈન્દ્રાદિ દેવો પ્રસન્ન થાય છે અને વર્ષા આદિ કુદરતી તત્ત્વો પણ હમેશાં સહાયરૂપ બનતાં રહે છે. ॥૨૮॥

**સૂત્ર : नाऽनृतात् परं पापम् ॥२९॥**

**અર્થ :** અસત્યથી બીજુ કોઈ મોટું પાપ નથી.

**વિવરણ :** ખોટું બોલવું, ખોટુ કરવું વગેરે અસત્ય આચરણ સમાન બીજું કોઈ મોટું પાપ નથી. આ બાબત સમાજમાં અને શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. ॥૨૯॥

**સૂત્ર : न मीमांस्या गुरवः ।।३०।।**

**અર્થ :** પૂજ્ય પુરુષોનાં કાર્યોના ગુણદોષનો વિચાર કરવો નહિ.

**વિવરણ :** મહાપુરુષો કે પૂજ્ય પુરુષો જે કાંઈ કાર્ય કરતા હોય તે સમજી વિચારીને જ કરતા હોય છે. મહાપુરુષોની દીર્ઘ દ્રષ્ટિ હોય છે. તેઓના કાર્યના પરિણામને સામાન્ય મનુષ્ય સમજી શકે નહિ. માટે મહાપુરુષોના કાર્યમાં ગુણ કે દોષની વિચારણા કરવી નહિ અને મહાપુરુષોએ જે આદેશ આપ્યો હોય તેનું પાલન કરવું. સત્‌શાસ્ત્ર અને આદર્શ સજ્જનના સામાજિક વ્યવહાર વિરુદ્ધ આજ્ઞા કરનારની આજ્ઞા માનવી નહિ. ॥૩૦॥

**સૂત્ર : खलत्वं नोपेयात् ।।३१।।**

**અર્થ :** લુચ્ચાઈ કરવી નહિ.

**વિવરણ :** એક બીજાની વાત સાંભળીને તે બન્નેમાં પરસ્પર સંઘર્ષ તથા ક્લેશ - કુસંપ થાય એવી ખળતાઈ ભરેલી વાત કરવી તેનું નામ લુચ્ચાઈ. ચાડી, ચુગલી અને લુચ્ચાઈ કરનાર મનુષ્ય બીજાને તો નુકશાન પહોંચાડે છે પરંતુ પોતાની પ્રતિષ્ઠા પણ ગુમાવે છે. માટે લુચ્ચાઈ કરવી નહિ. ॥૩૧॥

**સૂત્ર : नास्ति खलस्य मित्राम् ।।३२।।**

**અર્થ :** લુચ્ચા મનુષ્યને કોઈ મિત્ર હોતો નથી.

**વિવરણ :** પારકા દોષ જોવા, પોતાના હિત ખાતર અન્યને નુકશાન પહોંચાડવું એ જ લુચ્ચા મનુષ્યનો સ્વભાવ હોય છે. આવા દુર્જનને કોઈ મિત્ર હોતો નથી તેમજ તેનો કોઈ વિશ્વાસ પણ કરતું નથી. લુચ્ચો મનુષ્ય ક્યારે શું કરશે તે કહી શકાય નહિ. માટે જ તેની સાથે કોઈ મિત્રતા કરતું નથી. દુરાચારી - લુચ્ચો ક્યારેય કોઈને સહાય કરે નહિ અને કદાચ તે સહાય કરે તો પણ તેની તે સહાય દેખાવ પૂરતી જ હોય છે. અને તેમાં દગો જ સમાયેલો હોય છે. તેથી કોઈ તેના મિત્ર થતું નથી. કે તેને કોઈ મિત્ર હોતો નથી. ॥૩૨॥

**સૂત્ર : लोकयात्रा दरिद्रान् बाधते ।।३३।।**

**અર્થ :** દરિદ્ર લોકો સામાજિક યાત્રાપ્રવાસ કરી શકતા નથી.

**વિવરણ :** નિર્ધન મનુષ્ય પોતાના પરિવારનું પૂરતું પોષણ પણ કરી શકતો નથી. તો પોતાને ઘેર આવેલા મહેમાનોનો આદરસત્કાર તો તે કેવી રીતે કરી

શકે ? તેમજ સામાજિક કાર્યોમાં પણ દરિદ્ર મનુષ્ય ભાગ લઈ શકે નહિ. દરિદ્રતાને કારણે તે કોઈ પ્રકારની ઉન્નતિ કરી શકતો નથી. ।।૩૩।।

**સૂત્ર : अतिशूरो दानशूरः ।।३४।।**

**અર્થ :** દાનવીર એ જ અતિશય શૂરવીર છે.

**વિવરણ :** શારીરિક, બૌદ્ધિક કે અસ્ત્રશસ્ત્ર સંબંધી પરાક્રમ દાખવવું એ તો કંઈક અંશે સરળ છે. શારીરિક અથવા અસ્ત્રશસ્ત્ર સંબંધી પરાક્રમોથી બહુધા વિનાશ જ થાય છે. માટે જ સૂત્રકાર કહે છે કે, ''પરોપકાર માટે જે દાન કરે છે એ જ મહાન શૂરવીર છે. અનેકના હિત માટે પોતાની સંપત્તિનો, સત્તાનો, બુદ્ધિનો, સંબંધનો અને શરીરનો સદ્વ્યય કરનાર જ સાચો શૂરવીર છે. ।।૩૪।।

**સૂત્ર : भूषणं गुरुदेवब्राह्मणेषु भक्तिः ।।३५।।**

**અર્થ :** પૂજ્ય પુરુષો, દેવો, બ્રાહ્મણો પ્રત્યે ભક્તિભાવ એ ભૂષણ રૂપ છે.

**વિવરણ :** સ્નેહ અને આદરભાવ સહિત સેવા કરવી તેનું નામ ભક્તિ. માતા, પિતા, ગુરુઓ, દેવો, બ્રાહ્મણો અને સંત પુરુષોને પૂજવા ખાતર જ પૂજવા તેમજ સામાજિક વ્યવહાર માટે દેખાવ પૂરતા જ પૂજવા એ ભક્તિ નથી. એ તો દંભ છે. માતાપિતાના ઉપકારનો બદલો આપી શકાય નહિ એવી ભાવનાથી તેઓની સેવા કરવી. તેઓના ગુણ દોષ જોયા વિના તેઓનું ભરણ પોષણ કરવું અને તેની આજ્ઞા માનવી એ જ માતાપિતા પ્રત્યેની સાચી ભક્તિ છે. એ જ રીતે દેવ, ગુરુ, સંતો અને બ્રાહ્મણો પ્રત્યે પૂજ્ય ભાવ રાખીને તેની સેવા કરવી તેનું નામ જ ભક્તિ છે. ।।૩૫।।

**સૂત્ર : सर्वस्य भूषणं विनयः ।।३६।।**

**અર્થ :** વિનય એ સર્વને માટે ભૂષણરૂપ છે.

**વિવરણ :** નમ્રતા, સરળ સ્વભાવ તેનું નામ વિનય. બાળક, યુવાન કે વૃદ્ધ, નિરક્ષર કે સાક્ષર, રાજા, શ્રીમંત કે રંક, સર્વને માટે નમ્રતા શોભાસ્પદ છે. નમ્રતાવાળો જ્યાં જાય ત્યાં આદરભાવ પ્રાપ્ત કરે છે. માટે કહેવતમાં કહેવાયું છે કે, ''નમે તે સહુને ગમે.'' ।।૩૬।।

**સૂત્ર : आचारवान् विनीतोऽकुलीनोऽपि आर्यः ।।३७।।**

**અર્થ :** ઉચ્ચકુળનો ન હોય તો પણ નમ્ર અને સદાચારી પુરુષ આર્ય છે.

**વિવરણ :** નમ્રતા, સદાચાર વગેરે સદ્ગુણોવાળો પુરુષ પછાત જ્ઞાતિનો હોય, હીન કુળનો હોય છતાં તે આર્ય પુરુષ છે અને ઉચ્ચજ્ઞાતિમાં અને ઉચ્ચ કુળમાં જન્મેલ હોય, ઉચ્ચઅધિકારપદે હોય, લોકો જેને પૂજ્ય માનતા હોય પરંતુ તે પુરુષમાં નમ્રતા, વિવેક, વિનય સદાચાર હોય નહિ તો તે પુરુષ સર્વથા અનાર્ય જ છે. આવા અનાર્ય પુરુષને આર્યપુરુષે આદર આપવો નહિ તેમજ તેને માનવો - પૂજવો નહિ. ॥૩૭॥

**સૂત્ર : आचारादायुर्वर्धते कीर्तिश्च ॥३८॥**

**અર્થ :** સદાચારનું પાલન કરવાથી આયુષ્ય અને કીર્તિ વધે છે.

**વિવરણ :** આપણા આર્ય પુરુષોએ સદાચારરૂપી ધર્મનિયમોનું વ્યવસ્થિત બંધારણ કર્યું છે. ઋતુઋતુના અનુસારે ધાર્મિક વિધિઓના ઉત્સવોનું આયોજન કરીને તેમાં સક્રિય રીતે ભાગ લેવાથી કીર્તિની વૃદ્ધિ થાય છે. તેમજ ઋતુ ઋતુના અનુસંધાને આહાર, વિહાર અને ઉપવાસને ધાર્મિક વિધિમાં સાંકળી લઈને તે સદાચારનું પાલન કરવાથી સ્વાસ્થ્યની જાળવણી થાય છે અને તેના દ્વારા આયુષ્ય પણ વધે છે. એથી જ અહીં કહે છે કે, 'સદાચારપાલનથી આયુષ્ય અને કીર્તિ બન્ને પ્રાપ્ત થાય છે.'' ॥૩૮॥

**સૂત્ર : प्रियमप्यहितं न वक्तव्यम् ॥३९॥**

**અર્થ :** અહિતકારક એવું વાક્ય પ્રિય હોય તોયે બોલવું નહિ.

**વિવરણ :** સાંભળવામાં મધુર હોય પરંતુ તેનું પરિણામ દુઃખદાયક હોય એવી વાણી બોલવી નહિ. વ્યક્તિ કે સમાજને હાનિકારક વાક્યો બોલવાં નહિ. શાસ્ત્રમાં કહેલ છે કે, ''અનેકને લાભ થાય તેવાં સત્ય વાક્યો અપ્રિય હોય છતાં પણ કહેવાં જ અને પ્રિય હોય પરંતુ અનેકને નુકસાનકારક હોય તેવાં અસત્ય વાક્યો બોલવાં નહિ. ॥૩૯॥

**સૂત્ર : बहुजनविरुद्धमेकं नानुवर्तेत ॥४०॥**

**અર્થ :** અનેક મનુષ્યના વિરોધી એવા એક મનુષ્યને અનુસરવું નહિ.

**વિવરણ :** કૌટુંબિક કે સામાજિક વિરોધી પ્રવૃત્તિ કરનાર એક મનુષ્યનો અનેક મનુષ્યો વિરોધ કરતા હોય ત્યારે આવા બળવાખોર એક મનુષ્યનું અનુકરણ કરવાથી કૌટુંબિક કે સામાજિક વિપત્તિનો ભોગ બનવું પડે છે. પરિણામે આપણાં કાર્યો સિદ્ધ થતાં નથી. ॥૪૦॥

**સૂત્ર : न दुर्जनेषु भागधेयं कर्तव्यम् ।।४१।।**

**અર્થ :** દુર્જનો સાથે ભાગીદારી કરવી નહિ.

**વિવરણ :** કોઈની સાથે ભાગીદારી કરવાથી પરસ્પર એકબીજાને આધારે બન્નેનો વ્યવહાર ચાલે તે ભાગીદારીનો મુખ્ય હેતુ હોય છે. ભાગ - ધેય એટલે ભાગ્ય. ભાગ્યશાળી સાથે ભાગીદારી કરવાથી કમભાગ્યવાળાનો વ્યવહાર ભાગ્યશાળીના પ્રભાવે સદ્ધર બને પરંતુ સૂત્રકાર કહે છે કે, ''દુર્જન સાથે ભાગીદારી કરવી નહિ'' કારણ કે દુર્જન સાથે ભાગીદારી કરવાથી અંતે તો દુ:ખ જ થવાનું. કારણ દુર્જન પુરુષ ભાગ્યશાળી હોવા છતાં તેના દુરાચારના પ્રભાવે દુરાચારી પુરુષ અંતે તો નાશ પામવાનો જ અને તેના વિનાશથી તેના ભાગીદારનો પણ વિનાશ થવાનો, ઉપરાંતમાં દુર્જન લોકો કૃતઘ્ની હોવાથી તેઓ તેના ભાગીદારનું પણ અનિષ્ટ કરે છે. કાર્ય કરવાનો સમય આવે ત્યારે દુર્જન મનુષ્ય દગો કરીને આપણો જ વિનાશ કરે છે. ।।૪૧।।

**સૂત્ર : न कृतार्थेषु नीचेषु संबंधः ।।४२।।**

**અર્થ :** દુર્જન મનુષ્યો આપણાં કાર્યો સિદ્ધ કરે છતાં તેની સાથે અતિ સંબંધ રાખવો નહિ.

**વિવરણ :** દુર્જન મનુષ્ય આપણું ધાર્યું કાર્ય સફળ કરે છતાં પણ તેનો વિશ્વાસ કરવો નહિ, તેમજ તેની સાથે અતિ સારા સંબંધો રાખવા નહિ કારણ કે દુર્જન પુરુષ તેના સ્વભાવ પ્રમાણે જ ક્રિયા કરવાનો. તે ક્યારે દગો કરે તે નક્કી કરી શકાતું નથી. માટે દુર્જન સાથે સારા સંબંધો રાખવા નહિ. ।।૪૨।।

**સૂત્ર : ऋणाग्निशत्रु व्याधिष्वशेषः ।।४३।।**

**અર્થ :** કરજ, અગ્નિ, શત્રુ અને રોગ આ બધાનો પૂરેપૂરો વિનાશ કરવો.

**વિવરણ :** કોઈનું કરજ કર્યું હોય તે પૂરે પૂરું ભરપાઈ કરીને તેનું પાકું લેખિત કરવું. કોઈ કાર્ય માટે અગ્નિ પ્રગટાવ્યો હોય તે કાર્ય પુરું થાય પછીથી પ્રગટાવેલ અગ્નિ સંપૂર્ણ રીતે ઠારી નાખવો અર્થાત્ બુઝાવી દેવો તથા આપણો જે શત્રુ હોય તેનો પૂરેપૂરો નાશ કરવો અને તેજ રીતે શારીરિક રોગોનો પણ જડમૂળથી નાશ કરવો. કારણ કે આ બધાં થોડા ઘણાં બચ્યાં હોય તો ફરી વૃદ્ધિ પામીને નુકશાન કરે એવી સંભાવના રહે છે. માટે આ બધાને 'અશેષ' બનાવવાં એમાં જ આપણું ભલું છે. ।।૪૩।।

**સૂત્ર : भूत्यनुवर्तनं पुरुषस्य रसायनम् ॥४४॥**

**અર્થ :** સત્તા અને સંપત્તિને અનુરૂપ રહીને જીવન જીવનારનું જીવન સુખમય બને છે.

**વિવરણ :** શરીરને નીરોગી અને સશક્ત રાખવા માટે ઉત્તમ પ્રકારના રસાયણનું સેવન જરૂરી છે, એ જ રીતે, આપણા વ્યાવહારિક જીવનને પણ સુખમય બનાવવા માટેનું ઉત્તમ રસાયણ આપણી ધનસંપત્તિ અને સત્તા છે. પોતાની ધન સંપત્તિ, સત્તા, અવસ્થા વગેરેનો વિચાર કરીને તેને અનુરૂપ આહાર, વસ્ત્રો, વાણી અને વ્યવહાર આદિ રાખનારનું જીવન સુખમય બને છે. આર્થિક સ્થિતિ નબળી હોય, પ્રભાવ કે સત્તા હોય નહિ છતાં પણ ઊંચા ભાવનાં ભોજન કે વસ્ત્રો વાપરનાર પોતાના જીવનને અને પરિવારના જીવનને દુ:ખમય બનાવી દે છે. માટે ધન - સંપત્તિ અને સત્તાને અનુરૂપ જ જીવન જીવવું. ॥૪૪॥

**સૂત્ર : नार्थिसु अवज्ञा कार्या ॥४५॥**

**અર્થ :** યાચકોનું અપમાન કરવું નહિ.

**વિવરણ :** આશા રાખીને આવેલ યાચકને અપમાનિત કરવો નહિ, તેને નિરાશ કરવો નહિ એટલું જ નહિ, તેને આદરપૂર્વક યથાશક્તિ આપવું. શાસ્ત્રો કહે છે કે, ''આદર અને સ્નેહથી યાચકને આપનાર શ્રીમંત પુરુષ મનુષ્યોમાં શ્રેષ્ઠ છે.'' આપણી પાસે કાંઈ હોય નહિ તો પણ મધુરવાણીથી આશ્વાસન આપીને યાચકને સંતુષ્ટ કરવા. ॥૪૫॥

**સૂત્ર : सुदुष्करं कर्म कारयित्वा कर्तारम् नावमन्येत ॥४६॥**

**અર્થ :** કોઈક પાસે અતિ કઠિન કાર્ય કરાવીને પછી તેનું અપમાન કરવું નહિ.

**વિવરણ :** કોઈક કામ અતિ કઠિન હોય અને તે કામ કોઈક પાસે કરાવ્યું હોય પછી તે કાર્ય પૂર્ણ થયા બાદ કે તે કાર્યનું સફળ પરિણામ આવે નહિ તો પણ કામ કરનાર પ્રત્યે ક્રોધ કરવો નહિ કારણ કે, એક તો કઠિન કાર્ય કરવા કોઈ તૈયાર હોય નહિ. તેવા સમયમાં તેણે મહામહેનત કરીને તે કામ કર્યું હોય છે કાર્યમાં ધારી સફળતા મળે નહિ તેમાં કામ કરનારનો શો અપરાધ? એમ વિચારીને કામ કરનારનું અપમાન કરવું નહિ. ઘણીવાર કઠીન કાર્ય કરનાર સાથે સ્વાર્થ પૂર્ણ થાય તો પણ તેનું અપમાન કરવામાં આવે છે તે યોગ્ય નથી. ॥૪૬॥

**સૂત્ર : न कृतघ्नस्य नरकात् निवर्तनम् ।।૪૭।।**

**અર્થ :** કૃતઘ્નીનો નરકમાંથી પણ ઉદ્ધાર થતો નથી..

**વિવરણ :** કરેલા કાર્યની કદર કરે નહિ તેને તેમજ પોતાનું હિત કરનારને જ દગો દેનારને કૃતઘ્ની કહે છે. કૃતઘ્ની પુરુષ અધોગતિ પામે છે. તેની સદ્‌ગતિ થતી નથી. ।।૪૭।।

**સૂત્ર : जिह्वायत्तौ वृद्धिविनाशौ ।।૪૮।।**

**અર્થ :** વૃદ્ધિ અને વિનાશ જીભને આધીન છે.

**વિવરણ :** ધન, સંપત્તિ, સ્નેહ, મિત્રતા આ બધા જ જીવનનાં વૃદ્ધિકારક છે. સુખસંપત્તિમય જીવન તથા વૃદ્ધિનું પ્રાથમિક સોપાન મનુષ્યની જીભ જ છે. મધુરવાણી, સત્યવચન, સદ્‌ગુણીની પ્રશંસા આ બધા જ જીવનનાં વૃદ્ધિકારક છે. જ્યારે કઠોર વાણી, બિભત્સ ભાષા, અપમાનજનક વાક્યો વગેરે વાણીદોષથી આપણે પોતે જ આપણો વિનાશ કરીએ છીએ. ।।૪૮।।

**સૂત્ર : विषामृतयोराकरो जिह्वा ।।૪૯।।**

**અર્થ :** વિષ અને અમૃતનું ઉત્પત્તિસ્થાન જીભ છે.

**વિવરણ :** પોતાની વાણી એ જ સુખદુ:ખનું કારણ છે. મધુરવાણીથી સર્વ પ્રસન્ન થાય છે. કઠોર વાણીથી અપમાનિત થવાય છે. પરમાત્મા, સત્‌પુરુષો ભગવદ્‌ભક્તોના ગુણગાન કરનારને અમૃતપદ (મોક્ષ) મળે છે. નિંદાકારક દુષિત વાણી મૃત્યુકારક બને છે. થોડું જ વાકય બોલીને હિતકારક યથાર્થ કહેનાર સજ્જન વિપત્તિઓ પાર કરે છે. ।।૪૯।।

**સૂત્ર : प्रियवादिनः न शत्रुः ।।૫૦।।**

**અર્થ :** પ્રિયવાણી બોલનારનો કોઈ શત્રુ થતો નથી.

**વિવરણ :** મધુર અને હિતકારી વાણી બોલનાર સર્વને પ્રિય થઈ પડે છે. જ્યારે કઠોર કટુ કહેનાર સર્વનો શત્રુ બને છે. સરળ સ્વભાવવાળા મધુરભાષીનો જગતમાં કોઈ શત્રુ જ નથી. ।।૫૦।।

**સૂત્ર : स्तुता देवा अपि चिरं तुष्यति ।।૫૧।।**

**અર્થ :** નિત્ય સ્તુતિ કરવાથી ચિરકાલે દેવો પણ પ્રસન્ન થાય છે.

**વિવરણ :** ''પ્રશંસા કોને પ્રિય નથી ?'' ''પોતાનું અપમાન અને દોષો કોને સાંભળવા ગમે ?'' અન્યને પ્રસન્ન કરીને પોતાનું કાર્ય સિદ્ધ

કરવાની કળાવાળો પુરુષ અન્યના ગુણગાન કરીને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરી શકે છે. આ નિયમ માટે ઉદાહરણ આપતાં આ સૂત્ર જણાવે છે કે, જો હમેશાં દેવોની સ્તુતિ કરતાં રહીએ તો તેઓ પણ પ્રસન્ન રહે છે. ાા૫૧ાા

**સૂત્ર : अनृतादपि दुर्वचः चिरं तिष्ठति ।।५२।।**

**અર્થ :** અસત્ય કરતાં પણ મર્મભેદક વચન ચિત્તમાં ચિરકાળ રહે છે.

**વિવરણ :** અસત્યને ભુલાવવા માટે સત્ય કહેવું અને સત્ય કરવું એ ઉપાય છે. પરંતુ મર્મભેદક વાકય ભુલાવવાનો કોઈ ઉપાય નથી. મર્મભેદક વાણી સાંભળનાર તે વાકય વારંવાર સંભારીને કહેનાર પ્રત્યે વૈર રાખે છે. મર્મભેદક વાકય ī મનુષ્ય આજીવન આપણો શત્રુ બને છે. ાા૫૨ાા

**સૂત્ર : राजदिष्टं न वक्तव्यम् ।।५३।।**

**અર્થ :** રાજા સાથે વૈર થાય તેવું બોલવું નહિ.

**વિવરણ :** રાજા કે રાજકીય પુરુષો કે અધિકારીઓ સાથે વૈર થાય તેવાં વચનો બોલવાં નહિ કારણ કે અન્ય સાથે વેર હોય તો તેને પહોંચી શકાય છે પરંતુ રાજા સર્વ સત્તાધીશ હોવાથી રાજકીય વેર અતિ દુ:ખદ બને છે તથા માતા, પિતા, ગુરુ, દેવ વગેરે પૂજ્ય પુરુષો સાથે પણ વૈર થાય તેવું બોલવું નહિ. ાા૫૩ાા

**સૂત્ર : श्रुतिसुखाः कोकिलापाः ।।५४।।**

**અર્થ :** કોયલના ટહુકા સમાન કર્ણપ્રિય મીઠી વાણી બોલનાર સર્વને સુખદ બને છે.

**વિવરણ :** સ્વરની માધુરી એ તો પરમાત્માનું દાન છે પરંતુ વિનયવિવેક સહિત મધુર અને હિતકારક વાણી એ તો બોલવાનો અભ્યાસ કરવાથી થઈ શકે છે અને તેજ રીતે મધુરભાષી થઈ શકાય છે. હિતકારક મધુર વાકયો ઉચ્ચારવાં એ સદ્ગુણી સજ્જનના અભ્યાસનું સ્વાદુફળ છે. મધુરભાષી મનુષ્ય સર્વને સુખદ બને છે અને પોતે પણ સર્વત્ર સુખી થાય છે. ાા૫૪ાા

**સૂત્ર : तप्यते दुष्करकारी यत्नवान् नाम ।।५५।।**

**અર્થ :** દુષ્કર્મો કરવામાં પ્રયત્નશીલ દુરાચારી પોતાનાં કર્મોથી જ દુ:ખી થાય છે.

**વિવરણ :** સમજ્યા વિચાર્યા વિના મનફાવે તેવાં કર્મો કરનાર મનુષ્ય પોતાનાં જ કર્મોના પરિણામે દુ:ખ ભોગવે છે. બાલ્યાઅવસ્થામાં વિદ્યાભ્યાસ નહિ કરનાર મૂર્ખ યુવાનીમાં પશ્ચાત્તાપ કરે છે. એ જ રીતે યુવાન અવસ્થામાં ધન ભેગું નહિ કરનાર મૂર્ખ વૃદ્ધ કે નિરાધાર થાય ત્યારે પશ્ચાત્તાપ કરે છે. ાા૫૫ાા

**સૂત્ર : स्वधर्महेतुः सत्पुरुषः ।।५६।।**

**અર્થ :** પોતાના ધર્મનું પાલન કરે એ જ સત્પુરુષ છે.

**વિવરણ :** વિદ્યા, ચારિત્ર, જ્ઞાન વગેરે સદ્ગુણો વડે પોતાના ધર્મનું પાલન કરે તેને સત્પુરુષ કહેવાય. આવા સત્પુરુષ પોતાના આચરણથી બીજાને પણ ધર્માચરણમાં પ્રેરક બને છે. ।।૫૬।।

**સૂત્ર : नास्ति अर्थिनो गौरवम् ।।५७।।**

**અર્થ :** યાચકોને સ્વાભિમાન હોતું નથી.

**વિવરણ :** સ્વાર્થી આદરસત્કારની અપેક્ષા રાખતો નથી. સ્વાર્થી લોકો પોતાનો સ્વાર્થ સાધવા અતિશય દીન આધીન થઈ જાય છે. તે જ રીતે યાચકોને પોતાનું કોઈ સ્વાભિમાન હોતું નથી. તે પણ પોતાની માગણી સફળ કરવા અપમાન સહન કરે છે. ।।૫૭।।

**સૂત્ર : स्त्रीणां भूषणं सौभाग्यम् ।।५८।।**

**અર્થ :** સ્ત્રીઓનો શણગાર સૌભાગ્ય છે.

**વિવરણ :** આજીવન પતિદેવના સાંનિધ્યથી યુક્ત પવિત્ર જીવન એ કુલીન સ્ત્રીઓ માટે સૌભાગ્ય છે. આ પ્રકારનું સૌભાગ્યમય જીવન એ તો પુણ્યવંતી પવિત્ર સ્ત્રીઓને જ મળે છે. ।।૫૮।।

**સૂત્ર : शत्रोः अपि न पतनीया वृत्तिः ।।५९।।**

**અર્થ :** શત્રુની પણ આજીવિકાનો નાશ કરવો નહિ.

**વિવરણ :** પ્રાણધારીઓની આજીવિકાનો વિનાશ કોઈ પ્રકારે ક્યારેય કરવો નહિ. શત્રુના પરિવારના પોષણનું સાધન - ખેતી, વ્યાપાર, ઉદ્યોગ વગેરેનો નાશ કરવાથી તેનો સમગ્ર પરિવાર દુઃખી થાય છે. માટે સજ્જન પુરુષે કોઈની આજીવિકાનો નાશ કરવો નહિ. બની શકે તો દીન - દુઃખીને આજીવિકા કરી આપવી. ।।૫૯।।

**સૂત્ર : अप्रयत्नोदकं क्षेत्रम् ।।६०।।**

**અર્થ :** પ્રયત્ન વિના પાણી પ્રાપ્ત થાય તેવા પ્રદેશને ક્ષેત્ર કહેવાય.

**વિવરણ :** ખેતીલાયક તથા વસવા લાયક પ્રદેશમાં પાણીની પુષ્કળતા હોવી જોઈએ. આથી જ અહીં એવી જમીનને 'ક્ષેત્ર' તરીકે વર્ણવી છે કે જ્યાં પાણીની પ્રાપ્તિ વિશેષ પ્રયત્ન વિના સરળતાથી થતી હોય સૂત્રકાર કહે છે કે, ''જે સ્થાનમાં

જળની સુવિધા હોય અને ક્ષાર, રેતી, ડુંગરા વગેરે હોય નહિ તેવા સ્થાનમાં ખેતીવાડી, બગીચાઓ કરવા.'' ॥૬૦॥

**સૂત્ર : एरंडमवलंब्य कुंजरं न कोपयेत् ॥६१॥**

**અર્થ :** એરંડાના દંડાથી હાથીને ક્રોધિત કરવો નહિ.

**વિવરણ :** હાથીને હટાવવા માટે અંકુશ જોઈએ. પોલા એરંડાના દંડાથી હાથી હટે નહિ. અર્થાત્ બળવાનની સાથે દુર્બળ મનુષ્યે સંઘર્ષ કરવો નહિ. તે જ રીતે શસ્ત્રહીન કે બીન અસરકારક શસ્ત્રવાળા મનુષ્યે શસ્ત્રધારી સાથે યુદ્ધ કરવું નહિ. ॥૬૧॥

**સૂત્ર अतिप्रवृद्धा शाल्मली न वारणस्तम्बः ॥६२॥**

**અર્થ :** શેમળાનું વૃક્ષ મોટું હોય છતાં હાથીને બાંધવા તેનો ઉપયોગ કરાય નહિ.

**વિવરણ :** શેમળાના વૃક્ષનું આયુષ્ય સેંકડો વર્ષનું હોય છે. તેનું થડ અતિ જાડું હોય, પાકી ગયું હોય છતાં તે કાષ્ટ પોલું અને બટકણું હોય છે. તેથી તે કાષ્ટ હાથીને બાંધવાના ખીલા તરીકે ઉપયોગમાં લઈ શકાય નહિ. અહીં કહેવાનો ભાવ એ છે કે કોઈ મનુષ્ય દેખાવમાં સુંદર અને સશક્ત હોય પરંતુ તે નિર્બળ અને ભિરુ હોય તો તે કોઈની સાથે સંઘર્ષ કરી શકે નહિ તેમજ કોઈક રાજકીય સત્તા દેખાવ પૂરતી જ મહાસત્તા કહેવાતી હોય પરંતુ તેનું સૈન્ય અને અસ્ત્રોશસ્ત્રો નબળાં હોય તો તે રાજસત્તા મહાસત્તાનો સામનો કરી શકે નહિ. આથી સમજવાનું એ છે કે માત્ર દેખાવથી જ કાર્યસિદ્ધિ થતી નથી. જ્યાં જેવી જરૂર હોય ત્યાં તેવાં સાધન, શક્તિ અને બળનો સહારો લેવાય તો જ કાર્ય સિદ્ધિ થાય. ॥૬૨॥

**સૂત્ર : अति दीर्घोऽपि कर्णिकारो न मुसली ॥६३॥**

**અર્થ :** ગરમાળાની શિંગો લાંબી હોવા છતાં મુસળ (સાંબેલુ) તરીકે તે ઉપયોગી થાય નહિ.

**વિવરણ :** શારીરિક કે માનસિક રીતે નિર્બળ એવા મનુષ્ય પાસે ગમે તેટલી સાધન સામગ્રી કે સગવડતા હોવા છતાં તે મનુષ્ય કોઈ સાહસિક કાર્ય કરી શકતો નથી. ॥૬૩॥

**સૂત્ર : अति दीप्तोऽपि खद्योतः न पावकः ॥६४॥**

**અર્થ :** અતિ પ્રકાશવાળા પતંગિયાનો અગ્નિ તરીકે ઉપયોગ થાય નહિ.

**વિવરણ :** અહીં આપેલા ચાર સૂત્રોથી સૂત્રકારે સ્પષ્ટતા કરી છે કે, ''કોઈની પણ સ્થૂળતા, દીર્ઘતા, પ્રકાશ, આકૃતિ વગેરે માત્ર દેખાવથી જ મોહિત થવું નહિ તેમજ તેનો સ્વીકાર કરવો નહિ. પરંતુ વ્યક્તિ કે પદાર્થના સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ક્રિયા, શક્તિ અને ઉપયોગિતા આ બધાની ચોક્કસાઈ કર્યા પછી જ વ્યક્તિ કે પદાર્થનો સ્વીકાર કરવો. ॥૬૪॥

**સૂત્ર : न प्रवृद्धत्वं गुणहेतुः ॥६५॥**

**અર્થ :** વૃદ્ધાવસ્થા એ ગુણનો હેતુ નથી.

**વિવરણ :** વૃદ્ધ હોય એ સદ્‌ગુણી હોય એમ માનવું નહિ. કારણ કે ધૈર્ય, વિનય, ઉદારતા વગેરે સદ્‌ગુણો તો ફક્ત ઉંમરથી નહિ પણ વિદ્યાભ્યાસ સજ્જનનો સંગ, સદ્‌વિચાર અને સત્‌ક્રિયાથી પ્રાપ્ય છે. સંસ્કારી સજ્જન યુવાન હોવા છતાં ગંભીર, સ્થિર અને સદ્‌ગુણી હોય છે. જ્યારે વ્યસની, કુસંસ્કારી વૃદ્ધ હોવા છતાં દુર્ગુણી અને દુરાચારી હોય છે. માટે અવસ્થા એ સદ્‌ગુણોનું કારણ નથી. ॥૬૫॥

**સૂત્ર : सुजीर्णोऽपि पिचुमर्दो न शर्करायते ॥६६॥**

**અર્થ :** લીંમડો અતિ જૂનો થાય છતાં તે સાકર બની શકે નહિ.

**વિવરણ :** લીંમડાનું વૃક્ષ જૂનું થાય, અતિ પક્વ થાય પરંતુ તે લીંમડાને પીસીને તેના રસમાંથી સાકર બને જ નહિ. અર્થાત્ જેનો જે સ્વભાવ હોય તેમાં ફેરફાર થાય જ નહિ. ॥૬૬॥

**સૂત્ર : यथा बीजं तथा निष्पत्तिः ॥६७॥**

**અર્થ :** જેવું બીજ હોય તેવું ફળ પાકે.

**વિવરણ :** જેવું કારણ તેવું કાર્ય. આકડો વાવવાથી તેમાં કેરીઓ આવે નહિ. એજ રીતે આપણાં જેવાં કર્મ, તેવું જ તેનું ફળ મળે છે. ॥૬૭॥

**સૂત્ર : यथा श्रुतं तथा बुद्धिः ॥६८॥**

**અર્થ :** જેવું જ્ઞાન તેવી બુદ્ધિ હોય છે.

**વિવરણ :** જ્ઞાનનું મુખ્ય સાધન શબ્દ છે. આદર્શ શાસ્ત્રનું શ્રવણ, અધ્યયન તથા સંતપુરુષો કે આદર્શ પુરુષના ઉપદેશ શ્રવણથી આદર્શ જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેથી જ 'જ્ઞાન' માટે શ્રુતમ્ શબ્દ પ્રયોજાય છે અને અસત્‌શાસ્ત્રોનો અભ્યાસ

તથા કુસંસ્કારી મનુષ્યનો બોધ સાંભળવાથી ખરાબ જ્ઞાન મળે છે અને જે પ્રકારનું જ્ઞાન હોય તે પ્રકારની જ બુદ્ધિ હોય છે. ॥૬૮॥

**સૂત્ર : यथा कुलं तथाचारः ॥६९॥**

**અર્થ :** જેવું કુટુંબ તેવો આચાર.

**વિવરણ :** શારીરિક સ્વચ્છતા, માનસિક વિશુદ્ધિ, વ્યાવહારિક સદાચારવાળા પરિવારમાં જન્મેલું અને ઉછરેલું બાળક પોતાની કુળપરંપરાના સુસંસ્કારોથી આપોઆપ સુસંસ્કારી અને સદાચારી બને છે. જ્યારે કુસંસ્કાર અને કુસ્વભાવવાળા પરિવારમાં રહેલું બાળક કુસંસ્કારી અને દુઃસ્વભાવવાળું જ થાય છે. ॥૬૯॥

**સૂત્ર : सुसंस्कृतोऽपि पिचुमर्दो न सहकारः ॥७०॥**

અર્થ : સારા સંસ્કારો આપવા છતાં લીંમડો આંબો થાય નહિ.

**વિવરણ :** લીંમડાના વૃક્ષને સારું ખાતર આપીએ, સાકરનું મધુર જળ રેડીને પોષણ કરીએ અને તે લીંમડો મોટો થાય ત્યાંસુધી તેની મીઠી માવજત કરીએ છતાં પણ તેમાં જે ફળ આવે ત્યારે તો તેમાં લીંબોળી જ આવે, કેરીઓ તો આવે જ નહિ. એ જ રીતે સ્વભાવથી જ જે દુર્જન હોય તેને ગમે તેટલા સારા સંસ્કારો આપવા છતાં તે દુર્ગુણી સજ્જન બને જ નહિ અર્થાત્ દુર્જન સજ્જન થાય નહિ. ॥૭૦॥

**સૂત્ર : न चागतं सुखं परित्यजेत् ॥७१॥**

**અર્થ :** પ્રાપ્ત થયેલા સુખનો અનાદર કરવો નહિ.

**વિવરણ :** સંસાર સુખદુઃખમય છે. સુખપ્રાપ્તિ માટે પ્રાણધારીઓ પ્રયત્નો કરે છે અને મહામહેનતે મનવાંછિન સુખ મેળવે છે અને પ્રાપ્ત થયેલ સુખમાંથી અલ્પાંશે ભોગવે છે. સૂત્રકાર કહે છે કે જે સમયે જેટલા અંશે સુખ પ્રાપ્ત થયા તેટલું ભોગવી લેવું. આવેલા સુખનો અનાદર કરવો નહિ. ભવિષ્યના મહાસુખની આશાએ આવેલું અલ્પ સુખ પણ જતું કરવું નહિ. ॥૭૧॥

**સૂત્ર : स्वयमेव दुःखमधिगच्छति राजचर्यात् ॥७२॥**

**અર્થ :** રાજાના જેવું આચરણ કરનાર પોતે જ દુઃખી થાય છે.

**વિવરણ :** રાજાના જેવી વેશભૂષા, ક્રિયા વગેરે આચરણ કરનાર પ્રથમ તો તે રાજાનો જ શત્રુ બને છે. તેમજ રાજાના જેવા વૈભવો સાધનસગવડ રાખવાથી

ખર્ચ વધી જાય અને પરિણામે આર્થિક રીતે પણ દુઃખી થાય છે. ઉપરાંતમાં તે સામાજિક પ્રતિષ્ઠા પણ ગુમાવે છે. ॥૭૨॥

**સૂત્ર : न रात्री चारणं कुर्यात् ॥७३॥**

**અર્થ :** રાત્રીના સમયમાં વ્યર્થ રીતે ફરવું નહિ.

**વિવરણ :** રાત્રે રખડનાર અને સમયસર શયન નહિ કરનારને મંદાગ્નિ, વાયુ પ્રકોપ વગેરે રોગો થાય છે. ઉપરાંતમાં રાત્રીએ રખડવાથી શારીરિક સલામતી પણ જોખમાય છે. ॥૭૩॥

**સૂત્ર : न चार्धरात्रं स्वप्यात् ॥७४॥**

**અર્થ :** અર્ધ રાત્રીએ શયન કરવું નહિ.

**વિવરણ :** અહીં સમજવાનું એ છે કે રાત્રીએ મોડા સુધી રખડપાટ કરે અથવા બેસીને વ્યર્થ વાતો કરીને ઉજાગરો કરે પછીથી મોડી રાત્રીએ શયન કરનારનું શારીરિક સ્વાસ્થ્ય બગડે છે. રાત્રીએ મોડા શયન કરવાથી અતિ ઊંઘ આવે. તે સમયમાં ચોર આવે કે અગ્નિ વગેરેનો અકસ્માત થાય તો ત્યારે તરત જાગી શકાય નહિ માટે રાત્રીના પ્રથમ ભાગમાં જ શયન કરવાની ટેવ પાડવી. ॥૭૪॥

**સૂત્ર : तद्विद्वद्भिः परीक्षेत ॥७५॥**

**અર્થ :** શયન, ભોજન, વિહાર વગેરે દિનચર્યાનો વિદ્વાનોએ વિચાર કરવો.

**વિવરણ :** ક્યારે ભોજન કરવું, ક્યારે શયન કરવું, ક્યારે વિચરણ કરવું, ક્યારે કેવી રીતે રહેવું આ બધી બાબતોનો વિચાર વિદ્વાનોએ કરવો અને અન્ય મનુષ્યોને આ બાબતમાં સાચી સલાહ આપવી. અહીં કહેવાનું એ છે કે સર્વ પ્રકારે અનિયમિત જીવન જીવનાર દુઃખી થાય છે. ॥૭૫॥

**સૂત્ર : परगृहमकारणतो न प्रविशेत् ॥७६॥**

**અર્થ :** કામ સિવાય પારકે ઘેર જવું નહિ.

**વિવરણ :** કોઈપણ કારણ વિના પારકે ઘેર જવાથી ક્યારેક અપમાનિત થવું પડે છે. અન્યને ઘેર વારંવાર જવાથી તેને આપણી પ્રત્યે વિવિધ શંકાઓ થાય છે તેમજ ક્યારેક ચોરી કે અન્ય પ્રકારના આરોપ પણ આપણી પ્રત્યે મૂકાય છે માટે પ્રયોજન વિના પારકે ઘેર જવું નહિ. ॥૭૬॥

**સૂત્ર : ज्ञात्वाऽपि दोषमेव करोति लोकः ॥७७॥**

**અર્થ :** લોકો જાણે છે છતાં પણ અપરાધો કરે છે.

**વિવરણ :** ચોરી કરવી નહિ, અસત્ય બોલવું નહિ, રાત્રીએ રખડવું નહિ, પારકે ઘેર જવું નહિ, વધારે ખર્ચ કરવો નહિ વગેરે બાબતો લોકો જાણે તો છે જ છતાં પણ ઈન્દ્રિયાધીન અને શારીરિક સુખમાં આસક્ત લોકો આ પ્રકારના નાના મોટા અપરાધો કરે છે અને તેને પરિણામે શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક દુઃખો ભોગવે છે. ॥૭૭॥

**સૂત્ર : शास्त्रप्रधाना लोकवृत्तिः ॥७८॥**

**અર્થ :** સત્‌શાસ્ત્રોના આદેશ મુજબ માનવસમાજનું જીવન હોય છે.

**વિવરણ :** પ્રાણિમાત્રનું હિત થાય તેવો ઉપદેશ આપે તેનું નામ સત્‌શાસ્ત્ર. આ પ્રકારના સત્‌શાસ્ત્રોના આદેશને અનુસારે જ માનવસમાજનો જીવનવ્યવહાર ચાલતો હોય છે. ॥૭૮॥

**સૂત્ર : शास्त्राऽभावे शिष्टाचारमनुगच्छेत् ॥७९॥**

**અર્થ :** શાસ્ત્રોની આજ્ઞા ન હોય તેવા આચારો શિષ્ટાચારને અનુસારે થાય છે.

**વિવરણ :** જયાં શાસ્ત્રોની આજ્ઞા નથી તેવા વ્યાવહારિક સદાચારો શિષ્ટાચારથી કરવો જોઈએ. ॥૭૯॥

**સૂત્ર : नाचरितात् शास्त्रं गरीयः ॥८०॥**

**અર્થ :** આચારથી શાસ્ત્ર શ્રેષ્ઠ નથી. આચાર જ શ્રેષ્ઠ છે.

**વિવરણ :** દેશ, જ્ઞાતિ, કુળ અને સમયની પ્રાચીન પરંપરાથી સમાજમાં જે સદાચારનું પાલન થતું હોય એ સદાચાર જ શ્રેષ્ઠ છે, નહિ કે શાસ્ત્ર. કારણ કે સદાચાર સંબંધી સત્‌શાસ્ત્રોમાં વિવિધ મતભેદો છે. એ મતભેદોને અનુલક્ષીને તથા દેશ, કાળ, જ્ઞાતિ વગેરેનો વિચાર કરીને સત્‌પુરુષોએ સમાજને અનુરૂપ જે સદાચાર નક્કી કરેલ હોય તે સદાચાર પ્રમાણે જીવનવ્યવહાર રાખવો. માટે જ સૂત્રકાર કહે છે કે, ''સદાચાર શ્રેષ્ઠ છે, શાસ્ત્ર નહિ.'' ॥૮૦॥

**સૂત્ર : दुरस्थोऽपि चारचक्षुः पश्यति राजा ॥८१॥**

**અર્થ :** રાજા દૂર હોવા છતાં પોતાના ગુપ્તચરો દ્વારા બધુ જ દેખે છે.

**વિવરણ :** રાજાની અનુપસ્થિતિ છે. તેથી અનાચાર કરી શકાશે એમ માની લેવું નહિ કારણ કે રાજા ભલે દૂર હોય પરંતુ તેનું શાસન સર્વત્ર હોય છે. ગુપ્તચરો રાજાની આંખ ગણાય છે પોતાના ગુપ્તચરો દ્વારા તે બધી જ માહિતી મેળવે છે. ા૮૧ા

**સૂત્ર : गतानुगतिको लोकः ।।८२।।**

**અર્થ :** જનસમાજ બહુધા અનુકરણ કરતો હોય છે.

**વિવરણ :** એક મનુષ્ય જે ક્રિયા કરતો હોય તેને દેખીને બીજો તેવી જ ક્રિયા કરે છે. તેને જોઈને ત્રીજો પણ તેમજ કરે છે. જાણ્યાસમજ્યા વિના આ રીતે ક્રિયાનું અનુકરણ કરવું તેનું નામ 'ગતાનુગતિક્તા.' બહુધા જનસમાજ આવું જ અનુકરણ કરતો હોય છે. જાણીને વિચારીને યોગ્ય હોય એ જ કરવું એવા તો વિદ્વાન સજ્જન કોઈક વિરલા જ હોય છે. કારણ કે સામાજિક નિયમોનો ભંગ કરીને નવીન પ્રથા શરૂ કરવી એ સરળ નથી. ા૮૨ા

**સૂત્ર : जीविभिः तस्मिन् नाजीवेत् ।।८३।।**

**અર્થ :** દેહધારીઓએ પ્રાચીન પરંપરાને અનુસરીને અંધાનુકરણ કરીને જીવનનિર્વાહ કરવો નહિ.

**વિવરણ :** આમ તો પ્રાચીન પરંપરાગત સદાચારોમાં પણ સમય સમય પ્રમાણે પરિવર્તન તો થયા જ કરે છે. માટે સમજુ સજ્જને સમજી વિચારીને વિવેક અને ડહાપણ પૂર્ણ વિચાર કરીને પ્રાચીન પરંપરાનું અંધાનુકરણ કરવું નહિ પરંતુ સમય અને સમાજને અનુરૂપ સદાચાર પાળવો કારણ કે પ્રાચીન બધા જ સદાચારો શુભ હોતા નથી તેમજ વર્તમાન સમયના બધા જ રીત રિવાજો ખરાબ હોતા નથી. ા૮૩ા

**સૂત્ર : यमनुजीवेत् तं नापवदेत् ।।८४।।**

**અર્થ :** જેને આશ્રયે રહીને જીવન નિર્વાહ કરીએ તેના પ્રત્યે અપકાર કરવો નહિ.

**વિવરણ :** જેને આશ્રયે રહીને જીવન જીવીએ તેનું જ બુરું બોલવું, તેનું નુકસાન કરવું એ તો કૃતઘ્નતા છે. તેમ કરવાથી તો આશ્રયદાતા પણ આપણી પ્રત્યે શત્રુતા રાખીને વેરી બને અને સમાજમાં આપણી અપકીર્તિ થાય. માટે આશ્રય દાતાનું બુરું બોલવું નહિ તેમજ તેને નુકસાન કરવું નહિ. ા૮૪ા

**સૂત્ર : तपःसार इन्द्रियनिग्रहः ।।૮૫।।**

**અર્થ :** ઈન્દ્રિયોને નિયમમાં રાખવી એ સર્વોત્તમ તપ છે.

**વિવરણ :** પંચજ્ઞાનેન્દ્રિય અને પંચકર્મેન્દ્રિયને નિયમમાં રાખીને જરૂર પૂરતા જ વિષય ભોગવીને આજીવન જીવવું એ અતિ કઠિન છે. શારીરિક, માનસિક અને ઈન્દ્રિયોનો સંયમ એ જ ઉત્તમ તપ છે. ။૮૫။

**સૂત્ર : दुर्लभः स्त्रीबंधनात् मोक्षः ।।૮૬।।**

**અર્થ :** સ્ત્રીરૂપી બંધનમાંથી મુક્ત થવું એ અતિ કષ્ટસાધ્ય છે.

**વિવરણ :** ચિત્તને બંધન સ્થાનો તો ઘણાં જ છે, પરંતુ પ્રત્યેક દેહધારીને સ્ત્રીસંબંધી વિષયવાસના એ અતિ મહાન બંધન છે, તેમાંથી છૂટવું એ અતિકષ્ટ સાધ્ય છે. ။૮૬။

**સૂત્ર : स्त्री नाम सर्वाशुभानां क्षेत्राम् ।।૮૭।।**

**અર્થ :** સર્વ દોષોનું મૂળ કારણ સ્ત્રી છે.

**વિવરણ :** સ્ત્રી સંબંધી વાસના પુરુષ માટે અનેક વિપત્તિનું સ્થાન છે. એથી એ બાબતમાં જાગૃત નહિ રહેનાર અનેક આપત્તિઓમાં ફસાય છે એમ દર્શાવવાનો આ હેતુ છે. ။૮૭။

**સૂત્ર : न च स्त्रीणां पुरुषपरीक्षा ।।૮૮।।**

**અર્થ :** સ્ત્રીઓએ પુરુષોની પરીક્ષા કરવી નહિ.

**વિવરણ :** સ્ત્રીઓએ પુરુષોને નિરખી નિરખીને વારંવાર જોવા નહિ. તેમજ પુરુષોના જીવન કાર્યોના દોષ અને ગુણોનું પણ નિરીક્ષણ કરવું નહિ. જો કે વિવાહ થયા પહેલાં વર અને કન્યાએ પરસ્પર એક બીજાની શારીરિક, માનસિક, વૈચારિક કાર્યની ચોક્કસાઈ જરૂર કરવી. આવું પરીક્ષણ કર્યા પછી જ વિવાહ કરવો એ વધારે યોગ્ય છે પરંતુ વિવાહિત થયા પછીથી એક બીજા પ્રત્યે પરસ્પર શંકા કુશંકા કરવી એ દુઃખદ છે. ။૮૮။

**સૂત્ર : स्त्रीणां हि मनः क्षणिकमेकस्मिन् न तिष्ठति ।।૮૯।।**

**અર્થ :** સ્ત્રીઓનું મન ખરેખર ક્ષણિક હોય છે તે મન એક જ માં સ્થિર થતું નથી.

**વિવરણ :** આમ તો પ્રત્યેક પ્રાણધારીનું મન ચંચળ તો છે જ, પરંતુ પુરુષોના મન કરતાં સ્ત્રીઓનું મન વધારે ચંચળ છે. તેણીનું મન એક જ વિષયમાં ચિરકાળ

પર્યન્ત સ્થિર થતું નથી. એથી જ એકાગ્રચિત્તે અને ધૈર્યથી કરવા યોગ્ય કાર્યો સ્ત્રીઓ પાસે કરાવવાં નહિ. ॥૮૯॥

**સૂત્ર : अशुभद्वेषिणः स्त्रीषु न प्रसक्ताः ॥९०॥**

**અર્થ :** કામ ક્રોધાદિ દોષો પ્રત્યે વૈરવૃત્તિ રાખનારા સ્ત્રીમાં આસક્ત થતા નથી.

**વિવરણ :** શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય, દીર્ઘ આયુષ્ય, યશ વગેરે સદ્ગુણો ઈચ્છનારા કામ, ક્રોધ વગેરે દોષો પ્રત્યે તિરસ્કાર વૃત્તિ રાખે છે અને તેથી જ તેઓ સ્ત્રીસુખ કે વૈભવવિલાસમાં આસક્ત થતા નથી. સ્ત્રીસુખમાં અતિ આસક્ત પુરુષો અલ્પાયુષી, રોગી, નિર્બળ અને પ્રતિષ્ઠાહીન બને છે તેમજ તેઓની સ્મરણશક્તિ નષ્ટ થાય છે. ॥૯૦॥

**સૂત્ર : यज्ञफलज्ञाः त्रिवेदविदः ॥९१॥**

**અર્થ :** ત્રણ વેદોને જાણનારા યજ્ઞોનાં ફળોને જાણે છે.

**વિવરણ :** કેટલાંક કર્મો એવાં છે કે, જેનું ફળ આ જન્મમાં પ્રત્યક્ષ મળતું નથી. જેમકે યજ્ઞ, જપ વગેરે સત્કર્મોનું ફળ મૃત્યુ થયા પછી પરલોકમાં મળે છે યજ્ઞયાગાદિ કરનારા પુણ્યશાળી આત્મા મૃત્યુ પછી સ્વર્ગલોકમાં જઈને સ્વર્ગસુખ ભોગવે છે કયો યજ્ઞ કેવી રીતે કરવો ? કેવાં હુત દ્રવ્યો હોમવાં ? તે યજ્ઞનું શું ફળ મળે છે ? એ તો વેદોના રહસ્યોને જાણનારા ઋષિઓ જ કહી શકે. સામાન્ય વિદ્વાનો યજ્ઞ, પૂજા વગેરે સત્કર્મોનું યથાર્થ ફળ જાણી શકતા નથી. ॥૯૧॥

**સૂત્ર : स्वर्गस्थानं न शाश्वतम् ॥९२॥**

**અર્થ :** સ્વર્ગસ્થાન અવિનાશી નથી.

**વિવરણ :** સ્વર્ગમાં દેવો વસે છે. પુણ્યશાળી આત્માઓ મરીને સ્વર્ગમાં જાય છે ને ત્યાં સ્વર્ગીય સુખો ભોગવે છે એવી હિન્દુ શાસ્ત્રોની માન્યતા છે. પરંતુ તે સ્વર્ગ અને તેનું સુખ શાશ્વત તો નથી જ. ॥૯૨॥

**સૂત્ર : यावत् पुण्यफलं तावदेव स्वर्गफलम ॥९३॥**

**અર્થ :** પુણ્યનું ફળ જ્યાં સુધી રહે ત્યાં સુધી જ તે સ્વર્ગસુખ ભોગ છે.

**વિવરણ :** સ્વર્ગસ્થાન કઈ રીતે શાસ્વત નથી તે આ સૂત્ર દર્શાવે છે. માણસ પોતાના અત્યંત પુણ્યના પ્રતાપે સ્વર્ગ પ્રાપ્ત કરે છે અને ત્યાં સુખ ભોગવે છે પરંતુ તેનું સ્વર્ગવાસીના પુણ્યનું ફળ પુરું થાય એટલે સ્વર્ગવાસી આત્માનું સ્વર્ગલોકમાંથી પતન થાય છે. ॥૯૩॥

**સૂત્ર : न च स्वर्गपतनात् परं दुःखम् ।।९४।।**

**અર્થ :** સ્વર્ગમાંથી અધઃપતન થાય તેનાથી બીજું કોઈ મહાદુઃખ નથી.

**વિવરણ :** ખરેખર તો સુખમાંથી દુઃખમાં પડવું એ જ મહાદુઃખ છે. રાજ્યનું સુખ ભોગવનાર દરિદ્ર બને એ જ તેને માટે મહાદુઃખ છે. કારણ કે તે દરિદ્રને રાજ્યનું સુખ સાંભરે ત્યારે એ અતિ દુઃખી થાય છે. ત્યારે સર્વોત્તમ સુખના સ્થાન એવા સ્વર્ગમાંથી પતન થાય એથી વિશેષ દુઃખ કયું હોય શકે ? ॥૯૪॥

**સૂત્ર : देही देहं त्यकत्वा ऐंद्र पदं वांछति ।।९५।।**

**અર્થ :** શરીરધારી શરીર તજીને ઈન્દ્રપદની ઈચ્છા રાખે છે.

**વિવરણ :** પોતાથી વધારે કોઈક સુખી હોય તેને જોઈને આપણને એમ થાય કે તેના જેવું સુખ આપણને મળે તો સારું. એ જ રીતે સ્વર્ગવાસી દેવોના સુખ સાંભળીને સમજુ મનુષ્યને એમ થાય કે આપણને પણ સ્વર્ગસુખ મળે તો સારું અને સ્વર્ગસુખ મેળવવા માટે મનુષ્ય યજ્ઞ, પૂજા વગેરે સત્કર્મો કરે છે. જેથી ઈન્દ્રતા લોકરૂપ સ્વર્ગની પ્રાપ્તિ થાય. ॥૯૫॥

**સૂત્ર : दुःखानामौषधं निर्वाणम् ।।९६।।**

**અર્થ :** આત્યંતિક મોક્ષ એ જ દુઃખની દવા છે.

**વિવરણ :** આત્માને પંચભૌતિક શરીરનો સંબંધ છે ત્યાં સુધી તેને દુઃખો રહેવાનાં જ. તેથી જ સૂત્રકાર કહે છે કે જીવાત્માને જ્યારે ત્રિગુણાત્મક માયાનો સંબંધ રહે નહિ ત્યારે જ જીવાત્મા દુઃખમાંથી મુક્ત થાય છે. ॥૯૬॥

**સૂત્ર : अनार्यसंबंधात् वरमार्यशत्रुता ।।९७।।**

**અર્થ :** દુરાચારી સાથે મિત્રતા રાખવી તેના કરતાં આર્યપુરુષ સાથે શત્રુતા રાખવી સારી.

**વિવરણ :** શાસ્ત્રમાં કહેલ છે કે, ''દુર્જન સાથે સંબંધ રાખનાર સજ્જનનો વિનાશ થાય છે.'' ''દુરાચારી સાથે રહીને વૈભવો ભોગવવા તેના કરતાં સજ્જન સાથે શત્રુતા કરીને દુઃખ ભોગવવા એ સારું'' ॥૯૭॥

**સૂત્ર : निहंति दुर्वचनं कुलम् ।।९८।।**

**અર્થ :** મર્મભેદક વચનો કુળનો વિનાશ કરે છે.

**વિવરણ :** ગર્વથી ઘમંડી થઈને બીજાને દુઃખ થાય તેવાં વચનો બોલનાર સર્વનો શત્રુ બને છે સ્વાભાવિક રીતે જ એનાથી કુળનો વિનાશ થાય છે. ાા૯૮ાા

**સૂત્ર : न पुत्रा संस्पर्शात् परं सुखम् ।।९९।।**

**અર્થ :** પુત્રના સ્પર્શથી બીજું કોઈ મોટું સુખ નથી.

**વિવરણ :** પુત્રને રમાડવામાં તેમજ તેને લાડ લડાવવામાં જે આનંદ છે તે અલૌકિક છે. તેથી શાસ્ત્રમાં પણ કહેલ છે કે, ''પુત્ર વગરનું ઘર સુનસામ ભાસે છે.'' ાા૯૯ાા

**સૂત્ર : विवादे धर्ममनुस्मरेत् ।।१००।।**

**અર્થ :** વિવાદ પ્રસંગે ધર્મશાસ્ત્રનું સ્મરણ કરવું.

**વિવરણ :** રાજ્ય, ધન, સ્થાવર મિલ્કત, સામાજિક અપરાધો વગેરે કાર્યોના નિર્ણય કરવામાં સર્વ સંમતિ થતી ન હોય ત્યારે અથવા બહુમતિ થતી ન હોય ત્યારે તેમજ ચોક્કસ નિર્ણય ન થઈ શકતો હોય ત્યારે મનુસ્મૃતિ, યાજ્ઞવલ્ક્ય, પરાશર સ્મૃતિ વગેરે સ્મૃતિશાસ્ત્રો અર્થાત્ ધર્મશાસ્ત્રોનાં વચનોને અનુસરીને નિર્ણય કરવો. ાા૧૦૦ાા

**સૂત્ર : निशान्ते कार्यं चिंतयेत् ।।१०१।।**

**અર્થ :** પ્રાતઃકાળમાં જાણીને પોતાના કર્તવ્યનો વિચાર કરવો.

**વિવરણ :** સવારમાં વહેલા જાગવું, ઈશ્વરસ્મરણ કરવું અને ત્યારબાદ એકાગ્ર ચિત્તથી વિચારવું કે આજના દિવસનું મારું કર્તવ્ય શું છે ? આ વિચાર કર્યા પછી શારીરિક શુદ્ધિ, પરમાત્માનું પૂજન વગેરે કાર્ય કરવાં. ાા૧૦૧ાા

**સૂત્ર : प्रदोषे न संयोगः कर्तव्यः ।।१०२।।**

**અર્થ :** સંધ્યા સમયે કોઈ કાર્ય કરવા નહિ.

**વિવરણ :** સંધ્યા એટલે સૂર્યોદય પહેલાનો પ્રાતઃકાળ અને સૂર્યાસ્ત પછીનો સાયંકાળ. આ બે સમયમાં વ્યાવહારિક કાર્યો તથા ભોજન વગેરે શારીરિક કાર્યો કરવાં નહિ પરંતુ ઈશ્વરસ્મરણ, પૂજન કરવું. શાસ્ત્રમાં કહેલ છે કે, ''સંધ્યા સમયમાં ભોજન, સ્ત્રીસંભોગ, નિદ્રા તથા સ્વાધ્યાય (વિદ્યાભ્યાસ) વગેરે કાર્યો કરવાં નહિ. ાા૧૦૨ાા

**સૂત્ર : उपस्थित विनाशो दुर्नयं मन्यते ।।१०३।।**

**અર્થ :** પ્રાપ્ત થયેલ પદાર્થ કે સફળતાનો વિનાશ થાય તેમાં તો પોતાની જ અજ્ઞાનતા છે.

**વિવરણ :** જેને નીતિશાસ્ત્રનું જ્ઞાન હોય નહિ, તેને પોતાને પ્રાપ્ત થયેલા પદાર્થની જાળવણી કરતાં આવડે નહિ. તેથી તેના અવિવેક અને ગેરરીતિના પરિણામે પ્રાપ્ત થયેલ પદાર્થ નાશ થાય છે. નીતિશાસ્ત્ર કહે છે કે, ''પ્રાપ્ત કરવા લાયકને પ્રાપ્ત કરવું, પ્રાપ્ત થયેલનું રક્ષણ કરવા પ્રયત્નો કરવા તેમજ પ્રાપ્ત થયેલ પદાર્થમાં વૃદ્ધિ કરવી.'' પ્રાપ્ત થયેલ પદાર્થ નાશ થવાથી દુઃખ થાય, દરિદ્રતા આવે અને આપણી મંદબુદ્ધિનું પ્રદર્શન થાય. ભવિષ્યમાં આપણને આ વસ્તુ મળવાની છે એવી આશાથી પ્રાપ્ત થયેલી વસ્તુનો ત્યાગ કરવો નહિ. ॥૧૦૩॥

**સૂત્ર : क्षीरार्थिनः किं करिण्या ? ।।१०४।।**

**અર્થ :** દૂધની જરૂરીઆતવાળાને હાથણીથી શો લાભ ?

**વિવરણ :** દૂધની જરૂરીઆતવાળાને ગાય રાખવાથી જ દૂધ મળે. હાથણી રાખવાથી તો નુકસાન થાય. તેમ જેને જે વસ્તુ જરૂરની છે તેણે તે વસ્તુ જ રાખવી અને મેળવવી. ॥૧૦૪॥

**સૂત્ર : न दानसमं वश्यम् ।।१०५।।**

**અર્થ :** દાનની સમાન કોઈ વશીકરણ નથી.

**વિવરણ :** દાન આપવાથી શત્રુ પણ મિત્ર બને છે પરંતુ કયારે કોને શું જોઈએ છે એનો વિચાર કરીને જેને જેની જરૂર હોય તેને તેનું દાન કરવાથી દાનની મહત્તા વધે છે. અતિ ભૂખ્યાને ભોજનની જરૂર હોય છે, પૈસાની નહિ, તે જ રીતે તરસ્યાને જળની અને રોગીને ઔષધની. એમ જેને જેની જરૂર હોય તેને તે વસ્તુ આપવી એ જ સત્ય દાન છે. સમજી વિચારીને સુપાત્રને દાન આપનારને સર્વ કોઈ સ્વાધીન બને છે. ॥૧૦૫॥

**સૂત્ર : परायतेषु उत्कंठां न कुर्यात् ।।१०६।।**

**અર્થ :** અન્યને આધીન પદાર્થ મેળવવાની તીવ્ર ઈચ્છા કરવી નહિ.

**વિવરણ :** જે વસ્તુ બીજાને આધીન છે, બીજાના હક્કની છે તેને મેળવવાની ઈચ્છા રાખવાથી અને તેને માટે પ્રયત્નો કરવાથી દુઃખ જ

થાય છે. પોતાનાથી બળવાન હોય તેવા મનુષ્યની વસ્તુ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળો પરાજિત થાય છે. ॥૧૦૬॥

**સૂત્ર : असत्समृद्धिरसद्भिरेव भुज्यते ।।१०७।।**

**અર્થ :** અસત્ સંપત્તિનો ઉપયોગ દુરાચારી લોકો જ કરે છે.

**વિવરણ :** ચોરી, હિંસા, લૂંટ, જુગાર વગેરે દુરાચારો કરીને પ્રાપ્ત કરેલી સંપત્તિ તેનું નામ અસત્ સંપત્તિ અર્થાત્ આસુરી લક્ષ્મી. આ પ્રકારની સંપત્તિનો સત્કર્મોમાં ઉપયોગ થતો નથી. તેમજ તે સંપત્તિ સજ્જનોના પણ ઉપયોગમાં આવતી નથી. અસત્ સંપત્તિનો ઉપયોગ તો ચોર, લૂટારા અને જુગારી જેવા દુરાચારી લોકો જ કરે છે. માટે શાસ્ત્રમાં કહેલ છે કે, "અન્યાયથી મેળવેલું દ્રવ્ય યજ્ઞયાગ, દેવપૂજા વગેરે સત્કર્મમાં વપરાતું નથી તથા ભીખ માંગીને ભેગું કરેલું નાણું સુપાત્રને અપાતું નથી. આ પ્રકારના દ્રવ્યને કદર્ય દ્રવ્ય અર્થાત્ કંજુસનું દ્રવ્ય કહેવાય. આવા લોભીનું દ્રવ્ય તો ચોર, ગણિકા કે રાજદંડમાં જ વિનષ્ટ થાય છે." ॥૧૦૭॥

**સૂત્ર : निंबफलं काकैः भुज्यते ।।१०८।।**

**અર્થ :** લીમડાની લીંબોળીઓ તો કાગડાઓ જ ખાય છે.

**વિવરણ :** ઉપર કહેલા સૂત્રની વધારે સ્પષ્ટતા કરવા ઉદાહરણ આપીને સમજાવે છે કે, "લીમડાની લીંબોડીઓ બહુધા કાગડાઓ જ ખાય છે." અર્થાત્ લીમડા જેવા કડવા સ્વભાવવાળા મનુષ્યોની સંપત્તિનો ઉપયોગ કાગડા જેવા લુચ્ચાઓ જ કરે છે. ॥૧૦૮॥

**સૂત્ર : नांभोधिः तृष्णामपोहति ।।१०९।।**

**અર્થ :** ખારા સાગરના જળથી તૃષા ટળે નહિ.

**વિવરણ :** ખારા સાગરનું જળ અમાપ છે પરંતુ તેનાથી તરસ છીપતી નથી. એ જ રીતે દુરાચારીની અમાપ સંપત્તિ સજ્જનને ઉપયોગી થતી નથી. કે અસત્ સંપત્તિથી પુણ્યકાર્ય થતાં નથી. ॥૧૦૯॥

**સૂત્ર : वालुका अपि स्वगुणमाश्रयंते ।।११०।।**

**અર્થ :** રેતી પણ પોતાના સ્વાભાવિક ગુણને જ અનુસરે છે.

**વિવરણ :** રેતીના કણો સ્વાભાવિક રીતે જ જુદા જુદા હોય છે. પરંતુ એ કણો પરસ્પર ભેગા થયેલા રેતીના સમૂહ સ્વરૂપે જ આપણે નિહાળીએ છીએ

તેમજ સમુદાય સ્વરૂપે જ તેને પ્રાપ્ત કરી શકીએ છીએ એજ રીતે રેતી પોતાના ગુણને અનુસરે છે તેમ અસત્ સંપત્તિ અસત્ કાર્યમાં જ પ્રયોજાય છે. જેનો જેવો સ્વભાવ હોય તે તે સ્વરૂપે જ પ્રાપ્ત થઈ શકે. ॥૧૧૦॥

**સૂત્ર : संतोऽसत्सु न रमन्ते ।।१११।।**

**અર્થ :** સજ્જનો દુર્જન સાથે આનંદ પામતા.

**વિવરણ :** સંતપુરુષો દુર્જનો સાથે રહેતા નથી. કારણ કે સ્વભાવ, ગુણ અને ક્રિયાથી સર્વથા ભિન્ન એવા દુર્જનો સાથે સજ્જનો રહી શકે જ નહિ તેમજ તેની સાથે વ્યવહાર પણ કરી શકે જ નહિ. ॥૧૧૧॥

**સૂત્ર : न हंसा प्रेतवने रमन्ते ।।११२।।**

**અર્થ :** ભેંકાર વનમાં હંસો રહેતા નથી.

**વિવરણ :** સૂમસામ ભેંકાર વનમાં હંસો હોય નહિ. હંસો તો કમળવન યુક્ત મહાસરોવરવાળા નયનરમ્ય ઉદ્યાનમાં જ હોય. ભેંકાર વનમાં તો કાગડા, ગીધડા વગેરે પ્રાણીઓ જ હોય. એ જ રીતે જુગારના અડ્ડાઓ, વેશ્યાગૃહો, વ્યસનીના વસવાટો તેમજ દેખાવ પૂરતા જ સાત્ત્વિક સ્થાનો એ બધાં પ્રેતવંત સમા છે અને ત્યાં હંસ સમાન સંતપુરુષો કદી આનંદ મેળવી શકે નહિ. ॥૧૧૨॥

**સૂત્ર : अर्थार्थं प्रवर्तते लोकः ।।११३।।**

**અર્થ :** પ્રત્યેક પ્રાણી સ્વાર્થ માટે જ પ્રવૃત્તિ કરે છે.

**વિવરણ :** सर्वः स्वार्थं समीहते । એ ન્યાય અનુસાર સ્વાર્થસિદ્ધિને માટે જ પ્રાણધારીઓની પ્રવૃત્તિ છે તે પ્રત્યક્ષ દેખાય છે. ॥૧૧૩॥

ઈતિશ્રી નીતિરૂપ દર્શનશાસ્ત્રના ચાણક્યસૂત્રનો પાંચમો અધ્યાય પૂરો.



## અધ્યાય - ૬ઠ્ઠો

**સૂત્ર : आशया बध्यते लोकः ॥१॥**

**અર્થ :** આશાથી મનુષ્ય બંધન પામે છે.

**વિવરણ :** ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવાની લાલસા તેનું નામ આશા. પશુ, પંખી વગેરે પ્રાણધારીઓ ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત થવાની લાલસાથી જ પ્રવૃત્તિ કરે છે. પ્રયત્ન કરવા છતાં આજે ન મળી તો કાલે મળશે આવી આશાથી જ દેહધારી કાર્યો કરતાં રહે છે અને કર્મબંધનથી બંધાતાં રહે છે. ॥૧॥

**સૂત્ર : न चाशापरैः श्रीः सह तिष्ठति ॥२॥**

**અર્થ :** આશાપરાયણ મનુષ્યની સાથે ધનસંપત્તિ સ્થિર થતી નથી.

**વિવરણ :** ચંચળ સ્વભાવના અને ઈષ્ટ વિષયોના લાલચુ મનુષ્ય એક જ પદાર્થમાં કે એક જ વ્યવસાયમાં નિષ્ઠાવાળા હોતા નથી. તેથી જ તેઓ એક આશા પૂરી થાય કે તરત જ બીજા પદાર્થની આશા કરતા હોય છે. તે આશા પૂર્ણ થાય કે તરત જ ત્રીજા પદાર્થની આશા કરે છે. આમ વિવિધ આશાઓ ઉપર જીવનાર મનુષ્યોને સ્થિર સંપત્તિ પ્રાપ્ત થતી નથી. કારણ કે એક જ ધ્યેય એક જ નિષ્ઠાથી શુભ પ્રયત્ન કરનારને જ કાર્યની સફળતા અને સ્થિર સંપત્તિ પ્રાપ્ત થાય છે. ॥૨॥

**સૂત્ર : नास्त्याशापरे धैर्यम् ॥३॥**

**અર્થ :** આશાપરાયણ મનુષ્યને ધીરજ હોતી નથી.

**વિવરણ :** કોઈપણ કાર્ય ધીરજ વિના સિદ્ધ થતું નથી અને આશાવાદીને તાત્કાલિક પોતાની ઈચ્છા પૂરી કરવાની તાલાવેલી હોય છે. પોતાની આશા પૂરી થાય નહિ ત્યારે તેઓ ધીરજ ગુમાવે છે અને ગુસ્સે થાય છે. આમ, ક્રોધ કરવાથી તેઓ પોતાના કાર્યમાં નિષ્ફળ જાય છે. ॥૩॥

**સૂત્ર : दैन्यात् मरणमुत्तमम् ॥४॥**

**અર્થ :** દરિદ્રતાથી જીવવું તેના કરતાં તો મરવું એ જ ઉત્તમ છે.

**વિવરણ :** દરિદ્રનું અપમાન સર્વત્ર થાય છે. આજીવન દરિદ્ર પુરુષને જીવન પર્યન્ત અપમાન સહન કરવાં પડે છે. આ રીતે આજીવન અપમાન સહન કરીને જીવવા કરતાં એક જ વાર મરવું એ વધારે સારુ છે. વિવિધ

આશાવાળો મનુષ્ય પોતાની આશા પૂર્ણ થાય નહિ તેથી દીન (રાંક) બની જાય છે અને પોતાની આશા પૂરી કરવાં માટે તે પોતાની કુલીનતા અને સદ્‌ગુણોને વિસરીને વિવિધ વ્યક્તિઓનાં અપમાન સહન કરે છે અને દીનતાપૂર્ણ જીવન જીવે છે. ।।૪।।

**સૂત્ર : आशापरो निर्लज्जो भवति ।।५।।**

**અર્થ :** આશાપરાયણને લાજ શરમ હોતી નથી.

**વિવરણ :** આશાવાદી મનુષ્ય પોતાના કુળની, સમાજની પ્રતિષ્ઠાની હાની થાય તે રીતે લોકલાજનો ત્યાગ કરીને બેશરમ થઈને પોતાની આશા પૂર્ણ કરવા પ્રયત્નશીલ રહે છે. ।।૫।।

**સૂત્ર : न मात्रा सह वासः कर्तव्यः ।।६।।**

**અર્થ :** માતા સાથે રહેવું નહિ.

**વિવરણ :** પોતાની માતા, બહેન, પુત્રી સાથે પણ એકાન્તમાં રહેવું નહિ. કારણ કે આવા પ્રસંગોથી આપણા જીવનમાં કયારેક સાચા ખોટા કલંકનો સંભવ છે. ।।૬।।

**સૂત્ર : नात्मा क्वापि स्तोतव्यः ।।७।।**

**અર્થ :** પોતાની પ્રશંસા ક્યારેય કરવી નહિ.

**વિવરણ :** પોતે જ પોતાની પ્રશંસા કરનાર વ્યક્તિની સમાજમાં પ્રતિષ્ઠા ઘટે છે. પરંતુ અન્યની પ્રશંસા કરનાર વ્યક્તિના સદ્‌ગુણોની પ્રશંસા આપોઆપ થાય છે. પુષ્પો પોતાના સુગંધની પ્રશંસા પોતે કરતા નથી પરંતુ વાયુ પુષ્પોના સુગંધની પ્રસિદ્ધિ ફેલાવે છે. એ રીતે પોતાના સદ્‌ગુણો વડે અન્યને મદદરૂપ થનારની પ્રશંસા અન્ય લોકો કરે છે.

**સૂત્ર : न दिवा स्वप्नं कुर्यात् ।।८।।**

**અર્થ :** દિવસે ઊંઘવું નહિ.

**વિવરણ :** દિવસે શયન કરવાથી વિવિધ રોગો થાય છે. આળસ અને ઊંઘ કરવાથી દિવસે કાર્યો કામ થતાં નથી. આ બાબતમાં આયુર્વેદમાં વિશેષ ચર્ચા વાંચવા મળે છે. શાસ્ત્રમાં કહેલ છે કે, ''દિવસે શયન કરવું નહિ અને રાત્રીએ પેટ ભરીને જમવું નહિ.'' ।।૮।।

**સૂત્ર : न चासन्नमपि पश्यत्यैश्वर्य तिमिर चक्षुर्न श्रृणोत्तीष्टम्  ।।९।।**

**અર્થ :** અતિ ઐશ્વર્યો અને સંપત્તિના કારણે અંધ બનેલો મનુષ્ય પોતાના સમીપમાં રહેલા પદાર્થને દેખતો નથી તથા હિતની વાત સાંભળતો નથી.

**વિવરણ :** ઐશ્વર્ય, સત્તા, સંપત્તિ વગેરે પ્રાપ્ત થવાથી મનુષ્ય વિવેકહીન બનીને સંપત્તિના મદમાં કે સત્તાના કેફમાં અંધ બનીને પોતાની નજીકમાં રહેલ વ્યક્તિ કે પદાર્થને દેખી શકતો નથી. સત્તાના કેફથી મદોન્મત્ત બનેલ માનવી પોતાના પૂજ્ય પુરુષોની મર્યાદા જાળવતો નથી. એટલું જ નહિ વૈભવવિલાસમાં ચકચૂર બનેલો અવિવેકી પોતાના પૂજ્ય પુરુષોનું અપમાન પણ કરે છે અને પોતાના હિતની વાત પણ સાંભળતો નથી. ॥૯॥

**સૂત્ર : स्त्रीणां भर्तुः परम दैवतम्  ।।१०।।**

**અર્થ :** પોતાનો પતિ એ જ સ્ત્રીઓ માટે પરમ દેવ છે.

**વિવરણ :** આર્ય સન્નારીને પોતાનો પતિ એ જ પરમ દેવ છે. પતિના અસ્તિત્વથી જ પોતાની ઉન્નતિ, આધાર અને સૌભાગ્ય છે. એમ માનીને સર્વ પ્રકારે પતિની સેવા કરવી. ॥૧૦॥

**સૂત્ર : तदनुवर्तनमुभयसौख्यम्  ।।११।।**

**અર્થ :** પતિની અનુવૃત્તિમાં રહેવું તે પતિપત્ની બન્ને માટે સુખદ છે.

**વિવરણ :** સ્ત્રીઓ પોતાના પતિને અનુસરીને રહે તો પતિપત્ની બન્ને માટે સુખદ છે કારણ કે એક બીજાને સહકાર આપીને ગૃહસ્થ જીવન જીવનાર દંપતી સુખપૂર્વક જીવી શકે છે અને તેના સંતાનો સંપ, સુખ અને શુભ સંસ્કારમય જીવનનો આદર્શ શીખી શકે છે. ॥૧૧॥

**સૂત્ર : अतिथिमभ्यागतं पूजयेत् यथाविधि  ।।१२।।**

**અર્થ :** અતિથિ અને અભ્યાગતને વિધિપૂર્વક પૂજવા.

**વિવરણ :** નક્કી કરેલા સમય પ્રમાણે આવનાર સંબંધીજનો એ તો મહેમાન કહેવાય. પરંતુ ટંકટાણા વિના અણધાર્યા આવનારને અતિથિ કહેવાય. આવા અતિથિને ભાવથી આદર આપવો અને પોતાને જે જમવાનું ભોજન તૈયાર હોય તે ભોજન તેને ભાવથી જમાડવું. આ રીતે અતિથિને ભોજન કરાવવું પરંતુ અપરિચિત વ્યક્તિ સાથે ભોજન સિવાય કોઈ જાતનો વ્યવહાર કરવો નહિ તેમજ

તેને પોતાને ઘેર રાત્રી રોકવો નહિ. માત્ર ભોજન કરાવીને તેને આદરભાવથી વિદાય આપવી અને ભિક્ષુકો (ભોજનની ભિક્ષા માંગનાર સંન્યાસી સંતો) પ્રત્યે આદરભાવ રાખીને પોતાની શક્તિ પ્રમાણે રાંધેલા ભોજનની ભિક્ષા આપવી અને તેને સંતુષ્ટ કરવા. ।।૧૨।।

**સૂત્ર : नित्यं संविभागी स्यात्  ।।१३।।**

**અર્થ :** નિત્ય સંવિભાગ કરવાનો સ્વભાવ રાખવો.

**વિવરણ :** (૧) **સંવિભાગ :** પરિવારના વ્યવહારની જવાબદારી સંભાળનાર મુખ્ય વ્યક્તિએ પરિવારના સભ્યોને દૈનિક કાર્યની તથા ખર્ચની અને આવકની માહિતી નિત્ય આપવી. પરિવારના સભ્યોને રાત્રીએ નિત્ય ભેગા થવું અને પોતાનાં વ્યાવહારિક કાર્યોની પ્રગતિનો વિચાર કરવો અને જે કાર્ય જેને યોગ્ય હોય તે કાર્ય તેને સોંપવું આનું નામ સંવિભાગ. (૨) **સંવિભાગ :** પોતાની જે આવક હોય તેના વ્યવસ્થિત વિભાગ કરવા તે આ મુજબ (૧) આવકનો અમુક ભાગ અનામત રાખવો. (૨) આવકનો અમુક ભાગ વ્યવસાયની વૃદ્ધિ માટે વાપરવો. (૩) આવકનો અમુક ભાગ પરિવારના ખર્ચ માટે વાપરવો. (૪) આવકનો અમુક ભાગ દાનપુણ્ય અને સત્કર્મ માટે વાપરવો. અને (૫) આવકનો અમુક ભાગ રાજકીય કરવેરા માટે રાખવો. આ પ્રકારનો નિયમ નિત્ય રાખવો. (૩) **સંવિભાગ :** પરિવારનો વ્યવહાર સંભાળનાર મુખ્ય વ્યક્તિએ પરિવારના પ્રત્યેક સભ્યને વસ્ત્ર, ભોજન, જીવન જરૂરીઆતની વસ્તુઓ, દવા વગેરે સમદ્રષ્ટિથી સર્વને પક્ષપાત કર્યા વિના સરખે ભાગે આપીને સંતુષ્ટ રાખવા. ઉપરાંતમાં પરિવારના સભ્યો, દેવ, બ્રાહ્મણ અતિથિ, ભિક્ષુકો વગેરેને અન્નજળથી તૃપ્ત કરીને પછી જ જમવું. આવા પ્રકારનો નિત્યનિયમ તેનું નામ **સંવિભાગ.** ।।૧૩।।

**સૂત્ર : नास्ति हव्यस्य व्याघातः  ।।१४।।**

**અર્થ :** દેવોને ઉદ્દેશીને યજ્ઞમાં હોમેલી આહુતિનો નાશ થતો નથી.

**વિવરણ :** વર્તમાન સમયના કહેવાતા વૈજ્ઞાનિકો માને છે કે યજ્ઞ કરવાની કોઈ જરૂર નથી. મોંઘા મૂલ્યના ખાદ્ય પદાર્થો યજ્ઞમાં હોમીને બાળી નાખવાથી કશો લાભ નથી. આવું માનનારા અર્ધદગ્ધ વૈજ્ઞાનિકોની માન્યતા સૂત્રકારના

મત મુજબ ખોટી છે: દેવો, પિતૃઓને ઉદ્દેશીને વિધિ અને શ્રદ્ધા સહિત મંત્રોચ્ચાર કરીને યજ્ઞમાં હોમેલા હુત દ્રવ્યનું ફળ નાશ પામતું નથી. કારણ કે જે વસ્તુ પવિત્ર છે અને બીજાને પણ પવિત્ર કરે છે તે વસ્તુનો સ્વભાવ, ગુણ અને કાર્ય સદા અને સર્વથા પવિત્ર જ રહેવાના. દેવો, યજ્ઞો, હુત દ્રવ્યો અનાદિકાળથી પવિત્ર છે, પવિત્ર કરે છે અને કરવાના. દેવોને, પિતૃઓને ઉદ્દેશીને વિધિપૂર્વક કરાતું સત્કર્મ તેનું ફળ મળે જ છે. ।।૧૪।।

**સૂત્ર : मृगतृष्णा जलवद्भाति ।।१५।।**

**અર્થ :** ઝાંઝવાનાં જળ, જળ જેવાં દેખાય છે.

**વિવરણ :** રણપ્રદેશ કે ક્ષારયુક્ત પ્રદેશમાં ઉનાળાના ધખધખ । બપોરના સમયે સૂર્યનાં કિરણોની ગરમીથી બાષ્પીભવન પામેલું જળ દૂરથી જંળના સરોવર જેવું દેખાય છે, તે જળને ઝાંઝવાનાં જળ કે મૃગજળ કહે છે. આ પ્રકારના જળના આભાસને દેખીને મૃગલાઓ અને મૃગજળથી અપરિચિત મનુષ્યો તેને સત્ય જળ માનીને તે જળ લેવા માટે દોડે છે પરંતુ મૃગજળ પાછળ દોડનારને સત્ય જળ પ્રાપ્ત થતું નથી. એ જ રીતે લુચ્ચા મનુષ્યો, લોકોને છેતરવા માટે વિવિધ પ્રકારના કીમિયા કરીને લોકોને વિવિધ વસ્તુઓ અને વિવિધ આશ્ચર્યો બતાવે છે તે જોઈને અજ્ઞાની મનુષ્યો લુચ્ચાઓની જાળમાં ફસાય છે. એમ આ સૂત્રથી સમજાવ્યું છે. ।।૧૫।।

**સૂત્ર : शत्रुर्मित्रवत् भाति ।।१६।।**

**અર્થ :** શત્રુ હોય તે મિત્ર જેવો દેખાય છે.

**વિવરણ :** શઠ અને કપટી લોકોની લુચ્ચાઈ સમજાવતા સૂત્રકાર કહે છે કે; "આપણો શત્રુ આપણી સાથે મિત્ર જેવો વ્યવહાર રાખે, આપણું કામ કરે, દેખાવ પૂરતી જ સારી સલાહ આપે, આપણો દાસ થઈને રહે." આ રીતે આપણને પૂરે પૂરા વિશ્વાસમાં લીધા પછી પોતાનું કપટ ખુલ્લું કરીને આપણો વિનાશ કરે અથવા આપણું નુકશાન કરે. શાસ્ત્રમાં કહેલ છે કે, "લોભી મનુંષ્ય લાલચુ હોય છે. ઓછા ખર્ચે વધારે મેળવવાની આશા રાખનારને તૃષ્ણા વધે છે. તૃષ્ણાવાળો અંતે દુઃખી થાય છે." લોભી મનુષ્યને કપટી લોકો દગો કરીને છેતરે છે તેથી જ કહેવત છે કે, "લોભી હોય ત્યાં ધુતારા ભૂખે મરે નહિ." ।।૧૬।।

**સૂત્ર : उपालंभो नात्स्यप्रणयिषु ।।१७।।**

**અર્થ :** સ્નેહશૂન્ય મનુષ્યને ઠપકો દેવાથી કોઈ પરિણામ આવતું નથી.

**વિવરણ :** જેના હૃદયમાં સ્નેહ જ નથી તેમજ સ્વાર્થ ખાતર જ સંબંધ રાખનાર છે એવા નિષ્ઠુરને કોઈપણ પ્રકારે ઠપકો દેવાથી કે તેનો તિરસ્કાર કરવાથી તેના જીવનમાં કશો જ ફેરફાર થતો નથી. ''સ્વાર્થપરાયણ અને લાગણી શૂન્ય નિષ્ઠુર મનુષ્યની સાથે સંબંધ રાખવો નહિ એ જ હિતાવહ છે.'' ॥૧૭॥

**સૂત્ર : दुर्मेधसां महत्शास्त्रां बुद्धिं मोहयति ।।१८।।**

**અર્થ :** મંદબુદ્ધિવાળા મનુષ્યો કઠિન શાસ્ત્રોનો અભ્યાસ કરી શકતા નથી.

**વિવરણ :** અલ્પ બુદ્ધિવાળા મનુષ્યોને જ્યોતિષ, ગણિત, ભૂગોળ વગેરે ગહન શાસ્ત્રોનો અભ્યાસ કરવો કઠિન છે. તેથી તેઓએ તો પોતાની યોગ્યતાને અનુસારે જરૂરીઆત પૂરતો વિદ્યાભ્યાસ કરવો. ॥૧૮॥

**સૂત્ર : यत्रा सुखेन वर्तते तदेव स्थानम् ।।१९।।**

**અર્થ :** જયાં સુખેથી રહેવાય તેને જ સ્થાન કહે છે.

**વિવરણ :** જે વ્યક્તિ કે પરિવાર માટે જે દેશમાં અને જે સ્થાનમાં સર્વ પ્રકારે સુવિધા અને સલામતિ મળે તેણે તે દેશમાં કે તે સ્થાનમાં જ રહેવું. શાસ્ત્રમાં કહેલ છે કે, ''સામાજિક ઉત્સવોમાં જવાની અનુકૂળતા હોય નહિ, પોતાની પ્રતિષ્ઠા જળવાય નહિ, કાર્યમાં સફળતા મળે નહિ તેમજ સત્કર્મો કરી શકાય નહિ આવા દેશમાં કે સ્થાનમાં રહેવું નહિ.'' ॥૧૯॥

**સૂત્ર : सत्संगः स्वर्गवासः ।।२०।।**

**અર્થ :** સજ્જનોનો સંગ સ્વર્ગમાં નિવાસના સુખ સમાન છે.

**વિવરણ :** સંસાર તો દુઃખમય જ છે. લોકો માને છે કે મરણ પછી સ્વર્ગમાં જઈએ અને સ્વર્ગના સુખ ભોગવીએ, પરંતુ સૂત્રકાર કહે છે કે, ''સજ્જનોના સંગમાં રહેવું, સજ્જનોના પડોશમાં વસવું એ જ સ્વર્ગના સુખ જેવું છે.'' પડોશમાં જો દુર્જન રહેતો હોય તો સ્વર્ગના દેવોને પણ તે સ્વર્ગ દુઃખદ બને છે અને પડોશી સજ્જન હોય તેનો સંગ કરનાર મનુષ્ય સામાન્ય ગામમાં રહે તેને તો પણ તે સ્વર્ગના જેવું જ સુખ ભોગવે છે. ॥૨૦॥

**સૂત્ર : आर्यः स्वमिव परं मन्यते ।।२१।।**

**અર્થ :** સજ્જન પારકાને પણ પોતાનો જ માને છે.

**વિવરણ :** ઉદાર સ્વભાવના દયાળુ સજ્જનને તો પારકું કે પોતાનું એવો ભેદ મનમાં હોતો નથી. સજ્જનો તો અન્યને દુ:ખી દેખીને પોતે તેનાં દુ:ખો દૂર કરવા માટે પ્રયત્નશીલ બને છે. સજ્જન તો પૃથ્વી પરનાં બધાં જ પ્રાણીઓને પોતાનો પરિવાર માને છે. ॥૨૧॥

**સૂત્ર : प्रायेण रूपानुवर्तिनो गुणाः ।।२२।।**

**અર્થ :** બહુધા તો રૂપને અનુરૂપ ગુણો હોય છે.

**વિવરણ :** મનુષ્યની આકૃતિ કે રૂપ જોઈને તેના ગુણોનું અનુમાન બહુધા કરી શકાય. પરંતુ આ અનુમાન સર્વત્ર સત્ય નથી હોતું. ક્યારેક એવું પણ જોવા મળે કે રૂપ અને આકૃતિથી સુંદર જણાતી વ્યક્તિમાં સદ્‌ગુણો હોતા નથી તો કોઈક વ્યક્તિમાં રૂપ અને આકૃતિ ન હોય પરંતુ તે વ્યક્તિ સદ્‌ગુણી હોય છે. ॥૨૨॥

**સૂત્ર : विश्वासघातिनो निष्कृतिर्न विद्यते ।।२३।।**

**અર્થ :** વિશ્વાસઘાત કરનારાઓ પ્રાયશ્ચિતથી શુદ્ધ થતા નથી.

**વિવરણ :** પ્રાયશ્ચિતથી માણસ પોતાની ભૂલ સુધારે છે પણ કૃતઘ્ની કે વિશ્વાસઘાતી અતિ મોટું પ્રાયશ્ચિત કરે છતાં તે શુદ્ધ થતો નથી. સમાજમાં તે પ્રતિષ્ઠાહીન બને છે અને મરીને તે અસદ્‌ગતિ પામે છે. ॥૨૩॥

**સૂત્ર : दैवायत्तं न शोचयेत् ।।२४।।**

**અર્થ :** જે કાર્ય દૈવને આધીન હોય તેનો શોક કરવો નહિ.

**વિવરણ :** કેટલાંક કાર્યો ભાગ્યને આધારે કે ઈશ્વરને આધારે થતાં હોય છે. જેમકે ભૂકંપ, વાવાઝોડું, જળહોનારત વગેરે. ઘણીવાર આપણા પરિવાર સંબંધી કાર્યોમાં પણ પ્રયત્નો કરવા છતાં કાર્યસિદ્ધિ થાય નહિ એવું બને છે. આવું થાય ત્યારે સમજવું કે આપણા ભાગ્ય જ નબળા છે. ॥૨૪॥

**સૂત્ર : आश्रितदुःखमात्मन इव मन्यते साधुः ।।२५।।**

**અર્થ :** મારા આશ્રિતનું દુ:ખ એ મારું જ દુ:ખ છે એમ સંત પુરુષ માને છે.

**વિવરણ :** પોતાના આશ્રિતને દુઃખ આવે તો તે દુઃખ ટાળવા માટે સજ્જન સતત પ્રયત્નશીલ રહે છે. સદ્‌ગૃહસ્થની એ ફરજ છે કે પોતાના આધારે જીવન જીવનાર પોતાના પરિવારના સભ્યો, નોકર, પશુઓ વગેરે પોતાના આશ્રિતોનાં દુઃખો એ પોતાનાં દુઃખો છે. તેમ સમજીને પોતાના આશ્રિતોની સારવાર કરવી તથા તેનાં દુઃખો દૂર થાય તેવા પ્રયત્નો કરવા. ॥૨૫॥

**સૂત્ર : हृद्‌गतमाच्छाद्याऽन्यद्वदत्यनार्यः ॥२६॥**

**અર્થ :** અનાર્ય પુરુષ પોતાના હૃદયની વાત છુપાવીને બીજી જ વાત કહે છે.

**વિવરણ :** અનાર્ય એટલે લુચ્ચો, છેતરનાર, દુર્જન, આવા દુર્જનને અનાર્ય કહે છે. અનાર્ય પુરુષ પોતાના હૃદયમાં કપટ રાખીને જુદી જ રીતે વાત કરે છે. શાસ્ત્રમાં કહેલ છે કે, ''મનના વિચારો જુદા, વાણીમાં પણ ભિન્નતા અને વર્તનમાં વિપરીતતા રાખનાર પુરુષને દુર્જન જાણવો.'' ''મીઠું મીઠું બોલવું, પ્રસન્ન મુખથી વાત કરવી, હૃદયમાં કપટ રાખવું અંને વજ્રથી પણ કઠોર બનીને નિર્દયપણે ક્રિયા કરનારને દુર્જન જાણવો.'' ॥૨૬॥

**સૂત્ર : धीहीनः पिशाचादनन्यः ॥२७॥**

**અર્થ :** બુદ્ધિહીનને પિશાચ જેવો જાણવો.

**વિવરણ :** બુદ્ધિ વિનાનો મનુષ્ય કયારે શું કરે તે કાંઈ કહેવાય નહિ આથી તેને 'પિશાચ' કહેલ છે. આવા બુદ્ધિહીનને જવાબદારીવાળું કાર્ય સોંપાય નહિ. ॥૨૭॥

**સૂત્ર : असहायो न पथि गच्छेत् ॥२८॥**

**અર્થ :** એકાંકી મનુષ્યે યાત્રા કે પ્રવાસ કરવાં નહિ.

**વિવરણ :** યાત્રા, પ્રવાસ કે વ્યાવહારિક કાર્યો માટે દૂર દૂર જવાનું થાય ત્યારે એકાકી જવું નહિ. પરિવારના કોઈક સભ્યને સાથે લેવો. કારણ કે માર્ગમાં માંદગી આવે ચોર લૂટારા મળે કે અન્ય વિપત્તિઓ આવી પડે ત્યારે સ્વજન સાથે હોય તો તે મદદરૂપ બને છે અને યાત્રા - પ્રવાસ સુખદ બને છે. ॥૨૮॥

**સૂત્ર : न पुत्रः स्तोतव्यः ॥२९॥**

**અર્થ :** પુત્રની પ્રશંસા કરવી નહિ.

**વિવરણ :** આપણું બાળક નાનું હોય, ભણવામાં હોંશિયાર હોય, તેનો જીવનવ્યવહાર નિયમિત હોય, છતાં પણ તેની પ્રશંસા કરીને તેને ફૂલાવવો નહિ પરંતુ તેને વધારે શિક્ષણ મળે, સારા સંસ્કારો મળે, નિયમિત જીવન જીવવાની ટેવ સુદ્રઢ થાય તેને માટે પોતાના બાળકને સતત કહેતાં જ રહેવું અને પુત્ર કે પુત્રીને સારા સંસ્કાર અને શિક્ષણ આપવા માટે જરૂર પડે તો હળવી શિક્ષા પણ કરવી. પરંતુ પોતાના બાળકોની ખોટી રીતે પ્રશંસા કરીને તેને ફૂલાવીને કુસંસ્કારી કરવા નહિ અને એ જ બાળક ઉમરલાયક થાય ત્યારે તેની સાથે મિત્રભાવથી વ્યવહાર કરવો. ॥૨૯॥

**સૂત્ર : स्वामी स्तोतव्यः सर्वानुजीविभिः ॥३०॥**

**અર્થ :** દરેક સેવકોએ પોતાના આશ્રયદાતાની પ્રશંસા કરવી.

**વિવરણ :** જેને આધારે આપણે આજીવિકા મેળવીએ છીએ. નિર્ભય રહીને જીવન જીવીએ છીએ તે પોતાના આશ્રયદાતાની પ્રશંસા કરવી એ પ્રત્યેક આશ્રિતની પરમ ફરજ છે. પરંતુ ''જેનું ખાઈએ તેનું જ ખોદીએ'' તેવી કૃતઘ્નતા કરવી નહિ. ॥૩૦॥

**સૂત્ર : धर्मकृत्येष्वपि स्वामिनमेव घोषयेत् ॥३१॥**

**અર્થ :** સત્કર્મો કરવામાં પણ પોતાના આશ્રયદાતા કે પોતાના વડીલોની જ પ્રસિદ્ધિ કરવી.

**વિવરણ :** યજ્ઞ, દાન, મંદિર, સદાવ્રત, દવાખાનાં, વિદ્યાલય વગેરે જે જે સત્કર્મો કરવાં તેમાં પણ પોતાના પરિવારના પૂજ્ય વડીલ બાપુજી, માતુશ્રી, દાદીમા વગેરેના નામથી જ પ્રસિદ્ધ કરવા પણ પોતાના નામથી નહિ. એ જ રીતે જેને આશ્રયે અને જેની આજ્ઞાથી સત્કર્મ કરતાં હોઈએ, તેવા પોતાના આશ્રયદાતા રાજા કે શેઠના નામથી જ સત્કર્મોની પ્રસિદ્ધિ કરવી તેમજ પ્રત્યેક સત્કર્મો વડીલો અને પરિવારની સંમતિથી જ કરવા. ॥૩૧॥

**સૂત્ર : राजाज्ञां नातिलंघयेत् ॥३२॥**

**અર્થ :** રાજાની આજ્ઞાનું ઉલંઘન કરવું નહિ.

**વિવરણ :** રાજકીય કાયદાનું ઉલંઘન કરનાર અપરાધી બને છે અને તે દંડને પાત્ર થાય છે. આ બાબતની ચર્ચા આગળ આવી ગઈ છે. ॥૩૨॥

**સૂત્ર : स्वाम्यनुग्रही धर्मकृत्यं भृत्यानाम् ।।३३।।**

**અર્થ :** રાજાની પ્રસન્નતા હોય તો જ સેવકોએ ધર્મકાર્ય કે સત્કર્મ કરવા.

**વિવરણ :** પોતાના પૂજ્ય પુરુષોની તથા પરિવારની સંમતિ લીધા વિના સત્કર્મ કરવાં નહિ કારણ કે તેમ કરવાથી દુઃખ થાય છે. એ જ રીતે કોઈ મોટાં સત્કર્મો કરવાનાં હોય અને તેમાં રાજકીય સહાયની જરૂર પડતી હોય તેવાં સત્કર્મમાં રાજાની કે રાજકીય અધિકારીઓની સંમતિ મેળવીને જ સત્કર્મો કરવાં. પરિવારની સંમતિ વિના સત્કર્મ કરવાથી પરિવારમાં પરસ્પર કલેશ થાય, કુસંપ વધે તથા રાજાની સંમતિ લીધા વિના મોટાં સત્કર્મો કરવાથી પણ કલેશ થાય. ॥૩૩॥

**સૂત્ર : यथाज्ञप्तं तथा कुर्यात् ।।३४।।**

**અર્થ :** જેવી રાજાની આજ્ઞા હોય તે પ્રમાણે જ કાર્ય કરવું.

**વિવરણ :** રાજસેવકોએ તથા પરિવારના સભ્યોએ રાજાની કે પરિવારના વડીલની આજ્ઞા પ્રમાણે જ કાર્ય કરવું. પોતાની મરજી મુજબ કાર્ય કરવું નહિ. ॥૩૪॥

**સૂત્ર : सविशेषं वा कुर्यात् ।।३५।।**

**અર્થ :** અથવા વિશેષ કાર્ય કરવું.

**વિવરણ :** સામાન્ય નિયમ તો એ છે કે રાજાની આજ્ઞા પ્રમાણે અથવા વડીલની આજ્ઞા પ્રમાણે જ કામ કરવું. પરંતુ ક્યારેક એવા પ્રસંગ આવે કે રાજાની કે વડીલની આજ્ઞા હોય નહિ અને કોઈક ધર્મકાર્ય કે કોઈક રાજકીય કાર્ય કરવા પડે તેવા પ્રસંગમાં કાર્યકર્તાએ કે અધિકારી વર્ગે દેશ, સમય, સામાજિક સ્થિતિ આ બધાનો વિચાર કરીને તથા કાર્યકર્તાઓની લાગણી, કાર્યની સત્યતા, ઉપયોગીતા અને મહત્તા વગેરેનો વિચાર કરીને યોગ્ય હોય તેટલું વિશેષ કાર્ય કરવું કે જે કાર્ય કરવાથી રાજ્યનું કે પરિવારનું ગૌરવ અને પ્રતિષ્ઠા વધે. ॥૩૫॥

**સૂત્ર : स्वामिनो भीरुः क्वोपयुज्यते ? ।।३६।।**

**અર્થ :** કાર્ય કરવામાં ભયભીત રહેનાર સેવક રાજાને શા કામનો ?

**વિવરણ :** કોઈપણ કાર્યમાં ભયભીત રહેનાર મનુષ્ય ધાર્યું કામ કરી શકે નહિ. કાર્ય કરવામાં તો ઉત્સાહ, નિર્ભયતા, આયોજન, ઉપાયો વગેરેની જાણકારી

તથા કામ કરાવવાની આવડતની ખાસ જરૂર હોય છે. રાજકીય કે વ્યાવહારિક કાર્ય કરનારા તો ઉત્સાહી નિર્ભય, ઉદાર અને સાહસિક હોવા જોઈએ. ॥૩૬॥

**સૂત્ર : नास्त्यनार्यस्य कृपा ॥३७॥**

**અર્થ :** અનાર્યને દયા હોતી નથી.

**વિવરણ :** દુરાચારી, લૂંટારુ, શિકારી, દુષ્ટ પુરુષોને દયા હોતી નથી. દુર્જન-નિર્દય મનુષ્ય કયારે શું કરે તે નક્કી કરી શકાતું નથી. માટે અનાર્યને અર્થાત્ દુર્જનને અધિકારપદ કે વ્યવહારકાર્ય સોંપવું નહિ. તેઓને અધિકાર પદથી દૂર કરવા. ॥૩૭॥

**સૂત્ર : नास्ति बुद्धिमतां शत्रुः ॥३८॥**

**અર્થ :** બુદ્ધિશાળીને કોઈ શત્રુ નથી હોતો.

**વિવરણ :** બુદ્ધિમાન પુરુષ પોતાના બુદ્ધિબળથી જ દરેક પાસે કામ કરાવે છે. જ્યાં જેવી જરૂરીઆત ત્યાં તેવો વ્યવહાર કરીને કામ કરાવવાની કળા તેનું નામ બુદ્ધિ. આવી બુદ્ધિવાળાને કોઈ શત્રુ હોતો નથી કારણ કે કાર્ય પૂરતો જ વ્યવહાર કરીને બધાની સાથે સુમેળ રાખનારને શત્રુ હોય નહિ. ॥૩૮॥

**સૂત્ર : शत्रुं न निन्देत् सभायाम् ॥३९॥**

**અર્થ :** સભામાં શત્રુની નિંદા કરવી નહિ.

**વિવરણ :** સભામાં તો વિવિધ સ્વભાવના સભ્યો હોય અને તેની વચ્ચે શત્રુની નિંદા કરનાર પોતે જ પ્રતિષ્ઠાહીન બને છે. માટે સભામાં શત્રુની નિંદા કરવી નહિ. ॥૩૯॥

**સૂત્ર : नात्मच्छिद्रं प्रकाशयेत् ॥४०॥**

**અર્થ :** જાહેરમાં પોતાના દોષ પ્રકાશિત કરવા નહિ.

**વિવરણ :** સભાસ્થાનમાં, કૌટુંબિક પ્રસંગોમાં કે સામાજિક કાર્યક્રમોમાં એવી રીતે રહેવું કે પોતાના શારીરિક, માનસિક અને ઈન્દ્રિયો સંબંધી કોઈ દોષ દેખાય નહિ. જાહેરમાં વિચારથી કે ક્રિયાથી દોષો પ્રગટ થાય તો આપણી પ્રતિષ્ઠા ઘટે, આપણી નબળાઈની જાણકારી શત્રુને મળે અને આપણા અનિષ્ટ આચરણનું અન્ય લોકો અનુકરણ કરે માટે પોતાના દોષો પ્રસિદ્ધ ન થાય તેવી સાવચેતી રાખવી. ॥૪૦॥

**સૂત્ર : शक्तौ क्षमा श्लाघनीया ।।४१।।**

**અર્થ :** શક્તિશાળી પુરુષોની ક્ષમા પ્રશંસનીય છે.

**વિવરણ :** નિર્બળને બળવાન દબાવે અને નિર્બળ સહન કરે એ તો સ્વભાવિક છે કારણ કે બળવાનને નિર્બળ પહોંચી શકે નહિ. પરંતુ સમર્થ મનુષ્યને કોઈ હેરાન પરેશાન કરે છતાં સમર્થ પુરુષ તે સહન કરે તે સમર્થ પુરુષની એ ક્ષમા ખરેખર પ્રશંસનીય છે. કારણ કે સમર્થ પુરુષ ધારે તો તેનો પ્રતિકાર કરી શકે તેમ છે. પરંતુ શક્તિશાળી પુરુષ તેનો પ્રતિકાર કરતો નથી એ જ એની મહત્તા છે. ॥૪૧॥

**સૂત્ર : क्षमावानेव सर्वं साधयति ।।४२।।**

**અર્થ :** સહન કરનારો સર્વ કાર્ય સિદ્ધ કરે છે.

**વિવરણ :** રોગાદિકમાં શારીરિક દુ:ખ સહન કરવું, દરિદ્રતામાં જીવન વ્યવહારની મુશ્કેલી સહન કરવી, કૌટુંબિક વિનાશમાં તથા સામાજિક અપમાનમાં માનસિક આઘાત સહન કરવો. આમ વિવિધ દુ:ખો સહન કરીને ધૈર્ય અને મધુરવાણીથી સર્વને પ્રસન્ન રાખીને પોતાના કાર્ય માટે પ્રયત્નશીલ મનુષ્યનાં સર્વકાર્ય સિદ્ધ થાય છે. ॥૪૨॥

**સૂત્ર : आपत्प्रतिकारार्थं धनमीष्यते ।।४३।।**

**અર્થ :** દુ:ખો દૂર કરવા માટે ધનની જરૂર પડે છે.

**વિવરણ :** શારીરિક કે વ્યાવહારિક દુ:ખો દૂર કરવા તથા સાધન સગવડ માટે ધનની જરૂર પડે છે. પરસેવો પાડીને સાહસ કરીને ધન મેળવીએ, મળેલું ધન સાચવી રાખીએ પરંતુ રોગાદિક દુ:ખમાં કે વ્યાવહારિક વિપત્તિમાં આપણે આપણું ધન વાપરીએ નહિ અને ધન હોવા છતાં લોભને કારણે દુ:ખ જ ભોગવીએ તો પછી આપણે ભેગું કરેલું ધન શા કામનું ? માત્ર બીજાને માટે જ ધન ભેગું કરવું ? એ તો મુર્ખાઈ છે માટે ભેગું કરેલું ધન વિપત્તિવેળાએ વાપરીને વિપત્તિ દૂર કરવી. ॥૪૩॥

**સૂત્ર : साहसवतां प्रियं कर्तव्यम् ।।४४।।**

**અર્થ :** સાહસ કરીને કાર્ય કરનારને પ્રસન્ન કરવા.

**વિવરણ :** કેટલાંક કાર્યો જાનને જોખમે કરવાનાં હોય છે. જ્યારે કેટલાંક કાર્યો બુદ્ધિપૂર્વકનું સાહસ કરીને કરવાનાં હોય છે. વિકટ સ્થાનોમાં જઈને શરીરને

ભોગે કાર્ય સિદ્ધ કરનાર સાહસિકો તથા બુદ્ધિપૂર્વક આયોજન કરીને, સતત અવનવા પ્રયોગો કરીને આજીવન નવીનતમ સંશોધન કરનાર સાહસિકો તથા પુષ્કળ પૈસો ખરચીને મહાન સાહસ કરીને વિવિધ ઉદ્યોગો સ્થાપનારા ઔદ્યોગિક સાહસિકો, અસ્ત્ર, શસ્ત્ર, રાસાયણિક વગેરેના નવીનતમ પ્રયોગો કરીને અસ્ત્ર શસ્ત્ર કે રાસાયણિક કે યાંત્રિક સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર વૈજ્ઞાનિક સાહસિકો તેમજ પોતાનું સર્વસ્વ તજીને દેશનો ઉદ્ધાર કરવા માટે, સમાજનો ઉદ્ધાર કરવા માટે આજીવન સેવાવ્રત રાખનાર દેશસેવકો વગેરે વિવિધ સાહસવીરોનું સમય સમય પ્રમાણે જાહેરમાં સન્માન કરીને તેમજ તેઓને વિવિધ પારિતોષિકો આપીને વિવિધ પ્રકારે સન્માન કરીને તેઓને ઉત્સાહવંત કરવા. ॥૪૪॥

**સૂત્ર : श्वः कार्यमद्य कुर्वीत ॥४५॥**

**અર્થ :** આવતી કાલે કરવાનું કામ આજે જ કરવું.

**વિવરણ :** આ બાબતની ચર્ચા આગળના સૂત્રોમાં ચર્ચાયેલ છે. ॥૪૫॥

**સૂત્ર : आपराहिनक पूर्वाहण ऐव कर्तव्यम् ॥४६॥**

**અર્થ :** બપોર પછી કરવાનું કામ સવારમાં જ શરૂ કરવું.

**વિવરણ :** આ બાબતની ચર્ચા આગળ ચર્ચાયેલી છે. ॥૪૬॥

**સૂત્ર : व्यवहारनुंलोमो धर्मः ॥४७॥**

**અર્થ :** જેવો વ્યવહાર તેવો આચાર.

**વિવરણ :** આ સૂત્રમાં પ્રયોજાયેલ 'ધર્મ' શબ્દ વ્યવહારને અનુરૂપ આચાર એવો અર્થ સૂચવે છે. જેમ કે, (૧) પોતાના પૂર્વજોની કુળપરંપરાનો જે આચાર હોય તેને અનુસારીને કૌટુંબિક કે સામાજિક ધર્મકાર્યો કરવાં. અર્થાત્ ધર્મશાસ્ત્ર સંબંધી વિધિ તથા કુળપરંપરાનો વ્યાવહારિક આચાર આ બન્નેને અનુકૂળ રહીને સત્કર્મો કરવાં. (૨) જેવો વ્યવહાર તેવો આચાર. નીતિશાસ્ત્રને અનુસારે જ વ્યવહાર કરવો. જેમ કે કોઈ વ્યક્તિએ આપણને વ્યવહારકાર્યમાં સહાય કરી હોય તો એવા સજ્જન સાથે મિત્રભાવે રહેવું, તેને સહાયરૂપ બનવું. આ રીતે સજ્જન સાથે સારો વ્યવહાર રાખવો તેમજ કોઈ દુર્જન મનુષ્યે વ્યવહારકાર્યમાં દગો કરીને આપણને નુકસાન કર્યું હોય તો તેવા દુર્જન સાથે તેવો જ વ્યવહાર રાખીને તેને બોધપાઠ ભણાવવો પરંતુ દુર્જન સાથે સજ્જનતા રાખવી નહિ.

(૩) જેવો વ્યવહાર તેવો આચાર - કોઈક સામાજિક કાર્ય હોય તે કાર્યમાં સમગ્ર સમાજ જે રીતે વ્યવહાર કરતો હોય એ રીતે જ વ્યવહાર કરીને સામાજિક સત્કર્મ કરવું પરંતુ સામાજિક વ્યવહારનો વિરોધ કરવો નહિ. ॥૪૭॥

**સૂત્ર : सर्वज्ञता लोकज्ञता ॥४८॥**

**અર્થ :** સામાજિક પરિસ્થિતિનું યથાર્થ જ્ઞાન તેનું નામ સર્વજ્ઞતા.

**વિવરણ :** મેરુ જેવા મહાન, અણુ જેવા અલ્પ, સાગર જેવા વિશાળ, તૃણાગ્રબિંદુ જેવા ઝીણા પદાર્થોનાં સ્વરૂપ, સ્વભાવ, રૂપ, આકૃતિ, ગુણ, ક્રિયા, ઉપયોગ અને પરિણામ વગેરેનું યથાર્થ જ્ઞાન જેને છે તેને સર્વજ્ઞ કહેવાય. આવું જ્ઞાન તો પરમાત્માને જ છે. માટે પરમાત્માને સર્વજ્ઞ કહે છે પરંતુ અહીં તો નીતિવિષયક આ સૂત્રો તો માનવસમાજના અભ્યુદયને અનુલક્ષીને લખાયેલાં છે. તેથી જ સૂત્રકાર એ દ્રષ્ટિએ 'સર્વજ્ઞ' શબ્દની વ્યાખ્યા આપે છે. ''સામાજિક પરિસ્થિતિનું યથાર્થ જ્ઞાન તેનું નામ સર્વજ્ઞતા - અર્થાત્ જે તે સમયમાં, સમાજ, વ્યવહાર, પદાર્થ, સમય, દેશ, સંયોગ વગેરેનો ખ્યાલ રાખીને, તેની ચોક્કસ માહિતી મેળવીને, સમય સમય પ્રમાણે સફળ આયોજન કરીને કાર્યની સફળતા પ્રાપ્ત કરીને પ્રજાના સુખમાં અને પોતાની પ્રતિષ્ઠા અને યશનો વધારો કરે તેવો પુરુષ સર્વજ્ઞ કહેવાય છે. ॥૪૮॥

**સૂત્ર : शास्त्रज्ञोऽपि अलोकज्ञो मुर्खैष्वनन्यः ॥४९॥**

**અર્થ :** સામાજિક પરિસ્થિતિને નહિ જાણનાર, વિદ્વાન હોય તો પણ મૂર્ખ સમાન જ છે.

**વિવરણ :** આગળના સૂત્રમાં જણાવ્યા મુજબ સામાજિક પરિસ્થિતિને જે યથાર્થ જાણતો હોય તે સર્વજ્ઞ કહેવાય છે પરંતુ જો તેમ ન હોય તો એ ભલે વિદ્વાન હોય, વિવિધ શાસ્ત્રોનું તેને જ્ઞાન હોય તો પણ તે આ લોકમાં મૂર્ખ જ ગણાય વળી, તે જ્ઞાનનો ક્યારે અને કેવી રીતે ઉપયોગ કરવો તથા બુદ્ધિજીવી તથા શ્રમજીવી મનુષ્યો પાસેથી કેવી રીતે કામ લેવું, વિફરેલ વ્યક્તિને કે સમાજને કેવી રીતે શાન્ત કરવા, સમાજમાં સુલેહશાંતિના સફળ ઉપાયો કરવા વગેરે બાબતોનું પ્રાયોગિક જ્ઞાન હોય નહિ તેથી તે વિદ્વાન અને મૂર્ખ બન્ને સરખા જ છે. કારણ કે મૂર્ખ બીજા પાસેથી કામ કરાવી શકતો નથી, એ જ રીતે આવો પોથીપંડિત પણ બીજા પાસેથી કામ કરાવી શકતો નથી. ॥૪૯॥

**સૂત્ર : शास्त्रप्रयोजनं तत्त्वदर्शनम् ।।५०।।**

**અર્થ :** પદાર્થના યથાર્થ સ્વરૂપને બતાવવા માટે શાસ્ત્રની રચના કરાય છે.

**વિવરણ :** વિવિધ શાસ્ત્રોની રચના અને તેના અભ્યાસનો મુખ્ય હેતુ તો પદાર્થના સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ક્રિયા, ફળ અને ઉપયોગિતા વગેરેને બતાવવા કે સમજાવવા માટે જ છે. અભ્યાસ કરીને પદાર્થ તત્ત્વનું જ્ઞાન મેળવે નહિ તેમજ પદાર્થની પ્રાપ્તિ કે ઉપયોગિતા કરે નહિ તો તે અભ્યાસ વ્યર્થ છે. વળી વિવાદ કરવા માટે કે માત્ર વિદ્વત્તા માટે શાસ્ત્રાભ્યાસ નથી. ાા૫૦ાા

**સૂત્ર : तत्त्वज्ञानं कार्यमेव प्रकाशयति ।।५१।।**

**અર્થ :** તત્ત્વજ્ઞાન તો જે તે પદાર્થવિષયક જ્ઞાનને જ પ્રકાશિત કરે છે.

**વિવરણ :** માત્ર તત્ત્વજ્ઞાનથી જ કાર્યસિદ્ધિ થતી નથી પરંતુ ઉપરના સૂત્રમાં કહેવાયું તેમ પદાર્થનું જ્ઞાન પ્રાપ્ત કરીને તેની પ્રાપ્તિ માટેના સફળ ઉપાયો કરીને પદાર્થ પ્રાપ્ત કરવા કે મોક્ષ પ્રાપ્ત કરવો એજ તત્ત્વજ્ઞાનનો મુખ્ય હેતુ છે. ાા૫૧ાા

**સૂત્ર : अपक्षपातेन व्यवहारः कर्तव्यः ।।५२।।**

**અર્થ :** પક્ષપાત કર્યા વિના વ્યવહાર કરવો.

**વિવરણ :** પક્ષપાત જેવું અનિષ્ટ તત્ત્વ જગતમાં બીજું કોઈ છે જ નહિ. પક્ષપાત કરનાર સત્યનો નાશ કરે છે અને અસત્યની વૃદ્ધિ કરે છે. પક્ષપાતી મનુષ્ય એકને લાભ કરીને બીજી સાચી વ્યક્તિને અન્યાય અને નુકશાન તો કરે જ છે સાથોસાથ પોતાની પ્રતિષ્ઠા, પ્રગતિ અને સદ્ગતિનો પણ વિનાશ કરે છે અને આખરે પક્ષપાત કરનારને પોતાના જ કાર્યમાં ગેરલાભ થાય છે. ાા૫૨ાા

**સૂત્ર : धर्मादपि व्यवहारो गरीयान् ।।५३।।**

**અર્થ :** ધર્મથી પણ વ્યવહાર બળવાન છે.

**વિવરણ :** વિ., અવ. અને હાર. આ ત્રણ શબ્દોથી બનેલ 'વ્યવહાર' શબ્દનો અર્થ અહીં આ પ્રમાણે સમજવો. વિવિધ પ્રકારના વિવાદ પ્રસંગે શંકાઓના સમાધાન કરીને સ્પષ્ટ અને સત્ય નિર્ણય આપી કાર્ય કરવું તેનું નામ વ્યવહાર. આવા વ્યાવહારિક નિર્ણય કરવામાં નિર્ણય કરનારાઓએ ધર્મશાસ્ત્રના નિયમો અને વર્તમાન સમયની સામાજિક વ્યવહાર પદ્ધતિ આ બન્નેનો અભ્યાસ કરીને નિર્ણય આપવાનો હોય છે. સૂત્રકાર કહે છે કે, આવા પ્રસંગે ધર્મશાસ્ત્રોના નિયમો

કરતાં વર્તમાન સમયના સામાજિક જીવનવ્યવહારને મુખ્ય માનવો. પ્રાચીન સમયના જીવનવ્યવહારને અનુસંધાને જ ધર્મશાસ્ત્રોના નિયમો કરાયા હોય છે. તેથી પ્રાચીન ધર્મશાસ્ત્રોના નિયમો વર્તમાન સમયના જીવનવ્યવહારને અનુરૂપ હોય નહિ. માટે વિવાદાસ્પદ પ્રસંગોના નિર્ણય કરવા સમયે પ્રાચીન ધર્મશાસ્ત્રના નિયમોને ગૌણ માનીને વર્તમાન સમયની સામાજિક જીવનવ્યવહાર પદ્ધતિને મુખ્ય માનીને ધર્મશાસ્ત્ર અને સામાજિક જીવનવ્યવહાર પદ્ધતિને અનુરૂપ નિર્ણય કરવો. ॥૫૩॥

**સૂત્ર : आत्मा हि व्यवहारस्य साक्षी ॥५४॥**

**અર્થ** : પોતાનું મન એ જ પોતાના વ્યવહારનું સાક્ષી છે.

**વિવરણ** : વિવિધ વસ્તુની અરસપરસ આપ, લે અને એક બીજાએ સાથે હળીમળીને જીવન જીવવું તેનું નામ વ્યવહાર. આ પ્રકારના વ્યવહારમાં મેં આ કામ યોગ્ય કર્યું છે કે અયોગ્ય કર્યુ છે ? પદાર્થની લેતીદેતીમાં મેં ન્યાય કર્યો છે કે અન્યાય ? આ બાબતનો ખરેખર સત્યસાક્ષી કોણ ? એ પ્રશ્નનો ઉત્તર આપતા સૂત્રકાર કહે છે કે, ''પોતાનું મન એ જ પોતાના વ્યવહારનું સત્ય સાક્ષી છે.'' સૂત્રકારનું, આ કથન સત્ય છે. કારણ કે રાજસ, તામસ ભાવના આવેગથી વિચાર્યા વિના ક્યારેક આપણે કોઈક કામ કરીએ અને રાજસ, તામસ આવેગ ઓસરી ગયા પછી એકાન્ત સ્થાનમાં બેસીને શુદ્ધ સાત્ત્વિક ભાવમય એકાગ્ર મનથી આપણે વિચારીએ તો તરત જ આપણને સમજાય છે કે ''આ કાર્ય મેં અયોગ્ય કર્યું છે કે મારે હાથે મેં અન્યાય કર્યો છે.'' આ રીતે પોતાના કાર્યનો સાક્ષી પોતાનું મન જ છે. ॥૫૪॥

**સૂત્ર : सर्वसाक्षी हि आत्मा ॥५५॥**

**અર્થ** : ખરેખર તો પરમાત્મા સર્વના સાક્ષી છે.

**વિવરણ** : જીવપ્રાણિમાત્રના કર્મના સાક્ષી પરમાત્મા છે અને તે જીવમાં અન્તર્યામી પણે રહીને જીવાત્માનાં કર્મોને પ્રત્યક્ષ જુએ છે અને જેનાં જેવાં કર્મો તેને તેવાં ફળો આપે છે. રાજસ, તામસ સ્વભાવવાળા કદાચ એમ માને કે અમે જે કરીએ છીએ તે બધું સાચું જ કરીએ છીએ અને અમે ખોટું કરતા જ નથી. આવી માન્યતાવાળાઓને સૂત્રકાર ચેતવણી આપે છે કે, સત્કર્મ શું

અને અસત્કર્મ શું તેનો નિર્ણય તો તમારા અન્તર્યામી પરમાત્માએ જ કરવાનો છે, તમારે નહિ. પરમાત્મા તમારાં કર્મનું ફળ તમને આપશે જ અને તમારે તે ભોગવવું જ પડશે. ॥૫૫॥

**સૂત્ર : न च कुटसाक्षी स्यात् ।।५६।।**

**અર્થ :** અને ખોટી સાક્ષી પૂરવી નહિ.

**વિવરણ :** વાદી અને પ્રતિવાદીના વિવાદમાં સત્ય સંશોધન માટે એક યા બીજી રીતે સાક્ષી થનારે જે તે વિષયનો પોતાને જેવો અનુભવ હોય તેવી જ સત્ય હકીકત ન્યાયકર્તાઓને કહેવી. જેને આધારે ન્યાયકર્તાઓ સત્યન્યાયનો નિર્ણય કરી શકે. જે હકીકત પોતે જાણતો હોય તે હકીકત ન્યાયકર્તાઓને કહે ~ અથવા સત્ય હકીકતને છુપાવીને ખોટી હકીકત કહીને ન્યાયકર્તાઓને ગેરરસ્તે લઈ જાય અથવા જે તે વિષયથી વિરૂદ્ધ માહિતી રજૂ કરીને અદાલતને ગેરમાર્ગે દોરે આ પ્રકારના જૂઠા સાક્ષીઓની અધોગતિ થાય છે. સમાજમાં તેની અપકીર્તિ થાય છે અને રાજકીય અપરાધી બને છે. આથી આ સૂત્રમાં કદી ખોટી સાક્ષી આપવી નહિ એવો સિદ્ધાંત આપ્યો છે. ॥૫૬॥

**સૂત્ર : कूटसाक्षिणो नरके पतन्ति ।।५७।।**

**અર્થ :** ખોટી સાક્ષી પૂરનારા નરકમાં જાય છે.

**વિવરણ :** જૂઠી સાક્ષી પૂરનારાઓની અધોગતિ તો થાય જ છે. ઉપરાંતમાં ખોટી સાક્ષી પૂરનાર તેના પૂર્વજોની પણ અધોગતિ કરે છે આ બાબતમાં મહાભારતમાં આખ્યાન છે. ॥૫૭॥

**સૂત્ર : न कश्चित् नाशयति समुद्धरति वा ।।५८।।**

**અર્થ :** ખોટી સાક્ષી પૂરનારો કોઈનો નાશ કરતો નથી તેમજ કોઈને ઉગારી શક્તો નથી.

**વિવરણ :** ન્યાયનો નિર્ણય કરનારા નિષ્પક્ષપાતી હોય તેમજ સર્વથા સાવધાન હોય તો ખોટી સાક્ષી પૂરનારો સત્યનો વિનાશ કરી શકતો નથી તેમજ તે કોઈનો બચાવ પણ કરી શક્તો નથી. ઊલટાનો તે રાજકીય અપરાધી બને છે. ॥૫૮॥

**સૂત્ર : प्रच्छन्नपापानां साक्षिणो महाभूतानि ।।५९।।**

**અર્થ :** છૂપી રીતે પાપ કરનારાઓના સાક્ષી તો પંચમહાભૂતો છે.

**વિવરણ :** છૂપી રીતે પાપકર્મો કરનારના સાક્ષી કોણ ? સાબિતી વિના તેને દંડ કેમ આપવો ? વગેરે પ્રશ્નના ઉત્તર આ સૂત્રથી આપે છે. સૂત્રકારે પહેલાં તો કહ્યું જ છે કે, 'ભાઈ, તમારા કર્મનો સાક્ષી તમારું જ મન છે.' ઉપરાંતમાં કર્મફળ પ્રદાતા તમારા અન્તર્યામી છે. વળી સૂર્ય, ચંદ્ર, અગ્નિ, પૃથ્વી, જળ. આ બધા જ જીવતા જાગતા દેવો તમારા કર્મના સાક્ષી છે. માટે છૂપી રીતે પાપકર્મો કરનારાઓ ને પણ કર્મફળ ભોગવવાં પડશે જ. ॥૫૯॥

**સૂત્ર : आत्मनः पापमात्मा एव प्रकाशयति ॥६०॥**

**અર્થ :** પોતાનું પાપ પોતે જ પ્રકાશિત કરે છે.

**વિવરણ :** સૂત્રકાર કહે છે કે, છૂપી રીતે પાપ કર્મો કરનારાનાં પાપો છૂપાં રહી શકતાં નથી. એક યા બીજી રીતે પાપ કર્મો પોતે જ આપોઆપ પ્રગટ થાય છે. કહેવતમાં કહેવાયુ છે કે, ''પાપ પીપળે ચઢીને પોકારે છે'' આ કહેવત અનુસારે પાપી મનુષ્યને અતિ દુઃખ આવે ત્યારે પોતાનું દુઃખ હળવું કરવા માટે પોતાના સગાસંબંધી કે મિત્રો પાસે પોતાના હૃદયની વાત કહીને રડી પડે છે. પસ્તાવો કરીને કહે છે કે, 'ભાઈ શું કરું ? હાથના કરેલાં હૈયે વાગ્યાં' મારા કર્મનું ફળ હું ભોગવું છું. અમુક સમયે અમુક પાપ મેં કરેલું. આ વાત ભલે કોઈ જાણતું નથી પરંતુ તે પાપનું ફળ અત્યારે હું ભોગવું છું. આ રીતે બોલીને મનુષ્ય પોતાનું પાપ એક યા બીજી રીતે પ્રગટ કરે જ છે. ॥૬૦॥

**સૂત્ર : व्यवहारेऽन्तर्गताकारः सूचयति ॥६१॥**

**અર્થ :** વ્યવહાર વડે તથા શારીરિક અવયવોની ક્રિયા વડે પાપ કર્મનું અનુમાન થાય છે.

**વિવરણ :** અપરાધી મનુષ્ય કોઈની સાથે લેતીદેતીનો વ્યવહાર કરે, વાત ચીત કરે વગેરે વ્યાવહારિક ક્રિયાઓ કરે તથા તેનાં હલન, ચલન, વાતચીત, દ્રષ્ટિ, મુખાકૃતિનો ભાવ વગેરે શારીરિક ક્રિયાઓથી પણ અપરાધીના અપરાધનું અનુમાન થઈ શકે છે. ॥૬૧॥

**સૂત્ર : आकार संवरणं देवानामशक्यम् ॥६२॥**

**અર્થ :** દેવો પણ પોતાના સ્વરૂપને છૂપાવી શકતા નથી.

**વિવરણ :** પાપી કે અપરાધી મનુષ્ય ભૂગર્ભમાં ચાલ્યો જાય. શોધ - ખોળ કરવા છતાં મળે નહિ એ સાચું, પરંતુ ઘણાં વર્ષો સુધી તે ગુપ્ત રહી શકતો નથી.

દીર્ઘકાળ સુધી છૂપાઈને રહેવું એ તો દેવો માટે પણ શક્ય નથી તો પછી મનુષ્ય દીર્ઘકાળ ગુપ્ત કેમ રહી શકે? અને ગમે તેવા પ્રયત્નો કરવા છતાં પોતાની જાતને છૂપાવવી એ અશક્ય છે. ॥૬૨॥

**સૂત્ર : सुदर्शना हि राजानः प्रजा रंजयन्ति ॥६३॥**

**અર્થ :** દર્શનીય રાજાઓ પ્રજાને રંજન કરે છે.

**વિવરણ :** આકૃતિ, રૂપ, ગુણ, સ્વભાવ, ક્રિયા, સંગ અને વેશભૂષા આ બધાં જ ઉપકરણો સૌંદર્યપૂર્ણ, નયનાભિરામ અને મનોરમ્ય હોય તેવી વ્યક્તિને દર્શનીય કહેવાય. નીરખીને નયનો સ્થિર થાય તેમજ તેની પાસે ઊભા રહેવાનું કે બેસવાનું મન થાય તેને સુખદ કહેવાય. જેના વિચાર, વાણી, વર્તનમાં અને વ્યવહારમાં સત્ય, મધુરતા, સરળતા અને સ્નેહ હોય તે વ્યક્તિની સાથે વાત કરવાનો ઉત્સાહ વધે. પ્રજાના હિતેચ્છુ સાત્ત્વિક સજ્જન રાજવીમાં ઉપરોક્ત સદ્‌ગુણો હોવા જરૂરી છે. પ્રજાનાં દુઃખો દેખીને દુઃખી થનાર, પ્રજાનાં દુઃખો દૂર કરનાર પ્રજાનું સુખ અને ઉન્નતિ જોઈને ગૌરવાન્વિત થનાર સજ્જન રાજવી પ્રજાને પ્રસન્ન રાખે છે. ॥૬૩॥

**સૂત્ર : चोरराजपुरुषेभ्यः वित्तं रक्षेत् ॥६४॥**

**અર્થ :** ચોર અને રાજપુરુષો ધન લઈ જાય નહિ તેવી સાવધાની રાખવી.

**વિવરણ :** ચોર કે લૂટારાઓ લૂટે નહિ તેવી સાવધાની તો સામાન્યતઃ સર્વ કોઈ રાખે જ પરંતુ રાજપુરુષો ધન લઈ જાય નહિ તેવી સાવધાની રાખવાનું સૂત્રકાર કહે છે. સૂત્રકારના કથનનો વિચાર કરીએ તો જણાશે કે રાજ્યના અધિકારીઓ રાજાઓને તથા પ્રધાનોને સૂચન કરે કે આપણે ધનની જરૂર હોવાથી રાજ્યના વિવિધ વ્યવસાયમાં વિવિધ કરવેરા નાખીને ધન એકત્રિત કરી શકીએ છીએ. રાજપુરુષોની સલાહથી રાજા કે પ્રધાનો પ્રજાના વ્યવસાયો ઉપર વિવિધ કરવેરા ઝીંકે છે. આ બાબત અત્યારે પણ પ્રત્યક્ષ અનુભવાય છે કે રાજકીય અધિકારીઓના ગુલામ અને પ્રજાના પૈસાનો ફાવે તેમ ગેરઉપયોગ કરનાર રાજાઓ કે પ્રધાનો પ્રજાની આર્થિક સદ્ધરતાનો વિચાર કર્યા વિના તથા જાણ્યા જોયા વિના મનફાવે તે રીતે પ્રજા ઉપર કરવેરા ઝીંકે છે. આ રીતે રાજકીય પુરુષો પ્રજાનું ધન લૂંટે છે અને તેનો ઉપયોગ પોતાના તથા પોતાના

પરિવાર માટે એક યા બીજી રીતે કરે છે. પ્રજાના હિતને માટે તો કહેવા પૂરતા જ પૈસા વપરાય છે. પોતાનું ધન રાજકીય પુરુષો દ્વારા લૂટાય નહિ તેની સાવધાની રાખવી જરૂરી છે. પોતાનું ધન લૂટાય નહિ તેને માટે શાસ્ત્રમાં કહેલ છે કે, **''उपार्जितानां वित्तानां त्याग एव रक्षणम्''** અર્થાત્ મહામહેનતથી મેળવેલ ધનનું સુપાત્રને દાન દેવું એ જ ધનનું રક્ષણ છે. મહેનતથી મેળવેલી મૂડીને છૂપી રીતે મૂકી રાખીએ તો પણ ક્યારેક ચોર લૂટારા લૂંટી જાય અથવા રાજકીય પુરુષો બળજબરીથી તલાશી કરીને ધન લઈ જાય માટે ધન સંઘરવાથી સચવાતું નથી પરંતુ દીનદુઃખી નિરાધારને જરૂરિયાતના પદાર્થો આપીને દાન કરવું એ જ ધન સાચવવાનો ઉત્તમ ઉપાય છે. માટે કહેવત છે કે, ''આપ્યું એ આપણું, બચાવ્યું એ બીજાનું.'' ।।૬૪।।

**સૂત્ર : दुर्दर्शना हि राजानः प्रजाः विनाशयन्ति ।।६५।।**

**અર્થ :** જેનાં દર્શન જ થાય નહિ તેવા રાજાઓ પ્રજાનો વિનાશ કરે છે.

**વિવરણ :** પ્રજાની સાથે હળીમળીને રહેવું, પ્રજાનાં દુઃખો સાંભળવાં, મુલાકાતે આવેલ પ્રજાજનોને પ્રેમથી મળવું, તેની વાત સાંભળીને યોગ્યતા પ્રમાણે તેનો નિર્ણય કરવો વગેરે પ્રજાવત્સલ રાજવીની ફરજ છે. પરંતુ જેને મહામુશ્કેલીથી મળી શકાય, મળ્યા પછી પણ સત્યવાત કહી શકાય નહિ, સત્યવાત સાંભળીને જે તેનો સ્વીકાર કરે નહિ તથા પ્રજાહિતમાં કોઈ કાર્ય કરે નહિ એવા નિષ્ઠુર, ક્રૂર, નામર્દ, સ્વાર્થી રાજાઓ કે પ્રધાનો પ્રજાનો અને રાષ્ટ્રનો વિનાશ કરે છે. ।।૬૫।।

**સૂત્ર : न्यायवर्तिनं राजानं मातरमिव मन्यंते प्रजाः ।।६६।।**

**અર્થ : ન્યાયને અનુસરનાર રાજાને પ્રજા માતાતુલ્ય પૂજ્ય માને છે.**

**વિવરણ :** બાળકને માતાની સમાન અન્ય કોઈ હિતકારક નથી. માતા પાસે જવામાં બાળકને ભય કે સંકોચ હોતો નથી. માતા પાસે પહોંચેલ બાળક સુખી જ થાય છે એ જ રીતે પ્રજાનું હિત કરનાર, પ્રજાની સાથે ઓતપ્રોત થઈને જીવન જીવનાર, પ્રજાના સુખદુઃખમાં ભાગ લેનાર ન્યાયનીતિપરાયણ સજ્જન રાજાને કે પ્રધાનને પ્રજાજન માતાતુલ્ય પૂજ્ય માને છે અને પ્રજાજનો તેની આજ્ઞાનો આદરથી અમલ કરે છે. ।।૬૬।।

**સૂત્ર : तादृशः सःराजा इह सुखं ततः स्वर्गमाप्नोति ।।६७।।**

**અર્થ :** ન્યાય અનુસારે વર્તનાર રાજા આ લોકમાં સુખી થાય છે અને પછીથી સ્વર્ગસુખ પામે છે.

**વિવરણ :** રાજકીય વ્યવહાર વિવિધ પ્રકારનો હોય છે. તેમાં કેટલાંક કાર્યો સાહસપૂર્ણ અને કઠોર પણ હોય છે. છતાં પણ ધર્મશાસ્ત્ર, નીતિશાસ્ત્ર અને સામાજિક વ્યવહારને અનુસરીને રાજ્યતંત્ર ચલાવનાર રાજા આ લોકમાં સુખી થાય છે અને મરીને પરલોકમાં પણ સ્વર્ગસુખ ભોગવે છે. ।।૬૭।।

**સૂત્ર : चोरांश्च कंटकांश्च सततं नाशयेत् ।।६८।।**

**અર્થ :** ચોર લોકો તથા કાંટાનો નાશ કરવો જોઈએ.

**વિવરણ :** ચોર લોકોને તેના અપરાધ પ્રમાણે દંડ દેવો તથા અતિ અપરાધીનો વધ કરવો. તદુપરાંત કાંટાઓ ખૂંચે ને પીડા કરે છે તેથી તે કાંટાને ઊખેડીને ફેંકી દેવામાં આવે છે એ રીતે પ્રજાને વારંવાર દુ:ખ દેનાર, પ્રજાકીય અને રાજકીય કાર્યોમાં કાંટાની માફક વારંવાર વિઘ્નો કરનાર તથા રાજ્યમાં રહીને રાજ્યની વિરુદ્ધ પ્રવૃત્તિ કરનાર દુર્જનોનો તો વિનાશ કરતાં જ રહેવું. ।।૬૮।।

**સૂત્ર : स्वधर्मानुष्ठानात् एव सुखमवाप्यते स्वर्गमाप्नोति ।।६९।।**

**અર્થ :** સ્વધર્મપાલનથી આ લોકમાં સુખી થવાય છે અને મરીને સ્વર્ગસુખ પામે છે.

**વિવરણ :** જે રીતે ન્યાયાનુસાર વર્તન કરવાથી રાજાને આલોક અને પરલોકનું સુખ મળે છે તે રીતે સ્વધર્મનું પાલન કરનારને પણ આલોક અને પરલોકનાં સુખ મળે છે. ।।૬૯।।

**સૂત્ર : अहिंसालक्षणो धर्मः ।।७०।।**

**અર્થ :** હિંસા રહિત આચાર (ક્રિયા) તેનું નામ ધર્મ.

**વિવરણ :** પોતાનું શરીર જેવું છે તેવું જ શરીર અન્યનું પણ છે. પોતાને જેવું દુ:ખ થાય તેવું જ દુ:ખ અન્યને પણ થાય છે. મન, વાણી અને શરીરથી આ રીતની દ્રઢ માન્યતા અને એ માન્યતા મુજબ જ મન, વાણી અને શરીરથી સદા અહિંસક વર્તન કરે તેમજ એ રીતે જીવનવ્યવહાર રાખે ત્યારે જ અહિંસા ધર્મનું પૂરેપૂરુ પાલન કર્યું કહેવાય. જે સત્પુરુષો છે, સ્વધર્મપરાયણ સજ્જનો છે તે આ પ્રકારનો અહિંસા ધર્મ યથાર્થ પાળી શકે છે. ।।૭૦।।

**સૂત્ર : स्वशरीरमिव परशरीरं मन्यते साधुः ।।७१।।**

**અર્થ :** જેવું પોતાનું શરીર છે એવું જ અન્યનું શરીર છે તેમ સાધુ પુરુષ માને છે.

**વિવરણ :** અન્યના દેહને નાશ કે નુકશાન તો દુર્જન કરે છે જે પોતાના શરીરની માફક અન્યના શરીરને પણ નુકશાન પહોંચાડે નહિ તે જ સાચો સાધુ (સજ્જન) છે. ॥૭૧॥

**સૂત્ર : सर्वत्र मान्यं भ्रंशयति बालिशः ।।७२।।**

**અર્થ :** મૂર્ખ વ્યક્તિ જ સર્વમાન્ય વ્યક્તિને નુકશાન કરે છે.

**વિવરણ :** સર્વ કાર્ય કરવામાં કુશળ અને પોતાનાં સદ્ગુણો અને સત્કર્મોથી સમાજમાં માન્ય વ્યક્તિનું અપમાન કરનાર મનુષ્ય મૂર્ખ જ કહેવાય એ જ રીતે, સર્વને ઉપયોગી સ્થાનનો નાશ કરનાર વ્યક્તિ પણ મૂર્ખ જ કહેવાય. શાસ્ત્ર કહે છે કે, ''જ્ઞાની પુરુષે ગુણવાન પ્રત્યે ઈર્ષ્યા કરવી નહિ અને સુખી જીવન જીવવા માટે તમારા ચિત્તની વૃત્તિને આ રીતે કેળવો (૧) સજ્જન શ્રીમંત સાથે મિત્રતાથી રહો. (૨) દુઃખી - દીન પ્રત્યે દયા દાખવો. (૩) સદાચારી (પુણ્યશાળી) વડીલો પ્રત્યે આદર ભાવ રાખો. (૪) પાપી (દુરાચારી) પ્રત્યે ઉદાસીનતા રાખો. એ જ રીતે નીતિશાસ્ત્ર કહે છે કે, (૧) ચોર લોકોને શિક્ષા કરો. (૨) લુચ્ચાઓ સાથે લુચ્ચાઈથી રહો. (૩) સજ્જન (સદાચારી પ્રત્યે આદરભાવથી વ્યવહાર કરો. (૪) દીન દુઃખીઓને દાન આપીને સહાયક બનો. ॥૭૨॥

**સૂત્ર : मांसभक्षणमयुक्तं सर्वेषाम् ।।७३।।**

**અર્થ :** માંસ ખાવું એ તો સર્વને માટે અયોગ્ય છે.

**વિવરણ :** આ સૂત્ર માંસભક્ષણનો નિષેધ કરે છે માંસભક્ષણ હાનિકારક છે, તેના દોષો આ રીતે દર્શાવી શકાય. (૧) પ્રાણીની હિંસા કરીએ ત્યારે જ માંસ પ્રાપ્ત થાય. (૨) હિંસા એ મહાપાપ છે. (૩) માંસાહારીનો સ્વભાવ અને ક્રિયા તામસ બને છે. (૪) માંસાહારથી સ્વાસ્થ્યને નુકશાન થાય છે. (૫) શાકાહારથી પણ માંસાહાર વધુ ખર્ચાળ છે. (૬) માંસાહારીને માંસ સાથે શાકાહાર તો કરવો જ પડે છે. આ રીતે વિચારતા માંસાહાર સર્વથા અયોગ્ય છે. ॥૭૩॥

**સૂત્ર : न संसारभयं ज्ञानिनाम् ।।७४।।**

**અર્થ :** જ્ઞાની પુરુષોને સંસારનો ભય નથી.

**વિવરણ :** મરણ, દેહ પ્રાપ્તિ, દેહયાત્રા અને પુનરપિ મરણં આ પ્રકારની ઘટમાળ તેનું નામ સંસાર. આ પ્રકારના સંસારનો ભય જ્ઞાની પુરુષને નથી હોતો કારણ કે જ્ઞાની પુરુષ એમ માને છે કે શરીરધારી આત્મા દેહ ટકાવવા કર્મો કરે છે. તે કર્મોના સંસ્કારો ચિત્તમાં સંગૃહીત થાય છે. તેનાથી વાસના બંધાય છે. વાસનાના પરિણામે કર્મફળ ભોગવવા પ્રારબ્ધનું નિર્માણ થાય છે અને પ્રારબ્ધને અનુસારે જીવાત્મા પુનર્દેહ પ્રાપ્ત કરે છે. આમ જીવાત્મા, દેહ, કર્મ, તેના સંસ્કાર, તેથી વાસના, તેનાથી પ્રારબ્ધ, તેથી પુર્નદેહ આમ જન્મમરણની ઘટમાળ અનાદિ કાળથી ચાલુ જ છે અને ચાલુ જ રહેવાની. માટે સંસારથી ભયભીત થવાની જરૂર નથી. કારણ કે ભયભીત અને નિર્ભય બન્ને ને સંસૃતિ તો છે જ. માટે નિર્ભયતાથી જીવન જીવો અને પોતાની ફરજ સમજીને સત્‌શાસ્ત્રની આજ્ઞામાં રહીને સત્‌કર્મો કરતા રહો એમ જ્ઞાની પુરુષ સમજે છે. ।।૭૪।।

**સૂત્ર : विज्ञानदीपेन संसारभयं निवर्त्तते ।।७५।।**

**અર્થ :** વિજ્ઞાનરૂપી દીવાથી સંસારભય દૂર થાય છે.

**વિવરણ :** શિલ્પકળા, ચિત્રકળા, સંગીત, આયુર્વેદ, અસ્ત્રશસ્ત્રના પ્રયોગો, અર્થશાસ્ત્ર, કૃષિવિષયક જ્ઞાન, ઔદ્યોગિક જ્ઞાન, પશુપાલન, રાજકીય શાસન વગેરેનું જ્ઞાન તેનું નામ વિજ્ઞાન. આ પ્રકારના વિજ્ઞાનવાળો પુરુષ સંસારમાં રહીને પોતાનાં વ્યાવહારિક કાર્યો નિર્ભયતાથી કરી શકે છે. માટે વૈજ્ઞાનિક પુરુષને સંસારનો ભય રહેતો નથી. ।।૭૫।।

**સૂત્ર : सर्वमनित्यमध्रुवम् ।।७६।।**

**અર્થ :** બધું જ અસ્થિર છે, અનિત્ય છે.

**વિવરણ :** જે સતત ગતિશીલ છે તેને જ જગત કહે છે અને જે ગતિશીલ હોય તે પરિણામ પામતું જ હોય. જે પરિણામ પામે તેનો વિનાશ પણ થાય માટે જગત છે તે અસ્થિર છે અને નાશવંત પણ છે. ।।૭૬।।

**સૂત્ર : स्वदेहे देहिनामतिमहती ।।७७।।**

અર્થ : પ્રાણધારીઓને પોતાના શરીરમાં મહાન મમત્વ બુદ્ધિ હોય છે.

**વિવરણ :** મનુષ્ય, પશુ, પક્ષી વગેરે સર્વ પ્રાણધારીઓને પોતાના શરીરમાં અતિશય મમત્વ બુદ્ધિ છે. તેથી જ પોતાના શરીરનું ભરણ, પોષણ અને રક્ષણ

કરવા માટે સર્વ પ્રાણધારીઓ અતિશય પ્રયત્નશીલ રહે છે. આ બાબતનો સર્વને પ્રત્યક્ષ અનુભવ હોય જ છે. ॥૭૭॥

**સૂત્ર : कृमिशकृन्मूत्रभाजनं शरीरं पुण्यपापजन्म हेतुः ॥७८॥**

**અર્થ :** પુણ્ય, પાપ અને જન્મના કારણરૂપ આ શરીર, કૃમિ, મળ અને મૂત્રનું પાત્ર છે.

**વિવરણ :** પોતાના પ્રારબ્ધને અનુસારે જીવાત્માને શરીર પ્રાપ્ત થાય છે. આ શરીર તે કૃમિ, મળ અને મૂત્રનું પાત્ર છે અર્થાત્ અપવિત્ર છે. તેમજ ક્ષણભંગુર છે છતાં પણ આ શરીર વડે જ મનુષ્યને પુણ્ય અને પાપ પ્રાપ્ત થાય છે અને તદનુસાર પુર્નજન્મ મળે છે. ॥૭૮॥

**સૂત્ર : जन्ममरणादिषु दुःखमेव ॥७९॥**

**અર્થ :** જન્મ, મરણ વગેરેમાં માત્ર દુઃખ જ છે.

**વિવરણ :** શરીરસંબંધ, જન્મ, બાલ્ય વગેરે અવસ્થા, મરણ વગેરે શારીરિક વિટંબણાઓ છે ત્યાં સુધી જીવાત્માને દુઃખ જ ભોગવવાનું છે. ॥૭૯॥

**સૂત્ર : तपसा स्वर्गमवाप्नोति ॥८०॥**

**અર્થ :** તપ કરવાથી સ્વર્ગપ્રાપ્તિ થાય છે.

**વિવરણ :** વ્રત, ઉપવાસ, મૌન વગેરે શારીરિક તપ કરવાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. ॥૮૦॥

**સૂત્ર : क्षमायुक्तस्य तपो वर्धते ॥८१॥**

**અર્થ :** ક્ષમાવાળા તપસ્વીનું તપ વધે છે.

**વિવરણ :** તપસ્વીનો પોતાનો ક્રોધ એ જ તપસ્વીના તપમાં મોટું વિઘ્ન છે. એકલા રહેવું, સમાજની ભીડ સહન કરી શકે નહિ, પોતાની શારીરિક કે ધાર્મિક ક્રિયામાં બાંધછોડ કરે નહિ વગેરે કારણોને લીધે એકાન્તવાસી તપસ્વીઓના માનસ ક્રોધપ્રધાન બને છે અને ક્રોધને પરિણામે તેઓનું તપ નષ્ટ થાય છે. આથી ક્રોધના પ્રસંગોએ સહનશીલતા રાખીને સામી વ્યક્તિને ક્ષમા આપવી એ જ તપસ્વીના ચારિત્ર્યનું ઉદાત્ત લક્ષણ બની શકે છે આમ અહીં તપ સાથે ક્ષમાશીલ સ્વભાવનું મહત્ત્વ વર્ણવે છે અને તે કારણે જ બીજાના અપરાધો સહન કરીને પ્રસન્નતાપૂર્વક તપ કરનાર તપસ્વીનું તપ વૃદ્ધિ પામે છે અને તેના તપની સિદ્ધિ તેને મળે છે. ॥૮૧॥

**સૂત્ર : तस्मात् सर्वेषां कार्यसिद्धिरिति ।।८२।।**

**અર્થ :** સહનશક્તિવાળા સર્વે મનુષ્યોના કાર્યની સિદ્ધિ થાય છે.

**વિવરણ :** આ ગ્રંથના આરંભથી અંત સુધીમાં જે ઉપદેશ અપાયો છે તે ઉપદેશ પ્રમાણે જીવન જીવનાર સહન શક્તિવાળા વ્યક્તિ કાળજીપૂર્વક આ સિદ્ધાંતો પ્રમાણે આચરણ કરે અને સાથોસાથ સહનશીલતા ધારણ કરે તો તે સર્વે મનુષ્યોની કાર્યસિદ્ધિ થાય છે. ા૮૨ા

**સૂત્ર : कर्मारंभोपायः पुरुष, द्रव्य, संपत् देशकालविभागो विनीपातप्रतीकारः कार्यसिद्धिश्च ।।८३।।**

**અર્થ :** કાર્યનો આરંભ, તેનાં સાધનો, કાર્ય કરનાર પુરુષ, ધન, સાધનસંપત, કાર્ય કરવાનું સ્થળ, કાર્ય કરવાનો સમય, કાર્યમાં આવતા વિઘ્નો, તે વિઘ્નોને દૂર કરવાના સફળ પ્રયત્નો આ બધું કરનારને કાર્યસિદ્ધિ થાય છે.

**વિવરણ :** પ્રથમ તો કાર્ય કરવાનો વિચાર, ત્યાર પછી કાર્ય કરવાની શરૂઆત, કાર્ય કરવા માટે યોગ્ય પુરુષો તથા ધન અને સાધન સગવડ. કાર્ય કરવા માટે સર્વ પ્રકારે સાનુકૂળ પ્રદેશ તથા કાર્યને અનુકૂળ સમય અને કાર્યમાં આવતાં વિઘ્નોને દૂર કરવાના પ્રયત્નો. આ બધા જ વિષયોનો વિચાર કરીને કાર્યનું સફળ આયોજન કરનારને કાર્ય સિદ્ધિ થાય જ છે. ઉપરોક્ત બધી જ બાબતો આ ગ્રંથમાં કહેવાઈ છે. ા૮૩ા

ઈતિશ્રી નીતિદર્શનરૂપ ચાણક્યસૂત્રનો ૬ઠ્ઠો અધ્યાય પૂરો.

ચાણક્યનીતિસૂત્ર સમાપ્ત.



# ચાણક્યનીતિસૂત્ર

मर्यादां स्थापयेत् आचार्यानमात्यान् वा यः ।
एनमपायस्थानेभ्यः वारयेयुः प्रमाद्यन्तमभितुदेयुः ॥

(કૌટિલ્ય અર્થશાસ્ત્ર ૧/૭)

પોતાના રાજ્યનું અને પ્રજાનું શ્રેય ઇચ્છનાર રાજાએ રાજનીતિજ્ઞ વિદ્વાન અનુભવી પૂજ્ય પુરુષોને, રાજપુરોહિત પદે નિયુક્ત કરવા તેને ગુરુતુલ્ય માનીને તેની આજ્ઞા મુજબ રહેવું. તેવા પુરોહિતો ન મળે તો રાજનીતિજ્ઞ વિદ્વાન અનુભવી વૃદ્ધોને રાજમંત્રીપદે નિયુક્ત કરવા અને તેની સલાહ – સૂચના પ્રમાણે જ રાજતંત્ર ચલાવવું. ઉપરોક્ત ગુણવાળા રાજપુરોહિતો કે રાજમંત્રીઓએ રાજાના જીવનવ્યવહાર પ્રત્યે ચાંપતી નજર રાખવી. રાજનીતિના નિયમોનો ભંગ કરીને આળસુ કે પ્રમાદી બનીને રાજા કુમાર્ગે ચાલે, પ્રજાપીડક કે દુરાચારી બને તો તે રાજાને ઠપકો આપીને અથવા તેને યોગ્ય શિક્ષા કરીને રાજાને રાજતંત્રના નિયમોનું પાલન કરવાની ફરજ પાડવી.

